# શ્રી બ્રહ્મચર્ય વ્રત.

પ્રકાશક,

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ

—મહેસાણા.

## સદ્ગ્રન્થોના પ્રચાર-અર્થે જૈન પ્રજાને

# બે બોલ.

દિવ્ય પ્રતિભાવંત સત્પુરૂષોના હૃદયમાંથી વહેતાં જ્ઞાનામૃતનાં ઝરણાંઓના સંગ્રહગ્રન્થો જગતનું અનેકધા હિત સાધે છે, તપ્ત હૃદયોમાં શાન્તિ રેડે છે અને મરવા પડેલી દિવ્ય ભાવનાઓને પુનર્જીવન આપે છે. જ્ઞાનીઓના સ્થૂલ દેહના વિરહે તેમના અક્ષરદેહનો સમાગમ પણ અત્યંત ઉપકારક નીવડે છે. એવા પુરૂષોના અક્ષરદેહરૂપ ગ્રન્થો દેશ, પ્રજા અને ધર્મની અમૂલ્ય મિલ્કત છે. તેને સંભાળ ભરેલી રીતે જાળવી રાખવા, સર્વત્ર વિસ્તારવા અને તેના પરથી યોગ્યતાનુસાર અનુવાદ કરવા, એ દેશ, પ્રજા અને ધર્મની ઉત્તમ સેવા બજાવવા રૂપ છે.

પોતાનાં વ્હાલાંઓના પુણ્યાર્થે કે સ્મરણાર્થે વિધિવાદ, અર્થવાદ કે કથાઓના ગ્રન્થો છપાવી, તેને વિના મૂલ્યે કે અલ્પ મૂલ્યે ગામોગામ અને ઘરોઘર ફેલાવવાની જરૂર છે. એ જરૂરને કાંઇક અંશે પૂરી પાડવાને અમોએ ધનવાન અને ઉદાર સજ્જન સ્ત્રી પુરૂષોની દ્રવ્યાદિ સહાયવડે આચાર અને તત્ત્વના ન્હાના મ્હોટા ગ્રન્થો છપાવી પ્રજામાં હજારોની સંખ્યામાં ફેલાવ્યા છે. હજુ પણ અમારો પ્રયત્ન ચાલુજ છે.

જે જે સજ્જન સ્ત્રી પુરૂષોને પોતાના કે પોતાનાં વ્હાલાંઓના પુણ્યાર્થે, સ્મરણાર્થે કે માત્ર પરમાર્થદાવે એવા ઉત્તમ ગ્રન્થો છપાવી પ્રજામાં વ્હેંચાવવા હોય તેમનું કામ અમો નિઃસ્પૃહ ભાવે કરી આપવાને તૈયાર છીએ. દરેક કુટુંબ તરફથી ન્હાનું કે મ્હોટું એક પણ ઉત્તમ પુસ્તક સર્વત્ર છૂટથી ફેલાવી જગતમાં પોતાની હૈયાતી સફળ કરવી જોઇએ. મદદગારોએ નીચેના શિરનામે પત્રવ્યવહાર કરવો.

**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**

—મહેસાણા.

परोपकाराय सतां विभूतयः

ગ્રંથાંક ૯.

# શ્રી બ્રહ્મચર્યવ્રત.

છપાવી પ્રસિદ્ધ કર્તા,

સદ્ગત શેઠ વેણીચંદ સુરચંદ સંસ્થાપિત

## શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મહેસાણા.

આવૃત્તિ છટ્ઠી.

ધી 'સૂર્યપ્રકાશ' પ્રિન્ટીંગ પ્રેસમાં મૂળચંદભાઇ ત્રિકમલાલે
છાપ્યું. ઠેકાણું પાનકોર નાકા—અમદાવાદ.

સંવત્ ૧૯૮૫. વીર સંવત્ ૨૪૫૫. સને ૧૯૨૯.

કિંમત રૂ. ૦-૪-૦.

# सूचना.

પુસ્તકને જેમ તેમ રખડતું મૂકી આશાતના કરવી નહિ, તેમજ અશુદ્ધ હાથે પુસ્તકને અડવું નહિ અને ઉઘાડે મુખે પુસ્તક વાંચવું નહિ.

પુસ્તક-જ્ઞાનની સઘળી આશાતના ટાળી, વિનય બહુ માનપૂર્વક જાતે તેનો લાભ લેતાં રહી બીજા ખપી જનોને પણ તેનો લાભ જરૂર આપવો.

ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो,
ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः;
अक्रोधस्तपसः क्षमाप्रभवितु-र्धर्मस्य निर्व्याजता,
सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम् ॥१॥

( भर्तृहरिशतके )

तोयत्यग्निरपि स्रजत्यहिरपि व्याघ्रोऽपि सारङ्गति,
व्यालोप्यश्वति पर्वतोप्युपलति क्ष्वेडोऽपि पीयूषति;
विघ्नोप्युत्सवति प्रियत्यरिरपि क्रिडातडागत्यपां,
नाथोऽपि स्वगृहत्यटव्यपिनृणां शीलप्रभावाद् ध्रुवम्॥२॥

( सिन्दूरप्रकरे )

# ઉપોદ્ઘાત.

સર્વ વ્રતોમાં શિરોમણિ અને જે એક વ્રતથીજ અન્ય વ્રતો દીપી નીકળે-સમ્યક્ પ્રકારે અલંકૃત થાય, જેના ઉપર આ લોક તથા પરલોકની શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક દરેક ઉન્નતિનો આધાર છે એવું વ્રત તે બ્રહ્મચર્ય વ્રત છે. પૂર્વકાલિન્ મહાન્-પુરૂષો આપણા કરતાં અનેક ગુણા સત્ત્વવાન્, પ્રભાવશાલી અને ઉચ્ચતમ સ્થિતિસંપન્ન હતા તેનું મુખ્ય કારણ જો કાંઈ પણ હોય તો તે આ વ્રતજ હતું. ક્રમે ક્રમે એ વ્રતપાલનમાં શિથિલતા થવા માંડી જેથી પ્રજા વીર્યહીન થતી ગઇ અને તેથી દરેક રીતે આપણા ભારત વર્ષની અવનતિ થઈ. તે સ્થિતિ દૂર થઈ પૂર્વની સ્થિતિ પ્રાપ્ત થાય અને પ્રજા દરેક રીતે પૂર્વની પેઠે ઉન્નત બને એ હેતુને સફળ કરવા માટે આ ગ્રંથની યોજના કરવામાં આવી છે.

આ ગ્રંથની બે આવૃત્તિ શા હીરાચંદ કકલભાઇ તરફથી પ્રથમ પ્રગટ થયેલ હતી. તેમાં કેટલાક સુધારા વધારા સાથે અમારી ગ્રંથમાળાના નવમા મણકા તરિકે તેની ત્રીજી અને ચોથી આવૃત્તિની બે હજાર કોપી અમોએ છપાવી હતી. તે થોડા વખતમાં ખલાસ થવાથી અને આવા ગ્રંથોની વિશેષ આવશ્યકતા હોવાથી આ પાંચમી આવૃત્તિ અમોએ છપાવી છે.

પૂર્વની ચાર આવૃત્તિઓ કરતાં આ પંચમ આવૃત્તિમાં ઘણો સુધારો વધારો અને ફેરફાર કરવામાં આવ્યો છે. અનેક નવા લેખો અને વિષયો કે જે બ્રહ્મચર્ય મહાવ્રતને પુષ્ટિકારક છે, જે એ વ્રતના પાલનથી શા શા વિશિષ્ટ લાભો હાંસલ કરી શકાય છે અને એ વ્રતના પાલન પ્રત્યે ઉપેક્ષા કરવાથી કેવાં કેવાં મ્હોટાં નુકસાનો તથા પાયમાલી થાય છે તે વિસ્તારથી બહુ સ્પષ્ટ રીતે

સમજાવે છે તેવા (લેખો અને વિષયો) થી આ ગ્રંથ સુશોભિત કરવામાં આવ્યો છે.

આ ગ્રંથના ત્રણ ખંડો કરવામાં આવ્યા છે. તેમાં શા શા વિષયો છે તે અનુક્રમણિકામાં વિસ્તારથી આપેલા છે ત્યાંથી જોઇ શકાશે; છતાં તેનું અત્ર કાંઇક દિગ્દર્શન કરાવવામાં આવે છે.

પ્રથમ ખંડમાં બ્રહ્મચર્યનો પ્રભાવ, તેનું ખરૂં બળ અને તે પાળવાની અત્યાવશ્યકતા બતાવી છે તથા બ્રહ્મચર્ય પાળવાથી આવતું સુંદર પરિણામ તથા તેથી ભાવી પ્રજા ઉપર થતી પ્રબળ અસર જણાવી છે. સાથે બ્રહ્મચર્યને હાનિ પહોંચે તેવી હકીકતોના વર્ણન પૂર્વક બ્રહ્મચર્ય પાળવાના કેટલાએક ખાસ નિયમોનું દર્શન કરાવવામાં આવ્યું છે, જેથી તેવી હકીકતોથી સાવચેત રહેવાય અને તેવા નિયમોનું પાલન થઈ શકે.

બીજા ખંડમાં એ વ્રતના પાળક ઉત્તમ મહા પુરૂષો તથા મહા સતીઓનાં કેટલાએક ચરિત્રો આપવામાં આવ્યાં છે, જેના વાંચનથી બ્રહ્મચર્ય પાલન ઉપર સચોટ અસર થાય અને અનેક ભવ્ય જીવો એથી બોધ પામી પોતે એવી કોટિના ઉત્તમ પુરૂષો તથા સ્ત્રીઓ બને. ગમે તેવું કષ્ટ આવે તો પણ બ્રહ્મચર્યને લેશ પણ હાનિ પહોંચવા ન દેવી, એ આ કથાઓનો ખાસ સાર છે. એવી કસોટીમાંથી પસાર થનાર શુદ્ધ, નિર્ભય અને નિષ્કલંક થઈ આત્મપ્રયાણમાં બહુ આગળ વધી શકે છે.

ત્રીજા ખંડમાં બ્રહ્મચર્યની નવ વાડોનો સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે અને પતિવ્રતા સ્ત્રીઓને સ્વશીલરક્ષણાર્થ પાળવાયોગ્ય નિયમો બતાવવામાં આવ્યા છે. સાથે શિયળ પાળવા સર્વને સામાન્ય રીતે ઉપયોગી થઇ પડે તેવી સજ્ઝાયો અને વાડો આપવામાં આવી છે. અને પ્રાંતે મુનિ શ્રી કર્પૂરવિજયજીએ લખી આપેલ ઇંદ્રિયપરાજયશતકનો સારાંશ દાખલ કરેલ છે, જે ખાસ મનન કરવા

યોગ્ય છે. એ રીતે અનેક ગદ્યપદ્યાત્મક વિષયોથી આ ગ્રંથ પૂર્ણ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકની અંદર કેટલાએક લેખો શાંતમૂર્ત્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી તરફથી તથા એક લેખ પંડિત સુખલાલજી તરફથી તથા એક લેખ પંડિત લાલન તરફથી માથેરાનથી લેખ લખાઇને આવેલ છે. એ બાબત ઉક્તલેખક મહાશયોનો આભાર માનનામાં આવે છે.

## આ ગ્રંથની આ છટ્ઠી આવૃત્તિ છે.

પ્રાંતે અનેક ભવ્યાત્માઓ આ ગ્રંથ સાદ્યંત વાંચી તદનનુસાર વર્તન રાખવા પ્રયત્નશીલ અને કટિબદ્ધ થાઓ જેથી અમારો ગ્રંથપ્રસિદ્ધિનો હેતુ સફળ થાય, એવી હાર્દિક ભાવના સાથે અત્ર વિરમવામાં આવે છે.

સંવત ૧૯૮૫ ની અસાડ ચઉમાસી. } શ્રી જૈન શ્રેયસ્કર મંડળ —મહેસાણા.

# વિષયાનુક્રમ.

## ખંડ પહેલો.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ બ્રહ્મપદ પૂજા મંગલાચરણ રૂપ ... ... ... ... | ૧ |
| ૨ બ્રહ્મચર્યનો પ્રભાવ અને તેની અગત્ય. (લે. મુનિ કર્પૂરવિજયજી) | ૨ થી ૧૬ |
| વિષયવાસનાથી થતાં નુકસાન ... ... ... ... | ૪ |
| વિવેક ... ... ... ... ... ... | ૪ |
| બ્રહ્મચર્યથી સુંદર પરિણામ ... ... ... ... | ૪ |
| ખંતથી સદુદ્યમ કરનાર સહેજે સકળ સુખસંપદા પામી શકે છે. | ૫ |
| પાત્રતા યોગે પ્રાપ્તિ થવામાં ઉદ્યમાદિની પણ જરૂર ... | ૭ |
| બ્રહ્મચર્યમાં આવતાં વિઘ્ન ... ... ... ... | ૮ |
| બ્રહ્મચર્યનું ખરૂં બળ ... ... ... ... ... | ૯ |
| અબ્રહ્મસેવાનાં માઠાં ફળ ... ... ... ... | ૧૦ |
| શુદ્ધ બ્રહ્મચર્ય પાલન યોગ્ય પ્રતિબંધક નિયમો ... ... | ૧૦ |
| શુદ્ધ બ્રહ્મચર્યની રક્ષા અને અભિવૃદ્ધિ માટે વિધાયક નિયમો. | ૧૧ |
| નમુનેદાર પુત્રરત્ન કે પુત્રીરત્નને પેદા કરવા સ્ત્રીપુરૂષોએ રાખવું જોઇતું લક્ષ્ય... ... ... ... ... | ૧૧ |
| શુદ્ધ બ્રહ્મચર્યજીવનથી આપણી ભાવિ પ્રજા ઉપર થતી અદ્ભુત અસર | ૧૩ |
| બ્રહ્મચર્ય સંબંધી વ્યવહારૂ શિક્ષણ ... ... ... | ૧૫ |
| ૩ બ્રહ્મચર્ય ( લેખક પંડિત સુખલાલજી ) ... ... | ૧૭ થી ૩૪ |
| પ્રારંભકાળ ... ... ... ... ... ... | ૧૮ |
| શરીરબળ અને વિચારબળની અતિ આવશ્યકતા ... ... | ૨૦ |

મનોબળ અને ચારિત્રબળમાં શરીરબળની આવશ્યકતા ... ૨૧
બ્રહ્મચર્યના નાશના કારણો ... ... ... ... ૨૩
બ્રહ્મચર્યના નિયમો નહિ પાળવાથીજ અનિષ્ટ પરિણામ ... ૨૭
બ્રહ્મચર્ય પાળવાનો ઉપદેશ ... ... ... ... ૩૧
ઉપસંહાર ... ... ... ... ... ... ૩૩
૪ પ્રાતઃકાળ સ્મરણીય મહાસત્ત્વશાળી સતા અને સતીઓની નામાવળી તથા તેમનું સ્મરણ કરતાં રાખવો જોઇતો ઉચ્ચ ઉદ્દેશ ૩૫

---

## ખંડ બીજો.

---

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| બ્રહ્મચર્યનું સ્વરૂપ અને તે વ્રતનું પાલન કરનારા સતા સતીઓનાં ચરિત્રો ... ... ... | ૩૯ થી ૧૫૮ |
| બ્રહ્મચર્યવ્રતનું ટુંક સ્વરૂપ ... ... ... ... | ૩૯ |
| સુદર્શન શેઠની કથા ... ... ... ... ... | ૪૬ |
| સ્થૂલભદ્રની કથા ... ... ... ... ... | ૫૧ |
| સીતાની કથા ... ... ... ... ... | ૬૪ |
| રાજિમતિ ... ... ... ... ... ... | ૭૪ |
| અંજનાસુંદરી ... ... ... ... ... | ૮૪ |
| શ્રીદેવી ... ... ... ... ... ... | ૮૮ |
| કલાવતી ... ... ... ... ... ... | ૯૦ |
| વિજયશેઠ અને વિજયારાણી ... ... ... ... | ૧૩૪ |
| જંબૂકુમારનું ચરિત્ર ... ... ... ... ... | ૧૪૦ |

---

# ખંડ ત્રીજો.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| મંગળ ... ... ... ... ... ... | ૧૫૯ |
| બ્રહ્મચર્યની નવ વાડોનો ટુંક સારાંશ ( મુનિ કર્પૂરવિજયજી ) | ૧૬૦ |
| પતિવ્રતા નારીએ સ્વશીલરક્ષાર્થે પતિના વિરહે પાળવા યોગ્ય નિયમો ( લેખક—મુનિ કર્પૂરવિજયજી. ) ... ... | ૧૬૬ |
| સ્ત્રીઓનાં શીલરક્ષણનાં સાધન ( મુનિ કર્પૂરવિજયજી. ) ... | ૧૬૮ |
| શીલગુણ ધારવા અને પરસ્ત્રી પરપુરૂષનો સંગ નિવારવા સહુને હિતોપદેશ ( મુનિ કર્પૂરવિજયજી. ) ... ... ... ... | ૧૬૯ |
| ચતુર્થ પાપસ્થાનક મૈથુન (અબ્રહ્મ) નિવારણ ઉપદેશ—સજ્ઝાય | ૧૭૧ |
| શ્રી ઉદયરત્નજી કૃત નવ વાડની સજ્ઝાયો ... ... | ૧૭૬ |
| શિયલની સજ્ઝાય ... ... ... ... ... | ૧૮૦ |
| શિયલ વિષે પુરૂષને શીખામણની સજ્ઝાય ... ... | ૧૮૧ |
| શિયલ વિષે નારીને શીખામણની સજ્ઝાય ... ... | ૧૮૩ |
| શ્રી સ્થૂલભદ્રની સજ્ઝાય ... ... ... ... | ૧૮૫ |
| પવિત્ર શીલ—સદાચારની રક્ષા અને પુષ્ટિ માટે મન અને ઇન્દ્રિયોને દમવાની અનિવાર્ય જરૂર. (લેખક—મુનિ કર્પૂરવિજયજી.) ... | ૧૮૬ |
| ઇન્દ્રિય પરાજય શતક સારાંશ ...( લેખક, મુનિ કર્પૂરવિજયજી ) | ૧૮૮ |
| પૂર્વકાળનાં ચરિત્રોનું મહત્ત્વ. ... ( લેખક, પંડિત લાલન. )... | ૨૦૨ |

# શ્રી બ્રહ્મચર્ય વ્રત.

## ખંડ પહેલો.

મંગલાચરણરૂપ બ્રહ્મપદપૂજા.

**જિન પ્રતિમા જિન મંદિરા, કંચનનાં કરે જેહ ॥**
**બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો શીઅલ સુદેહ ॥ ૧ ॥**

ઢાળ.

કયું જાણું કયું બની આવહી ( એ દેશી ).

બ્રહ્મચર્ય પદ પૂજીયે, વ્રતમાં મુકુટ સમાન હો વિનીત । શીઅલ સુરતરૂ રાખવા, કહી નવ વાડ ભગવાન હો વિનીત । નમો નમો બંભવયધારિણં ॥ ૧ ॥ એ આંકણી ॥ કૃત કારિત અનુમતિ તજે, દિવ્ય ઔદારિક કામ હો વિનીત । ત્રિકરણ યોગે એ પરિહરે, ભેદ અઢાર ગુણધામ હો વિનીત ॥ નમો૦ નમો ॥ ૨ ॥ દશ અવસ્થા કામની, ત્રેવીશ વિષય હરંત હો વિનીત । અઢાર સહસ સીલાંગરથે, બેઠા મુનિ વિચરંત હો વિનીત ॥ નમો નમો૦ ॥ ૩ ॥ દ્રવ્યથી ચાર દારા[1] તજે, ભાવે પર પરિણતિ ત્યાગ હો વિનીત । દશ સમાહિઠાણ સેવતાં, ત્રીશ અબંભનાં* ત્યાગ હો વિનીત ॥ નમો નમો૦ ॥ ૪ ॥ દીએ દાન સોવન કોડીનું, કંચન ચૈત્ય કરાય હો વિનીત । તેહથી બ્રહ્મવ્રત ધારતાં, અગણિત પુણ્ય સમુદાય હો વિનીત ॥ નમો નમો ॥ ૫ ॥ ચોરાશી સહસ મુનિ-દાનનું, ગૃહસ્થ ભક્તિ ફળ જોય હો વિનીત । ક્રિયા ગુણઠાણે મુનિ વડા, ભાવ તુલ્ય નહિ કોય હો વિનીત ॥ નમો નમો૦ ॥ ૬ ॥ દશમે અંગે વખાણિયો, ચંદ્રવર્મા નરિંદ હો વિનીત ॥ તેમ આરાધી પ્રભુતા વર્યો, સૌભાગ્યલક્ષ્મી સૂરિંદ હો વિનીત ॥ નમો નમો૦ ॥૭॥

---

૧ સ્ત્રી. * ત્રીશ અસમાધિસ્થાનનો ત્યાગ.

# બ્રહ્મચર્યનો પ્રભાવ

અને

# તેની અગત્ય.

---

"विकारहेतौ सति विक्रियन्ते, येषां न चेतांसि त एव धीराः"

વિકારનાં સાધન વિદ્યમાન છતે જેમનાં મન વિકાર ન પામે તેજ ખરેખરા ધીર વીર છે. અધ્યાત્મદૃષ્ટિથી જોતાં-વિચારતાં શુદ્ધ આત્મસ્વરૂપ (સ્વભાવ) માં રમણતા કરવા રૂપ બ્રહ્મચર્યનું સુખ અનહદ છે. એથી પર ઉપાધિ સંબંધી સકળ સંકલ્પ-વિકલ્પ-જનિત દુઃખ-અશાન્તિ ઉપશાન્ત થઇ જાય છે અને સહજ સ્વાભાવિક આત્મરમણતાજનિત અખંડ અનંત સુખશાન્તિનોજ અનુભવ થવા પામે છે. વળી જડવાદની સ્થૂલ દૃષ્ટિથી જોઇએ તોપણ જે જે પ્રગટ ફાયદાઓ મૈથુનક્રીડા યા વિષયાસક્તિના ત્યાગ રૂપ બ્રહ્મચર્યથી થવા પામે છે તેની ખાત્રી કરાવાય તો એ બ્રહ્મવ્રતનું સારી રીતે પાલન કરવા સામાન્ય માણસો પણ લોભાયા વગર રહે નહિ,

## બ્રહ્મચર્યથી થતા ફાયદા.

૧ શરીર આરોગ્ય—આખા શરીરના રાજા સમાન વીર્ય-ધાતુનું સંરક્ષણ કરવા, જે જે વિષયસુખની લાલસાઓ વડે મૂર્ખ અજ્ઞાન જનો નાહક સ્વવીર્યનો વિનાશ કરે છે તે તે વિષય લાલ-સાઓને તજી, નિજ ઇન્દ્રિયોનો જે ઉત્તમ સ્ત્રી પુરૂષો નિગ્રહ

કરે છે, તેઓ પોતાના પ્રયત્નના પ્રમાણમાં શરીરઆરોગ્ય સાચવી–ટકાવી અથવા વધારી શકે છે, એટલું જ નહિ પણ પોતાની ભવિષ્યની પ્રજાને પણ એવી જ નિરોગીલી નીપજાવવા શક્તિવાન થઈ શકે છે. ' શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ ' એ ન્યાયે તો ધર્મઅર્થે શરીરને ટકાવી રાખવા બ્રહ્મચર્યની ભારે અગત્ય છે.

૨ શરીરસૌન્દર્ય–નિયમિત રીતે શુદ્ધ–નિર્દોષ સાત્વિક ખોરાક લેવાથી, મન વચન કાયાથી શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવાથી અને અનેક પ્રકારની આધિ વ્યાધિવડે થતી વીર્યહાનિ સદ્‌વિવેકયોગે અટકાવવાથી પરિણામે અંતરમાં જે સુખશાન્તિ, સ્વસ્થતા, સંતોષ અને પ્રસન્નતા પ્રસરે છે તેથી શરીરમાં પણ ગુલાબી ખુબસુરતિ પ્રસરે છે અને તે નિજ સંતતિને પણ વારસામાં મળે છે. બ્રહ્મચર્યના પ્રભાવથી સ્વવીર્યની રક્ષા અને પુષ્ટિવડે શરીર તેજસ્વી, સુઘટ અને ઓજસ્વી બનવા પામે છે.

૩ દીર્ઘાયુષ્ય–સ્વવીર્યરક્ષા અને વૃદ્ધિનો પ્રભાવે શરીર ઉપર એકાએક રોગનો હુમલો થતો નથી અને સુદૃઢ–બલિષ્ટ થયેલું શરીર દીર્ઘકાળ સુધી ટકી શકે છે.

૪ મજબૂત બાંધો–સુરક્ષિત વીર્યવંત જનોનો શરીરબાંધો બહુ મજબૂત થવા પામે છે અને તેને પરિણામે શરીર આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, દઢ–મજબૂત મન અને મજબૂત બાંધાની સંતતિ થવા પામે છે.

૫ મહાવીર્ય–પરાક્રમ–બ્રહ્મચર્યના પ્રભાવથી ( વિષયાસક્તિ તજી, સંતોષવૃત્તિવડે સ્વવીર્યરક્ષા કરવાથી ) પુરૂષો મહાવીર્યવંત–પરાક્રમી થવા ઉપરાંત તેમની સંતતિ પણ તેવીજ પરાક્રમી નીપજે છે. નિયમિત રીતે બ્રહ્મચર્યપાલનથી આવા અનેક ઉત્તમ લાભ થવા પામે છે.

## વિષય–વાસનાથી થતાં નુકશાન.

એક અથવા બીજા ગમે તેવા નિમિત્ત પ્રસંગે જેમને વિષય અભિલાષા જાગ્રત્ થાય છે અને વાણીમાં તથા કાયામાં વિષયવિકાર પેદા થાય છે, તેઓ નિયમિત રીતે નિજવીર્યરક્ષા કરતા નહિ હોવાથી અને સ્વવીર્યનો વિનાશ થવા દેવાથી શરીરનું આરોગ્ય સાચવી શક્તા નથી, તેઓ અવાર નવાર ઓચિંતા વિવિધ રોગને ભોગ થઇ પડે છે, તેમની નિદ્રા ઊડી જાય છે અને બેચેની પથરાય છે તેથી તેમના શરીરનું તેજ ઘટી જઈ નિસ્તેજ બને છે અને અલ્પ આયુષ્ય ભોગવી અકાળે મૃત્યુ પામે છે. જયાં સુધી જીવે છે ત્યાં સુધીમાં પણ તેમના શરીરનો બાંધો કમજોર ( શિથિલ) થઇ જાય છે, જેના પરિણામે તે કંઇ પણ મહત્ત્વનાં કામ કરવા યોગ્ય રહેતા નથી અને તેમને જે સંતતિ થવા પામે છે તે પણ એવીજ રોગિલી, અશક્ત, અલ્પાયુષી, શિથિલ બાંધાની, દમવગરની, નિસ્તેજ અને પુરૂષાર્થહીન થાય છે.

## વિવેક.

આ રીતે વિવેક વગર મૈથુનસેવાથી સ્વપરને ( સમાજને ) કેટલું બધું નુકશાન થાય છે, તેનો જો ખ્યાલ કરી શકાય તો પછી વિષયાસક્તિથી વિરમવા રૂપ અને સર્વ રીતે સ્વવીર્યની રક્ષા કરવા રૂપ બ્રહ્મચર્યને નિયમિત પાળવા તરફ નિજ લક્ષ અવશ્ય થાય.

## બ્રહ્મચર્યથી થતા સુંદર પરિણામ.

નિયમિત રીતે બ્રહ્મચર્યના દૃઢ પાલનથી ઉપર જણાવેલા સઘળા લાભ સુલભ થઇ જાય છે, તે ઉપરાંત વચનબળ અને બુદ્ધિબળ ખીલવા પામે છે અને ચિત્તની પ્રસન્નતા જળવાયા કરે છે. પરિણામે જે સંતતિ થાય છે તે સઘળી રીતે આનંદ-દાયક નીવડે છે. તેની ભવિષ્યની સંતતિ પણ સુંદર અને મજ-

બૂત બાંધાની, બલિષ્ટ, દીર્ઘાયુષી અને પુરૂષાર્થી બનવા પામે છે, તેથી તે પણ સ્વપરહિત કરવા યોગ્ય થાય છે. બ્રહ્મચર્યના પ્રભાવથી આત્મબળ પણ અત્યંત ખીલવા પામે છે અને તે બળનો ઉપયોગ બહુ સારી દિશામાં કરી શકાય છે; જેથી પરિણામે સકળ કર્મઉપાધિને ટાળી, અક્ષય અનંત સુખના સ્થાનરૂપ મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે. બ્રહ્મચર્યનો આવો અચિન્ત્ય પ્રભાવ જાણી સહુ કોઇ સજ્જન ભાઇ બ્હેનોએ તેમાં અત્યંત આદર કરવો ઘટે છે. વિદ્યાભ્યાસ કરવામાં વિદ્યાર્થીજીવન પર્યંત બ્રહ્મચર્ય પાળવાની અત્યંત જરૂર છે. કહ્યું છે કે, જ્યાં સુધી પરિપકવ અવસ્થા થાય ત્યાં સુધી એટલે પુરૂષે ૨૫ વર્ષની અને સ્ત્રીએ ૧૬ વર્ષની વય થતાં સુધી બ્રહ્મચર્ય જરૂર પાળવું જોઇએ. આ પવિત્ર નિયમને તોડી જે અકાળે સંસારવ્યવહાર કરે છે, વિષયાસક્તિથી સ્વવીર્યનો વિનાશ કરી નાંખે છે તેમને પાછળથી વિપરીત પરિણામ આવતાં ભારે સોસવું પડે છે. આપણી અત્યારની અધોદશાનું મુખ્ય કારણ એજ છે. આપણી દશા સુધારવા આપણે સહુએ ખંતથી સદ્-ઉદ્યમ સેવવો જોઇએ.

## ખંતથી સદ્-ઉદ્યમ કરનાર સહેજે સકળ સુખ-સંપદા પામી શકે છે.

'ઉદ્યોગિનં પુરૂષસિંહ મુપૈતિ લક્ષ્મી:'-ઉદ્યમી પુરૂષરત્નને લક્ષ્મી વરે છે. (પુરૂષાર્થવંત પુરૂષસિંહને લક્ષ્મી સહેજે આવી મળે છે.) 'પદં હિ સર્વત્ર ગુણૈ ર્નિધીયતે'-ગુણ-ગુણીનો સર્વત્ર આદર કરાય છે. ( ગુણો-ગુણીજનો સર્વત્ર પૂજા-સત્કારને પાત્ર થાય છે-પૂજાય છે અને મનાય છે. )

" કાયર જનો કંઇ પણ સત્કાર્ય—પ્રતિજ્ઞાદિક, ભંગ થવાના ભય માત્રથી આદરતા જ નથી, મધ્યમ જનો તેનો પ્રભાવ જાણી -સાંભળીને આદરે છે ખરા પણ વિઘ્ન આવ્યે તે તજી દે છે પણ દક્ષ-

ડાહ્યા–ચકોર જનો તો માર્ગમાં ગમે એવાં વિઘ્નો આવે તેને ગણકાર્યા વગર જ આદરેલા સત્કાર્યને અંત સુધી નિર્વહે છે–પાર પમાડે છે."

" પ્રથમજ તપાસો કે તમે જે કાર્ય કરવા સંકલ્પ કર્યો છે તે ડહાપણભર્યો છે કે નહિ ? અને જો તે સંકલ્પ દક્ષતા–ડહાપણ–ભર્યોજ હોય તો ગમે તેવાં વિઘ્ન ઉપસ્થિત થાય તો પણ તેથી તમે ડગશો નહિ–ચલાયમાન થશો નહિ-તેમાં અડગ રહેજો."

'ધૈર્યપૂર્વક ખંત જારી રાખવાથી ગમે તેવાં દુષ્કર કાર્ય સાધી શકાય છે. દુઃખના ડુંગરા વટાવી શકાય છે.'

'ચાકરી વગર ભાખરી નથી.' 'ઉદ્યમ કર્યા વગર ફળ મળવાનું નથી. પાત્રતા મેળવ્યા વગર પ્રાપ્તિ થવાની નથી.'

'જેવું વાવશો એવું લણશો.' 'જેવું મન ઘાલશો એવું કમાશો. ડહાપણભર્યો ઉદ્યમ નકામો જવાનો નથી.'

'આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ.'

'જાતમહેનત ( Self Help ) ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખો-સ્વાશ્રયી બનો, બીજાના વિશ્વાસ ઉપર બેસી રહીને આલસ્યને પોષશો–વધારશો નહિ.'

'નિયમિત કાર્ય કરવાની ટેવથી કામમાં બહુ સરળતા–અનુકુળતા થવા પામે છે.'

'તમારાં દરેક કાર્યમાં બને તેટલા નિયમિત ( Regular ) થાઓ–થવા પ્રયત્ન કરો. સરળતાથી અને સારી રીતે કાર્ય કરવાની એના જેવી બીજી કોઈ સરસ પદ્ધતિ નથી. નિયમિત કાર્ય કરનારાઓ ગમે તેટલાં કામ મજાથી કરે છે અને અનિયમિત કામ કરનારા એકાદ કામ કરવામાં પણ નાસીપાસ થાય છે.'

'લક્ષપૂર્વક નિયમિત કામ કર્યા પછી જે વિશ્રાન્તિ મળે છે તેમાં ખરી મીઠાશ આવે છે, કેમકે તેથી આત્મસંતોષ પ્રાપ્ત થાય છે. ( ચિત્ત પ્રસન્ન રહે છે. )

'અનિયમિતપણે કામ કરનારને આત્મસંતોષને બદલે બહુધા બળાપો થયા કરે છે. (ચિત્ત અપ્રસન્ન અને ઉદાસ રહ્યા કરે છે.)'

'નિયમિત કામ કરનારને નિજ કાર્યશક્તિમાં, શ્રદ્ધા બની રહે છે તેથી તે ધાર્યું કામ ઉત્સાહપૂર્વક સારી રીતે કરી શકે છે. અનિયમિત કામ કરનારમાં તેથી ઉલટું બને છે, આ વાત સ્વાનુભવસિદ્ધ સમજી શકાય એવી છે.'

## પાત્રતા યોગે પ્રાપ્તિ થવામાં ઉદ્યમાદિની પણ જરૂર.

"કોઇ પણ અગત્યનાં કામ કરવા ઇચ્છનારે પ્રથમજ તેની યોગ્યતા મેળવવા મથન કરવું જોઇએ. (First Deserve and then Desire). યોગ્યતા પામી લેવાય તો કાર્યસિદ્ધિ સુલભ થવા પામે, એ નિર્વિવાદ સિદ્ધ છે. કારણ વગર કાર્યસિદ્ધિ થઇ શકેજ કેમ?"

'પુરૂષાર્થવડેજ સર્વ કંઇ સિદ્ધ થઈ શકે છે. પુરૂષાર્થને કંઈ પણ અસાધ્ય નથીજ. માટેજ કહેવામાં આવે છે કે (Try try and try) ઉદ્યમ કરો, ઉદ્યમ કરો, ઉદ્યમ કરો. ઉદ્યમ કરવા વડેજ અંતરાય તૂટશે.'

'ઉદ્યમ કર્યા છતાં તત્કાળ ફળપ્રાપ્તિ થવા ન પામે તો નિરૂત્સાહ થવું નહિ. ધીરજ ધરીને ફળ પ્રાપ્તિ થતાં સુધી અડગ ઉત્સાહથી ઉદ્યમ કરી આગળ વધતા જવું એટલે અંતે ફળ-પ્રાપ્તિ અવશ્ય થશેજ.'

'ઉદ્યમ સાથે નસીબ યારી આપે છે, તો તત્કાળ પણ ફળ-પ્રાપ્તિ થઈ શકે છે. સતત ઉદ્યમ કર્યા છતાં ફળ ન મળે તોજ દૈવને દોષ દેવો તે પહેલાં દૈવને કે કાળને દોષ દઈ નિરૂદ્યમી બની બેસવું નહિ.'

યદ્યપિ કાળ, સ્વભાવ, ભાવીભાવ (નિયતિ), પૂર્વ કર્મ

અને ઉદ્યમ એ પાંચ સમવાયી કારણ યોગેજ કોઈ પણ કાર્ય સિદ્ધ થાય છે તોપણ તે સર્વમાં ઉદ્યમનેજ પ્રધાનપદ અપાય છે, કેમકે તેના વડેજ ઈતર કારણની ખાત્રી થઇ ઇષ્ટ કાર્યની સિદ્ધિ થવા પામે છે.

'નિજ નિજ કર્તવ્યપરાયણ જનો સુખી થાય છે અને તેમાં બેદરકાર રહેનાર અવશ્ય સીદાય છે, દુ:ખી થાય છે. તેથી સહુએ સ્વસ્વકર્તવ્યનું ભાન અવશ્ય રાખવુંજ જોઇએ. સહુમાં સાધુઓનો તેમજ ગૃહસ્થોનો સમાવેશ થઈ જાય છે. પોતપોતાના અધિકાર મુજબ સહુએ સ્વકર્તવ્ય–કર્મ કરવાનાં હોય છે. તેની ઉપેક્ષા કરવાથી તેમને હાનિ સહેવી પડે છે અને નિજ નિજ કર્તવ્ય નિષ્ઠ રહેવાથી અંતે સકળ સુખસંપદા સ્વાધીન થઇ રહે છે'

'કોઇ પણ કાર્ય સહસા–અતિ ઉતાવળથી કરવું નહિ, વિવેકથી વિચારી કાર્ય કરનારને સહેજે સકળ સુખ સંપદા આવી મળે છે. ગંભીર અને મહત્વનાં કામ બહુ વિવેકથી અને ધૈર્યથી કરવાં જોઈએ. તેમાં Haste is waste–જેટલી ઉતાવળ તેટલી હાનિ, એ સાચું છે.'

## બ્રહ્મચર્યમાં આવતાં વિઘ્ન.

ગમે તે પ્રકારના વિકાર (દોષ) વગરનું અવિકારી નિર્દોષ જીવન વહેવું તેનું નામ બ્રહ્મચર્ય છે. સ્પર્શનેંદ્રિય રસનેન્દ્રિય પ્રમુખ ઇન્દ્રિયોના વિષયોને વશ થઇ જઇ તેમાં આસક્તિ ધરવાથી, ક્રોધાદિક કષાયોને વશ થઇ અંધ બની જવાથી, મન, વચન અને કાયાને યોગ્ય નિયમમાં નહિ રાખતાં મોકળા મૂકી દેવાથી અને મૈત્રી-પ્રમુખ ઉદાર ભાવનાથી દૂર રહી, તુચ્છ સ્વાર્થવશ થઈ પરપીડાદિક અનીતિ–અન્યાય આચરવાથી મૂઢ જનો પવિત્ર બ્રહ્મચર્યથી બેનશીબ રહે છે. જેઓ તુચ્છ વિષય સુખમાં લલચાઈ પવિત્ર બ્રહ્મચર્યનું પાલન કરતા નથી તે ભાઇબ્હેનો સાચા ( વાસ્તવિક )

સુખના ગંધને પણ પામી શકતા નથી. અબ્રહ્મચર્યા-વ્યભિચારી જીવનથી તેઓ પોતેજ પોતાના ભવિષ્ય ઉપર સખ્ત ફટકા મારે છે અને પોતાની સંતતિનું પણ સત્યાનાશ વાળે છે. વિષયાસક્ત જનોની સંતતિ પણ નિર્માલ્યપ્રાય બને છે, જેથી તે તેમનું પોતાનુંજ ભલું કરી શકતી નથી, તો પછી પરનું ભલું કરવાનું તો કહેવુંજ શું ?"

## બ્રહ્મચર્યનું ખરૂં બળ.

પરંતુ જેઓ ઉક્ત સઘળા વિકારોને વશ નહિ થતાં તેમને સંયમ વડે જીતી લે છે તેઓ પોતાનું જીવન નમુનેદાર બનાવી શકે છે. વિદ્યાર્થીજીવનમાં તેઓ બહુ સારો વિદ્યાભ્યાસ કરી શકે છે અને તેને ઉત્તમ આચાર વિચાર વડે સાર્થક-સફળ કરી શકે છે. ઉત્તમ પ્રકારના આચાર વિચાર વડે તેઓ ઉત્તમ આત્મબળ-ચારિત્રબળ સંપાદન કરી શકે છે અને એવા ઉત્તમ આત્મબળ-ચારિત્રબળવડે ખરેખર સ્વપર હિત-શ્રેય સાધી શકાય છે. બાહ્ય લક્ષ્મી તો તેની દાસીજ થઇ રહે છે, જ્યારે જ્ઞાનાદીક ખરી લક્ષ્મીજ તેને પરમ પ્રિયા હોય છે. યદ્યપિ આવા આત્મસંયમી સાધુ જનો યશકીર્તિની દરકાર ઓછીજ કરે છે તોપણ સહુ કોઇ તેમનાં ગુણોત્કીર્તનકરવા લલચાય છે અને તેમની કીર્તી જગતમાં ગાજી ઉઠે છે. બ્રહ્મચર્યનું દૃઢ સેવન કરવાથી સંકલ્પશક્તિ એવી તો દૃઢ થવા પામે છે કે તેના નિશ્ચયબળને ડગાવવા કોઇ સમર્થ થઇ શકતું નથી અને એવા દૃઢ નિશ્ચય બળ ઉપર જ સકળ કાર્યસિદ્ધિનો આધાર રહે છે, એવો જ્ઞાની પુરૂષોનો સ્વાનુભવ છે. વાસ્તવિક રીતે જોતાં અવ્યભિચારી-નિર્દોષ જીવન જીવવું એજ શુદ્ધ બ્રહ્મચર્ય સમજવાનું છે. એવું શુદ્ધ બ્રહ્મચર્ય જીવન જીવે તે પવિત્ર સ્ત્રી પુરૂષોની જ બલિહારી છે. તેમને સહસ્રશઃ ધન્યવાદ ઘટે છે. 'અબ્રહ્મ સેવન યા વિષયાસક્તિ અથવા વ્યભિચારી જીવન જ સકળ આપદાઓનું મૂળ છે.

અરે! જયારે એક એક ઇન્દ્રિયના દોષથી પતંગિયાં, ભમરા, માછલાં, હાથીઓ અને હરણીયાં દુર્દશાને પામે છે ત્યારે જે પાંચે ઇંદ્રિયોને વશ થઇ મોકળી મૂકી દે છે તે મૂઢ જનોની દુર્દશાનું કહેવું જ શું? ઇંદ્રિયોના વિષયો–શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ભોગવતાં મધુર લાગે છે પણ પરિણામે તે બધાય કિંપાકનાં ફળની પેરે પ્રાણનાશક નીવડે છે, તેમજ ખરજ ખણવાની પેરે પ્રથમ મીઠાં લાગે છે પણ અંતે દુ:ખદાયક નીવડે છે. વિષ તો ખાધું છતું જ મારે છે ત્યારે વિષયભોગનું તો સ્મરણ થતાં જ સંતાપ થાય છે. પાંખ છેદાયેલાં પંખીઓ જેમ નીચે પટકાઈ પડે છે તેમ સુશીલતા ગુણ વગરના જીવો ઘોર સંસારસાયરમા પટકાઇ મરે છે. જેમ મુગ્ધ શ્વાન હાડકાંને ખાવા જતાં દુ:ખી થાય છે તેમ મુગ્ધ જનો વિષયસુખનો સ્વાદ લેવા જતાં પરિણામે અનેક આપદાને જ ઉભી કરે છે.

## અબ્રહ્મ–સેવાનાં માઠાં ફળ.

માન (મર્યાદા) વગર મૈથુનક્રીડા યા વિષયાસક્તિ વડે વંધ્યત્વ (સંતાન રહિતપણું) પ્રાપ્ત થાય છે યા તો માલવગરની–નમાલી પ્રજા પેદા થાય છે. અત્યંત વિષયાસક્તિ યા વિષયાંધતાથી વૈધવ્ય–વિધવાપણું અથવા રંડાપો આવે છે. એ ઉપરાંત ધર્મ-કર્મમાં પણ એથી ભારે અંતરાય નડે છે. એ આદિ અનેક આપદાથી બચવાનો ઉત્તમ માર્ગ એ છે કે આપણે આપણી વિષય-ઇન્દ્રિયોને નિયમમાં રાખી બ્રહ્મચર્યના પ્રાણભૂત નિજ વીર્ય-શક્તિનું સારી રીતે સંરક્ષણ કરવું. એથીજ સર્વ ઇષ્ટ કાર્યની સિદ્ધિ થઇ શકે તેમ છે, એ કદાપિ વિસરી જવું જોઈએ નહિ.

## શુદ્ધ બ્રહ્મચર્ય પાલન યોગ્ય પ્રતિબંધક નિયમો.

૧–મલિન–વિષયી વાતાવરણમાં વસવું નહિ. ૨ કામોદ્દીપક કથા કહેવી કે સાંભળવી નહિ. ૩ કામોદ્દીપક વિષયાસન સેવવાં

નહિ. ૪ વિષય-ઇન્દ્રિય પ્રમુખને નિરખી નિરખીને જોવાં નહિ. ૫ નજદીકમાં સ્ત્રીપુરૂષ કામકથાદિક કરતાં હોય ત્યાં ઉભા રહેવું, બેસવું, સૂવું કે નિવસવું નહિ. ૬ પ્રથમાવસ્થામાં કરેલી વિષયક્રીડાને યાદ કરવી નહિ. ૭ સચિત્ત-રસકસ ભરેલાં માદક ખાન પાન કરવાં નહિ. ૮ સૂકો-નીરસ આહાર પણ વધારે પ્રમાણમાં લેવો નહિ. ૯ શરીરશોભા વધારવા ઉદ્ભટ વેષ-શૃંગાર, તેલ મર્દન અને ઉવટણાં પ્રમુખ વિભૂષા કરવી નહિ.

## શુદ્ધ બ્રહ્મચર્યની રક્ષા અને અભિવૃદ્ધિ માટે વિધાયક નિયમો.

૧ શુદ્ધ-નિર્મળ-અવિકારી વાતાવરણમાં જ વસવું. ૨ શાન્ત વૈરાગ્ય રસ ઉપજે એવીજ ધર્મકથા કહેવી કે સાંભળવી. ૩ જેથી અનેક પ્રકારના વિષયવિકારો ઉપશમી જાય એવાંજ આસન-પદ્માસન, વીરાસન પ્રમુખ યોગાસન અને મુદ્રાને ધારણ કરવા લક્ષ રાખવું. ૪ પરમ શાન્ત જિનમુદ્રાને યા સંત સુસાધુમુદ્રાને નિરખી આત્મનિરીક્ષણ કરવું-વિષય કષાયને શમાવી દેવા. ૫ સંતસંગતિ કે સદ્ગુણી જ્ઞાની સંગાતે જ ગોષ્ઠી કરવી. ૬ કરેલી સુકૃત કરણીને અનુમોદવી અને અભિનવ સુકૃત કરણી કરવા ખંત રાખવી. ૭ સદાય પ્રેમથી જ્ઞાનામૃતનું પાન કરવું. ૮ નકામી કુથલીમાં વખત ગુમાવી નહિ દેતાં ઉત્તમ ચરિત્રો સંભારવાં અથવા ગમે તે પ્રસંગમાંથી સુબોધ મેળવી લેવા લક્ષ રાખવું. ૯ બુદ્ધિબળ, વાગ્બળ અને હૃદયબળ ( વિવેકશક્તિ ) ખીલે એવા શુદ્ધ સાત્વિક ખોરાક ( ખાનપાન ) થી શરીરબળ વધારવા સ્વવીર્યનો સંચય કરી તેનો જેમ બને તેમ સદુપયોગ કરવો.

## નમુનેદાર પુત્રરત્ન કે પુત્રીરત્નને પેદા કરવા સ્ત્રી પુરૂષે અવશ્ય રાખવું જોઇતું લક્ષ.

૧ પરિપકવ વય થયા પછીજ, પુત્રાદિ રત્નની ઇચ્છાથી જ, પૂર્ણ તંદુરસ્ત સ્થિતિમાંજ યોગ થવો જોઇએ.

૨ તુચ્છ પૌદ્ગલિક સુખની ઇચ્છાથી નહિ પણ વિશુદ્ધ ભાવનાથી નિર્દોષ પ્રજા ઉત્પન્ન થવી જોઇએ.

૩ બાળક ગર્ભમાં આવ્યા પછી વિષયસેવન બંધ થવું જોઇએ અને ગર્ભની રક્ષા અને પુષ્ટિ યથાર્થ થાય તેવાં અનુકૂળ ખાનપાનાદિ સેવવાં જોઇએ.

૪ બાળક સ્તનપાન કરતું રહે ત્યાં સુધી સ્ત્રી પુરૂષે અવશ્ય બ્રહ્મચર્ય પાળતાં રહેવું જોઇએ.

૫ બાલ્ય-શિશુવયમાં મલિન સંસ્કારોથી બાળકો બચવા પામે એવી ચીવટ વડીલોએ રાખવી જોઇએ.

૬ કામોદ્દીપક યા ઉત્તેજક અથવા વિકારજનક પદાર્થોનું સેવન બંધ થવું જોઇએ.

૭ બ્રહ્મચર્યના પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો યોગ્ય વખતે બરાબર સમજાવા જોઇએ.

આવા પવિત્ર નિયમોયુક્ત જીવન વહુતા સ્ત્રી પુરૂષોથી ઉત્પન્ન થતી પ્રજા જ સ્વપર કલ્યાણ કરી શકશે.

સ્વદેશ કે સમાજનો ઉદ્ધાર કરવા આવા પુત્રરત્નોજ સમર્થ થઈ શકે છે અને એવાં પુત્રરત્નો પેદા કરવા માટે ઉપર જણાવ્યા મુજબ સ્ત્રી પુરૂષોએ પવિત્ર નિયમો અંકિત કરીને ઉત્તમ ઉદ્દેશથી નિયમિત રીતે નિજ વીર્યના સંરક્ષણરૂપ બ્રહ્મચર્યનું પાલન કરવુંજ જોઇએ. ઉપર જણાવેલા પવિત્ર નિયમોનું ઉલ્લંઘન કરી વિષયસુખની લાલસાથી મૈથુનક્રીડા અમર્યાદિત રીતે કરવાથી આપણી જે અધોદશા થવા પામી છે તેમાંથી જો આપણે મુક્ત થવું જ હોય તો સંત સુસાધુ જનોએ દેશના અને સમાજના ભલા માટે સહુ કોઇ સ્વપર હિતચિન્તકોને બ્રહ્મચર્યના પાલનથી થતા સકળ લાભો સારી રીતે સમજાવી, તેમના મનમાં એવા તો ઠસાવવા જોઇએ કે ગમે તેવી લાલચો કે સંયોગોને વશ થઇ નહિ જતાં તેઓ બ્રહ્મચર્યના શુદ્ધ નિયમોને દૃઢપણે અનુસરી, નિજનિજ વીર્યનું સંરક્ષણ કરી પરિણામે પવિત્ર પ્રજાને જ ઉત્પન્ન

કરી શકે અને છેવટે પ્રભુભક્તિપરાયણ થઇ સ્વસ્વહિત સુખે સાધી શકે. ત્યારે તેમનાથી ઉત્પન્ન થયેલી પવિત્ર પ્રજા પોતાના અચળ વીર્ય પરાક્રમથી વિદ્યા-કળાના બળે નિજ કર્તવ્ય સમજી નિજ નિજ દેશ કે સમાજનો ઉદ્ધાર કરવા સમર્થ થઇ શકે અને પરિણામે અનેક ભવ્યાત્માઓનું પણ હિત કરી શકે.

જંબુકુમાર, સુદર્શન શ્રેષ્ઠી, સ્થૂલભદ્રમુનિ અને વિજય શેઠ વિજયા શેઠાણી જેવા જ્વલંત દૃષ્ટાંતો જાણી તેમને આદર્શ રૂપ લેખી સ્વજીવન અંકિત કરવું જોઇએ. એવાં પુત્રરત્નોની આપણને બહુ જરૂર છે. ' Charity begins at home ' ' Example is better than Precept ' એ ન્યાયે આપણે જાતેજ બને તેટલું બ્રહ્મચર્ય પાળવા પ્રયત્નશીલ થવું જોઇએ. આગળ થઇ ગયેલા આદર્શ જીવનરૂપ અનેક ઉત્તમ સતા સતી-ઓનાં પવિત્ર નામોનું આપણે પ્રભાતે સ્મરણ કરીએ છીએ તે તેમના જેવા પવિત્ર શીલવંત થવાના હેતુથી જ. અને જો એવી ઉત્તમ ભાવનાથી આપણે તેમને યાદ કરી તેમના જેવા થવા તેમના અંકિત માર્ગે ચાલીએ તો એક વખત તેમના જેવાજ થઇ શકીએ, એ નિઃશંક વાત છે. માટે હવે આપણે પ્રમાદાચરણ તજી પુરૂષાર્થી બનવું જોઇએ. એજ આપણી આબાદીનો અકસીર ઉપાય છે. તેને આદરવા સહુ સહૃદય બંધુઓ અને બ્હેનો આદરવંત થાઓ એજ મહાકાંક્ષા.

## શુદ્ધ બ્રહ્મચર્ય જીવનથી આપણી ભાવી પ્રજા ઉપર થતી અદ્ભુત અસર.

કોઇપણ પ્રકારના દોષ યા વિકાર વગરનું સહજ સ્વાભાવિક અવિકારી-નિર્દોષ જીવન વહેવાને માટે બ્રહ્મચર્ય પાલન કરવાની ભારે જરૂર છે. કોઇ પણ રીતે નિજ વીર્ય-શક્તિ સુરક્ષિત

રાખવા ઉપરાન્ત તેનો શિષ્ટ પુરૂષોનાં વચનાનુસારે સારામાં સારો ઉપયોગ કરવા માટે બ્રહ્મચર્ય પાળવાની બહુજ જરૂર છે. બ્રહ્મચર્યથી નિજ વીર્ય સુરક્ષિત રહે છે અને તેથી અનેક ઉપયોગી કાર્યો કરી શકાય છે. જો બચપણથીજ પોતાનાં બાળકોનાં હિત માટે તેમના ઉપર શુભ સંસ્કારો પાડવા માતપિતાદિક વડીલ જનો પૂરતી કાળજી રાખે અને તેમના ઉપર કોઈપણ પ્રકારના મલીન સંસ્કાર પડવા ન પામે એવી પૂરતી ચીવટ રાખે તો તેમનાં વ્હાલાં બાળકોની ઉન્નતિ ઘણી વ્હેલી થવા પામે, એ નિ:સંદેહ સત્ય છે. બાળકોનાં તન મન કે વચન ઉપર કોઇ જાતની માઠી અસર ન થાય માટે ગર્ભાધાનથી માંડી માતપિતાદિ વડીલોએ કોઈ પણ પ્રકારના મલિન આચાર વિચાર કે વચનનો વ્યાપાર કરવો કરાવવો કે અનુમોદવો નહિ, પણ પોતાનાં તન મન અને વચનથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવા પૂરતું લક્ષ રાખ્યા કરવું. માતપિતાના શુભ હેતુવાળા સંયોગથી ગર્ભાધાન રહે છે, તેથી તેઓ તે વખતે જેવો વિચાર સેવતા હોય છે તેની અસર ગર્ભ ઉપર થવા પામે છે અને ત્યાર પછી પણ માતાદિ જેવા આચાર વિચારાદિ સેવે છે, તેની અસર પણ બહુધા ગર્ભ ઉપર થવા પામે છે. આવા શુભ હેતુથીજ માતા ત્રિશલાદેવીએ પોતાના ઉત્તમ ગર્ભની રક્ષા નિમિત્તે જે જે શુભ ઉપાયો સેવ્યા હતા તે સઘળી માતાઓએ અવશ્ય લક્ષમાં લેવા અને આદરવા ઉત્સુક થવું જોઇએ. ઉત્તમ ગર્ભના પ્રભાવથી માતાને જે કોઈ શુભ મનોરથ થવા પામે છે, તે સઘળા શુભ મનોરથ પૂરા કરવા એ પતિની ખાસ ફરજ છે. આવા એક અતિ અગત્યના વિષયમાં બેદરકારી કરવાથી કેટલું બધું વિપરીત પરિણામ આવે છે, તેનું ભાન પણ અજ્ઞાન પતિ-પત્નીને હોતું નથી. તેથીજ કેટલીક વખત માતાઓને ગર્ભસ્રાવ અથવા કસુવાવડ થવા પામે છે, શરીરમાં શૂલ કે સણકા આવવા માંડે છે અને પ્રસૂતિ વખતે માતાને ભારે વ્યથા સહન કરવી પડે

છે. આવા અનેક દોષથી મુક્ત થવા સ્વપર લાભ સાચવવા માટે જ્યારથી ગર્ભાધાન રહે ત્યારથીજ ગર્ભની. રક્ષા નિમિત્તે માતાપિતાએ વિષયવિકાર તજીને નિર્દોષ બ્રહ્મચર્ય પાળવા પૂરતું લક્ષ રાખવું એ એક અતિ અગત્યની વાત છે. અને જેવા પ્રકારના ઉત્તમ લક્ષણવાળા બાળકની પ્રાપ્તિ કરવા તેઓ ઇચ્છિતા હોય એવા પ્રકારનાંજ આચાર વિચાર અને ગીત ગાનાદિક ગર્ભાધાન થયા પહેલાં અને ગર્ભપ્રસૂતિ પર્યંત તેમણે કર્યા કરવાં જોઇએ, એ પણ અનેક અનુભવી જનોનું કથન લક્ષ રાખવા યોગ્ય છે. સુજ્ઞ અને સહૃદય ભાઇ બ્હેનોજ આ કથનનું ઉત્તમ રહસ્ય સમજી શકે છે.

## બ્રહ્મચર્ય સંબંધી વ્યવહારૂ શિક્ષણ.

બચપણથીજ માંડી બાળકોને તેમનું ભવિષ્ય સુધારવા માટે તેમનાં માત પિતાદિક વડીલોએ એવા ઉત્તમ પ્રકારના આચાર વિચાર અને વચન વ્યવહારવડે ટેવી દઇ સંસ્કારિત કરવાં જોઇએ કે તેમની ઉન્નતિ સધાવામાં કશી મુશીબત આવે નહિ. બાળકોને બાલ્યવયમાં તેમની આસપાસ જેવું તેમને જોવાનું કે સાંભળવાનું મળે છે તેમાંથી તેમની ચંચળ દૃષ્ટિથી જોઈ કે કાનથી સાંભળીને તેઓ તેનું બહુધા અનુકરણ કરતાં શીખે છે. તેથી તેમને કશું નબળું કે નિર્માલ્ય જેવું જોવાનું કે સાંભળવાનું બનવા ન પામે એવી ખાસ સંભાળ, તેમની રક્ષા કરનારાઓએ રાખવી જોઇએ એટલુંજ નહિ પણ તેમનાં ખાનપાનના નિયમો માટે પણ ઘણીજ સાચેતી રાખવી જોઈએ. બાળક જ્યાં સુધી સ્તનપાન કરતું રહે ત્યાં સુધી માતાએ કોઇ પણ વિકારવાળા પદાર્થનું સેવન નહિ કરતાં શુદ્ધ સાત્ત્વિક પદાર્થોનુંજ સેવન કરવું જોઇએ અને બ્રહ્મચર્યનું પણ પાલન કરવા પૂરતું લક્ષ રાખવું જોઇએ. ત્યાર પછી પણ બાળકોના આહાર વિહાર સંબંધી તેમનાં વડીલોએ યોગ્ય સંભાળ ખાસ કરીને રાખવી જ જોઇએ અને તે-

અને બહુ સારી સોબતમાંજ રાખ ઉછેરવાં જોઇએ. પછી જ્યારે તેમને વિદ્યાભ્યાસમાં જોડવા જેવું વય પ્રાપ્ત થાય ત્યારે સારા સુશીલ અને અનુભવી શિક્ષકની દેખરેખ નીચે બીજા નિર્દોષ અને માયાળુ બાળ વિદ્યાર્થીઓની જોડમાં કોઈ એક એવા સારા વિદ્યાલયમાં મૂકવા જોઇએ, કે જ્યાં તેમને ગમ્મત સાથે અસ્ખલિત જ્ઞાન મળતું રહે. એ રીતે ઉત્તરોત્તર તેમને જ્ઞાનવૃદ્ધિ થયા કરે એવો ઘટિત પ્રબંધ કરી દેવો જોઇએ. તેમને વિદ્યાભ્યાસ કરતાં કદાપિ કંટાળો ન આવે પણ તેઓ સુખચેનથી વિદ્યાભ્યાસ કર્યા કરે એવા પ્રકારની તેમને તન મનની કસરત જોડે જોડે મળતી રહેવી જોઇએ. તેમનું વય પરિપકવ થાય ત્યાં સુધીમાં તેમનો વિદ્યાભ્યાસ લગભગ પૂરો થઇ જવો જોઈએ, એટલુંજ નહિ પણ તેમાં તેમને ખરેખર લહેજત પડે એવા યોગ્ય ક્રમથી તેમનો વિદ્યાભ્યાસ ગોઠવાવો જોઇએ. સાથે સાથે નીતિનાં તેમજ ધર્મનાં સાદાં તત્ત્વો પણ તેમને સમજાવવાં જોઇએ, જેથી તેમનું જીવન તેમને પોતાને તેમજ અન્ય જનોને પણ એક આશીર્વાદ રૂપ થઈ શકે. જ્યાં સુધી તેમનો વિદ્યાભ્યાસ શરૂ રહે ત્યાં સુધી તેમણે શુદ્ધ બ્રહ્મચર્ય પાળવુંજ જોઇએ. આજ કાળ પણ કેટલાક સુપ્રસિદ્ધ ગુરૂકુળોમાં એજ નિયમને અનુસરી પુત્રને ૨૫ વર્ષનું વય થતાં સુધી અને પુત્રીને ૧૬ વર્ષનું વય થતાં સુધી શુદ્ધ બ્રહ્મચર્ય પળાવવામાં આવે છે. તેથી તેઓ બહુ બલિષ્ઠ, વીર્યવાન, તેજસ્વી, કાન્તિમાન, પ્રતાપી, હિંમતવાન, ઉત્સાહી અને પરદુઃખભંજન બને છે. એવા સુશિક્ષિત બ્રહ્મચારી યુવકો જ ખરેખર દેશને આશીર્વાદ રૂપ નીવડે છે.

# બ્રહ્મચર્ય.

प्राणभूतं चरित्रस्य, परब्रह्मैककारणम् ।
समाचरन् ब्रह्मचर्यं, पूजितैरपि पूज्यते ॥ १ ॥

चिरायुषः सुसंस्थाना, दृढसंहनना नराः ।
तेजस्विनो महावीर्या, भवेयुर्ब्रह्मचर्यतः ॥ २ ॥

—योगशास्त्रे.

ભાવાર્થ—ચારિત્રના પ્રાણભૂત-અંગરૂપ અને પરમાત્મપદ-પ્રાપ્તિના અમોઘ કારણરૂપ બ્રહ્મચર્યને પાળનાર, પૂજિતવડે પણ પૂજાય છે. બ્રહ્મચર્યના પ્રભાવથી (પુન્યશાળી) પુરૂષો દીર્ઘાયુષી, સુંદર આકારના, દૃઢ શરીરબાંધાવાળા, તેજસ્વી (ઓજસ્વી) અને મહા પુરૂષાર્થવંત નીવડે છે. વળી કહ્યું છે કે—

મંત્ર ફળે જગ જશ વધે, દેવ કરે રે સાનિધ્ય;
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવ નિધ. ૧

શેઠ સુદર્શનને ટળી, શૂલી સિંહાસન હોય;
ગુણ ગાય ગગનેરે દેવતા, મહિમા શીલનો રે જોય. ૨

મૂલ ચારિત્રનું એ ભલું, સમક્તિ વૃદ્ધિ નિદાન;
શીલ સલીલ ધરે જિકે, તસ હોય સુજસ વખાણ—
પાપસ્થાનક ચોથું વરજીએ. ૩

—શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયકૃત સ્વાધ્યાયે—

" શરીરના પાયારૂપ સાત ધાતુઓ પૈકી છેવટના અને અગ્રપદ ભોગવતા શુક્ર (વીર્ય)નું સંરક્ષણ કરવું તે બ્રહ્મચર્ય કહેવાય છે."

આ લક્ષણ સ્થૂલ દૃષ્ટિથી બાંધવામાં આવ્યું છે, પરંતુ બારીકીથી વિચાર કરતાં બ્રહ્મચર્યનું લક્ષણ "વિષયાભિલાષથી નિવૃત્ત થવું" તે છે, તેને લીધેજ વીર્યનું સંરક્ષણ થઇ શકે છે; એટલે કે-જેટલે જેટલે અંશે વિષયલાલસા નાબુદ થાય છે તેટલે તેટલે અંશે વીર્યસંરક્ષણ થઇ શકે છે, તેથી વીર્યસંરક્ષણને પણ બ્રહ્મચર્ય કહેવામાં આવે તો તે યુક્ત જ છે.

## પ્રારંભકાળ.

લોકદૃષ્ટિએ બ્રહ્મચર્યની શરૂઆત, જ્યારે બાળક લગભગ સાત વર્ષે ભણવાને યોગ્ય થાય છે, ત્યારે થાય છે; પરંતુ વિચાર કરતાં જણાય છે કે-ખરેખરી શરૂઆત તો બાળક જ્યારે માતાના ગર્ભમાં હોય છે ત્યારથીજ થાય છે. આ વાત નીચેના ઉલ્લેખથી સ્પષ્ટ સમજાશેઃ—

આજ સવારે વાવેલો અનાજનો કણ ત્રણ દિવસે ફણગાના રૂપમાં દેખાય તે પહેલાં-એટલે વચલા વખતમાં ઊગવાની ક્રિયા બંધ હતી એમ કોઇ વિચારશીલ નહિ માને. પરંતું હરેક સમયે ઊગવાની ક્રિયા ચાલુ છતાં જ્યાં સુધી અંકુરારૂપે અનુભવાતી નથી ત્યાં સુધી તે ક્રિયાને અદૃશ્ય કહેવામાં આવે છે. આંગળી ઉપરના નખ કપાયા પછી પાંચ સાત દિવસે અમુક પ્રમાણમાં વધેલા જણાય છે, તે પહેલાં પણ તેઓની વૃદ્ધિ અદૃશ્ય રૂપે ચાલુ જ હતી. જન્મેલ બાળકનું નાનકડું શરીર તરૂણાવસ્થા ને વિશાલ આકારમાં પરિણત થયું તે પહેલાં પણ દરેક સમયે થોડું થોડું વધ્યુંજ હતું. તાત્પર્ય એ છે કે-વસ્તુઓની બીજ રૂપે કે કારણરૂપે અદૃશ્યપણે શરૂઆત કયારનીએ થએલી હોય છે, તોપણ તેનું દૃશ્ય રૂપ અમુક વખતે અમુક પ્ર-

માણમાં જ થાય છે. તેવી રીતે સ્ત્રી કે પુરૂષ શુક્રનું સંરક્ષણ કરતા હોય, દુરૂપયોગ ન કરતા હોય, તે વખતે બ્રહ્મચર્યવાન કહેવાય છે, પરંતુ તેઓમાં બ્રહ્મચર્યના મૂળભૂત સંસ્કારો ગર્ભાવસ્થામાંથીજ દાખલ થયેલા હોય છે. નેપોલિયન ગર્ભમાં હતો તે વખતે તેની માતાએ યુદ્ધનાં વીરત્વજનક ચિત્રો જોયાં હતાં, તેથી નેપોલિયન રણવીર થયાની વાત સુપ્રસિદ્ધ છે. મેઘ, તોપ, બંદૂકના કે બીજા કોઈપણ ભયાનક અવાજને સાંભળી ભયથી થરથર કંપનારી ગર્ભિણી સ્ત્રીઓનાં બચ્ચાં સાહસિક, વીરમૂર્તિ કે નિડર થયાની વાત કોઇએ સાંભળી છે? અનિષ્ટ પ્રસંગ આવવાથી કે અજ્ઞાનતાને લીધે કોઈ સામાન્ય પ્રસંગોમાં પણ વારંવાર રૂદન કરતી–અશ્રુમુખી ગર્ભિણીનું બાળક ઉદાસી ચહેરાનું અને વીલા મોઢાનું ન થયાનું ઉદાહરણ મળી શકશે ખરૂં? નિર્મર્યાદ હાંસી–ઠઠ્ઠા કરી અઘટિત વિનોદ કરનારી ગર્ભિણી સ્ત્રીઓની સંતતિ પણ મશ્કરીખોર અને ટોળબાજજ થાય છે. હેયોપાદેયનું[1] જ્ઞાન કરી જાગતી વિવેકતંત્રીથી શાંત ભાવનામાં મશગુલ રહેનારી ગર્ભિણી સ્ત્રીનું બાળક માતા કરતાં વિપરીત પ્રકૃતિનું ભાગ્યેજ જોવામાં આવશે. મુસલમાન, બંગાળી કે કોઇ પણ માંસભક્ષી પ્રજાના બાળકમાં તે દૂધ પીવાની અવસ્થામાં હોય છે ત્યારથી જ અભક્ષ્ય ખાવાના અને તેના ઉપર ઘૃણા ન કરવાના ઘણા સંસ્કારો અદૃશ્યપણે દાખલ થયેલા હોય છે, તેથીજ જ્યારે તે અનાજ કે બીજી વસ્તુઓ ખાવાની સ્થિતિમાં આવે છે ત્યારે તેને રૂચિપૂર્વક માંસ કે મદ્ય લેવામાં કશો પણ સંકોચ થતો નથી. માનવ જાતિમાંજ આવાં ઉદાહરણો મળે છે એમ નથી, પરંતુ પશુ પક્ષી વગેરે તમામ પ્રાણીઓમાં આનુવંશિક (પરંપરાગત) સંસ્કારનો ક્રમ જલધોધની પેઠે ચાલુ જ છે. જે સ્ત્રી ગર્ભાધાન પછી વિષયલાલસાની પ્રદીપ્ત જ્વાળામાં પોતાની

---

૧ ત્યાજ્યાત્યાજ્ય–કૃત્યાકૃત્ય–હિતાહિત–ગુણદોષનું.

આહૂતિ નથી આપતી, શૃંગારની સજાવટમાં પોતાના કર્તવ્યની પરિસમાપ્તિ નથી જોતી, પોતાના પતિ સાથેના વ્યવહારમાં પણ આસક્તિથી ન પ્રવર્તતાં જરૂર જેટલાજ વાતચિત વગેરે વ્યવહારોથો નિર્વાહ કરે છે, દુર્વિચારોના વાવાઝોડામાં સપડાતી નથી, સખીઓ કે બીજી સ્ત્રીઓ સાથે ન છાજે તેવા વાર્તાલાપ કે હલકા પ્રકારનાં ગીતોમાં ભાગ લેતી નથી, ટૂંકામાં પોતાનું મન કાબુમાં રાખી ધૈર્યથી ઇંદ્રિયોને કબજામાં રાખે છે અને એક પણ દુઃસંસ્કાર ઉત્પન્ન ન થવા પામે તેની બરોબર કાળજી રાખે છે, તેની સંતતિ સુંદર–સુઘટ આકારની, ઓજસ્વી, પુરૂષાર્થ-વાળી, મન ઉપર અસાધારણ કાબુ મેળવનારી, આધ્યાત્મિક બળનો વિકાસ કરવામાં કારણભૂત બલિષ્ઠ શરીર અને મનોબળ ધરાવતી તથા બ્રહ્મચર્યના દૃઢ સંસ્કારવાળી ઉત્પન્ન થાય છે. તેથીજ બ્રહ્મચર્યના સંસ્કારોનો પ્રારંભ શરીરની ઉત્પત્તિ સાથે થાય છે, એમ જે ઉપર આલેખવામાં–કહેવામાં આવેલું છે તે વિચાર કરી જોતાં યુક્તજ લાગશે.

## શરીરબળ અને વિચારબળની અતિ આવશ્યકતા.

જગતમાં રહેનારા અનંત પ્રાણીઓના સમુદાયોમાં એક પ્રાણી બીજા પ્રાણી કરતાં શ્રેષ્ઠપણાનું સૌભાગ્ય ભોગવતું હોય છે તેનું કારણ માત્ર શરીરબળની કે મનોબળની અધિકતા જ છે. હજારો, લાખો કે કરોડો નિર્બળ શરીરના કે નિર્બળ મનના મનુષ્યો જ્યારે સર્વદા તાબેદારી ભોગવે છે ત્યારે થોડી સંખ્યાના પણ શરીર અને મનોબળમાં શ્રેષ્ઠતા ભોગવનાર મનુષ્યો તેમના ઉપર હકુમત ચલાવે છે. બળવાન્ અને બુદ્ધિમાન્ થવું એજ સ્વતંત્રતાનું લક્ષ્ય છે. શરીર અને મનોબળમાં પાછળ પડી રહેલી

પ્રજા શું સભ્ય ગણાશે ? આ વ્યવહારદૃષ્ટિથી આગળ વધી જોઇએ તો જણાશે કે શરીર અને મનોબળની સર્વોત્તમ શ્રેષ્ઠતા વિના પરમ પુરૂષાર્થ (મોક્ષ) સંભવતો જ નથી, એ શ્રી મહાવીર પ્રભુના ઉપદેશ અને યુક્તિથી સિદ્ધ થાય છે. વજ્રઋષભનારાચ સંઘયણવાળા જીવો મોક્ષને યોગ્ય છે અને જે વધારેમાં વધારે શુદ્ધ વિચારવાન્ હોવાથી જ્ઞાનાવરણીયાદિક કર્મોનો નાશ કરે છે તેજ મોક્ષ મેળવે છે. આ સિદ્ધાંતો પણ શરીર અને મનોબળ વધારવાની જ આવશ્યક્તા સૂચવે છે.

## મનોબળ અને ચારિત્રબળમાં શરીરબળની આવશ્યકતા.

શરીર નિર્બળ હોય, છાતી કમજોર હોય અને મસ્તકમાં પીડા થયા કરતી હોય તો શુદ્ધ વિચારો કે મન:શક્તિથી લેવાતાં બીજાં કામો નિયમિત અને સારી રીતે થઇ શકતાં નથી. હુશિયાર વિદ્યાર્થી, વકીલ, ડૉકટર કે બીજો કોઇ વિચારથી કામ કરનાર જો શરીરે નિર્બળ હોય તો તે પુષ્ટ શરીરના તેવા બીજા હરીફો કરતાં ઘણી વખતે પાછળ રહી જાય છે. ઘણું વાંચવામાં, મનન કરવામાં, લખવામાં, ચર્ચા કરવામાં, રોગનું નિદાન કરવામાં, ઔષધના પ્રયોગ કરવામાં, તકરારનું ખરૂં કારણ શોધી કાઢવામાં, યોગ્ય શિક્ષા કરવામાં અને ન્યાયસર ફેંસલો ઘડી કાઢવામાં ફક્ત મનોબળથી કામ નહીં ચાલે, પરંતુ સાથે શરીરબળની પણ ભારે જરૂર પડશે. કેટલાક વિદ્યાર્થીઓને પોતાનો વિષય સારી રીતે પક્કો હોવા છતાં ફક્ત માંદગીને લીધે પરીક્ષામાં ન બેસતાં શું કોઇએ નથી જોયા ?

શરીરબળની જેટલી જરૂર વિચારબળમાં છે તેટલી જ બલ્કે તે કરતાં પણ વધારે જરૂર શુદ્ધ-અડગ આત્મશ્રદ્ધા યા વિશ્વાસ રાખવામાં અને ઇન્દ્રિયનિગ્રહ ( ચારિત્રબળ ) પ્રાપ્ત

કરવામાં છે. નિર્બળ શરીરના મનુષ્યે કોઈ પણ જાતનો દૃઢ નિશ્ચય કર્યો હોય તો તે શું ટકી શકશે? અથવા તો તે શું સારી રીતે પાર પાડી શકશે ? ચારિત્રબળ પ્રાપ્ત કરવામાં પણ શરીરબળની ભારે આવશ્યક્તા સ્વીકારવી પડે છે.

શીત પ્રદેશમાં ઉત્તર ધ્રુવની યાત્રા કરવાનાં કે બીજાં કાંઇ મહત્વનાં કામ કરવાના અડગ નિશ્ચયને નિર્બળ મનુષ્ય ક્યાં સુધી વળગી રહી શકશે ? તાકાત વિનાના માણસો અડગ નિશ્ચયને વળગી રહી શકતા નથી અને મન ઉપર પણ અંકુશ રાખી શકતા નથી. જ્યારે નિર્બળતાથી મનની ચંચળતા ( અસ્થિરતા ) વધે છે ત્યારે બીજી ઇન્દ્રિયોની ચંચળતા વધે તે પણ સ્વાભાવિક છે. ચંચળ મનવાળો, આકર્ષક અને અધ:પાતના કારણભૂત જૂદી જૂદી ઇન્દ્રિયોના વિષયોથી બચવાને ઇચ્છતો હોય તો પણ કદાપિ બચી નહીં શકે. જેઓ ઇન્દ્રિયોને અઘટિત વિષયોથી રોકી શક્યા છે તેઓમાં કોઈ પણ ચંચળ મનવાળો સાંભળ્યો કે જોયો છે? મનની પૂરેપૂરી સ્થિરતાને લીધેજ માણસજાત નિયમિત રહી શકે છે તેમજ રોગો અને કુસંસ્કારોના હુમલાઓથી બચી શકે છે. જેઓ ઇન્દ્રિયસંયમના કિલ્લાનો આશ્રય નથી લેતા એટલે જેઓ ભારે ચીવટથી ઇન્દ્રિયનિગ્રહ નથી કરતા તેઓ ભલે એક વાર બલવાન્ કે બુદ્ધિમાન્ હોય તો પણ તેઓનો અધ:પાત સહસાજ શરૂ થાય છે, શરીર તરેહ તરેહના રોગોનું ભોગસ્થાન બનતું જાય છે, બુદ્ધિનાં બીજો સડતા જાય છે અને છેવટે સ્મરણશક્તિ નષ્ટ થયે થોડી પણ યોગ્ય વાસ્તવિક વિચાર કરવાની શક્તિ રહેતી નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે મનોબળ અને ચારિત્રબળ શરીરની દૃઢતા ઉપર અવલંબી રહ્યાં છે. વિશ્વવ્યવસ્થાના ઊંડા અભ્યાસી વિદ્વાનોની પણ એજ ભાવ સૂચવનારી ઉક્તિઓ નજરે તરી આવે છે—"शरीरमाद्यं खलु धर्मसाधनम्" 'ब्रह्मचर्यप्रतिष्ठायां

વીર્યલાભઃ ' + આ પ્રમાણે ઉન્નતિને શિખરે પહોંચાડનારી શક્તિઓનું મૂળ કારણ શરીરબળ સિદ્ધ થાય છે અને શરીરબળ વીર્યસંરક્ષણને આભારી છે, માટેજ બ્રહ્મચર્યની અત્યાવશ્યકતા છે.

## બ્રહ્મચર્યના નાશનાં કારણો.

કોઈ પણ વસ્તુના યથાવત્ સંરક્ષણનો ઉપાય એ છે કેઃ— તેના નાશક માર્ગો કયા કયા છે તે તપાસી તેઓને રોકવાની પૂરેપૂરી તજવીજ કરવી. ઉપર કહેવાઇ ગયું છે કે શરીરના પાયા રૂપ સાત ધાતુઓમાં અગ્રપદ ભોગવનાર શુક્ર ( વીર્ય ) ધાતુ છે. જો તે નિર્વિકાર અને યોગ્ય પ્રમાણમાં હોય તો બીજી ધાતુઓ ઉપર થતી માઠી અસર અટકે છે. જો તે મુખ્ય ધાતુમાં વિકાર કે ઓછાશ હોય તો બીજી ધાતુઓ પણ વિકૃત થઇ શરીરનો શીઘ્ર અંત આણે છે. મુખ્ય ધાતુના સંરક્ષણ માટે તેના નાશક માર્ગો કયા કયા છે તેનો વિચાર કરીએ, કેમકે તેઓનું યથાવત્ જ્ઞાન થવાથી આપણામાં પ્રવેશ પામેલા અને પ્રવેશ કરતા તે દુષ્ટ ઝેરી સર્પોને આપણે દૂર કરી શકીએ અને ભવિષ્યમાં તેઓ પેસવા ન પામે તેને માટે પણ પ્રયત્ન કરી શકીએ. જેમ બ્રહ્મચર્યની શરૂઆત ગર્ભમાંથી થાય છે તેમ તેના નાશ માટેના સંસ્કારો પણ ત્યારથીજ શરૂ થાય છે. માતાપિતા વધારે વિષયલાલસાના ભોગ થઈ પડયા હોય, ઉચિત માર્ગને ઓળંગી *પાશવક્રીડાના દાસ થયા હોય, ઉદ્દીપક અને મનને ડામાડોળ કરનારા વિષયો જોવામાં, ચાખવામાં, સુંઘવામાં કે સાંભળવામાં અત્યંત ફસ્યા હોય,તો તેઓની સંતતિ શુદ્ધ સંસ્કારવાળી કદાપિ નહીંજ થવાની. પ્રથમ તો સંતતિ નિર્બળજ થાય છે અને તેથી તે દીર્ઘાયુષ્ક થવા પામતી નથી. કદાચિત્ ચિરકાળ જીવે તો પણ તેને વૈદ્યોનું અને દવાઓનું દર્શન હમ્મેશાં કરવુંજ પડે

---

+ A Sound body has a sound mind મજબુત–તંદુરસ્ત શરીરવાળાને મજબુત મન હોય છે, હોઇ શકે છે.

* પ્રબળ વિષયવાસનાને વશ થઇ થયા હોય.

છે. જન્મ લીધા પછી પણ બાળક ઉપર વિષયવિલાસી માતાપિતાની છાપ અવશ્ય પડે છે. વિલાસી માબાપો પોતે વિષય-વિલાસના મોટા ખાડામાં પડેલા હોવાથી પોતાના બાળકોને અંકુશ તળે રાખી બચાવી શકતા નથી. કોઈ માણસ અફીણનો વ્યસની હોય અને બીજાને તે ન ખાવાનો ઉપદેશ આપે તો તેમાં કેટલી સફળતા થાય ? આવી રીતે બાળક બેસમજમાંજ ખાવામાં, પીવામાં, બોલવામાં અને બીજી ઘણી ક્રિયાઓમાં એકંદર બ્રહ્મચર્ય-વિનાશક સંસ્કારોનો સંગ્રહ કરતું જાય છે. એજ કારણથી કેટલાંક બાળકો ન છાજે તેવા અપશબ્દોથી પોતાના વડીલો સાથે પણ વ્યવહાર કરતાં જોવામાં આવે છે, એનું મૂળ કારણ ખોટા સંસ્કારોનો અભ્યાસ જ છે. તેમાં વળી કેટલાંક માબાપો તો પોતાનાં બાળકોને તેવા લાડ લડાવવામાં પોતાનું કર્તવ્ય સમજે છે; જેને પરિણામે તે બાળકો તેમને શીખવનારાં માબાપોને અને અન્ય વડીલોને પણ તેવા કુવાચ્ય શબ્દોથી બોલાવે છે અને અઘટિત ક્રિયાઓ પણ કરતાં શીખે છે. પ્રારંભમાં તો મુગ્ધોને આ બધું ઠઠ્ઠા જેવું લાગે છે, પરંતુ તેજ બાળકો યોગ્ય ઉંમરે આવ્યા બાદ કુલાંગાર થવાની ભયાનક દશામાં આવી પડે છે. તેવા પાંચ, પચીશ કે સેંકડો દાખલા આપણા કુટુંબમાં તો શું પરંતુ નાની મોટી જ્ઞાતિઓમાં કે કોમોમાં પણ મળી શકે તેમ છે. કુસંસ્કારવાળું એક બાળક પોતાના સંસર્ગમાં આવતાં બીજા બાળકોને પણ પોતાના કુસંસ્કારોનો ચેપ લગાડે છે અને તે કુસંસ્કારવાળાં બાળકો પોતાના પરિચયમાં આવતાં એવાં બીજાં સેંકડો બાળકોને ચેપ લગાડે છે. એમ કુસંસ્કારનો પ્રવાહ વ્યક્ત કે અવ્યક્ત રીતે લાંબા વખત સુધી ચાલુ રહે છે. તેનું મૂળ કારણ તપાસતાં માતાપિતાઓની કુટેવો અને કુવાસનાઓજ સમજાય છે. નિયમિતતાનો સુંદર પાઠ નહિ ભણેલાં માતાપિતાઓ પોતાની કુવાસનારાક્ષસીને પોતાનીજ ખરાબીથી જ્યારે તૃપ્ત નથી કરી શકતાં ત્યારે તેઓ વ્હાલના, ભલું

કરવાના કે હિતૈષિપણાના પડદામાં સંતાઈ પોતાનાં કે સ્નેહીઓનાં બાળકોને અયોગ્ય ઉંમરે પરણેલાં જોવા ઈચ્છે છે, અને તેથીજ તેઓ પુત્ર કે પુત્રીને નાની ઉંમરમાં ન પરણાવી શકે તો પોતાની અપકીર્તિ લેખે છે. શિક્ષાના અભાવને લીધે મનુષ્યસમુદાયના મોટા વર્ગમાં આ સંસ્કારો હજી સુધી એટલા તો જડમૂળ ઘાલીને પડેલા છે કે તેની તપાસ કરવા તમારે દૂર જવું નહિ પડે. માત્ર બે સ્ત્રીઓ એકઠી થાય ત્યાંજ ઉભા રહો અને પરીક્ષા કરી લો. જયારે એક સ્ત્રી બીજીના પાંચ સાત વર્ષના છોકરાની સગાઇની અને વિવાહની વાત પૂછશે ત્યારે બીજી પોતાનાં સુખદુઃખની કથા કહ્યા ઉપરાંત નિશ્વાસ સાથે પૂછનાર સ્ત્રીના માત્ર ચાર પાંચ વર્ષના બાળકના સગપણ ન થવા માટે ખેદ પ્રદર્શિત કરશે. એથી વધારે તપાસને માટે ટ્રેઈન વગેરેમાં બેસો અને ત્યાં બેઠેલી સ્ત્રીઓની વાતચિત સાંભળવામાં ધ્યાન આપો, તો જણાશે કે વખતે એકાદ સ્ત્રી પોતાની ૧૬ કે ૧૮ વર્ષની પુત્રીને સંતતિ ન થવાથી નિશ્વાસ નાખતી હશે, અને બીજી કોઈ સ્ત્રી ૨૦ કે ૨૨ વર્ષના પોતાના પુત્રને ક્ષયાદિ ભયંકર વ્યાધિમાં સપડાયાની વાત કહેવાની સાથે અશ્રુઓવડે મુખ ધોતી માલુમ પડશે. આ બધી દુર્દશાઓનાં બીજો સામાન્ય માણસ ન જાણી શકે તેવી રીતે નિરંતર રોપાતાંજ જાય છે. એટલે કે માતપિતાઓની પોતાનીજ કુટેવો, કુવાસનાઓ અને અત્યંત આસક્તિઓનાં પ્રતિબિમ્બો કોમળ બાળકોનાં હૃદયદર્પણમાં પડે છે. તે પ્રતિબિમ્બો વખત જતાં તથાવિધ નિમિત્ત પામી અનિષ્ટ પરિણામો ઉત્પન્ન કરે છે. માતાની, પિતાની કે બન્નેની કુવાસનાઓ વારસારૂપે બાળકમાં ઊતરી આવે છે, તે બ્રહ્મચર્યનો નાશક માર્ગ છે. જો કે અહીં બીજા પણ નાશક માર્ગોની કમી નથી પરંતુ મુખ્યત્વે કરીને કુવાસનાઓ છે. આ કુવાસનાના ભોગ ઘણાંક સ્ત્રી પુરૂષો થઇ પડયાં છે. ઓછામાં ઓછું પચીશ વર્ષની ઉમ્મર સુધી

પુત્રોએ અને ૧૬ વર્ષની ઉમ્મર સુધી પુત્રીઓએ બ્રહ્મચર્યનાશક એક પણ માર્ગ મન, વચન કે કાયાથી નજ સેવવો જોઇએ. આ બાબત ઉપર એક વિદ્વાન તો એટલે સુધી જણાવે છે કે—શરીરનું પૂરેપૂરું બંધારણ ૨૯ વર્ષની ઉંમરે થાય છે માટે ૨૯ વર્ષની ઉમ્મર સુધી અખંડ બ્રહ્મચર્ય પાળવુંજ જોઈએ અને તે પહેલાં એટલે શરીર બંધારણકાળમાં વીર્યનો નાશ કરવો, એ મહા પાતક અને અધઃપતનનું મુખ્ય સાધન છે. માટે દરેક માણસે પોતાનાં પુત્રપુત્રીઓને તે બાબત શરમનો ખોટો ડોળ છોડી દઇને હમ્મેશાં શિખામણ આપવી અને જેમ બને તેમ તેટલા વખત સુધીમાં કોઇ પણ પ્રકારે તેઓ બ્રહ્મચર્યનો ભંગ ન કરે તેવી રીતે સાવચેત રહેવું. પરંતુ તેને બદલે આપણા દેશમાં કે આપણી કોમમાં બાળલગ્નને લીધે નાની ઉમ્મરથી જ બ્રહ્મચર્યનો સર્વથા લોપ થએલો હોય છે. સંગ્રહવાની અવસ્થામાં વ્યય નહિ પરંતુ મહાવ્યય કે અતિવ્યય કરવાથી વીર્યહીન બની તરેહ તરેહના રોગોમાં સપડાયેલાં સ્ત્રીપુરૂષોની સંખ્યા કાંઈ નાનીસુની નથી. કેટલાક ક્ષયના પંજામાં, તો કેટલાક વિષમ જવરના દાસત્વમાં અને કેટલાક નાના મોટા બીજા પણ રોગોમાં સપડાયેલા જોવામાં આવે છે. ડૉકટરો અને વૈદ્યોની સંખ્યા દિવસે દિવસે જેમ વધતીજ જાય છે તેમ તેઓની પાસે આવનાર રોગીઓનું પરિમાણ પણ કાંઈ નાનુંસુનું નથી. હવે તો નાનાં ગામડાઓમાં પણ દવાઓ વેચનારા અને દવાઓનાં પાર્સલો શરૂ થયાં છે. પ્રાચીન કાળમાં માણસો બિમાર પડતા નહોતા કે દવાઓની જરૂર પડતી ન હતી, તેમ કહેવાનું નથી, પરંતુ અકાળે ક્ષયાદિ મહારોગોના ભોગ થઈ પડનારા આટલા પ્રમાણમાં ન હતા. શરીર એક યંત્ર છે અને તેનો મુખ્ય આધાર શુક્રચક્ર ઉપર છે. તેની પરિપકવતા ન થઈ હોય તે પહેલાં જ બાળકોને પરણાવી તેમના નાશનો દરવાજો ખુલ્લો કરી દેવામાં આવે તો પછી તેની

ભાવી પ્રજા નિર્બળ રહે, બિમાર રહે કે નાહિંમત રહે કે ફક્ત આયુષ્ય કર્મના કંઇક સારા બંધથીજ જીવે તે સઘળું સ્વાભાવિકજ છે.

## બ્રહ્મચર્યના નિયમો નહિ પાળવાથીજ થયેલું અનિષ્ટ પરિણામ.

હૃદયને કંપાવનારૂં બાળ વિધવાઓનું મોટું પરિણામ અયોગ્ય રીતે બ્રહ્મચર્યનો ભંગ કરવામાં આવે છે, તેનુંજ છે. બાલ્યાવસ્થામાં લગ્ન કરવાથી પુરૂષ ક્ષીણશક્તિવાળો થઇને વહેલો મરણશરણ થાય છે અને ચાલીશ વર્ષ ઉપરની ઉમ્મર થયા છતાં વૃદ્ધ ધનિકો વિષયલાલસાથી ફરી લગ્ન કરી શરીર ટકાવવા માટે બ્રહ્મચર્ય પાળવાને બદલે બ્રહ્મચર્યનો ભંગ કરી વહેલા મરણપથારીએ પડે છે. એટલે જેને પૂરૂં બોલતાં પણ નથી આવડતું અને જે હમણાજ થોડા વખત પહેલાં પોતાની સમાન વયની બાલિકાઓ સાથે રમતી હતી તે તેની સ્ત્રી વિધવા થઇને બેસે છે. કેટલાક ધનિકો તો વખતે સંતતિ છતાં પણ ઉપરાઉપર વિવાહ કરવા મંડે છે, એટલે તેની એકાદ સ્ત્રી તો વિધવા રહીજ જાય છે. જો તે બાળ વિધવા પાસે ધન હોય અને બીજીના પુત્રાદિક હોય તો ધનને માટે સંખ્યાબંધ લડતો કૉર્ટમાં ચાલતી આપણે જોઇએ છીએ. તેમજ વ્યવસ્થા કરવાની શક્તિની ખામીને લીધે કેટલીક અજ્ઞાન વિધવાઓના હાથથી પૈસાનો દુરૂપયોગ થતો જોવામાં આવે છે. ઉદ્યોગ ઓછો, સ્ત્રી જાતિ, શિક્ષાનો અભાવ, કુસંસ્કારવાળા સંસર્ગમાં રહેવું અને મનની સ્વાભાવિક ચચંળતા; આ બધાં કારણોને લીધે કેટલીક કુલીન વિધવાઓ પણ અનર્થના માર્ગ ભણી દોરવાઇ જાય છે. જો મરનારનું ધન ન હોય તથા શ્વસુરપક્ષ સુખી ન હોય તો તે વિધવાઓને પેટ ભરવા માટે બહુજ વેઠવું પડે છે. અને જો પિતૃપક્ષ પણ સાધારણ સ્થિતિનો હોય તો વળી તે બિચારી વિધવાનાં દુ:ખનો પારજ રહેતો નથી- અને પછી પ-

રિણામ શું આવે છે, તેનાથી કોઈ પણ વાચક ભાગ્યેજ અજ્ઞાત હશે. સાધારણ સ્થિતિના લોકો તો લગ્ન કરી શકતા નથી, પરંતુ વિષય-લાલસાના કિંકર વૃદ્ધ ધનિકો ફરિ લગ્ન કરી, શેષ આયુષ્યને પણ વિષયલાલસાની પ્રજવલિત જવાળામાં હોમી દે છે. આ પ્રમાણે વિધવાઓની મોટી સંખ્યાનું મુખ્ય કારણ નાની ઉંમરની કન્યાનું (બાળિકાનું) બાળ પતિ સાથે કે વૃદ્ધ પતિ સાથે લગ્ન કરવું તેજ છે. તેઓ બન્ને તે અવસ્થામાં બિલકૂલ વિવાહલાયક હોતા નથી. છતાં વિવાહ કરાય તો બ્રહ્મચર્યના મહા નિયમનો ભંગ થાય છે અને બ્રહ્મચર્યના ભંગથી શરીર પણ કેવી રીતે ટકી શકે? આવી રીતે કેટલીક વાર બાળલગ્નને લઇને રોગનો ભોગ થઈ પડવાથી મનુષ્યો મૃત્યુને શરણ થાય છે. ત્યારે સાધારણ સ્થિતિના વિધુર ( રાંડેલા ) પુરૂષો ધંધોરોજગાર કરવો, ગૃહવ્યવસ્થા જાતેજ કરવી, મરનાર સ્ત્રીનાં બચ્ચાંઓ હોય તો તેઓની સંભાળ રાખવી આ વગેરેથી કંટાળી જાય છે. વળી જો તેઓ સમજુ ન હોય તો સમાજમાં ઘોર વ્યભિચાર વધવા પામે છે. બાળલગ્ન અને વૃદ્ધ સાથેના લગ્નના ફરતા ઉલટા ચક્રથી પોતાને, કુટુંબને, રાજ્યને કે દેશને બહુ સોસવું પડે છે અને તેની બહુજ માઠી અસર થાય છે. અરે સાધારણ વર્ગમાં પણ એવી ગેરસમજનું ભૂત ભરાઇ બેઠું છે કે-બાર કે ચૌદ વર્ષના પોતાના છોકરાનું લગ્ન ન થાય તો પોતાની ઇજ્જત ઓછી થાય છે, તથા ચાલીશ પીસ્તાલીશ વર્ષની ઉમ્મરે એક સ્ત્રીના મરણ પછી જો બીજી સ્ત્રી તત્કાળ ન મળે તો હીનતા ગણાય છે. આવી રીતે બેસમજને લીધે કુટુંબીઓ તૂર્ત વિવાહની તજવીજ કરે છે-પરણાવે છે. તેવામાં પોતાની સામેના અયોગ્ય વર્તનથી કોપ પામેલ શરીરનો રાજા-વીર્ય, તેને શિક્ષા આપવા માટે જ જાણે ઇચ્છતો હોય તેમ, રોગરૂપ શાસનચક્ર સાથે યમરાજને હુમલો કરવાનું ફરમાવે છે.

બાળલગ્નને લીધે બાળકો શિક્ષણ લઇ શકતાં નથી, તેઓનું મન ચંચળ અને ચિંતાગ્રસ્ત રહેવાથી અભ્યાસમાં લાગી શકતું નથી, શરીરે નિર્બળ થવાથી પૂરેપૂરો શ્રમ પણ કરી શકતા નથી, છેવટે અભ્યાસ છોડવો પડે છે અને કદાચ કોઈ સાહસથી વળગી રહે તો પાર પડી શકતો નથી. પરિણામે સમાજમાં શિક્ષિત વર્ગ બહુજ અલ્પ અને તે પણ શરીરે નિર્બળ અને હતોત્સાહ થતો જાય છે. તે વર્ગ જાતિ ભાઇઓનાં દુ:ખ ટાળવા કે દેશનું ભલુ કરવા બહાર પડી શકતો નથી. કોઇ બહાર પડે પણ છે તો તે છેવટ સુધી પોતાના કામને વળગી રહી શકતો નથી. બસ ! આ બધી બાબતોમું મુખ્ય કારણ બ્રહ્મચર્યનો ભંગ છે અને તે વારંવાર કહેવાઈ ગયું છે.

હૃદયના ઉપર માઠી અસર કરે તેવા નૉવેલો, નાટકો અને ખેલ–તમાસા પણ ચંચળ મનના માણસોને બ્રહ્મચર્યવિનાશક રસ્તે દોરી જાય છે. તેથી તેઓ ખરાબ સાહિત્યના રસિક બની સારા સાહિત્યના ઊંચામાં ઊંચા લાભથી વંચિત રહે છે અને પૈસાનો ગેરવ્યય કરે છે. બીડી અને તમાકુનું વ્યસન પણ આશ્ચર્યજનક રીતે અવ્યક્તપણે ધાતુદોષને ઉત્પન્ન કરે છે. તમાકુના વ્યસનીના મુખની દુર્ગંધ આંતરિક દોષની સૂચના આપે છે. કફનો ઉદ્રેક તેઓમાં હોયજ છે. આવી રીતે ધાતુઓની વિષમતા થવાથી શુક્રનું નિર્દોષપણું અને સમતોલપણું જળવાઈ રહેતું નથી. આ દુર્વ્યસનોને લીધે પોતાનેજ નુકશાન થાય છે એટલુંજ નથી, પરંતુ પોતાની સંતતિને પણ તે સાંક્રમિક વ્યસન અને તેથી થએલા સાંક્રમિક રોગો હાનિ પહોંચાડે છે. તેથી પોતાના સંસર્ગમાં આવતા બીજા પણ સંબંધીઓને તે વ્યસનનો ચેપ લાગે છે. બહુ બારિક કપડાં પહેરવાનો વધતો જતો આધુનિક શોખ પણ વીર્યરક્ષાનાં મૂળો ઢીલાં કરે છે. સ્ત્રીઓને ઝીણામાં ઝીણી સાડી જોઇએ અને પુરૂષોને ઝીણામાં ઝીણાં ધોતીયાં જોઇએ. કપડાઓના બિનટકાઉપણાથી આર્થિક દૃષ્ટિએ

જે હાનિ થાય છે, તેને ધ્યાનમાં ન લઈએ તો પણ કપડાંના બારિકપણાથી સ્પષ્ટ દેખાતાં અંગપ્રત્યંગોને લઈ ચંચળ મનનાં લોકોમાં વધતી જતી કુરૂચિઓને (વિષયવાસનાઓને) ઓર પોષણ મળે છે. આપણે આ બધા કુરિવાજોથી ટેવાઈ ગયેલા હોવાથી માઠાં પરિણામવાળી કુરૂઢીઓથી બચવા ઇચ્છતાં છતાં પણ બચી શકતા નથી. પ્રાચીન કાળમાં નાની ઉંમરે લગ્ન ન થતાં, પરંતુ આ દેશમાં મુસલમાની રાજ્યો પછી એ રિવાજ દાખલ થયો જણાય છે જે રૂઢી અદ્યાપિ મૂળ ઘાલી રહેલી છે. આપણી હાલની પ્રજા નબળી જોવામાં આવે છે, તે નબળાઇનાં બીજો લગભગ તે વખતથી રોપાએલાં છે. આજથી લગભગ હજારેક વર્ષ પહેલાં એક યોગ્ય ઉમ્મરના સંપૂર્ણ શારીરિક સંપત્તિ-યુક્ત માણસે પોતાનું લગ્ન યોગ્ય ઉમ્મરની કન્યા સાથે કર્યું એટલે તેની સંતતિ તો સારી થઇ પણ તે સંતતિનું લગ્ન કંઇક અ-યોગ્ય ઉમ્મરે એટલે કે અયોગ્ય-કાચી વયવાળા સાથે કરવામાં આવ્યું તેથી તેની પછીની પ્રજામાં કંઇક નિર્બળતા દાખલ થઈ. એમ ઉત્તરોત્તર વંશપરંપરામાં કંઈક બલહાનિ દાખલ થઈ ગઈ, જેના પરિણામે હાલ પ્રજા નિર્બળ દેખાય છે. બધાઓમાં થયેલી થોડી થોડી નિર્બળતાનો સંગ્રહ આપણામાં થયો છે, એ-ટલે હાલની આપણી શારીરિક નિર્બળતાનાં મુખ્ય બીજો જુલમી અનેક કામાંધ રાજાઓના વખતથી રોપાઈ ગયાં છે. પરંતુ હા-લની જાગૃતિથી તે અન્યાય દૂર થવા માંડયો છે, એટલે આપણે તે કુરૂઢીનાં બીજોને ઉખેડી ફેંકી દેવાં જોઇએ. વીર્યસંરક્ષણ માટે જે જે નાશક કુમાર્ગોથી બચવાનું છે તેમાંના કેટલાકોનું દિગ્-દર્શન ઉપર કરાવ્યું છે અને બીજા પણ કેટલાક છે પરંતુ વિસ્તારભયથી અત્રે આપેલા નથી. ઉપર જણાવેલા નાશકમા-ર્ગોથી બચવાને પરિણામે વીર્યરક્ષા કરી શકાય છે, પરંતુ આવી સમજ આવ્યાં પહેલાં પુત્રપુત્રીઓને તેવા માર્ગોથી બચાવી લેવાની જોખમદારી તેઓનાં માતપિતા અને વડિલોનાં શિર ઉપર છે.

## બ્રહ્મચર્ય પાળવાનો ઉપદેશ.

જો શુદ્ધ અને વિસ્તૃત વિચારક્ષેત્ર ખેડવા ઇચ્છતા હો, સદ્‌વર્તનની સીડીએ ચઢવા ઇચ્છતા હો તો શરીરને દૃઢ કરો અને શરીરને દૃઢ કરવા માટે બ્રહ્મચર્યવ્રતનું તમારા પ્રાણની પેઠે રક્ષણ કરો. જો યોગ્ય ઉમ્મર થયા પછીજ લગ્ન કરવામાં આવશે અને ત્યાં સુધી ઉત્તમ શિક્ષણ લેવાશે તથા આરોગ્યતાના નિયમો પળાશે તો માથે પડતા નિર્બળતાના ક્રૂર પ્રહારોથી બચી શકાશે.* દુષ્ટ જનોના આક્રમણથી વિલાસી ધનિકોએ ધ્યાનમાં રાખવું જોઇએ કે તમારા ધનમાલનું રક્ષણ તમો પહેરેગિરો રાખીને કે રાજ્યના સિપાઈઓથી કદાચ કરી શકશો, પરંતુ પાશવક્રીડાથી ઉત્પન્ન થતી નિર્બળતાના ક્રૂર પ્રહારથી બચવા માટે તમારી પાસે કયું સાધન છે? માટે પાશવક્રીડા છોડી દઇ બ્રહ્મચર્યના ચોક્કસ નિયમોનું પાલન કરો, જેથી તમારી સુખની પરંપરામાં અનેક તરેહના વધારા થવા પામે. કેટલાક ટૂંક વિચારવાળાનાં હૃદયમાં કદાચ તર્ક ઉઠશે કે શું તમો તમામને બ્રહ્મચારી બનાવવા ઇચ્છો છો? ઉત્તરમાં કહેવું જોઇએ કે તેવું બની શકે તો તે પરમ અભીષ્ટ રૂપ છે ખરૂં પરંતુ તેમ સર્વથા બનવું તો લગભગ અશક્ય છે. તેમ છતાં સમાજમર્યાદા નિયમિત ચાલે તો બીજા ઉન્નત દેશોની પ્રજાની પેઠે આપણે પણ સુખપૂર્વક સંસારવ્યવહાર અને ધર્મમાર્ગને અનુસરી શકીએ અને એમ થવાની અનિવાર્ય જરૂર પણ છે. જો કે સઘળા એક અધિકારના હોતા નથી, પરંતુ જેઓ પોતાના મનને સર્વથા નિયમિત રાખી સર્વથા બ્રહ્મચારી થશે તેવાઓની સમાજના અને દેશના હિત માટે જરૂર તો બહુજ છે. ગૃહસ્થાશ્રમની જાળમાં નહીં ફસાયેલ મનુષ્યો જો

* આખું વિદ્યાર્થીજીવન શુદ્ધ બ્રહ્મચર્યમય જ નિર્ગમવું જોઇએ. તોજ વિદ્યાનો ઠીક વિકાસ થવા સાથે શરીરઆરોગ્ય પણ સારી રીતે સચવાઇ શકે.

સમજદાર અને શિક્ષિત હોય તો તેઓના વિચારો બીજાનાં ભલામાંજ પોતાનું ભલું લેખવાની તરફેણમાં હોય છે. તેથી તેઓ કોઇ ને કોઈ રસ્તે સમાજસેવાનું કામ હાથ ધરે છે. માણસનું મન લક્ષ્ય વિના રહી શકે નહીં. જો સર્વથા બ્રહ્મચારી ગાર્હસ્થ્યની દોરીમાં સપડાયો નથી તો તેના મનનું લક્ષ્ય કંઈ બીજુંજ હોવું જોઇએ અને તે એ કે સમાજસેવાદ્વારા પોતાનું હિત સાધવું. જેઓ સર્વથા બ્રહ્મચર્ય પાળવાને મનોબળ ન ધરાવતા હોય તેઓ ભલે ગૃહસ્થાશ્રમનો આશ્રય લે પરંતુ તે પહેલાં ગૃહસ્થાશ્રમને સુવ્યવસ્થિત ચલાવવાની અને ધર્મમાર્ગથી ભ્રષ્ટ ન થવાની ખાતર ચીવટ રાખી શારીરિક, માનસિક અને ચારિત્ર્યબળને સંચિત રાખવુંજ જોઇએ. ચારિત્ર્યબળમાં વિચારબળનો ટેકો છે અને વિચારબળનું પોષક તથા સ્થિતિસ્થાપક શરીરબળ છે, તે વાત પ્રથમ પણ કહેવાઈ છે. શરીરબળના અવષ્ટંભક (પોષક) નિયમિત બ્રહ્મચર્યની પણ બીજા વર્ગ માટે પૂરેપૂરી જરૂર છે અને તેના બળે ગુણોની [1]શૃંખલાના પ્રથમ આંકડારૂપ સમ્યક્ત્વને અને બીજા આંકડારૂપ દેશવિરતિને અવલંબી આગળ વધી શકાય છે. શાસ્ત્રાધ્યયન, વિચાર, લેખન, વ્યાખ્યાન કે બીજા મસ્તિષ્ક[2]નાં કાર્યોમાંજ ફક્ત વીર્યરક્ષા સહાય કરે છે તેમ નથી, પરંતુ વ્યવહારનાં તેવા કયાં કાર્યો છે કે જેમાં શરીરબળની જરૂર ન હોય ? પાંચ શેરના બોજા માટે મજુર શોધવો પડે, અર્ધો માઇલ ચાલ્યા પહેલાં શ્વાસ ચઢી આવે, પગે કળતર થાય, એક વખત પણ કાચું કે અર્ધ પાકું કે થોડું વધારે ખાતાં કે ભોંય ઉપર સૂતાં તાવના ભોગ થવું પડે, દુકાનનું કે બીજું કામ કરતાં કંટાળો આવે, સ્વભાવમાં ચીડિયાપણું થઇ જાય અને નૈસર્ગિક[3] કાંતિ પલાયન કરી ગયાથી શોભા સાચવવા માટે રસાયણાદિક પ્રયોગો કરવા પડેઃ આ બધા આઘાતો[4] નિયમિત બ્રહ્મચર્યને અભાવે સહન કરવા પડે છે.

---

૧ સાંકળ. ૨ મગજ—બુદ્ધિ. ૩ સ્વાભાવિક. ૪ સંકટો—આફતો.

## ઉપસંહાર.

પુષ્ટમાં પુષ્ટ કે ધનિકમાં ધનિક મનુષ્ય પણ વ્યભિચારરૂપ વિશેષ સળગતી અગ્નિની સોબતથી તુરતજ શારીરિક અને આર્થિક આપત્તિઓમાં આવી પડે છે. પૃથુરાજ જેવા બલવાન્ રાજાને પણ છેવટે હાર ખાવી પડી અને યવનોને દેશમાં દાખલ થવા દેવાના અનિષ્ટ પ્રસંગના ભાગી થવું પડયું; તેનું કારણ તપાસતાં વિલાસપ્રિયતાજ જણાશે. મુસલમાન બાદશાહોના સામ્રાજ્યનાં મૂળો સડયાં તેનું કારણ અજ્ઞાનતા અને તજજન્ય વિલાસપ્રિયતાજ છે. સ્વામિ રામતીર્થ લખે છે કે—"નેપોલિયન જેવો મહાન્ રણવીર પોતાના સર્વોત્તમ સ્થાનેથી કચ્ચરભુસ કરતો ગબડી પડયો તેનું શું કારણ? ઇતિહાસ સાક્ષી પૂરે છે કે રણમાં જવા અગાઉ તે પોતાને હાથે જ પોતાનું ખૂન કરી ચૂકયો હતો. સંગ્રામમાં જવાની આગલી રાત્રેજ તે બદ કર્મના કુવામાં ગબડી પડયો હતો. આશ્ચર્ય નથી કે તેવા કટાકટીના મામલા વખતે, વીર્યરક્ષાજન્ય સદ્બુદ્ધિ અને સાત્વિક વિચારોની જરૂર વખતે, વીર્યના ક્ષયથી અકર્તવ્યને કર્તવ્ય સમજી બેસવાનું સાહસ ખેડાયું હોય અને તેથી રણકૌશલ્યમાં આપત્તિજનક પરિણામ આવ્યું હોય! શૂરવીર શિવાજીના નિસ્સીમ પરાક્રમ અને બુદ્ધિપ્રભાવથી સ્થપાયેલ હિંદુસામ્રાજ્યની ભિત્તિના પાયાને ઢીલો કરનાર તેના પુત્ર શંભાજીની વિલાસપ્રિયતાજ હતી. દેશની પડતીનાં બીજા કારણોમાં રાજા કે પ્રજાની વિલાસપ્રિયતા એ પણ એક અસાધારણ કારણ છે. પશ્ચિમના દેશોમાં જ્યારથી નિયમિત રહી યોગ્ય અવસ્થાએ ગૃહસ્થાશ્રમની શરૂઆત કરી શરીર ટકાવી રાખવાના પ્રયત્નો શરૂ થયા છે ત્યારથીજ ઉન્નતિની શરૂઆત થઈ છે ઇંગ્લૅંડમાં પહેલા વિલાસ અધિક હતો તે કમ થવા લાગ્યો કે અભ્યુદયની શરૂઆત થઈ! ફ્રાન્સમાં વિલાસની

માત્રા વધતાંજ પૂર્વ કરતાં અધ:પતનનો પ્રારંભ થયો. પોતાના ભરણપોષણની પૂરતિ શક્તિ મેળવ્યા પહેલાં એક યુગલ (સ્ત્રી-પુરૂષ) ને સંતાન ઉત્પન્ન કરવાનો કશો હક નથી. જેઓ પોતાના પોષણ જેટલી પણ શક્તિ ધરાવતા નથી તેઓ બીજાના ભરણ-પોષણ માટે જોખમદારી ઉઠાવી પોતાની મૂર્ખાઈ સાબીત કરે છે. સંતાનના અપરાધોની શિક્ષા જો માતાપિતાને મળતી હોય તો શું જલ્દી સુધારો ન થાય? બ્રહ્મચર્યના અતુલ પ્રભાવથી પોતાની તરફ લોકોને આકર્ષનાર સંખ્યાબદ્ધ પુરૂષો અને સ્ત્રીઓ આર્યાવર્તમાં થઇ ગયા છે. સર્વથા કે નિયમિત બ્રહ્મચર્યનું યથા-વત્ પાલન કરવાથીજ બ્રાહ્મી, સુંદરી, સીતા, દ્રૌપદી અને દમયંતીનાં નામો કાળનો વિશાળ પડદો પડયાં છતાં પણ હજુ તેવાંને તેવાં પૃથ્વીના એક ખુણાથી બીજા ખુણા સુધી તાજાં છે અને આધુનિક પ્રજાને માર્ગદર્શક થઈ પડે છે. ગણધર ગૌતમ જંબૂસ્વામી અને સ્થૂલભદ્રનાં તેમજ વિજયશેઠ તથા સુદર્શન શેઠ પ્રમુખનાં જીવનચરિત્રરૂપ નિષ્પ્રકંપ, ઉજ્જવલ અને પ્રકાશક બ્રહ્મચર્યનો દીપકસ્તંભ, ખરાબાથી બચાવી જીવનનૌકાને અભીષ્ટ સ્થાન ભણી લઈ જવા માટે હંમેશને માટે વિદ્યમાનજ છે. ગમે તેટલો કાળ ગયા પછી પણ ઓપેલ સોના કરતાં વધારે વધારે ચમકનાર આ ઉજ્જવળ ચરિત્રસ્તંભ વિષયવિરત જીવોને વિશ્રામ અને આશ્વાસન આપવા માટે બસ છે. પ્રાચીન પુરૂષોના આવા પ્રશંસાપાત્ર નિયમોને લક્ષ્યમાં રાખી દ્રવ્ય અને ભાવ આરોગ્ય ઇચ્છનાર અતિ અગત્યના ઉજ્જવળ બ્રહ્મચર્ય ભણી ધ્યાન આપે, આપતાં શીખે એટલીજ આશા રાખી હાલ તો વિરમાય છે.

---

# પ્રાતઃકાલસ્મરણીય મહાસત્ત્વશાળી સતા અને સતી-ઓની પવિત્ર નામાવળી તથા તેમનું સ્મરણ કરતાં રાખવો જોઇતો ઉચ્ચ ઉદ્દેશ.

ભરતેશ્વર, બાહુબલી, અભયકુમાર, ઢંઢણકુમાર, સિરિયાજી, અર્ણિકાપુત્ર, અયમત્તાજી (અતિમુક્ત), નાગદત્ત, મેતાર્ય, સ્થૂલભદ્ર, વયરસ્વામી, નંદિષેણ, સિંહગિરિ, કયવન્નાજી, સુકોશલ, પુંડરીક, કેશી, કરકંડુ, હલ્લ, વિહલ્લ, સુદર્શન, શાલ, મહાશાલ, શાલિભદ્ર, ભદ્રબાહુ, દશાર્ણભદ્ર, પ્રસન્નચંદ્ર, યશોભદ્ર, જંબૂસ્વામી, વંકચૂલ, ગજસુકુમાલ, અવંતિસુકુમાલ, ધન્નાજી, ઈલાચીપુત્ર, ચિલાતિપુત્ર, યુગબાહુમુનિ, આર્યમહાગિરી, આર્યરક્ષિત, આર્યસુહસ્તી, ઉદાયક, મનક (પુત્ર), કાલકાચાર્ય, શાંબ, પ્રદ્યુમ્ન, મૂળદેવ, પ્રભવ (સ્વામી), વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર, દૃઢપ્રહારી, શ્રેયાંસ, કુરગડુ, શય્યંભવ (સૂરિ) અને મેઘકુમાર વગેરે મહાસત્ત્વશાળી શીલ, સંતોષ, ધૈર્ય ગાંભિર્યાદિક અનેક ગુણગણસંયુક્ત પવિત્ર પુરૂષો જેમનું નામ (માત્ર) ગ્રહણ કરવાથી પાપના ઓઘ નાશી જાય છે તે પુણ્યશ્લોકો અમને સમાધિ-સુખ આપો ! ! !

વળી સુલસા, ચંદનબાલા, મનોરમા, મદનરેખા, દમયન્તી, નર્મદા, સુંદરી, સીતા, નંદા, ભદ્રા, સુભદ્રા, રાજિમતી, ઋષિદત્તા, પદ્માવતી, અંજના, શ્રીદેવી, જયેષ્ઠા, સુજયેષ્ઠા, મૃગાવતી, પ્રભાવતી, ચેલણાદેવી, બ્રાહ્મી, સુંદરી, રૂકિમણી, રેવતી, કુંતી, શિવા, જયંતી, દેવકી, દ્રૌપદી, ધારણી, કલાવતી, પૂષ્પચૂલા, "પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુસીમા, જાંબુવતી, સત્યભામા, રૂકિમણી," એ કૃષ્ણ વાસુદેવની આઠ પટ્ટરાણીઓ સમજવી. તથા "યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા" એ સ્થૂલભદ્રજીની સાત બ્હેનો સમજવી, ઈત્યાદિક મહાસતીઓ અકલંક શીલ સંયુક્ત રહેલી હોવાથી તેમનો જશપડહો (યશવાદ) અદ્યાપિ પર્યંત ત્રિભુવનમાં સર્વત્ર વાગી રહ્યો છે. ઉપર

કહેલા સતા અને સતીઓનાં પવિત્ર નામ, તીર્થંકર ગણધર પ્રમુખ સમર્થ જ્ઞાની પુરૂષોએ સ્વમુખથી ઉચ્ચરેલાં છે તે વાતજ તેમાં ના પ્રત્યેકની પવિત્રતા પુરવાર કરે છે. ઉપર કથેલા પવિત્ર સતા અને સતીઓનું પ્રાતઃકાળે સ્મરણ કરવાનો હરેક ભાઇ બ્હેનનો શો ઉચ્ચ ઉદ્દેશ હોવો જોઇએ, તે અત્ર પ્રસંગોપાત વિચારવું–ભાવવું બહુ ઉપયોગી થઈ પડશે. સદ્‍ગુણી આત્માના સદ્‍ગુણોનું આપણને સહજ ભાન થાય એવી રીતે લક્ષપૂર્વક તેમનાં પવિત્ર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનું ચિંતન કરવું, એ જેવું જરૂરનું છે તેવુંજ બલકે તેથી અધિક જરૂરનું એ છે કે એવાજ સદ્‍ગુણો આપણા આત્મામાં પ્રગટ થાય એટલે અનાદિ અવિવેકયોગે અવરાઈ રહેલા સદ્‍ગુણો આપણા આત્મામાં પૂર્ણ રીતે પ્રકાશી નીકળે એવી રીતે પ્રગટ ગુણયુક્ત મહાત્માઓના પવિત્ર ચરિત્રોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું અર્થાત્ મહાસત્ત્વવંત સદ્‍ગુણી મહાશયોનાં પવિત્ર ચરિત્રને લક્ષથી વાંચવાં અને સાંભળવાં. તેવાં ચરિત્રોની જૂદી જૂદી છાયા એવી બારીકીથી તપાસવી કે તે તે પ્રસંગે આપણો આત્મા તદાકાર–વૃત્તિને ભજે, તેમાં આપણું મન વીંધાઇ જાય એટલે આપણો આત્મા પણ સમ વિષમ સંયોગોમાં સમભાવ રાખી, ધૈર્ય ધારી અડગપણે તેવા ઉત્તમ ગુણોનું ગ્રહણ કરે અને યથાશક્તિ (શક્તિ ગોપવ્યા વિના) યથાઅવસર (તક ચૂકયા વિના) તેનું પરિશીલન કરે એટલે નિર્ભયપણે સ્થિરતા રાખી રૂચિપૂર્વક ખેદ રહિત તેનો અભ્યાસ કરવા અને અભ્યાસ કરી તેનો સાક્ષાત્ અનુભવ કરવા અર્થાત્ એવા સચ્ચરિત્રદ્વારા ઉત્તમોત્તમ સદ્‍ગુણોને સાક્ષાત્ મેળવવા સર્વથા સાવધાન થઈ રહે! બ્રહ્મચર્ય જેવા અત્યંત જરૂરના ગુણોને સિદ્ધ કરવા ઉપર જણાવેલી વાત ખુબ લક્ષમાં રાખી આત્મહિતાર્થે દીપક સમાન શાસ્ત્રવિહિત માર્ગનો સદ્‍ભાવથીજ આદર કરવો યુક્ત છે. બ્રહ્મચર્યની પુષ્ટિ માટે સમસ્ત જગતના

કલ્યાણાર્થે નવ વાડો નિર્મળ રાખવાવડે સ્વમનને અનુક્રમે અકક્રમપણે વશ કરવા તીર્થંકર અને ગણધર ભગવંત જેવા સમર્થ જ્ઞાની પુરૂષોએ આપેલો અમૃત સમાન ઉપદેશ સાર્થક કરવા હરેક આત્માર્થી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાએ લક્ષ રાખવું બહુજ જરૂરનું છે. અન્યથા સ્વેચ્છાએ સિંહગુફાવાસી સાધુની પેરે સ્થૂલભદ્રમુનિ જેવા સમર્થ સિદ્ધ પુરૂષોની દેખાદેખી કરવા કરેલી પ્રવૃત્તિ તો બહુધા આત્માને અત્યંત અનર્થકારી થાય છે, તે વાત લોકવિદિતજ છે. જો સ્થૂલભદ્ર સમાન સામર્થ્ય પ્રગટ કરવા પ્રબળ ઇચ્છા વર્તતી હોય તો જેવી રીતે સ્થૂલભદ્રજીએ બાર વર્ષ પર્યંત ભોગવેલા મનગમતા વિવિધ ભોગને પણ રોગવત્ તજી પરમ સુખકારી યોગમાર્ગને સુખકારી જાણી, વિચારી ને વિવેકથી આદરી, શ્રી સંભૂતિવિજય સૂરીશ્વર જેવા સમર્થ સંયમધારી સત્પુરૂષનાં ચરણકમળની ઉપાસના કરી, સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધાબળે સંયમમાર્ગને સારી રીતે સાધ્યો અને તન, મન, વચનથી આત્માર્પણ કરી શ્રી સદ્દગુરૂની સેવા ભક્તિ વડે સંયમ બળને દૃઢ કર્યું, તેમ અન્ય મુમુક્ષુ વર્ગે તથા શીલ સંતોષાદિક ઉત્તમોત્તમ ગુણોના અભ્યાસી વર્ગે પણ પ્રવર્તવું ઉચિત છે. વળી જંબુકુમાર, સુદર્શન શેઠ, વિજય શેઠ અને વિજયા શેઠાણી જેવા બ્રહ્મચર્ય (chastity) ના ખરા નમુના "Ideal"ને આગળ રાખીને તેનાં પુષ્ટિકારક સાધનોને વિરાધ્યા વિના અનુક્રમે સર્વ શાસ્ત્રીય નિયમોને અનુસરી આત્મામાં પણ એવુંજ અપૂર્વ સામર્થ્ય પ્રાપ્ત કરવા પૂરતો પ્રયત્ન કરવો ઉપયુક્ત છે. આવી રીતે અનુક્રમે અભ્યાસમાં વધારો કર્યા વિના બ્રહ્મચર્ય જેવા ઉત્તમ ગુણોની કદાપિ સિદ્ધિ થઈ શકશે નહીં. બ્રહ્મચર્ય એટલે તત્ત્વથી જોતાં આત્મચર્યા અર્થાત્ આત્મરમણ યા સ્વભાવરમણ થાય છે અને એવું સ્વભાવરમણ યા તત્ત્વરમણ તો તત્ત્વજ્ઞાન અને તત્ત્વશ્રદ્ધાના બળથીજ પ્રભવે છે. સારાં નરસાં જેવાં કારણ જીવ મેળવે છે

એવુંજ કાર્ય નીપજે છે. તેથીજ તત્ત્વજ્ઞાન, તત્ત્વશ્રદ્ધા અને તત્ત્વ-રમણને સતેજ કરનારાં પવિત્ર ચરિત્રો અવગાહવાની સહુ કોઇને અતિ આવશ્યકતા છે. તત્ત્વ જ્ઞાન, તત્ત્વશ્રદ્ધા અને તત્ત્વરમણને શાસ્ત્રકાર રત્નત્રયી કહીને બોલાવે છે. ૧૮૦૦૦ શીલાંગ રથના ધોરી એવા બ્રહ્મચારી મુનિમાં જ ઉકત રત્નત્રયી સંભવે છે. આવા ઉચ્ચ અધિકારને પામવા નિરંતર મૈત્રી, મુદિતા, કરૂણા અને મધ્યસ્થતા રૂપ ભાવનાચતુષ્ટયનો સમાશ્રય કરવો યુક્ત છે. સર્વ પ્રકારે ક્ષુદ્રતા યાને સ્વાર્થાંધતાને તજી પરમાર્થ પંથે પ્રવર્તનાર પવિત્ર આશયવંતને ઉક્ત ભાવનાના અપૂર્વ બળથી બ્રહ્મચર્યની યથાર્થ પ્રાપ્તિ થઈ શકે છે. તેની દિશા દેખાડનારાં પૂર્વોક્ત મહા સત્ત્વવંત સદ્દગુણીનાં ચરિત્રો છે. તેમનું યથાવિધિ શ્રવણ, મનન અને નિદિધ્યાસન (પરિશીલન) કરવાથીજ બ્રહ્મચર્ય જેવા ઉત્તમ ગુણો દૃઢ સંસ્કારવાળા થાય છે.

## પહેલો ખંડ સમાપ્ત.

# ખંડ બીજો.

## બ્રહ્મચર્યનું સ્વરૂપ અને તે વ્રતનું પાલન કરનારા કઇક સતાસતીઓનાં ચરિત્રો.

બ્રહ્મચર્ય વ્રત એટલે મૈથુનનો ત્યાગ કરવો તે. તેના બે ભેદ છે ૧ સર્વથી અને ૨ દેશથી. ૧ લો સર્વથી=મન વચન કાયાએ કરી સર્વ પ્રકારની (પોતાની કે પારકી) સ્ત્રી સાથે સર્વથા સંભોગ કરવાનો ત્યાગ. ૨ જો દેશથી=સર્વથી શીળ પાળવાને અશક્ત હોય તેને પોતાની સ્ત્રી વિના બીજા કોઇ પ્રકારની પર સ્ત્રી સાથે સંભોગ કરવાનો ત્યાગ. વળી મૈથુનના બીજા બે પ્રકાર સૂક્ષ્મ અને સ્થૂલથી પણ થાય છે. તેમાં ૧ લો કામના ઉદયથી ઇંદ્રિયનો કાંઇક અલ્પ વિકાર કરવો તે. ૨ જો મન વચન કાયાએ કરી ઔદારિક તથા વૈક્રિય શરીરવાળી સ્ત્રી સાથે ભોગ ભોગવવો તે. વળી બીજા બે ભેદ દ્રવ્ય અને ભાવથી પણ થાય છે. તેમાં પર સ્ત્રી અને પર પુરૂષનો પરસ્પર સંગમ તે દ્રવ્ય સેવન. પુરૂષે પર સ્ત્રીનો અને સ્ત્રીએ પર પુરૂષનો ત્યાગ કરવો જોઇએ. કામસેવન તથા રતિક્રીડા તે દ્રવ્ય મૈથુન કહીએ. તેને જે સ્ત્રી પુરૂષ છોડી દે તેને દ્રવ્ય બ્રહ્મચારી કહીએ. ॥૧॥

ચેતનરૂપ પુરૂષને વિષયાભિલાષ પરપરિણતિરૂપ તથા તૃષ્ણા મમતારૂપ ઈત્યાદિ નિશ્ચય પર સ્ત્રી છે. તેની સાથે મળવું, તેને મોજમજા આપવી, તેની સાથે વાંછિત વિલાસ કરવો, તે ભાવ મૈથુન. પરમાત્માની વાણીના ઉપદેશથી તથા સદ્ગુરૂની હિતશિક્ષાના બોધથી પોતે પરપુદ્ગલને ઓળખી, વિજાતીય જાણી,

આગામિક કાળે મહા દુઃખદાઇ જાણી અને પૂર્વે-ગતકાળમાં ઘણાં મરણાંત દુઃખની પરંપરા હું એના વડે પામ્યો છું તે કારણ માટે મારે એ વિજાતીય સ્ત્રીઓ છોડવી જોઇએ અને મારી પોતાની સ્વજાતિ, પરમ ભક્ત, શ્રેષ્ઠ અને સુકુલીન સમતા રૂપી સુંદરીની સોબત કરવી સારી છે; વિભાવદશારૂપ પરસ્ત્રીએ મારી સર્વ શોભા ખેંચી લીધી છે; હવે સુગુરૂની સહાયતા વડે એ દુષ્ટ પરિણામી સ્ત્રીની સોબત ધીરે ધીરે છોડી દઉં, એને ટાળવાનો ભાવ આદરૂં કે જે વડે મારા શુદ્ધ સ્વભાવ ઘટરૂપી ઘરમાં સમતા સુંદરી આવીને રહે અને ઘરનો પ્રકાશ વધે; એવો બોધ મેળવીને પરપરિણતિમાંથી મગ્નતા છોડે, કર્મ ઉદય આવે સંતાપ પામે નહિ, શુદ્ધ ચેતનાનો સંગી થઇને રહે તે ભાવ મૈથુન ત્યાગી કહીએ. ॥૨॥ તેમાં દ્રવ્ય મૈથુનના ત્યાગી તો છએ દર્શ-નમાં મળી આવે પણ ભાવ મૈથુનના ત્યાગી તો જિનદર્શનમાં જિનવાણી સાંભળવાથી જેના હૃદયમાં ભેદજ્ઞાન પ્રગટયું છે તે સહેજ ઉદાસીનતા—ઉપાયથી ભાવ મૈથુન છોડી દે, માટે તેવા બીજા દર્શનમાં ન મળી આવે.

અત્રે પર સ્ત્રીનો ત્યાગ કર્યો એટલે પર પુરૂષની પરણેલી કે રાખેલી સ્ત્રી સાથે અનાચાર સેવન ન કરવું એવો નિયમ લેવો તે પરસ્ત્રીગમનવિરમણ વ્રત કહીએ અને પોતાની સ્ત્રીથી સંતોષ રાખવો એવો જે નિયમ તે સ્વદારાસંતોષ વ્રત કહીએ. ત્યાં દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી સ્ત્રી સાથે અનાચાર સેવવા નો નિષેધ એટલે દેવ સંબંધી બે કરણને ત્રણ જોગે, તિર્યંચ સંબંધી એક કરણ અને ત્રણ જોગે અને મનુષ્ય સંબંધી એક કરણ અને એક જોગે સોઇ દોરાના આકારે સંભોગ કરવાનો નિષેધ, પણ મનથી, વચનથી અને સ્પપ્નમાં ભોગ થાય તેની જયણા. હાલની સ્ત્રી છોડીને બીજી સ્ત્રી સાથે વિવાહ ન કરવો તથા

દિવસે બ્રહ્મચર્ય પાળવું. ન પળે તો પ્રમાણ રાખવું. શિયળની નવ વાડો પાળવી. સ્ત્રીઓએ પણ એ જ પ્રમાણે પર પુરૂષનો ત્યાગ સમજવો. એ વ્રતના પાંચ અતિચાર છે, તે નીચે લખીએ છીએ—

अपरिग्गहिआ इत्तर, अणंगवीवाह तिव्वअणुरागे ।
चउत्थवयस्स इआरे, पडिक्कमे देसियं सव्वं ॥

૧ अपरिग्गहिया એટલે अपरिगृहीता જેને બીજા કોઇએ ગ્રહણ કરી ન હોય અથવા પરણેલી ન હોય તે કુંવારી સ્ત્રી, અથવા જેનો સ્વામિ મરણ પામ્યો હોય તે વિધવા, તેને જોઇ કોઇ મૂર્ખ માણસ વિષયાભિલાષી થઈ ભદ્રક ભાવે એમ ધારે કે મેં તો પારકી સ્ત્રીનો ત્યાગ કર્યો છે અને આ તો કોઈની સ્ત્રી કહેવાતી નથી માટે તેની સાથે મેળાપ કરવાથી મને શું પાપ લાગે, એમ ધારી કુંવારી કે રાંડેલીની સાથે ભોગવિલાસ કરે તો પહેલો અતિચાર લાગે. તેમજ શીલ વ્રતવાળી સ્ત્રીને પણ અન્ય પુરૂષનો ત્યાગ છે તે પણ અપરિગૃહિત પુરૂષ કુંવારો કે રાંડેલો હોય તેની સાથે પૂર્વોક્ત વિચાર મનમાં લાવીને અનાચાર સેવે તો તે સ્ત્રીને પણ પ્રથમ અતિચાર—દૂષણ લાગે.

૨ इत्वरपरिगृहिता એટલે થોડા વખત લગી ભાડું આપીને કોઇ વેશ્યાદિકને રાખે અને અજ્ઞાનપણે એમ વિચારે કે મારે તો પારકી સ્ત્રીનો ત્યાગ છે અને આને તો મેં પોતાની સ્ત્રી કરીને રાખી છે તો એમાં મને શો દોષ છે, એમ ધારીને તેની સાથે ભોગવિલાસ કરે તો બીજો અતિચાર લાગે. એજ પ્રમાણે વ્રતધારી સ્ત્રીને પણ, જે દિવસે ધણી પાસે જવાનો શોકનો વારો હોય તે દહાડે ધણીને પોતે ભોગવે, એમ ધારીને કે પોતાના ભરતારને સેવતા શો દોષ છે? મારે તો અન્ય પુરૂષનો ત્યાગ છે! પણ એવો વિચાર

ન કરે કે આજ તો એ મારી શોકનો ધણી છે, મારો તો આજ ધણી કને જવાનો વારો નથી. એમ વારો નહિ છતાં પણ કપટ કરીને પતિને સેવે તો તે સ્ત્રીને બીજો અતિચાર લાગે.

૩ अनंगक्रीडा કામ-કંદર્પ જાગ્રત્ કરવા સારૂ અધરચુંબન, આલિંગન, કુચમર્દન, નેત્રના હાવભાવ કટાક્ષાદિ હાંસી પ્રમુખ ઠઠ્ઠા મશ્કરી પરસ્ત્રી સાથે કરે. મનમાં એમ ધારે કે મેં તો સોય દોરાના આકારે ભોગનો ત્યાગ કર્યો છે, બીજું કાંઇ વ્રત લીધું નથી. પણ તે અજ્ઞાની કામવશ થવાથી એટલો વિચાર ન કરે કે ચેતન તો બન્નેમાં બગડે છે. એનાથી પણ વ્રત વહેલુંજ ભાંગે છે, મન ચળે છે. તથા પોતાની ભાર્યા સાથે ચોરાશી આસન વડે કામ જાગ્રત્ કરે, ભોગ ભોગવે એ આદિ કામ જાગ્રત્ કરવાની ક્રીડા કરે તેને અતિચાર લાગે. તેમજ સ્ત્રી પણ કામાંધ થવાથી અંગુઠા વડે સુખ વાસ્યા કરે અથવા બૈરેબૈરાં મળી ગુપ્ત સ્થાને અધિકરણ વડે સંચારણ કરે તેમજ પુરૂષે પુરૂષ પરસ્પર વિષય-ક્રીડા કરે અને પોતાની ઇચ્છા તૃપ્ત કરે ત્યારે પણ તેને અતિચાર લાગે. કેમકે શ્રાવકે તો હરકોઇ ઉપાયવડે કામસંજ્ઞા ઘટાડવાનો પ્રયત્ન કરવો જોઇએ. જેવી રીતે કોઈ લોભી વેપારી આખો દિવસ ધંધામાં રોકાયો હોય, તેને વચ્ચે ભૂખ લાગે તો પણ ગણકારે નહિ, પણ જ્યારે ભૂખ સહન ન થાય ત્યારે ઉતાવળો ઉતા-વળો રસોડામાં જઇ ખાઇ લે, પણ સારા માઠા સ્વાદની તજવીજ કરે નહિ અને ફરી પોતાના તે કામે વળગે, તે પ્રમાણે વ્રત-ધારી શ્રાવક પરલોકના ધંધામાં મગ્ન રહ્યો છતો કામનો ઉદય આવે ત્યારે તેને ગણકારે નહિ. તેમ કરતાં પણ અતિ વેદોદય થાય ત્યારે ઉતાવળો ઉતાવળો કંદર્પરોગ નિવારણ કરે અને ફરી પોતાના કામમાં પ્રવર્તે. શ્રદ્ધાવાન પુરૂષો તો મૈથુન સેવવાની જગ્યાને જાજરૂ તુલ્ય માને છે તો તેઓ કામ વધારવાની ઇચ્છા કેમ રાખે?

વળી સ્ત્રીનાં ઢાંકેલાં અંગ રાગદૃષ્ટિએ જૂએ નહીં, પણ તેને સૂગ ઉપજવાનાં સ્થાન જાણી તજી દે. જો ગોમૂત્ર લાવવું પડે તો યોનિમર્દન કરીને ન લેવું. વળી સ્વપ્નમાં સ્ત્રીસેવન થાય તો તેની જયણા રાખે. કદાચિત એવું કુસ્વપ્ન આવે તો શ્રાવક એવી ભાવના ભાવે કે કામ તે મોટું શલ્ય છે, કામ તે મહા વિષ છે, કામ તે નાગ સરીખો છે અને કામની પ્રાર્થના કરવાથી વિષય નહિ ભોગવ્યા છતાં પણ જીવો દુર્ગતિએ જાય છે. ક્ષણમાત્ર સુખ છે, ઘણો કાળ દુ:ખ છે તો પણ સંસારી જીવો તેને નિષ્કારણ સુખકારી જાણે છે. કામ તે સંસારમાંહી મોક્ષ પામવામાં શત્રુભૂત છે. વળી કામભોગ તે અનર્થની ખાણ છે. ઇત્યાદિ વૈરાગ્ય ભાવના ભાવીને મહોડેથી નવકાર મંત્ર ગણી પછી સૂઇ રહેવું જેથી ખરાબ સ્વપ્ન હોય તે સારૂં સ્વપ્ન થાય અને ખરાબ સ્વપ્ન આવે નહિ. એમ કરતાં છતાં પણ જો કોઈ મોહના ઉદયથી સ્ત્રીસેવનાદિ કુસ્વપ્ન આવે તો તરત ઊઠી ઇરિયાવહિ પડિક્કમીને એકસો આઠ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે. તેમજ પરસ્ત્રી આશ્રયી ગૃહસ્થે શીળની નવ વાડો પાળવી જોઇએ તેનાં નામ.–૧ સ્ત્રીની વસતી માંહે ન રહેવું. ૨ સ્ત્રીની સાથે કથા ન કરવી. ૩ સ્ત્રીને આસને ન બેસવું. ૪ સ્ત્રીની ઇંદ્રિયો ન જોવી. ૫ ભીંતને અંતરે ન રહેવું. ૬ પૂર્વે કરેલી કામક્રીડા ન સંભારવી. ૭ ઘણો માદક આહાર કરવો નહિ. ૮ ઘણું ચાંપીને પેટ ભરી જમવું નહિ. ૯ શરીરની શોભા ન કરવી. એ પ્રમાણે ત્રીજો અનંગક્રીડા અતિચાર જાણવો.

૪ **विवाहकरणं** એટલે કન્યાદાન ફળની લાલચથી અથવા સ્નેહવશે પારકાં છોકરાંનો વિવાહ જોડવો. આગળ થઇને નાતજાતમાં, સગાંવહાલામાં, ભાઈબંધ–દોસ્તદારમાં પ્રેરણા કરી વિવાહ કરે, કરાવે અને જ્યારે તે વાતની લોકો પ્રશંસા કરે ત્યારે ખૂબ ખુશી થાય અને તેમ જોઇને બીજા પણ તેવા કામના અર્થી જન

હોય તે તેમની પાસે આવી ખુશામત કરે, સ્તુતિ કરે, ત્યારે પોતે કહે કે અમારે તમારે એક વાસ્તો છે, કામકાજ ફરમાવજો, એમ જગ્યાએ જગ્યાએ વિવાહાદિકનો સંબંધ કરાવવો એ અનર્થનું મૂળ રોપવા જેવું છે. તેમ કરવાથી વ્રત શુદ્ધ ન રહે અને કામ–અધિકરણ વધારવામાં સંસાર વધે. શ્રાવક તો પોતાના ઘરનું એવું કામ હોય તો પણ પારકાને ભળાવી વેગળો રહે, માટે વિરતિ થઈ પારકા વિવાહ જોડાવે તો અતિચાર લાગે. અહિંઆં પોતાના ઘર સંબંધી તથા સગાં સંબંધી જેનાથી છૂટાય તેમ નથી તેવાંનો વિવાહ કરવાની જયણા, તેનું પણ પરિમાણ કરી લે. એમ સ્ત્રી પણ પારકા વિવાહમાં મોડ પ્રમુખ બાંધે અને આગળ થઇને લગ્નક્રિયા કરે ત્યારે અતિચાર લાગે.

૫ **તીવ્રાનુરાગ** એટલે કામભોગને વિષે તીવ્ર અનુરાગ કરવો–અત્યંત અભિલાષા કરવી. કામભોગ ક્યારે પણ ન મળ્યો હોય એમ માની સ્ત્રીનું મુખ જુએ, કાખ ગુહ્ય ભાગ સ્તનાદિકનું લાંબા વખત સુધી સેવન કરે, તથા કામની વૃદ્ધિ કરવા માટે અફીણ, માજમ, ભાંગ, દૂધ, દહિં, ઘી, ધાતુની ખાખ, ઔષધિ, પાક વગેરે કામ દીપાવવાની વસ્તુ ખાય, તેથી પાંચમો અતિચાર લાગે. કેમકે વ્રતધારી શ્રાવક તો પાપથી બીતો રહેતો હોય પણ વેદનો ઉદય તેનાથી સહન ન થાય તેથી સ્વદારાસંતોષાદિ વ્રત ગ્રહણ કરે અને તેટલા મૈથુનમાત્રે કરી વેદની ઉપશાંતિ કરે. અહીંઆં પરસ્ત્રીના ત્યાગીને એ પાંચે અતિચાર હોય અને સ્વદારા સંતોષીને છલ્લા ત્રણ અતિચાર અને પહેલા બે અનાચાર છે કેમકે તેથી કરીને વ્રતભંગ થાય છે.

એમ પરપુરૂષ ત્યાગી સ્ત્રીને પણ પાંચે અતિચાર છે અને સ્વપુરૂષ સંતોષી સ્ત્રીને પ્રથમના બે અનાચાર છે અને છલ્લા ત્રણ અતિચાર છે, પણ અનાભોગે ગમન થઇ જાય તો સ્વદારા સંતો-

ષીને પ્રથમના બે પણ અતિચાર રૂપે લાગે, એમ તેને પાંચ અ-તિચાર જાણવા. આ અતિચાર જાણવા પણ આચરવા નહિ.

જે શક્તિવાન્ હોય તેમણે બાળપણાથી ગાંગેયની પેઠે શુદ્ધ શીળ પાળવા ઉદ્યમ કરવો કેમકે તેનાં મોટાં ફળ શાસ્ત્રમાં કહેલાં છે. દેવ, દાનવ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર એ સર્વ બ્રહ્મચારી પુરૂષને નમસ્કાર કરે છે, કેમકે શીળ પાળવું એ દુષ્કર કામ છે. એ વ્રત પાળવાથી અખંડ આજ્ઞા, ઐશ્વર્યપણું, ઘણી ઋદ્ધિ, રાજ્ય, કામભોગ, કીર્તિ, બળ, સત્સંગ, એટલાં વાંનાં તો સહેજે મળે અને મોક્ષ પણ અનુક્રમે પ્રાપ્ત થાય. ક્લેશનો કરનાર, લોકને હણનાર છતાં સાવદ્ય યોગથી વિરમ્યો એવો જે નારદ તે પણ મોક્ષે ગયો, તે રૂડો પ્રતાપ શીળનો જાણવો.

વળી અન્ય દર્શનીઓમાં કહ્યું છે કે, હે યુધિષ્ઠિર ! એક રાત્રિ શીળ પાળનારને જે ગતિ મળે છે, તે ગતિ હજારો યજ્ઞ કરવાથી પણ મળતી નથી. પરદારગમન કરનારાઓ આ લોકમાં વધ, બંધન પામે, ઊંચા બંધાય, નાક છેદાય, દરિદ્રી થાય, પરલોકમાં તીક્ષ્ણ કંટક ભોંકાય, નરકમાં દુ:સહ વેદના સહે. ગયા ભવોમાં કુશીલ સેવ્યાં હોય તો ઇંદ્રિયછેદ, નપુંસકપણું, કુરૂપપણું, દુર્ભાગી-પણું, ભગંદર, રંડાપણું, વાંઝિયાપણું અને વિષકન્યાપણું વગેરે પ્રાપ્ત થાય, તેમજ જે પુરૂષ દેવદ્રવ્ય ભક્ષણ કરે, પરસ્ત્રી ગમન કરે, તે જીવ સાત વાર સાતમી નરકે જાય. વળી પરસ્ત્રી સેવન કરવાથી એકવીશ વાર નરકમાં પડે, માટે ધર્મી પુરૂષે તેથી દૂર રહેવું. પરસ્ત્રીની અભિલાષા માત્ર કરવાથીજ રાવણ તથા ગર્દભિલ્લરાજા આલોક તથા પરલોકમાં મોટા અનર્થને પામ્યા તો સાક્ષાત્ ભોગવવાથી તો અનેક સંકટો પામે તેમાં તો નવાઇજ શી? માટે ઉત્તમ પુરૂષે પરસ્ત્રીનો ત્યાગ કરવો. વળી અવસરે પોતાની સ્ત્રી વિષે પણ શીલ અંગીકાર કરવું. જો હમેશાં શિયળ પાળી ન શકાય તો પર્વ દિવસે તથા શ્રી તીર્થંકર દેવના

કલ્યાણકના દિવસે અને છ અટ્ઠાઈના દિવસે તો તે પાળવુંજ. બાર તિથિ, દશ તિથિ અથવા પાંચ તિથિ તો અવશ્ય કુશીલ વર્જવું. બાકીના દિવસોમાં પણ દહાડે તો વ્રત પાળવું સેહેલાઈથી બને તેમ છે, માટે તેમ કરવામાં પ્રમાદ ન કરવો. અને રાત્રિએ પણ એક કે બે વારની ગણત્રી રાખવી, કેમકે પુરૂષ ભોગને નથી છાંડતો પણ ભોગ તો પુરૂષને છાંડે છેજ. અને કુશીળ ભોગવતાં નવ લાખ જીવોની હિંસા થાય છે એવું જાણી ભોગનો ત્યાગ કરવો. વળી હમણાં પણ દિવ્યાદિકને વિષે તથા ધીજ કરવાને વિષે વિશુદ્ધ શીળનો મહિમા જોઇએ છીએ, માટે બાલ્યાવસ્થામાં જો સર્વથી બ્રહ્મચર્યવ્રત ધારણ કરવા અશકત હોય તો સુદર્શન શેઠની પેરે પોતાની સ્ત્રીને વિષે સંતોષ કરે, એવો પણ શીળવંત પ્રાણી બ્રહ્મચારી બરાબર સમજવો. તે સુદર્શન શેઠ કોણ હતા અને તેમણે કેવી રીતે શીળ પાળ્યું, તેની કથા નીચે મુજબ છે—

## સુદર્શન શેઠ.

મોક્ષ સુખને આપનાર શુદ્ધ શીળ અને સમકિતને પાળનાર ભવ્ય પ્રાણીઓ સુદર્શન શેઠની પેઠે અલ્પકાળમાં મુક્તિ પ્રાપ્ત કરે છે.

જંબૂદ્વીપના દક્ષિણ ભાગના આભૂષણ રૂપ એવા ભરત ખંડમાં ચંપાપુરી નામે નગરી છે. ત્યાં રણસિંહ રાજાનો પુત્ર દધિવાહન ન્યાયમાર્ગે પ્રજાનું પાલન કરતો હતો. તેણે રાધાવેધ સાધીને અભયાદેવી નામે રાણીને પરણી હતી. ત્યાં અર્હદ્દાસ નામનો અતુલ બળ, ધન, સમૃદ્ધિએ યુક્ત એવો એક વ્યવહારી વસતો હતો. તેને અર્હદ્દાસી નામે પત્ની હતી. બન્ને જણ શ્રી જિનેશ્વરનો પ્રરૂપેલ ધર્મ પાળતાં હતાં.

એકદા અર્હદ્દાસીની કુક્ષિએ કોઇ ગુણવાન્ જીવ અવતર્યો. સદા જિનપૂજામાં રક્ત અને શુદ્ધ સમકિત પાળવામાં તત્પર

એવી તે સ્ત્રીએ અનુક્રમે શુભ દિવસે પુત્રરત્નને પ્રસવ્યો. સ્વજન વર્ગને શેઠે સન્માન દઇને યાચકોને નાનાવિધ દાન આપ્યાં અને પુત્રનું સુદર્શન એવું નામ પાડ્યું. અનુક્રમે વૃદ્ધિ પામતા તે સુદર્શને ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો. કહ્યું છે કે, રૂપયૌવનથી સુશોભિત અને ઉત્તમ કુળમાં જન્મેલો હોય છતાં પણ વિદ્યાવિનાનો માણસ રૂપાળાં પણ સુગંધ રહિત કેસુડાનાં ફૂલની પેઠે શોભતો નથી. વળી પંડિત પુરૂષમાં સર્વ ગુણો હોય છે ને મૂર્ખ માણસમાં સર્વ દોષ જ હોય છે, તો હજારો મૂર્ખ એકઠા કરીએ તોય પણ તેમનામાંથી બુદ્ધિશાળી પુરૂષ નહિ બની શકે.

ત્યાર પછી સુદર્શનના પિતાએ તેને મનોરમા નામની એક શ્રેષ્ઠીની પુત્રી મહોત્સવ પૂર્વક પરણાવી. તેની સાથે સંસારસુખ ભોગવતો તે સુખે દિવસ નિર્ગમન કરતો હતો. વળી તે સમકિત વ્રત પાળવામાં દઢ હતો, કારણ કે એ સમકિત બોધિવૃક્ષનું મૂળ છે, પુણ્યરૂપી નગરનું દ્વાર છે, મોક્ષરૂપી મહેલની પીઠ છે અને વળી સર્વ સંપત્તિનું નિદાન છે. જેમ સમુદ્ર રત્નોનો ભંડાર છે તેમ સમકિત સર્વ સદ્ગુણોનો ભંડાર છે અને ચારિત્ર રૂપી ધનનું પાત્ર છે તો તેવા સમકિતની કોણ પ્રશંસા ન કરે? એવામાં પુત્રને ઘરનો ભાર ધારણ કરવાને યોગ્ય જાણીને પિતાએ દીક્ષા લીધી. સુદર્શન પોતાના પિતા કરતાં પણ અધિક ગુણવાળો હોવાથી રાજાનો વિશેષે કરીને માનીતો થયો. જેમ જળના કુંભથી ઉત્પન્ન થએલા અગસ્ત્ય, કુંભ સરખા માપવાળા સમુદ્રને પી ગયા તેવી રીતે કોઇ વખતે પુત્ર પણ પોતાના ચરિત્રથી પિતા કરતાં ચઢી જાય છે.

હવે તેજ ગામમાં કપિલ નામનો રાજાનો પુરોહિત હતો કે જેની સાથે સુદર્શનને મૈત્રી થઇ. કપિલ બહુ વખત સુદર્શનને ત્યાં રહેતો તેથી તેની સ્ત્રી કપિલાએ પૂછ્યું-" હે સ્વામિ! આપ હમણા ઘણો વખત ક્યાં રહો છો?" પતિએ કહ્યું-" હું

મારા મિત્ર સુદર્શનને ત્યાં રહેતો થકો ગોષ્ઠી કરૂં છું. શી તેની વાત કરૂં ? તે રૂપમાં કામદેવ સમાન છે, વાણીમાં બૃહસ્પતિજેવો છે, બુદ્ધિમાં બુધ જેવો, તેજમાં સૂર્ય જેવો, શીતળતામાં ચંદ્ર જેવો, કર્મછેદનમાં મંગળ જેવો, જ્ઞાનમાં શુક્ર જેવો અને કુકર્મના મંદપણાને લીધે શનિ જેવો છે. વધારે શું કહું? એક શીળગુણે કરિને જ તે સર્વથી ઉત્કૃષ્ટ છે. તેને વિધાતાએ સર્વ ગુણમય કર્યો છે." ભર્તારના મુખથી સુદર્શનની આવી સ્તુતિ સાંભળીને કપિલા તેની અનુરાગિણી થઇ અને બોલી કે-હાસ્યથી, હાવભાવથી, મદથી, લજ્જાથી, ત્રાંસુ જોઇને અર્ધ કટાક્ષ ફેંકવાથી, વચનથી, ઇર્ષ્યાથી, કલહથી અને લીલાથી સ્ત્રીઓ જેવું એકે પાશબંધન નથી. સુદર્શનના રૂપલાવણ્યથી મોહિત થઈ કપિલા તેની સાથે વિષયસુખ ભોગવવા તક શોધતી હતી તેવામાં એકદા તેનો ભર્તાર કપિલ કંઇ કાર્યને અર્થે બહાર ગામ ગયો. તે વખતનો લાગ સાધી, જૂઠું બ્હાનું કાઢી સુદર્શન શેઠને ઘેર તે ગઇ અને કહેવા લાગી-"આપના મિત્રને તાવ આવ્યો છે તેથી આપને બોલાવે છે અને તે માટેજ હું આપને બોલાવવાને આવી છું, માટે આપ વિલંબ કર્યા વિના ચાલો." સુદર્શને કહ્યું-"મને ખબર નહોતી તેથી ઠીક થયું કે તમે બોલાવવા આવ્યાં." પછી તે સર્વ કાર્ય ત્યજીને મિત્રને ઘેર ગયો. જેવો તે ઘરમાં પેઠો કે તુરતજ કપિલાએ બારણાં બંધ કર્યાં. ઘરની અંદર ગયા પછી કપિલા બોલી-"હે સ્વામિ! હું બહુ કાળથી આપનો સંગમ ઇચ્છતી હતી તો હવે આ શરીર અને આ શય્યા આપને સ્વાધીન છે, સ્વેચ્છાએ ભોગ ભોગવો." પણ તેણીએ જ્યારે એમ જાણ્યું કે, તે માનતો નથી ત્યારે તે પોતાના શરીરથી તેનો સ્પર્શ કરવા લાગી પરંતુ સુદર્શનને તો જરા પણ મનોવિકાર થયો નહીં. તેણે તેણીને કહ્યું-"અરે! તને કોણે ભૂલાવી? હું તો નપુંસક છું, ત્હારે તે વાત કોઇને કહેવી નહીં." તેણીએ પણ

પછી કહ્યું. "તમારે પણ આ મ્હારૂં દુશ્ચરિત્ર કોઇને જણાવવું નહીં." એમ કહીને તેણીએ તેને છોડી દીધો.

ઘેર આવીને સુદર્શન શેઠે અભિગ્રહ કર્યો કે "હવેથી કદિ પણ મ્હારે જેમ તેમ કોઇને ત્યાં જવું નહીં."

એકદા રાજા વસંતસમય આવ્યો જાણીને મહા ઐશ્વર્ય સહિત ઉદ્યાનમાં ક્રીડા કરવા નીકળ્યો. મહારાણી અભયાદેવી પણ વાહનમાં બેસીને કપિલા સહિત ત્યાં આવી. મનોરમા પણ પોતાના છએ પુત્રોને લઇને વસંતશોભા જોવા માટે ચાલી અને સુદર્શન પણ તેજ ઉદ્યાનમાં એ પ્રમાણે આવ્યો. ત્યાં મનોરમાને અને તેના છ પુત્રોને જોઇને કપિલાએ મહારાણી અભયાદેવીને પૂછ્યું "આ કોની સ્ત્રી છે? અને આ પુત્રો કોના છે?" અભયાદેવીએ કહ્યુ "એ સ્ત્રી તથા પુત્રો સુદર્શન શેઠના છે.' ત્યારે કપિલાએ કહ્યું "જ્યારે મેં તેની પરીક્ષા કરી ત્યારે તે કહે કે હું તો નપુંસક છું." તે સાંભળીને અભયાએ કપિલાને કહ્યું "એ તો તેણે તને છેતરી" કપિલાએ કહ્યું. "એ ખરૂં, પરંતુ ત્હારી ચતુરાઈની પણ ત્યારે ખબર પડે કે જ્યારે તું એની સાથે ક્રીડા કરે." રાણીએ કહ્યું "ત્યારે જ હું અભયા ખરી કે, જ્યારે એને વશ કરૂં."

એકદા રાણીની સખી પંડિતાએ તેણીને પૂછ્યું "હે સખિ! ત્હારે શું ચિંતા છે?" તે ઉપરથી રાણીએ પોતાનું વૃત્તાંત યથાસ્થિત કહી બતાવ્યું. એટલે પંડિતાએ કહ્યું "કદાપિ મેરૂશિખર ચળશે પણ એ સુદર્શન શેઠ કદિ ડગશે નહી. એને પરસ્ત્રી બ્હેન તુલ્ય છે." ત્યારે છેવટે રાણીએ તેનાં દર્શન કરાવવાનું પંડિતાને કહ્યું ને તે વાતની પંડિતાએ હા કહી અને કહ્યું કે "પર્વને દિવસે એને હું કપટ કરીને અહિં લાવીશ."

એવામાં કૌમુદીમહોત્સવ આવ્યો. તે સમયે રાજાએ પડહ વજડાવ્યો તેથી તેનું અંતઃપુર તથા બીજા સર્વ લોક મહોત્સવ

કરવા નગરની બહાર આવ્યા, પણ અભયારાણી માથું દુઃખવાનું બ્હાનું બતાવીને મહેલમાંજ રહી. પાછળ સુદર્શન શેઠ પણ રાજાની આજ્ઞા થવાથી દેવમંદિરમાં જઇ કાઉસ્સગ્ગધ્યાને રહ્યા. પેલી પંડિતા દાસી હવે યુક્તિ કરીને એક યક્ષની પ્રતિમાને વાહનમાં બેસારીને દેવમંદિરે લઈ ગઇ અને પાછી વળતી વખતે કાઉસ્સગ્ગધ્યાને રહેલા શેઠને તે રથમાં બેસારીને મહેલમાં લાવી. એટલે અભયારાણીએ કહ્યું "હે સુદર્શન ! મારી સાથે ભોગ ભોગવ." એમ વારંવાર કહેવા લાગી પણ સુદર્શન કંઇ બોલ્યો નહીં. ત્યારે છેવટે તેણીએ કહ્યું-"જો તું મ્હારૂં વચન નહિ માન્ય કરે તો હું ત્હારા પ્રાણ લઇશ." છતાં પણ શેઠે તેણીનું વચન અંગીકાર કર્યું નહિ, તેથી રાણીએ મ્હોટે સ્વરે બૂમ પાડી કે "અરે કોઇ આવો ! આ દુષ્ટ અહિં મ્હારૂં શીળ ભંગ કરવા આવ્યો છે !" એટલે રાજપુરૂષો દોડી આવ્યા અને શ્રેષ્ટીને રાજા પાસે લઇ ગયા. રાજાએ તેને પૂછવા માંડયું પણ પૌષધનો ભંગ થશે એવા ભયથી તેણે કંઇ ઉત્તર આપ્યો નહીં. તે ઉપરથી ક્રોધે ભરાઇ રાજાએ તેને શૂળી ઉપર લઇ જવાની આજ્ઞા કરી. એટલે રાજપુરૂષો તેને ગામમાં ફેરવીને સ્મશાન ભૂમિ પ્રત્યે લઈ ગયા. અહિં મનોરમા પોતાના સ્વામીનાથની આવી દશા જાણીને વિચારવા લાગી "મ્હારો ભર્તાર એમ કદાપિ કરે નહી." એમ દૃઢ નિશ્ચય કરીને તે કાયોત્સર્ગે રહી. અને એમ અભિગ્રહ કર્યો કે "જ્યારે મ્હારા ભર્તારનું વિઘ્ન નાશ થશે ત્યારે જ હું કાયોત્સર્ગ પારીશ."

સ્મશાનભૂમિમાં સુદર્શન શેઠને શૂળિ ઉપર આરોપ્યા કે તુરતજ શાસન દેવતાએ શૂળીનું સુવર્ણનું સિંહાસન કરી નાખ્યું ! તે સાંભળીને રાજા ત્યાં આવ્યો. અને શ્રેષ્ટીને સિંહાસન ઉપર બેઠેલો જોઈ તે ચમત્કાર પામ્યો. એટલે શાસન દેવીએ કહ્યું, 'જે કોઇ આ સુદર્શન શ્રેષ્ટીનું અશુભ ચિંતવશે, તેના હું પ્રાણ લઇશ, કારણ કે એ તો મહા શીળવાન્ છે." પછી સુદર્શન શેઠને મહા

ઉત્સવ પૂર્વક ઘેર લઈ ગયા. તેમને વૈરાગ્ય પ્રાપ્ત થયો તેથી તેમણે સંયમ ગ્રહણ કરી સર્વ કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આવી રીતે પોતાના શીળના માહાત્મ્યથી તેઓ અંતે મોક્ષગામી થયા. મનોરમા પણ અનુક્રમે સંયમ ગ્રહણ કરી, કર્મને હણી મોક્ષસુખ પામી.

## સ્થૂલભદ્ર મુનિ.

જેવી રીતે સ્થૂલભદ્રે મંત્રીની પદવી ત્યજી દઇને સંયમ અંગીકાર કર્યો અને કોશયાએ તેને ચળાવવા અનેક ઉપસર્ગ કર્યા છતાં પણ તેઓ તલમાત્ર ડગ્યા નહીં, તેમ સંતોષરૂપી ઐશ્વર્યના વાંછક પુરૂષો રાજ્યને પસંદ કરતા નથી અને શીળવ્રતમાં દૃઢ રહી સ્ત્રીઓના હાવભાવથી ચળતા નથી.

પાટલીપુત્ર(પટના) નગરને વિષે નવમો નંદ રાજા રાજ્ય કરતો હતો. તેને કલ્પ વંશનો શકટાળ નામે મંત્રી હતો. તેને લક્ષ્મીવતી નામની સ્ત્રી, સ્થૂળભદ્ર તથા શ્રીયક નામના બે પુત્રો અને સાત પુત્રીઓ હતી. ( આ સંબંધ શ્રીયકની કથાથી જાણી લેવો. ) શકટાળ મંત્રી દેવગત થયા પછી નંદ રાજાએ રિવાજ પ્રમાણે તેના પુત્ર શ્રીયકને પ્રધાન પદવી લેવાનું કહ્યું. તેણે કહ્યું "મ્હારો મ્હોટો ભાઇ સ્થૂળભદ્ર કોશ્યા ગણિકાને ઘેર બાર વર્ષ થયાં રહે છે, તેને બોલાવીને એ પદવી આપો!" તે ઉપરથી રાજાએ સેવકોને મોકલીને તેને બોલાવ્યો. તે આવીને નમન કરીને ઉભો રહ્યો. રાજાએ તેને સન્માન પૂર્વક કહ્યું—"ત્હારો પિતા મૃત્યુ પામ્યો છે, માટે એ પદ ક્રમપ્રમાણે તું ગ્રહણ કર." સ્થૂલભદ્રે રાજાને કહ્યું "આપનું કહેવું પ્રમાણ છે પણ વિચાર કરીને ગ્રહણ કરીશ." એમ કહીને તે અશોકવનમાં ગયો. ત્યાં જઇને વિચારવા લાગ્યો—"જો એ પદ હું ગ્રહણ કરીશ તો હું પરવશ થઇશ અને એમ પણ થશે કે, તેમના વિચાર

પ્રમાણે નહિ અનુસરૂં તો તે રૂષ્ટ થઇ પ્રાણ પણ લેશે. માટેજ કહ્યું છે કે—દરિદ્ર, રોગી, મૂર્ખ, કાસદ અને નિત્ય સેવક એ પાંચે જણ જીવતા છતાં મૃત્યુ પામેલા જેવા સમજવા. ખરેખરા સુખી તો તેજ છે કે જેઓ ભોગવિલાસને ત્યજીને મુક્તિસુખને દેનાર એવા સંયમને અંગીકાર કરે છે. ”

આવો વિચાર કરી લોચ કરીને મુખવાસ્ત્રકા અને રજોહરણ સહિત તેણે રાજા પાસે જઈ ધર્મલાભ કહ્યો. રાજાએ કહ્યું “ किं आलोचितम् શું વિચાર કર્યો ? ” સ્થૂળભદ્રે એવો અર્થ કર્યો કે, “ કેમ, લોચ કર્યો ?” અને એવું સમજીને તેણે ઉત્તર આપ્યો કે, “હા જી, મેં लोचितम् લોચ કર્યો, એ વ્યાપારે મારે સર્યું. મ્હારે એ મુદ્રાવ્યાપાર નહિ જોઇએ; કારણકે, વ્યાપાર પાંચ મુદ્રાવાળો છે. જેમકે હાથને વિષે મુદ્રા, મુખે મુદ્રા, બન્ને પગે બે મુદ્રા અને ઘરને વિષે પણ મુદ્રા, એ પ્રમાણે વ્યાપાર પાંચ મુદ્રાવાળો છે. ” એમ કહીને ધર્મલાભ દઇ તેમણે શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે જઇને સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગરૂપી દીક્ષા ગ્રહણ કરી. પછી રાજાએ શ્રીયકને મંત્રીપદ આપ્યું. તેણે પણ સ્થૂલભદ્રના વિયોગથી પીડાતી કોશ્યા–વેશ્યાને બોધ પમાડીને શોક ઊતરાવ્યો. હવે સ્થૂળભદ્ર મુનિ ગુરૂના ચરણની સેવા કરતા તપશ્ચર્યાદિ કરતા કરતા અભ્યાસ કરવા લાગ્યા. એક વાર વર્ષાઋતુ શરૂ થયા પહેલાં ત્રણ શિષ્યોએ સંભૂતિવિજય ગુરૂ પાસે આવીને આવા અભિગ્રહ લીધા.—એકે કહ્યું કે, “ હું ચારે મહિના સિંહની ગુફા પાસે કાયોત્સર્ગે રહીશ. ” બીજાએ કહ્યું કે, “ હું સર્પના બીલ પાસે ચાર મહિના સુધી કાયોત્સર્ગે રહીશ. ” ત્રીજાએ કહ્યું કે, “ હું કુવાના ભારવટિયા ઉપર કાયોત્સર્ગે રહી ચોમાસુ નિર્ગમન કરીશ. ” તે વખતે સ્થૂળભદ્રે આવીને કહ્યું “ હે ભગવન્ ! હું કોશ્યા ગણિકાની ચિત્રશાળાને વિશે ષડ્રસ ભોજન લેતો છતો ચોમાસુ પૂર્ણ કરીશ. ” ગુરૂએ સર્વને કહ્યું “ સૌ પોતપોતાનાં

વાંછિત સ્થાનકે સુખે જાઓ પણ ત્યાં તમારે ધર્મને વિષે તત્પર રહેવું. ”

પછી પેલા ત્રણે શિષ્યો પોતપોતાને ઇચ્છિત સ્થાનકે જઇને રહ્યા. સ્થૂલભદ્ર પણ ગુરૂને નમીને કોશ્યા વેશ્યાને ઘેર ગયા. ત્યાં તો તેમને જોઇને તે તુરતજ અંજળિ જોડીને ઉભી થઇ અને તેમને સન્માનપૂર્વક કહેવા લાગી–“ પધારો, સ્વામિ પધારો, આદેશ હોય તે ફરમાવો, આપને જે રૂચે તે કરવાને દાસી તૈયાર છે. ” સ્થૂળભદ્રે કહ્યું, “તને ધર્મનો લાભ થાઓ. ત્હારી ચિત્રશાળાની મારે ચોમાસુ રહેવાને માટે જરૂર છે.” એટલે તેણીએ તેમને ચિત્રશાળા સોંપી. કોશ્યાની રજા લઇ તેમાં તેઓ રહ્યા. વેશ્યાએ વિચાર્યું કે ‘સુકુમાર દેહવાળા એ કુમાર વ્રતભાર નહિ સહન કરી શકવાથી અહિં પાછા આવ્યા છે. લજ્જાને લીધે તે હમણાં જો કે કંઈ નહિ બોલે, તોપણ અનુક્રમે બોલશે અને મને લાભ આપશે. એને હું ક્ષણવારમાં ચાતુર્ય અને શૃંગારરસ રૂપી સમુદ્રમ ડૂબાવીશ. ”

એમ ધારીને તે વેશ્યા બાકણ, સંબાકણ અને સંબાનેય એ ત્રણ પ્રકારનાં ધાન્યથી તથા દૂધ, દહિ, ઘી, કાંજી, છાશ અને મધ એ છ રસોથી, તથા મૂળ, કંદ, ઇક્ષુરસ, લતા, પત્ર, પુષ્પ અને ફળ એ છ પ્રકારનાં શાકથી મુનિને હમેશાં જમાડવા લાગી. તેમના જમી રહ્યા પછી પડી રહેલું ભોજન તે જમતી. પછી તે વેશ્યા અનેક મનોરથાદિક કરતી દુઃસહ ભ્રુકુટિ રૂપ બાણને ચલાવતી મુનિની પાસે આવતી, તો પણ તેણીની બહારની સ્થિતિ કે બહારનું રૂપ જોઇને તેઓ રક્ત થયા નહિ; તેમ તેણીની અંતરંગની મલીન સ્થિતિ જોઇને વિરક્ત પણ થયા નહીં! વેશ્યા તેમને મોહ પમાડવાને જે જે ઉપાયો આદરવા લાગી, તે તે સર્વ નિષ્ફળ થવા લાગ્યા; કારણ કે આકાશમાં ચિત્રની રચના અને જળને વિષે દીપક એ કદી બને નહીં.

આમ તે કોશ્યા નિત્ય નિત્ય તેને ક્ષોભ પમાડવાને નવીન નવીન ઉપાય કરે, પણ સ્થૂળભદ્ર મુનિ ધ્યાન રૂપી રસથી ડગે નહીં. ઉલટું તેણીના ઉપસર્ગથી તેમનું ધ્યાન વધારે વધારે દીપવા લાગ્યું, કે જેવી રીતે પુષ્કળ પ્રહાર વાગવાથી વીર પુરૂષનું સત્ત્વ વધારે ને વધારે પ્રકાશે. પછી પ્રથમ હાવભાવ બતાવીને તેમના ચરણમાં પડીને તેણીએ ભોગસુખાદિકને વિષે પૂર્વની પેઠે તેમને મનાવવા માંડયા; ત્યારે સ્થૂળભદ્ર મુનિ બોલ્યા " હે કોશ્યા ! આ જીવે બહુ ભોગ ભોગવ્યા છે, પરંતુ તૃપ્તિ પામ્યો નથી. કહ્યું છે કે–" કામભોગ શલ્ય છે, કામભોગ વિષ છે અને કામભોગ આસીવિષ ( સર્પની દાઢમાં રહેલા ઝેર ) જેવા છે. તે કામભોગ ભોગવ્યા ન હોય છતાં તેની પ્રાર્થના કરવાથી એટલે તેની ઇચ્છા કરવાથી પણ જીવો દુર્ગતિમાં જાય છે. વળી ચેતના રહિત વસ્તુને વિષે પણ રાગ છે તે દ્વેષને પોષવાને અર્થેજ છે. કારણ કે, મજીઠમાં રાગ–રંગ છે તો તેને બહુ ખંડાવું પડે છે અને અત્યંત તાપ સહન કરવા પડે છે. વળી મૃત્તિકા જેવા એકેંદ્રિય જીવને પણ રાગના દોષને લીધે વિષ્ટા ઉપર નખાવાનું તથા પત્થરથી પીલાવાનું સહન કરવું પડે છે. જેમ તંતુ મચ્છરને બાંધી શકે છે, પણ હસ્તિને બાંધી શકતો નથી, તેમ વિષય તો ફક્ત કાયર પુરૂષનેજ વિહ્વળ કરે છે પણ ઉત્તમ પુરૂષને નહીં. વળી મૈથુનસંજ્ઞામાં આરૂઢ થએલો જીવ નવ લાખ જીવોને હણે છે, એમ આગમમાં કહ્યું છે, માટે મૈથુનથી જીવોની હિંસા થાય છે. " સ્થૂળભદ્રે કહેલાં આવાં ઉપદેશવચનથી કોશ્યા વેશ્યાએ પોતાના કુળાચારધર્મને છોડીને શ્રાવકધર્મ અંગીકાર કર્યો. પૂર્ણ ભાગ્ય વિના કુમાર્ગ ત્યજી શકાતો નથી. જે સ્ત્રી પુરૂષો સન્માર્ગગામી હોય છે તેઓજ મોક્ષ લક્ષ્મીના ભોકતા થાય છે. સ્થૂળભદ્ર મુનિએ આ પ્રમાણે ઇંદ્રિયો ઉપર જીત મેળવી. તે જોઇને કોશ્યાએ પણ એમ અભિગ્રહ કર્યો

કે, " રાજા પ્રસન્ન થઈને જે પુરૂષને મ્હારી પાસે મોકલે, તે પુરૂષ સિવાય બીજા બધા મ્હારે ભાઈ સમાન છે. "

ચોમાસુ પૂર્ણ થએ સ્થૂળભદ્ર ગુરૂ સમીપે આવ્યા. બીજા ત્રણ શિષ્યો પણ પોતપોતાના અભિગ્રહ પૂર્ણ થએ ત્યાં આવ્યા. તે ત્રણને જોઇ ગુરૂએ કહ્યું " અહો ! તમે દુષ્કર કર્યું છે ! " પણ સ્થૂળભદ્રને તેમણે ઊઠીને એમ કહ્યું કે, " અહો ! તમે અતિ દુષ્કર કર્યું છે ! ! " તે ઉપરથી તે ત્રણે મુનિઓ વિચારવા લાગ્યા– "આપણે સામાન્ય કુળમાં જન્મેલા છીએ અને આ સ્થૂળભદ્ર તો શકટાળ મંત્રીનો પુત્ર ખરો ને ! તેથી ગુરૂએ એને એ પ્રમાણે 'અતિ દુષ્કરકારક' એમ કહ્યું. છ રસના આહારના ભોગવનારાની તેમણે પ્રશંસા કરી." બત્રીશ લક્ષણવાળા વલયથી કોશ્યા વેશ્યાને વિષે આસક્તિ પામેલા સ્થૂળભદ્રે વ્રતનું આચરણ કરીને વિશ્વને જીતનાર એવા કામને, બોધરૂપી શસ્ત્રથી મારીને ગુરૂના પ્રસાદથી આ 'અતિ દુષ્કરકારક કર્યું" એવું પદ મેળવ્યું. પેલા ત્રણ દુષ્કરકારક મુનિઓ વળી વિચારવા લાગ્યા કે, "ગુરૂને પણ કોઇક આવક છે, ને કોઇ ઓછા છે ! માટે હવે આપણે આવતા ચોમાસામાં દુષ્કર દુષ્કરકારક થઇશું. " એવો નિશ્ચય કરીને તે ત્રણેએ મહા કષ્ટે આઠ મહિના કાઢયા.

હવે ચોમાસુ આવ્યું ત્યારે સિંહગુફામાં રહેલા મુનિએ આચાર્યને કહ્યું. " સ્થૂલભદ્રે કર્યું તેમ કરીશ. " ગુરૂએ કહ્યું "હે મહાનુભાવ ! સ્થૂલભદ્રે જે કર્યું છે, તે કોઇ નહીં કરી શકે!" તારે વળી સ્થૂળભદ્રનો વાદ શો ? સૂર્ય વિના બીજો કોઇ દિવસ ન કરી શકે. ચંદ્ર વિના બીજો કોણ અમૃત ઝરે ? પાણી વિના બીજો કોણ ધાન્ય નીપજાવે ? અને ચક્રવર્તી સિવાય બીજો કોણ છ ખંડ સાધી શકે ? માટે તેં આવો અભિગ્રહ કર્યો છે, તે તારૂં પૂર્વનું પુણ્ય નાશ કરશે "

સંભૂતિવિજય આચાર્યે, આ પ્રમાણે બહુ નિષેધ કર્યો, છતાં તે નહિ માનતા તે મુનિ કોશ્યાના આવાસે આવ્યા. ત્યાં તેણે તેણીની ચિત્રશાળા માગી, જે તેણીએ આપી. કોશ્યાએ જાણ્યું કે, સ્થૂળભદ્ર ઉપર ઈર્ષ્યાને લીધે તે અહિં આવ્યા છે. તે ઉપરથી તેણીએ તેમને છ રસ યુક્ત આહાર જમાડયો. પછી ઉન્નતસ્તની એવી તે વેશ્યા શૃંગારે, હાવભાવ વગેરે વિલાસ કરતી મુનિ પાસે આવીને ઉભી રહી. તેને જોઇને મુનિ ક્ષોભ પામ્યા. કહ્યું છે કે, સારા અવયવે યુક્ત એવી સ્ત્રીને દેખીને કોણ ન પડે? અગ્નિએ કોણ ન બળે ? લક્ષ્મીથી કોણ મોહ ન પામે ? અને વિધિને વશ કોણ ન થાય ?

હવે કામાતુર અને ભોગવાંછાવાળા મુનિને જોઇને વેશ્યાએ કહ્યું “ અમારે દ્રવ્ય જોઈએ, દ્રવ્ય વિના કોઈ આવા ભોગ ભોગવી શકે નહીં.” તે ઉપરથી કામાતુર સાધુ બોલ્યા “ મ્હારી પાસે હાલ કાંઈ નથી, પછી હું આપીશ.” ત્યારે વેશ્યા તેમને પ્રતિબોધ પમાડવાને બોલી. “જો ભોગની વાંછા હોય તો નેપાળ દેશને વિષે જાઓ. ત્યાંનો રાજા સાધુઓને લક્ષમૂલ્યવાળી રત્નકંબલ આપે છે, તે લઈ આવો અને પછી તમારૂં ઇચ્છિત કરો. ”

કામાતુર મુનિ તો ચોમાસુ છતાં પણ નેપાળ દેશમાં ગયા અને ત્યાંથી રત્નકંબળ લઇને પાછા વળ્યા. રસ્તામાં પલ્લિપતિનો પોપટ બોલ્યો ‘લક્ષ જાય છે. ” એ સાંભળીને પલ્લિપતિએ જાણ્યું કે સાધુ પાસે લક્ષ મૂલ્યની વસ્તુ છે તે ઉપરથી કંબળ લઈ લીધી. તેથી સાધુને ફરી નેપાળ જવું પડયું અને રૂપ બદલવું પડયું. એમ કરીને ફરી રત્નકંબળ લાવ્યા. તેને વાંસની પોલી નળીમાં સંતાડી લાવ્યા. પોપટ બે ત્રણ વાર બોલ્યો. “લક્ષ જાય છે, લક્ષ જાય છે” પણ પલ્લિપતિને કાંબળ જડી નહીં. તેથી મહા કષ્ટે સાધુજી રત્નકંબળ લઇને વેશ્યા પાસે આવ્યા. તે તેણીને આપી. એટલે વેશ્યાએ સ્નાન કરીને તેના વડે શરીર લુહિને તેને ઘરની ખાળને વિષે

ફેંકી દીધી! સાધુએ કહ્યું "અરે કોશ્યા ! આ મહામૂલ્યવાળી રત્ન-કંબળ અત્યંત કષ્ટે પ્રાપ્ત કરી છે, તેને તું કેમ ખાળમાં ફેંકી દે છે?" વેશ્યાએ કહ્યું "અરે મૂર્ખ સાધુ ! એનો શો શોચ કરે છે? આ મહા કષ્ટે ઉપાર્જન કરેલો મનુષ્યઅવતાર, વળી તે પણ શુદ્ધ ચારિત્ર યુક્ત તેને મ્હારા મળ મૂત્ર સહિત એવા શરીરમાં ફેંકી દેતાં તને કેમ શોચ થતો નથી ? " આ સાંભળીને મુનિને કામરાગ વિષસમાન થઈ પડયો. એટલે વેશ્યાએ વૈરાગ્ય પમાડયો છે જેને એવા મુનિ બોલ્યા–"હે સુખની દેનારી ! હુ મહામોહજાળમાં પડયો, તેને ત્હારા જેવી વેશ્યાએ ચતુરાઈ વાપરી ઉદ્ધર્યો છે. જે અતિ-ચારદોષ મને લાગ્યા છે તે આળોવીને હું પાપ રહિત થઇશ. હવે હું ગુરૂ પાસે જાઉં છું. તને હમેશાં ધર્મલાભ થાઓ." કોશ્યાએ કહ્યું " હે પ્રભો ! બ્રહ્મચારી એવા આપને પણ પ્રતિબોધવાને અર્થે મેં જે આશાતના કરી હોય, તે આપ ક્ષમા કરજો. "

હવે તે સાધુ સ્થૂળભદ્ર મુનિની આ પ્રમાણે સ્તુતિ કરે છે. પર્વત-ની ગુફામાં કે માણસો વિનાના વનમાં વાસ કરીને તો હજારો જણ ઇંદ્રિયો વશ્ય રાખી શકે, પરંતુ અતિ મનોહર એવી હવેલીઓમાં સ્ત્રી જનની સમીપે રહીને ઇંદ્રિયો ઉપર નિગ્રહ રાખનાર તો શક-ટાળ પુત્ત સ્થૂળભદ્ર એકજ છે ! જે અગ્નિમાં પ્રવેશ કર્યા છતાં દાઝયોનહીં, ખડ્ગના અગ્ર ભાગને પામ્યા છતાં છેદાયો નહિ, કાળાસર્પના ઘરમાં રહ્યા છતાં દંશ પામ્યો નહીં અને કાજળના ઘરમાં રહ્યા છતાં પણ જેને ડાઘ માત્ર લાગ્યો નહીં ! સદા રાગવતી અને પોતાને અનુસરનારી એવી વેશ્યાનો સંગ છતાં, છ રસ યુકત ભોજન મળતાં છતાં, ઉત્તમ સ્થૂળ, મનોહર શરીર તથા નવ યૌવનનો સમાગમ છતાં અને ચોમાસાનો કામોત્પાદક કાળ છતાં પણ જે મહાપુરૂષે કામદેવ ઉપર જીત મેળવી, તે સ્ત્રીને પ્રબોધ પમાડવામાં કુશળ એવા શ્રી સ્થૂળભદ્રને નમસ્કાર થાઓ. "

પછી વેશ્યાને ધર્મલાભ કહીને સિંહગુફાવાસી મુનિ ગુરૂ

પાસે આવ્યા. ત્યાં ગુરૂએ કહ્યું, "મહાનુભાવ ! મ્હારો નિષેધ છતાં પણ તું ત્યાં ગયો; મેં કહ્યું હતું કે, સ્થૂળભદ્રે કર્યું તે કોઇથી કરી શકાશે નહીં. સ્થૂલભદ્ર સમાન કોઇ નથી." હે કામદેવ! આ સ્ત્રીઓ ત્હારાં મુખ્ય શસ્ત્ર છે. વળી વસંત, કોયલ, પંચમ રાગ અને ચંદ્ર પ્રમુખ ત્હારા મુખ્ય વીરો છે. હરિ, શિવ, બ્રહ્મા વગેરે ત્હારા સેવકો છે, છતાં એ ખેદ યુક્ત છે કે તું આવા એક મુનિથી પણ આશાભંગ થઇને હણાયો ! વળી હે રતિપતિ મદન ! આ સ્થૂલભદ્ર મુનિને નંદિષેણ, રથનેમિ મુનીશ્વર અને આર્દ્રકુમાર તુલ્ય ગણ્યા, પણ તેં ન જાણ્યું કે, એ તો નેમિનાથ, જંબુસ્વામિ અને સુદર્શન શેઠની પેઠે ચોથા થઇને તને રણક્ષેત્રને વિષેજ હણશે. વળી સ્થૂળભદ્ર અને નેમિનાથ એ બન્નેને સરખાવીએ તો પણ અમે તો સ્થૂળભદ્રને જ ઉત્તમ વીર માનીશું, કારણકે નેમિનાથે તો ગિરનાર પર્વત ઉપર ચઢીને મોહને જીત્યો પણ સ્થૂળભદ્રે તો મોહના જ ઘરમાં પ્રવેશ કરીને તે મોહને જીત્યો. વળી અસ્થિર મનવાળા પુરૂષો જ સ્ત્રીના વિભ્રમોથી મોહ પામે છે, પણ સ્થૂલભદ્ર જેવા ધીર પુરૂષો મોહ પામતા નથી. પાષાણ ચૂર્ણ થઇ શકે, લોહ આગનને વિષે બળી શકે, પરંતુ વૈડુર્યમણિ અગ્નિથી તપતા છતાં પણ વિકૃતિ પામતો નથી.

હવે નંદ રાજાએ કોશ્યા વેશ્યાના ચરિત્ર–સ્વરૂપને જાણીને એક કુશળ સુથારને તે વેશ્યા સોંપી અર્થાત્ તે સૂથારને તે વશ્યાને ઘેર મોકલ્યો. ત્યાં વિષય રહિત એવી વેશ્યા તે સૂથારને પ્રતિબોધ પમાડવાને કહેવા લાગી. "સ્થૂળભદ્ર વિના બીજો કોઈ પુરૂષ ધર્મવાન્ કે કુશળ દેખાતો નથી." તે ઉપરથી સ્થૂળભદ્રની પ્રશંસાને નહિ સહન કરી શકવાથી, તે સુથારે પોતાની કળા દેખાડવા માટે શય્યામાં બેઠાં બેઠાં જ એક તીર વડે આંબાની એક લુંબને વીંધી. પછી અર્દ્ધ ચંદ્રાકાર બાણથી તે લું-

અનેજ છેદીને મૂળ સહિત તે લુંબને લઈને વેશ્યાના હાથમાં આપી! એમ કરીને તેણે વેશ્યાને કહ્યું કે, જોયું મ્હારૂં વિજ્ઞાન?"

એ ઉપરથી કોશ્યાએ તેનો મદ ઉતારવાને સર્ષવના ઢગલા ઉપર સોય મૂકી, તે ઉપર પુષ્પ મૂકીને તેના ઉપર નૃત્ય કરવા માંડયું, પરંતુ સર્ષવ, સોય કે પુષ્પ કિંચિત્ પણ હાલ્યાં નહીં. વેશ્યાની કળાથી સંતુષ્ટ થઈ સુથારે આદર સહિત કહ્યું, "તને હું શું કહું? એ કંઈ અપૂર્વ કળા નથી, એ તો પ્રાણીઓને પૂર્વના અભ્યાસથી જાતિસિદ્ધ જ છે. કહ્યું છે કે—માછલાં પાણીમાં તરે છે, પક્ષીઓ આકાશમાં ઊડે છે અને દેવતાઓ ત્રણે જગતમાં ફરે છે, તે તેમને પ્રકૃતિથી જ સિદ્ધ છે, કંઇ આશ્ચર્ય યુક્ત નથી. માટે તેં જે લુંબ આણી તે અભ્યાસને લીધેજ અને મેં જે નૃત્ય કર્યું તે પણ અભ્યાસથીજ. માટે મેં અને તેં જે કર્યું એ કંઇ દુષ્કર નથી, પરંતુ ભોગથીજ ઉજ્વળ છે શરીર જેનું એવા અને ભોગમાં જ ઉછરેલા એવા સ્થૂળભદ્રે, જે નહિ જાતિસિદ્ધ કે નહિ અભ્યાસિત એવું કર્યું તેજ દુષ્કર કહેવાય. તેજ આશ્ચર્યકર્તા કહેવાય કે જે સ્થૂળભદ્રે કર્યું! મ્હારી સાથે બાર વર્ષ સુધી ભોગ ભોગવ્યા હતા, તેણે આવીને મ્હારી ચિત્રશાળામાં રહીને છ રસનો આહાર લેતાં છતાં પણ અખંડ વ્રત પાળ્યું!" વળી વેશ્યા સુથારને કહેવા લાગી—"એ પ્રમદારૂપી વનમાં નાહ ગુંચવાતાં બહાર નીકળી આવ્યો, માટે એણેજ દુષ્કર કાર્ય કર્યું"

આવું આવું વેશ્યાએ કહ્યું, ત્યારે સુથારે "સ્થૂળભદ્ર કોણ?" એમ પૂછયાથી તેણીએ ઉત્તર આપ્યો. "શકટાળ મંત્રીનો પુત્ર." ત્યારે સુથારે કહ્યું એવા પુરૂષનો તો હું દાસાનુદાસ છું. એમ કહીને વૈરાગ્ય પામવાથી ભૂપતિની રજા લઇને તેણે ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી.

હવે એકદા બાર વર્ષ સુધી દુકાળ પડયો, તે વખતે સા-

ધુઓનો સંઘ સમુદ્રવાટે શ્રી ગુરૂની પાસે આવ્યો. આવો વિષમ સમય થવાથી સાધુઓ ક્ષુધાથી પીડાતા હોવાથી ભણતા ગણતા બંધ થયા. તેથી સૌ સિદ્ધાંતો વિસરી ગયા.

તે ઉપરથી પાટલીપુત્ર નગરમાં સંઘ મળ્યો. ત્યાં જેને જે જે સૂત્ર આવડતાં હતાં તે તે એકઠાં કરીને અગીઆર અંગ પૂર્ણ કર્યાં. ત્યાર પછી શ્રી સંઘે બારમા દષ્ટિવાદ અંગ માટે બે સાધુઓને શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે મોકલ્યા. તેમને પ્રણામ કરીને સાધુઓએ કહ્યું–" આપને ગુરૂ મહારાજ પાટલીપુત્ર નગરમા બોલાવે છે. " ભદ્રબાહુ સ્વામી બોલ્યા, " હમણાં મેં મહાપ્રાણ નામનું ધ્યાન આરંભ્યું છે, માટે મ્હારાથી ત્યાં હમણાં આવી શકાશે નહીં." સાધુઓએ પાછા આવીને તે પ્રમાણે કહ્યું. તે ઉપરથી ગુરૂએ અને શ્રીસંઘે ફરીથી બે શિષ્યને ત્યાં મોકલાવ્યા. તેમણે ભદ્રબાહુસ્વામીને પૂછયું "જે સંઘની આજ્ઞા પ્રમાણે ન વર્તે તેને શો દંડ કરવો ?" શ્રીભદ્રબાહુસ્વામીએ ઉત્તર આપ્યો–"તેને શ્રીસંઘની બહાર મૂકવો." ત્યારે શિષ્યોએ તેમને કહ્યું. "આ વચનથી તો તમેજ સંઘની બહાર થયા." ત્યારે ભદ્રબાહુ મુનિ બોલ્યા, " મ્હારે સંઘનો આદેશ પ્રમાણ છે, પણ હમણાં હું મહાપ્રાણ ધ્યાનમાં છું, તેથી મ્હારે નવરાશ નથી તોપણ હું તે સાધુઓને સાત વાચના દઇશ. એક વાચના ગોચરીએથી આવીને આપીશ, બીજી મધ્યાહ્ને આપીશ, ત્રીજી બહારની ભૂમિથી પાછા આવીને, ચોથી સંધ્યા સમયે અને ત્રણ વાચના પ્રતિક્રમણ વખતે આપીશ. એમ કરવાથી શ્રી સંઘનું તેમજ મ્હારૂં કાર્ય પણ થશે. "

આ સાંભળી તેમણે નમીને બન્ને સાધુ પાછા વળ્યા. આવીને સંઘને સર્વ વાત કહી તેથી હર્ષ પામીને શ્રીસંઘે સ્થૂળભદ્ર પ્રમુખ પાંચશેં સાધુને દૃષ્ટિવાદ શીખવાને મોકલ્યા. આંતરે આંતરે થોડા થોડા વખત વાચના મળવાથી તેઓમાંના ઘણાખરા

સામાન્ય બુદ્ધિને લીધે ભણતા ભણતા ઉદ્વેગ પામી થોડું થોડું શીખી પોતપોતાને સ્થાનકે જતા રહ્યા. છેવટ ફક્ત સ્થૂળભદ્ર એકલા રહ્યા. ત્યારે સ્થૂળભદ્રને પણ મનભંગ થયેલા જોઇને ગુરૂએ પૂછ્યું.–"કેમ ખેદ પામે છે?" ઉત્તર મળ્યો કે, "આપ અલ્પ વાચના આપો છો તેથી મને તૃપ્તિ થતી નથી." ગુરૂએ કહ્યું. "ફિકર ન કર, મ્હારૂં ધ્યાન લગભગ પૂર્ણ થવા આવ્યું છે; માટે એ સમાપ્ત થશે કે તુરત તને સંતોષ થશે ત્યાં સુધી પાઠ આપીશ." ધ્યાનપૂર્ણ થએ ગુરૂએ સ્થૂળભદ્રને વાચના આપવા માંડી એટલે સ્થૂલભદ્ર બુદ્ધિવંત હોવાથી બે વસ્તુ સિવાય દશ પૂર્વ શીખી ગયા.

હવે શ્રીયક પણ સંભૂતિવિજયનો ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લેવાને આતુર થયો એટલે તેની સાથે તેની બહેનો પણ દીક્ષા લેવાને તત્પર થઈ. તે એમ સમજીને કે, "સંયમ લક્ષ્મી ગ્રહણ કર્યા વિના સંસારનો પાર પામવાનાં નથી." એ ઉપરથી શ્રીયકે પોતાના પુત્ર શ્રીધરને મંત્રીપદે સ્થપાવી, રાજાની આજ્ઞા લઈ સાતે બહેનોની સાથે દીક્ષા અંગીકાર કરી. શ્રીસંભૂતિ-વિજયની પાસે તે સર્વે ભણતાં ગણતાં તપશ્ચર્યા કરતાં વિહાર કરવા લાગ્યા.

એકદા શ્રી પર્યુષણ પર્વ આવ્યાં, ત્યારે શ્રીયકની બહેનો તેને કહેવા લાગી. "હે ભાઇ ! આજે વાર્ષિકપર્વદિવસ છે, માટે આજ તો પચ્ચક્ખાણ કર; કારણકે, આવા પર્વને દિવસે દાન, પુણ્ય, તપ કરવાથી અનંત ફળ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે, જે પ્રાણી એકાગ્ર ચિત્તે જિનશાસનની પૂજા પ્રભાવનામાં વૃદ્ધિ કરવા તત્પર રહે અને એકવીશ વખત કલ્પસૂત્ર સાંભળે, તે શીઘ્રપણે ભવસાગર તરી જાય. બહેનોનું આવું કહેવું સાંભળીને શ્રીયકે પોરસી કરી. ત્યાર પછી તેણે સાઢપોરસીનું પચ્ચ-ક્ખાણ કર્યું. પછી પુરિમડ્ઢનું, પછી અવડ્ઢનું, એમ અનુક્રમે ઉપવાસ કર્યો. આખો દિવસ મહોત્સવમાં નિર્ગમન કર્યો,

પણ રાત્રિ તો મહા દુઃખદાઇ થઈ પડી ! એટલે પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરાવ્યું છે જેને એવો તે અંતે મૃત્યુ પામી પરલોક ગયો.

ભાઇએ કાળ કર્યો તેથી યક્ષા સાધ્વી દુઃખથી ખેદ પામી શ્રી સંઘની આગળ કહેવા લાગી. "મેં બહુ અવિચારી કાર્ય કર્યું, તેથી મ્હારા ભાઇએ કાળ કર્યો. એ પાપથી હું કેમ છૂટીશ ? મેં સાધુનો ઘાત કર્યો, તેથી મ્હારે નરકગતિમાં જવું પડશે. માટે હવે હું આત્મઘાત કરીશ." શ્રી સંઘે કહ્યું–"એમાં તમારો દોષ નથી. એ તો તમે હિતબુદ્ધિએ એને ઉપવાસ કરાવ્યો, તમને પુણ્ય થશે અને તમારા ભાઇને પણ સ્વર્ગ પ્રાપ્ત થયું છે." યક્ષાએ કહ્યું "પણ તે વાત શ્રી જિનેશ્વર કહે તોજ હું સત્ય માનું." એટલે શ્રી સંઘે કાયોત્સર્ગ કર્યો, તેથી શાસનદેવીએ યક્ષા સાધ્વીને ધીમેથી ઊપાડીને શ્રીસીમંધરસ્વામી પાસે જઈ મૂકી. તેણીએ નમસ્કાર કરી પોતાના સંદેહ પૂછ્યા ત્યારે અર્હંત્ ભગવાને કહ્યું–" એમાં ત્હારો દોષ નથી. શ્રીયક બહુ કર્મોનો ક્ષય કરીને પહેલે દેવલોક ગયો છે, ત્યાંથી તે મુક્તિ પામશે." ત્યાં શ્રી સીમંધરસ્વામીએ ધર્મોપદેશ રૂપ ચાર ચૂલિકા આપી, તે ચારે તેણીએ ધારી લીધી.

હવે પોતાનો સંશય નિવારણ થયો એટલે તેણીએ શ્રીજિનેશ્વરને વંદન કરી, શાસનદેવીની સહાય્યથી પોતાના સ્થાનકે આવીને ચારે ચૂલિકા શ્રીસંઘને આપી. પછી યક્ષા સંઘ સહિત ધર્મકાર્ય કરવા લાગી.

હવે એકદા તે સાતે બ્હેનો પોતાના ભાઇ સ્થૂળભદ્રને વંદન કરવા ગઈ. વનને વિષે પૂજ્યપાદ ગુરૂ શ્રીસંભૂતિવિજય આચાર્યને નમીને પૂછ્યું " હે સ્વામિન્ ! અમારો ભાઇ ક્યાં છે ? ગુરૂએ કહ્યું "આગળ જાઓ; અશોક વૃક્ષ આવશે, તેની પાસે તે એકાંતે સજ્ઝાય કરતો હશે." બહેનો ત્યાં ગઇ, તો પોતાના

ભાઇની જગ્યાએ તેમણે સિંહને દીઠો. તે જોઇ ભય પામીને તેઓ પાછી આવતી રહી. આવીને ગુરૂને કહ્યું "અમારા ભાઇને સિંહ ભક્ષણ કરી ગયો છે; કારણ કે ત્યાં તે નથી, ફક્ત એક સિંહ છે." આચાર્યે કહ્યું "ખેદ ન કરો. તમારો ભાઇ કુશળ વિદ્યમાન છે, ફરી જાઓ અને વંદન કરો." યક્ષાદિ સર્વ બહેનો-સાધ્વીઓએ ત્યાં ફરીને સ્થૂલભદ્રને વાંદ્યા. તેઓએ ત્યાં ચમત્કાર પામીને પૂછયું એટલે સ્થૂલભદ્રે "એ સિંહનું રૂપ મેં વિકુર્વ્યું હતું" એમ કહ્યું. એ વાત સાધ્વીઓએ જઇને સંભૂતિવિજય આચાર્યને કહી.

હવે સ્થૂળભદ્ર સજઝાય કરીને ગુરૂની પાસે વાચના લેવા આવ્યા ત્યારે ગુરૂએ કહ્યું, "હું તને હવે વાચના નહિ આપું, તું અયોગ્ય છે. તે સિંહનું સ્વરૂપ કર્યું, તો બીજાની શી વાત ? કાળના માહાત્મ્યથી હવે આગળ વિદ્યા પચશે નહીં; માટે સુપાત્રને વિદ્યા આપવી, કુપાત્રને ન આપવી. જેવી રીતે કાચા ઘડાને વિષે નાખેલું પાણી તે ઘડાનોજ વિનાશ કરે છે, તેવી રીતે સિદ્ધાંતનું રહસ્ય પણ આધારનો વિનાશ કરે છે." તે ઉપરથી સ્થૂળભદ્રે શ્રી ગુરૂપાદને પ્રણમીને પોતાના અપરાધની ક્ષમા માગી, "હું હવે પછી એવો અપરાધ નહિ કરૂં." પણ ગુરૂએ તો વાચના આપવાની ના પાડી. ત્યારે શ્રી સંઘે મળીને કહ્યું "હે સ્વામિન ! ત્યારે તમે બીજા દશ પૂર્વધારી સાધુઓને વાચના આપો." ગુરૂએ ઉત્તર આપ્યો કે, "સ્થૂળભદ્ર જેવાને પણ જ્ઞાનનું અજીર્ણ થયું, ત્યારે બીજાઓને તો તે કયાંથીજ પચશે ? કારણ કે, આ કાળજ દુષમ છે." શ્રીસંઘે કહ્યું. "એમ કરવાથી તો સર્વ પૂર્વનો વિચ્છેદ થશે અને તેનું પાપ આપને લાગશે." ત્યારે ગુરૂએ કહ્યું "જો સ્થૂળભદ્ર હવે પછી બીજા સાધુઓને છેલ્લાં ચાર પૂર્વ ન શીખવે, તો હું એને તેનો પાઠ આપું." શ્રી સંઘે કહ્યું "આપે

કહ્યું તેમજ થશે." પછી ગુરૂએ સ્થૂળભદ્રને છેલ્લાં ચાર પૂર્વ મૂળથી શીખવ્યાં પણ તેના અર્થ શીખવ્યા નહીં.

હવે સ્થૂળભદ્ર મુનિ એકલા ચૌદ પૂર્વના ધારણહાર પૃથ્વીમાં વિચરતા, તપશ્ચર્યા કરતા, અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા, કાળધર્મ પામી પહેલે દેવલોકે ગયા. એવી રીતે જે કોઇ ભવ્ય પ્રાણીઓ શિયળવ્રતને ઉત્તમ રીતે પાળશે તે સ્વર્ગાદિનાં સુખ ભોગવી અંતે મોક્ષલક્ષ્મીને પામશે.

---

## સીતા સતી.

જે સ્ત્રી પુરૂષો નિરંતર શીલવ્રત પાળે છે તેઓ ત્રણે ભુવનને વિષે સીતાની પેઠે પ્રશંસા પામે છે.

મિથિલા નગરીને વિષે હરિવંશના વાસુકિ નામના રાજાની વિપુલા નામે રાણીની કૂખથી જન્મેલો જનક નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને વિદેહા નામની સ્ત્રી હતી. એકદા વિદેહાએ પુત્ર પુત્રીના સુંદર યુગલને જન્મ આપ્યો. તે વખતે સૌધર્મ દેવલોક થકી પિંગળ નામે દેવ ત્યાં આવીને પૂર્વ ભવના વૈરને લીધે તે યુગલમાંથી પુત્રને લઇને જતો રહ્યો. જતાં જતાં તેને માર્ગમાં દયા આવી, તેથી તેને કુંડલાદિ ભૂષણો પહેરાવી, વૈતાઢ્ય પર્વતના વનને વિષે મૂકી પોતાને સ્થાનકે ગયો. તે વખતે તે પર્વત ઉપર આવેલા રથનુપુર નગરનો સ્વામી ચંદ્રગતિ વિદ્યાધર ત્યાં આવ્યો. તેણે પેલા બાળકને જોઇ, તેને લઈ જઇ પોતાની પ્રિયા પુષ્પાવતીને આપ્યો. પછી નગરને વિષે તેણે " રાણી ગુપ્તગર્ભા હતી, તેણીને પુત્ર પ્રસવ્યો છે, " એમ વાત પ્રગટ કરીને પુત્રનો જન્મોત્સવ કર્યો, અને ભામંડળનું ચિન્હ દેખવા ઉપરથી તેનું ભામંડળ કુમાર એવું નામ પાડયું. અનુક્રમે ચંદ્રગતિના અત્યંત લાડમાં ઉછરતો એ બાળ યૌવન વય પામ્યો.

અહિં પાછળ મિથિલા નગરીને વિષે જનક, રાજપુત્રને નહિ જોવાથી બહુજ દુ:ખી થયો પણ છેવટે શોક ત્યજી દઇને પુત્રીનું નામ સીતા પાડયું. આ પુત્રી સીતાએ અનુક્રમે યૌવનાવસ્થા પ્રાપ્ત કરી સ્ત્રીની સર્વ કળાનો અભ્યાસ કર્યો. એ જોઇ પિતા જનક તેને અર્થે વર શોધવાની ચિંતામાં પડયો. દીકરીનો બાપ સર્વથા દુ:ખીજ હોય છે. કહ્યું છે કે—એના જન્મે સમયે શોક, વૃદ્ધિ પામે તેમ ( વર શોધવાની ) ચિંતા અને તેણીને પરણાવતાં પણ દંડ આપવો પડે. એવામાં મ્લેચ્છ લોકો દૈત્યની પેઠે જનક રાજાને હણવા આવ્યા. તે ઉપરથી તેણે પોતાના મિત્ર દશરથ ભૂપતિને એ વાત જણાવી એટલે યુવરાજ રામે પિતાની આજ્ઞા લઇને ત્યાં જઈ યુદ્ધમાં સર્વ મ્લેચ્છ ઉપર વિજય મેળવ્યો. તે ઉપરથી જનક રાજાએ હર્ષ પામી રામને મહોત્સવ સહિત પોતાના નગરમાં આણ્યો. અને તેને પોતાની પુત્રી સીતા આપવાને તત્પર થયો. આ અવસરે પીળા કેશવાળા અને હસ્તને વિષે છત્ર ધારણ કરનાર એવા નારદ મુનિ ત્યાં આવ્યા. તેમનું ભયાનક રૂપ જોઇ સીતા ભય પામી નાસવા લાગી. તેણીની દાસીઓએ પણ કોલાહલ કરી મૂકયો. તે સાંભળી રાજસેવકોએ આવી નારદ ઋષિને કંઠે ઝાલીને ઘરથી બહાર કાઢી મૂકયા. આમ થવાથી ઋષિ કોપાયમાન થયા અને સીતાની એક સરસ છબી આળેખીને તેણે તે ચંદ્રગતિ વિદ્યાધરના પુત્ર ભામંડળને બતાવી. એ છબી "પોતાની બ્હેનની છે" એમ ન જાણનારો કુમાર તો એ જોઇને કામવિહ્વલ થયો અને અલ્પ જળમાં રહેલા માછલાની સ્થિતિને પામ્યો. ચંદ્રગતિએ પોતાના સુતના ઉદ્વેગનું કારણ જાણી લઇ, ચપળગતિ નામનો દૂત મોકલીને જનક રાજા પાસે સીતાનું માગું કર્યું.

જનકે પ્રીતિ સહિત કહ્યું. "મેં પૂર્વે આ મ્હારી પુત્રીને દશરથ રાજાના કુમાર રામને આપવાનું ધારી મૂકયું છે, તો પણ

હવે એમ કહું છું કે જે મનુષ્ય દેવતાથી અધિષ્ઠિત એવાં વજ્રાવર્ત નામના બે ધનુષ્યને ઉપાડીને એના ઉપર પણછ ચઢાવશે તેને સીતા વરશે. એમ કહીને તેણે સ્વયંવર મંડપ રચાવ્યો અને એ બે ધનુષ્યોને સ્વયંવર મંડપમાં મૂકીને અનેક રાજાઓને તેડાવ્યા.

હવે પેલા ચપળગતિ દૂતે પોતાના રાજાને જનકે કહેવરાવ્યું હતું, તે પ્રમાણે કહ્યું. એટલે તે પોતાના પુત્રને લઇને ત્યાં આવ્યો. દશરથ પણ પોતાના પુત્રો સહિત સ્વયંવર મંડપ ઉપર આવી પહોંચ્યો. બીજા પણ અનેક રાજાઓ અને વિદ્યાધરો ત્યાં આવ્યા, એટલે સીતા પણ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરી આવીને મંડપની શોભામાં વૃદ્ધિ કરવા લાગી. અંગ, વંગ પ્રમુખ દેશોના રાજપુત્રોએ ધનુષ્યને પણછ ચડાવવાને વૃથા પ્રયાસ કર્યો. તેઓ તો તેને તેના સ્થાનથી ચલાવી પણ શક્યા નહિ. પછી દશરથ પુત્ર રામે ઉભા થઇ લીલા માત્રમાં એક ધનુષ્ય ઉપાડયું અને તેના ઉપર પણછ ચડાવી કે તુરતજ જાનકી ( સીતા ) એ તેના કંઠમાં વરમાળા આરોપણ કરી. એજ પ્રમાણે લક્ષ્મણે બીજા ધનુષ્યને ઉપાડીને તેના ઉપર પણછ ચઢાવી એટલે વિદ્યાધરોએ પ્રસન્ન થઇને પોતાની અઢાર કન્યાઓ તેને આપી. ભરતને પણ તે વખતે કનક ભૂપતિએ પોતાની ભદ્રા નામની પુત્રી આપી.

પછી દશરથ રાજા પોતાના પુત્રોને પરણાવીને પોતાના નગરે પાછો આવ્યો. પણ ભામંડળ પોતાની ઇચ્છા પૂર્ણ નહિ થવાથી દુ:ખ ધરતો પિતા સાથે આવતો હતો, તેવામાં આકાશવાણી થઇ કે, “હે ભામંડળ ! ખેદ ન કર; આ સીતા ત્હારી બ્હેન છે અને જનક રાજા ત્હારા પિતા છે. ત્હારૂં તો કોઇ દેવે હરણ કર્યું હતું તેથી તું ચંદ્રગતિના હાથમાં આવી પડયો છે.” એ સાંભળી ભામંડળ સીતાને બ્હેન જાણી તથા જનકને તાત જાણી હર્ષ પામી તેમને મળ્યો, બ્હેન સીતાની ક્ષમા માગી

અને પિતા જનક રાજાની રજા લઇ ચંદ્રગતિ સહિત પોતાને નગરે ગયો.

રામ હવે સીતા સાથે ઉત્તમ ભોગવિલાસ ભોગવે છે. એવામાં દશરથને, પોતે પૂર્વે કૈકેયીને આપેલા વચનને અનુસારે ભરતને રાજ્ય આપવું પડયું, અને પોતે સત્યભૂતિ આચાર્યની પાસે દીક્ષા ગ્રહણ કરીને રામચંદ્રને વનવાસ ગ્રહણ કરવાને આદેશ કર્યો. એટલે શ્રીરામ લક્ષ્મણ અને સીતા સહિત વનમાં ગયા. અનુક્રમે દંડકારણ્યને વિષે રાવણે સીતાનું હરણ કર્યું, તેથી રામે યુદ્ધ કરી રાવણને હણીને સીતાને પાછી આણી, અને પોતે પોતાનું રાજ્ય મેળવ્યું. (આ વૃત્તાંત પ્રસિદ્ધ હોવાથી વિસ્તાર સહિત કહ્યો નથી.) પછી રાજ્ય ઉપર બેસી રામે ભાઇઓને દેશ વ્હેંચી આપ્યા.

એવે સમયે સીતાએ ગર્ભ ધારણ કર્યો તેથી તેણીએ ઉત્તમ પ્રકારનાં દોહદ ઉત્પન્ન થયા; તે સર્વે રામે પૂર્યા. એકદા સીતાનું દક્ષિણ નેત્ર ફરકયું, તે જોઇ તેણીએ તે હકીકત રામને કહી. રામે કહ્યું, "એ દુર્નિમિત્ત છે, કારણ કે પૂર્વ સૂરિઓ કહી ગયા છે કે, પુરૂષનું દક્ષિણ (જમણું) અંગ ફરકે અને સ્ત્રીનું વામ (ડાબું) અંગ ફરકે તો તે શ્રેષ્ઠ છે, બાકી અનિષ્ટ છે, માટે હે ભદ્ર! તું જિનાલયને વિષે દીપમાળા રચાવ તથા દીન લોકોને દાન આપ." સીતાએ પતિએ કહેલું સર્વ કર્યું. અન્યદા લોકો આવીને રામને કહેવા લાગ્યા. "હે દેવ! માણસો એમ કહે છે કે, કામાતુર એવા રાવણે જેણીને છ છ મહિના સુધી પોતાના આવાસને વિષે રાખી, એવી સીતાને સતી કેમ કહેવાય? હે દેવ! પાણીમાં જેમ તેલનું બિંદુ પ્રસરી જાય છે, તેવી રીતે આ યુક્તિવાળો લોકાપવાદ સર્વત્ર પ્રસરી રહ્યો છે, માટે એ અસત્ય હોય નહીં. આવો લોકાપવાદ સારો નહીં." એ સાંભળી રામ અલ્પ સમય

બોલ્યા વિના રહ્યા પછી કહેવા લાગ્યા. "તમે કહ્યુ તે ખરૂં કહ્યું છે; હું કોઇ પણ સ્ત્રીનું આવું અકાર્ય સહન કરી શકતો નથી." એમ કહી તેણે તેમને વિસર્જન કર્યા.

એકદા કાકુસ્થ રામ રાત્રિસમયે નગરચર્ચાએ ફરતો એક મોચીના ઘર પાસે ઉભો રહ્યો. તે વખતે મોચીએ બહારથી બહુ વારે પાછી આવેલી પોતાની સ્ત્રીને પાટુ મારીને કહ્યું– "તું અત્યાર સુધી કયાં ગઈ હતી?" પેલીએ ઉત્તર આપ્યો. "તમે બહુ ભલા જણાઓ છો! રામ જેવાથી પણ અધિક!! રામે તો રાવણને ઘેરથી પણ પાછી આવેલી સીતાને શુદ્ધ માની અને તમે તો હું એક ક્ષણ બીજે અન્યત્ર રહું છું તે ખમી શકતા નથી, તેનું શું કારણ!" મોચીએ તે ઉપરથી કહ્યું "તે રામ તો સ્ત્રીને આધીન છે, હું તેવો નથી; તો કેમ સહન કરૂં?"

એ સાંભળી રામે વિચાર્યું "સ્ત્રીને આધીન એવા મને ધિક્કાર છે!" પછી ત્યાંથી જઇ તેણે લક્ષ્મણ સાથે ગુપ્ત વાતચીત માં કહ્યું "લોકો સીતાને અસતી ગણે છે." ત્યારે લક્ષ્મણે કહ્યું. "આપ લોકોના કહેવા માત્રથી સીતાનો ત્યાગ કરશો નહીં, કારણ કે તેઓ પારકા દોષ કહેવામાં રસિક હોય છે. વળી જે લોકો સ્વભાવથીજ તે પ્રમાણે પારકા દોષ ગાવામાં બહુ રસિક હોય તેમને તો મહાત્મા એવા રાજાઓએ શિક્ષા દેવી જોઇએ અથવા તો ઉવેખી મૂકવા જોઇએ." રામે કહ્યું. "ભાઇ લક્ષ્મણ! તું કહે છે તે સત્ય છે તોપણ લોકવિરૂદ્ધ કાર્ય નિરંતર ત્યજવું." લક્ષ્મણે નિષેધ્યા છતાં પણ અંતે રામે પોતાના સેનાનીને બોલાવીને કહ્યું. "તું સીતાને વનમાં મૂકી આવ. એણીને સમ્મેતશિખર તીર્થે જવાનો દોહદ ઉત્પન્ન થયો છે માટે ગંગાને સામે તીરે મૂકીને આવજે." એ ઉપરથી "જેવી આજ્ઞા" એમ કહીને સેનાની સીતા પાસે ગયો અને કહેવા લાગ્યો.

"હે સ્વામિની ! હું આપને મહારાજા રામના આદેશથી સમ્મેતશિખર તીર્થ લઇ જવા આવ્યો છું માટે આપ આ રથમાં બિરાજમાન થાઓ." એમ કહિને સીતાને રથને વિષે બેસારી તે એક ભયાનક અરણ્યને વિષે લઇ ગયો. ત્યાં તેણીને કહ્યું–હે સ્વામિની ! તમારા પતિએ તમને અહિં ત્યજી જવાનું મને કહ્યું છે; મને ધિક્કાર છે, પણ હું કિંકરજન શું કરૂં ? સ્વામીનો આદેશ એટલો દુષ્કર છતાં પણ કરવો પડે છે. એ સાંભળીને સીતાને મૂર્છા આવી; રથમાં પડી ગઇ; કેટલીક વારે મૂર્છા પાછી વળી એટલે તે વિલાપ કરતી કરતી રામને ઉદ્દેશીને કહેવા લાગી. " હે સ્વામી ! જો આપને લોકાપવાદનો ભય હતો, તો આપે ત્યાં લોકોની સમક્ષજ મ્હારી પરીક્ષા કેમ ન કરાવી ? એમ કર્યું હોત તો તે કુળને ઉચિતજ હતું; પણ આ તો તમે નિર્દય જનોને વિષે અગ્રણી ગણાયા. કારણ કે તમે તમારી ગર્ભવંતી પ્રિયાને વનને વિષે એકલી મૂકી, તોપણ હું તો પતિને લેશ પણ વિઘ્નકારી નહીં થાઉં. રામ અને લક્ષ્મણ ચિરકાળ પર્યંત જયશાળી વર્તો."

આ પ્રમાણે સીતાએ સેનાની સાથે સંદેશો મોકલ્યો અને તેને વિસર્જન કર્યો. તેની ચક્ષુઓ આંસુથી ભરાઇ ગઇ અને રડી પડયો; એ રીતે સીતાને મૂકીને પાછો વળ્યો.

હવે જાનકી પાછળ પોતાના કર્મનો દોષ કાઢતી અહિં તહિં ભમવા લાગી. એવામાં ત્યાં વજ્રજંઘ નામનો પુંડરિકપુરનો રાજા આવી ચઢયો. તે તેણીને બ્હેન સમાન ગણી પોતાના નગરને વિષે લઇ ગયો. એવામાં સેનાની પાછો જઇ રામને મળી સીતાએ કહેવરાવેલાં વચનો રામને કહેવા લાગ્યો. તે સાંભળી દીન બની જઈ સીતાનો વિયોગ ન સહન કરી શકવાથી તેણીને પાછી લઇ આવવાને રામ પોતે જાતે સેનાનીની સાથે વનમાં આવ્યા. ત્યાં બહુ શોધ કરી પણ જાનકી તેમને જડી નહીં. એટલે રામે "કોઇ વ્યાઘ્ર કે એવાં બીજાં ક્રૂર પ્રાણીએ તેણીનું ભક્ષણ કરી નાખ્યું

હશે" એમ ધારી ઘેર જઈ તેની અંતક્રિયા કરી; પછી સીતાનાજ ધ્યાનમાં કાળવહન કરવા લાગ્યા.

અહિ વજ્જંઘ રાજાને ત્યાં રહેલી સીતાને પ્રસવ થયો. તેણે બે પુત્રને જન્મ આપ્યો. જન્મોત્સવ કરીને વજ્જંઘે તેમનાં લવ અને કુશ એવાં નામ પાડયાં. અનુક્રમે એ બન્ને ભાઇઓ ઉત્તમ કળાઓનો અભ્યાસ કરીને બળવાન્ થયા. લવને વજ્જંઘ રાજાએ પોતાની પુત્રી શશિકળા અને અન્ય પણ બત્રીશ રાજકુમારી હર્ષ સહિત પરણાવી. પછી કુશને અર્થે તેણે પૃથુરાજની પુત્રી માગી, પણ તે રાજાએ તેના વંશ-કુળ જાણ્યા વિના આપવાની ના કહી. એટલે તો તેણે લવ અને કુશને સાથે લઇ જઇ તે પૃથુરાજના સૈન્યને રણક્ષેત્રને વિષે હરાવ્યું અને હત પ્રહત કરી નાંખ્યું, એટલે તે દિશોદિશ નાશી ગયું. પૃથુરાજને પણ નાસી જતો જોઇને બન્ને ભાઇઓ કહેવા લાગ્યા. "હે મહીપતિ ! અમારા જેવા અવંશજોને જોઇને તમારા જેવા વંશજો કેમ નાશી જાય છે ? જરા અમારૂં શૌર્ય તો જુઓ !" એ પછી તેમનું એવું અસાધારણ વીર્ય દેખીને પૃથુરાજાએ વજ્જંઘની સાથે મેળાપ કર્યો અને કહ્યું કે, "એમનાં બળ પરાક્રમ જોઇનેજ મેં એમનું કુળ જાણ્યું છે." એવામાં સંગ્રામને વિષેજ નારદ ઋષિ અંતરીક્ષથી આવી ઊતર્યા. તેમને પ્રણામ કરીને વજ્જંઘ રાજાએ પૂછ્યું "આ બે કોનાં બાળકો છે ?" નારદે કહ્યું-"લોકોના અપવાદના ભયથી ભીરૂ એવા રામે સગર્ભા ત્યજી દીધેલી સતી સ્ત્રી સીતાના આ બે પુત્રો છે." પછી કુશે કહ્યું "હે ઋષિ ! રામે તે સારૂં કર્યું નથી." પછી લવે પૂછ્યું. "ત્યારે એ નગરી અહિંથી કેટલી દૂર છે ?" તેના ઉત્તરમાં નારદ ઋષિએ કહ્યું "અહિંથી છસો યોજન દૂર છે." ત્યાર પછી પૃથુરાજાએ પોતાની કનકમાળા કન્યાને કુશ વેરે પરણાવી એટલે ત્યાંથી વજ્જંઘ તે બન્ને ભાઇઓને લઇને પોતાને નગરે આવ્યો.

ત્યાં મામા વજ્રજંઘ તથા માતાની આજ્ઞા લઇ લવ અને કુશ પોતાની સાથે સારસાર સૈન્ય લઇ, પોતાની માતા સીતા સહિત અયોધ્યા નગરી આવ્યા. એટલે રામ અને લક્ષ્મણ કોપાયમાન થઇ સામા ક્ષેત્રમાં ઊતરી પડયા. યુદ્ધ થયું, તેમાં લવ અને કુશે સામા સૈન્યને દીન દશાએ પહોંચાડી દીધું. એટલે લક્ષ્મણે ક્રોધાતુર થઇ કુશ ઉપર ચક્ર મૂકયું, પણ ચક્ર તો તે (કુશ) ની પ્રદક્ષિણા દઇને પાછું લક્ષ્મણ પાસે આવ્યું. એટલે તો રામ અને લક્ષ્મણે ખેદ પામી વિચાર્યું. "શું આ તે નવા બળરામ અને નારાયણ ઉત્પન્ન થયા ?"

એટલામાં તો આકાશથકી નારદ ઋષિ ઊતરી આવ્યા, અને રામ તેમજ લક્ષ્મણ પ્રત્યે હસીને બોલ્યા-"અહો ! તમને બન્નેને હર્ષને બદલે આ વિષાદ શેનો થાય છે? પોતાના પુત્રથી પરાજય પામવો એ હર્ષદાયક નથી થતું એ વિચિત્ર છે. આ બન્ને સીતાની કુક્ષિથી ઉત્પન્ન થયેલા આપનાજ પુત્ર છે અને તમને યુદ્ધનો મિષ કરીને મળવા આવ્યા છે. તમારૂં ચક્ર તેમને કંઇ કરી શકયું નહીં, એજ એની નિશાની; કારણ કે, એ ચક્ર એકગોત્રી પુરૂષો ઉપર ચાલી શકતું નથી." એ સાંભળી રામ લક્ષ્મણે યુદ્ધ પડતુ મેલ્યું એટલે વિનયવંત એવા બન્ને કુમારોએ આવીને પિતાને પ્રણામ કર્યાં. પિતાએ પણ તેમને સ્નેહ સહિત આલિંગન આપ્યું એટલે બન્ને સૈન્યને વિષે હર્ષનાદ થઇ રહ્યો. પછી રામે નગરને વિષે પ્રવેશ કર્યો.

હવે સુગ્રીવ અને બિભીષણે મળીને વજ્રજંઘને કહ્યું. "સીતાને નગરમાં લાવો." આ વખતે લક્ષ્મણે પણ સીતાને પ્રણામ કરીને કહ્યું "તમે આવીને નગરને પવિત્ર કરો." પણ સીતાએ કહ્યું "હું શુદ્ધિ વિના નહિ પ્રવેશ કરૂં. મેં પાંચ દિવ્ય કરવાં અંગીકાર કર્યાં છે. તે આ પ્રમાણે છે-જવાળાયુક્ત અગ્નિમાં પ્રવેશ કરવો, અગ્નિ પીવો, તપાવેલા તેલમાંથી કોડી

લઇ લેવી, તોળાવું અને જીંહ્વાવડે ફળ ગ્રહણ કરવું.” રામે કહ્યું “હે સીતા! તું સતી છે, માટે હવે નગર મધ્યે પ્રવેશ કર.” પણ સીતાએ તો એ પાંચ દિવ્ય કરિ બતાવ્યા પછીજ પ્રવેશ કરવાની હા પાડી. તે ઉપરથી રામે એક યોજન પ્રમાણ ખાઈ ખોદાવીને તેમાં ખેરના અંગારા પૂરાવ્યા. પછી સીતા ત્યાં આવીને લોકો સમક્ષ કહેવા લાગી. “જો મેં મારૂં શીળ લેશ પણ ખંડિત કર્યું હોય તો આ ખાઇ મને સળગાવી દેજો, અન્યથા તે મને જળ સમાન થઇ પડજો.” એમ કહી નમસ્કાર-મંત્રનું ધ્યાન ધરતી સીતા સર્વ સમક્ષ એ ખાઇ પોતાના પગે ઊતરીને તેને પેલે તીરે ગઈ. તે જોઇ રામે વિચાર્યું-“અહો! મેં વૃથાજ આવી મ્હારી પત્નીને સંકટમાં નાખી” પોતાના કંથને આમ ખેદ કરતા જોઇ સીતાએ કહ્યું. “હે ત્રણે જગતમાં વીર-શિરોમણિ! તમે મેં આને નિ:કારણ દુ:ખ દીધું, એમ વિચારીને દુ:ખી થશો નહિ. કોઈ દેવેજ મને આ અગ્નિમાં નાખી, તેમાંથી મ્હારા હૃદયમાં રહેલા એવા આપેજ મને ઉગારી છે.” તે પછી લોકો કહેવા લાગ્યા. “અસત્ય આરોપના ભયથી સીતાએ અગ્નિને પોતાની આહૂતિ આપી તો અગ્નિ પણ શીતળ થયો; એજ સીતાનું સતીપણું બતાવી આપે છે.”

આવા બનાવ બની રહ્યા છે, એટલામાં ત્યાં ચાર જ્ઞાનધારી શ્રી શીળચંદ્ર સૂરિ આવ્યા. તેમને વંદન કરવા અને ધર્મ સાંભળવા રામ આદિ સર્વે ગયા. ધર્મોપદેશ અપાયા પછી સીતાએ પૂછયું “હે ગુરૂ! મેં એવું શું કર્મ કર્યું હશે કે, જેથી મ્હારે માથે આવું કલંક આવ્યું?” એ ઉપરથી ગુરૂએ સીતાના તેમજ લોકોના પ્રબોધને અર્થે કહ્યું કે-“હિતાર્થી પુરૂષે દુ:ખકારક, અસત્ય, પરને આળ, ચાડી અને મર્મભેદક એવાં વચનો ન બોલવાં. જો કે, પારકા છતા દોષ હોય તો પણ મહાપુરૂષે નહિ બોલવાં જોઇએ, તો પછી અછતા દોષ પ્રગટ અથવા છાની

રીતે લોકોને શી રીતે કહેવાય ? જે દુર્બુદ્ધિ પુરૂષ બીજાને ખોટું આળ દે, તે પુરૂષ લોકમાં નિંદાય અને આકરાં દુઃખ પામે. મચ્છરદોષથી ભરેલો જે પુરૂષ પાંચ સમિતિના ધારક, શુદ્ધ ભાવવાળા અને બ્રહ્મચારી એવા સાધુને ખોટું આળ દે, તે પુરૂષ, મુનિને પૂર્વ ભવે ખોટું આળ દેવાથી જેમ સીતા અનંત દુઃખ પામી, તેમ અનંત દુઃખ પામે. તે આ પ્રમાણેઃ—

આજ ભરતક્ષેત્રમાં મિણાલિની નામની નગરીમાં શ્રીભૂતિ નામે પુરોહિત પોતાની સરસ્વતી નામે સ્ત્રી સહિત વસતો હતો. તેને વેગવતી નામની પુત્રી હતી. તે નગરીના ઉદ્યાનમાં એકદા એક તપસ્વી સાધુ આવ્યા. તે ત્યાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. લોકો તેમને વંદન કરવાને આવવા લાગ્યા. બહુ લોકોથી સેવાતા આ સાધુને જોઇને ઇર્ષ્યાળુ થઇ વેગવતી કહેવા લાગી. "હે લોકો ! આ કૂડકપટી પાખંડીઆ મુંડીઆને તમે સેવો છો, ત્યારે બ્રાહ્મણને કેમ નથી પૂજતા ? એ સાધુને તો મેં એકાંતે સ્ત્રી સંગાથે ક્રીડા કરતો જોયો છે, અને હમણાં આવો દંભ આદર્યો છે." લોકો તો આવું સાંભળીને તે સાધુને વિષે વિરક્ત થયા, પણ સાધુ તો એ સાંભળીને વિચારવા લાગ્યા,–"મેં જરા પણ કુમાર્ગે આચરણ કર્યું નથી છતાં સર્વ જનના દેખતાં અસત્ય આળ દે છે, એથી જિનશાસનની મ્હોટી હેલના થઈ છે, માટે જ્યારે મ્હારે માથેથી એ કલંક ઊતરશે, ત્યારેજ હું અન્ન જળ ગ્રહણ કરીશ." એમ પ્રતિજ્ઞા કરી તેઓ કાયોત્સર્ગે રહ્યા, એટલે શાસનદેવીએ વેગવતીના શરીરમાં, તેણીને શિક્ષા કરવાને અર્થે તીવ્ર વેદના મૂકી. તેથી તેણીને એવી તો પીડા થવા લાગી કે તે મુખથી પણ બોલી શકે નહીં. પછી તે દેવીએ એમ ગાથા કહી કે, "આ વેગવતીએ અતી તીવ્ર તપશ્ચર્યા કરનારા એવા યતિને પણ વૃથા કલંક દીધું છે. એ સાધુ બિલકુલ દોષ રહિત છે, ને આ વેગવતી દુષ્ટ સ્ત્રી છે. તેણીને હું

હણીશ." શાસન દેવીની વાણીથી ભય પામી વેગવતી સર્વ લોક સમક્ષ કહેવા લાગી. "હે મુનિ ! હું તમને વંદન કરૂં છું, મેં પાપિણીએ એ અસત્ય આરોપ મૂકયો હતો, હું અધમ છું." તે પછી દેવીએ તેણીને સ્વસ્થ કરી. પછી સાધુની ફરી ફરી ક્ષમા માગી તેણેએ દીક્ષા ગ્રહણ કરી. દીક્ષામાં પણ તે તીવ્ર તપશ્ચર્યા કરવા લાગી, અને પોતે કરેલું કર્મ કાંઇક પ્રકારાંતરે ગુરૂની સન્મુખ નિંદતી તે સ્વર્ગે ગઇ. ત્યાંથી ચ્યવીને તે વેગવતીનો જીવ જનક રાજાની પુત્રી પણે ઉત્પન્ન થયો. તે સીતા તે તું. તું ત્હારાં પાપ સમ્યક્ રીતે આળોવ્યા વિના મૃત્યુ પામી, તેથી તને આવું કલંક પ્રાપ્ત થયું."

સૂરિનાં આવાં વચન શ્રવણ કરીને રામ સીતા આદિ વિશેષપણે ધર્મકાર્યમાં પ્રવર્તવા લાગ્યા. અનુક્રમે સીતા સંયમ લઇને તેને રૂડી રીતે પાળીને બારમા અચ્યુત દેવલોકે ઇંદ્ર થઇ. એકદા એ સીતાનો જીવ જે અચ્યુત દેવલોકમાં ઇંદ્ર છે તેણે રામને પ્રતિબોધ્યો. એ સાતાનો જીવ અનુક્રમે મુક્તિ પ્રાપ્ત કરશે.

---

## રાજિમતિ.

જેમ રાજિમતીએ રથનેમિ સાધુને કુમાર્ગે દોરાતા અટકાવ્યા તે પ્રમાણે સર્વ કોઇએ જીવને કુમાર્ગે જતાં પ્રયત્નથી તેનું રક્ષણ કરવું.

મથુરા નગરીને વિષે ઉગ્રસેન રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામે પ્રિયા હતી. એ ધારિણીની કુક્ષિએ અપરાજિત વિમાન થકી ચ્યવીને એક દેવ સ્ત્રીપણે અવતર્યો. શુભ દિવસે ધારિણીએ એક પુત્રીને જન્મ આપ્યો. તેણીનો જન્મમહોત્સવ કરીને માતા પિતાએ તેનું રાજિમતી એવું નામ પાડયું. એકદા આ ઉગ્રસેન નૃપતિ યાદવોની સાથે દ્વારિકા નગરીએ ગયો. આ

વખતે રાજિમતી કન્યા વયે વૃદ્ધિ પામતી બહુ રૂપવતી કન્યા-રત્ન સમાન થઇ પડી હતી, અને સ્વભાવે પણ સુંદર તેમજ તરૂણાવસ્થાથી ત્રણ લોકને વિષે શોભાયમાન તેણીના સમાન બીજી કન્યા કોઇ ઠેકાણે નહોતી.

તે વખતે નેમિનાથની માતા દેવી શિવારાણીએ પોતાના પુત્રને કહ્યું. "હે પુત્ર! હવે તું વિવાહ કર." ત્યારે નેમિકુમાર બોલ્યો-"જ્યારે મને યોગ્ય કન્યા મળશે, ત્યારે હું વિવાહ કરી-શ." એમ કહી તે પોતાની માતાને અત્યંત હર્ષ પમાડતો હતો.

એકદા શ્રીનેમિકુમાર પોતાના સમાન વયના મિત્રો સાથે ક્રીડા કરતા કરતા શ્રી કૃષ્ણની આયુધશાળાને વિષે જઈ ચઢ્યા. ત્યાં રક્ષકે વાર્યા છતાં પણ ચક્રને હાથમાં લઇને કુંભારના ચાકની પેઠે ફેરવવા લાગ્યા, ધનુષ્યને પણ કમળ પુષ્પના નાળવાની પેઠે અર્ધું નમાવ્યું, ગદાને ઉછાળવા માંડી અને શંખ પણ પૂર્યો. તે સમયે પોતાનો શંખ અન્ય જને પૂર્યો જાણીને શ્રી કૃષ્ણ બહુ ચિંતાતુર થયા અને રોષ કરી સભાને વિષે બોલ્યા-"જેણે આ મ્હારો શંખ પૂર્યો છે, તેનું નિશ્ચે મૃત્યુ આવ્યું સમજજો." એમ કહી પોતે સન્નદ્ધ તૈયાર થઇ પોતાની સકળ સેનાને યુદ્ધને અર્થે સજ્જ કરી. એવામાં તો તેને કોઇ પુરૂષે આવીને ખબર આપી કે, "એ સર્વ નેમિકુમારે કર્યું છે." એ સાંભળી કૃષ્ણે વિચાર્યું. "ત્યારે તો જરૂર એજ વાસુદેવ થશે; હું નહિ." એમ વિચાર કરે છે એવામાં તો નેમિકુમાર ત્યાં આવ્યા. તેને કૃષ્ણે તેના બળની પરીક્ષા કરવાનું કહ્યું કે, "હે નેમિકુમાર! મને ત્હારૂં બળ બતાવ. ચાલ, પ્રથમ તું મ્હારી ઊંચી કરેલી ભુજલતાને નમાવ." એના ઉત્તરમાં નેમિકુમારે તેની ભુજલતાને કમળ-પુષ્પના નાળવાની પેઠે નમાવી દીધી! પછી નેમિકુમારે પોતાની ભુજલતા ઊંચી કરી શ્રીકૃષ્ણને તે નમાવવાનું કહ્યું. કૃષ્ણે પોતાનું સર્વ બળ તેને નમાવવાને એકઠું કર્યું. એક વાનરની

પેઠે તે ભુજલતા પકડીને હિંચકા ખાધા, છતાં તે પ્રભુની ભુજાને લેશ પણ નમાવી શકયા નહીં. એટલે તો તેનું મુખ નિસ્તેજ થયું. તેણે ધાર્યું કે, "હવે મ્હારૂં રાજ્ય જવા બેઠું." પણ બળભદ્રે તે વખતે કહ્યું, "ચિંતા ન કરો, નેમિકુમાર રાજયનો અર્થી નથી." વળી આકાશને વિષે કોઇ દેવતાએ પણ કહ્યું–"હે કૃષ્ણ ! તું નેમિકુમારનો ભય ન રાખીશ; એ રાજયનો અર્થી નથી." એ સાંભળીને કૃષ્ણ સ્વસ્થ થયા અને નેમિકુમાર ઉપર ઘણી પ્રીતિ દર્શાવવા લાગ્યા.

વળી કોઈ અવસરે શિવા રાણીએ શ્રીકૃષ્ણને કહ્યું–"નેમિકુમાર વિવાહ કરવાની હાજ પાડતો નથી, માટે એવું કરો કે જેથી તે એ વાતની હા કહે. એ ઉપરથી ( શ્રીકૃષ્ણની સૂચના ઉપરથી ) એકદા ગ્રીષ્મઋતુને વિષે શ્રીકૃષ્ણની જાંબૂવતી આદિ સ્ત્રીઓ જળક્રીડા કરવાને ગઈ હતી. ત્યાં તેઓ નેમિકુમાર પોતાનો દિયર હોવાથી, તેને હાસ્યવચનો કહેવા લાગી. " અહો નેમિકુમાર ! તમે વિવાહ કેમ કરતા નથી ? તમારા ભાઇ બત્રીસ હજાર કન્યા પરણ્યા છે, તો તમે એક પણ કેમ પરણી શકતા નથી ? પૂર્વે સર્વ તીર્થંકરો પણ પરણ્યા હતા. આપણાજ વંશમાં મુનિસુવ્રત જિનેશ્વર પણ પરણ્યા હતા." આવી આવી યુક્તિઓ કરીને તે સ્ત્રીઓએ પોતાના વ્હાલા દિયરને પરણવાની હા પડાવી. પછી એ વાત શ્રીકૃષ્ણે શિવાદેવીને જણાવી કે "નેમિકુમારે વિવાહ કરવાની હા કહી છે." ત્યારે "કોઇ યોગ્ય કન્યા શોધી લાવો" એમ શિવાદેવીએ કહ્યું. તેજ વખતે સત્યભામાએ કહ્યું "મ્હારી બ્હેન દેવાંગના જેવી રૂપવંતી છે; સૌંદર્યમાં અપ્સરાઓ તેનાથી ઊતરતી છે." રાજીમતીના રૂપનું આવું વર્ણન સાંભળી શ્રીકૃષ્ણે પોતે ઉગ્રસેનની પાસે જઈ તેની પુત્રીને નેમિકુમારને અર્થે માગી. ઉગ્રસેને કહ્યું–"જેમ આપને રૂચે તેમ કરો." ( અર્થાત્ તેણે પોતાની પુત્રી નેમિકુમારને વરાવી. )

પછી શ્રીકૃષ્ણે તથા સમુદ્રવિજય આદિ રાજાઓએ લગ્નશાસ્ત્રીઓને બોલાવીને લગ્નનો શુભ દિવસ પૂછયો. તેઓએ પણ પોતાનાં શાસ્ત્ર વિલોકીને કહ્યું. "શ્રાવણના શુકલ પક્ષનો છઠનો દિવસ બંને વરકન્યાના વિવાહને યોગ્ય છે." એ ઉપરથી તેઓએ તે લગ્ન લીધાં અને પોતપોતાને ઘેર વિવાહસામગ્રી તૈયાર કરવા મંડયા. તે ઉપર ગાથા કહી છે. તેનો અર્થ આમ છે કે "શ્રીકૃષ્ણે ઉગ્રસેન રાજાની પુત્રી રાજિમતીને (નેમિકુમારને અર્થે) માગી, વિવાહની સામગ્રી તૈયાર થઈ અને નેમિકુમાર વસ્ત્રાભૂષણ પહેરી સજ્જ થયા." પછી શ્રાવણ શુદી છઠને દિવસે લગ્નની વેળા પહેલાં શ્રી નેમિકુમાર સમુદ્રવિજય આદિ રાજાઓની શ્રેણિથી શોભતા અને શિવાદેવી, સત્યભામા, રૂકૃમિણી આદિ બહુ સ્ત્રીજનોથી ગવાતાં ગીતો સહિત, ઉગ્રસેન રાજાના ગૃહસમીપે આવી પહોંચ્યા. તે વખતે પ્રભુએ સારથિને પૂછયું. "આ ધવળગૃહ દેખાય છે તે કોનું? સારથિએ આંગળી વડે બતાવીને કહ્યું "એ તમારા સસરા ઉગ્રસેત ભૂપતિનું ગ્રહ છે." તે વખતે ગવાક્ષમાં રહેલી રાજિમતિ નેમિકુમારને જોવા લાગી. તે વખતે તેણીની સખીઓ ચંદ્રાનના અને સુલોચના પરસ્પર કહેવા લાગી. સુલોચના બોલી કે "એક રાજિમતીજ નિશ્ચે સ્ત્રીવર્ગમાં વર્ણવવાયોગ્ય ગુણવાળી છે. એવી લાવણ્યની નીધિને નેમિકુમાર પરણશે." ત્યારે બીજી સખી ચંદ્રાનના બોલી. "વિધિએ રાજિમતીનું રૂપ રંભાના રૂપથી પણ અધિક કર્યું છે જો આમાંથી હવે એ વિધિ વિરહ કરાવે તો નિશ્ચે બહુ અનિષ્ટ થાય." એટલામાં તો પાછું વળીને જોતાં તેણીએ રાજિમતીને જોઇ એટલે તે ઉત્સુક થઈ કહેવા લાગી. "જો રાજિમતી, તું મને કાંઇ ઈનામ આપે તો હું તને નેમિકુમારને બતાવું. જો નેમિકુમાર કેવા છે? જાણે પાતાળકુમાર હોયની! અથવા કામદેવ હોયની! અથવા સુરપતિ કે મૂર્તિમાન પુણ્યરાશિ હોયની!

હું તે એનું કેટલું વર્ણન કરૂં ? એ જે તને પરણવાને આવે છે તે જાણે આત્માએ કરીને વિધાતાનુ લુંછણું હોયની ? એવો અને નિરૂપમ સૌભાગ્યનો નિધાન છે." વળી હસીને તે બોલી "બીજા જિનેશ્વર તો મેં દીઠા નથી, આને જોઇનેજ મને સ્વાભાવિક પ્રેમ થઈ આવે છે; માટે તું એની સાથેજ પાણિગ્રહણ કર."

એવામાં પશુઓનો આર્ત્ત સ્વર સાંભળીને નેમિકુમારે ઉત્કંઠા સહિત સારથિને પ્રશ્ન કર્યો કે, "અરે સારથિ ! આ દારૂણ સ્વર શેનો છે ?" તેણે ઉત્તર આપ્યો-" આપના વિવાહ પ્રસંગે સ્વજનોને ગૌરવ કરવાને ( જમાડવાને ) માંસને માટે આણેલાં અને એકઠાં કરેલાં પશુઓનો એ કરૂણામય સ્વર છે !" નેમિનાથે તે જોઇને કહ્યું "અહો ! વિચિત્ર ચિત્તવૃત્તિવાળાઓનાં ચરિત્ર શ્રવણ કરવાં પણ અશક્ય છે, કે જેઓ પોતાના ઉત્સવને અર્થે જંતુઓ સાથે નિષ્કારણ વૈર બાંધે છે !"

આ વખતે રાજિમતી બોલી. "અહો સખીઓ ! મ્હારૂં દક્ષિણ નેત્ર ફરકે છે, એ શું હશે ?" સખીઓએ ઉત્તર આપ્યો "એ અનિષ્ટ દૂર થાઓ." નેમિકુમારે તે સમયે પોતાના સારથિને રથ પાછો ફેરવવાનું કહ્યું. એટલામાં એક હરિણ નેમિકુમારને જોઇને, પોતાની ડોકથી હરિણીની ડોક ઢાંકી દઇને ભયમાં બોલ્યો "મને મારો, મને મારો." મ્હારી સ્ત્રી મ્હારી આપત્તિ દૂર કરનારી છે, તેથી જો તેણીનું મૃત્યુ થશે તો મને દુસ્સહ એવો પ્રિયતમાનો વિયોગ થશે." પણ હરિણી તે વખતે હરિણ પ્રત્યે કહેવા લાગી. "હે સ્વામિ ! તમે ચિંતા ન કરો. આ પ્રસન્ન વદનવાળો નેમિકુમાર ત્રિભુવનનો સ્વામિ છે અને નિષ્કારણ બંધુ છે માટે એજ સર્વ જીવનું રક્ષણ કરશે."

એવા એવા નિરપરાધિ પશુઓના દયાજનક પોકાર સાંભળીને નેમિકુમારે તે પશુઓના સાચવનારાઓને કહ્યું- "જો તમારો સ્વામિ મ્હારા વિવાહને સમયે એ જીવોને હણ-

શે તો હું પરણીશ નહિ, માટે એ પશુઓને છોડી મૂકો. પશુના રૂધિરથી છંટાયલો માણસ દુર્ગતિ પ્રાપ્ત કરે છે, માટે એવા વિવાહરૂપી વિષવૃક્ષની હમણા મારે જરૂર નથી." આ સાંભળીને શિવાદેવી ગદ્ગદ્ સ્વરે બોલ્યાં.—"હે જનનીવત્સલ પુત્ર! તારે એ પશુઓનું માંસ જમવા ન જમવાનું પ્રથમ શું કામ છે? ફક્ત પાણીગ્રહણનું કારણ છે, માટે તેજ તું કર અને મને દેખાડ." આવું શિવાદેવીનું બોલેલું કાનને અમૃત સમાન વાકય સાંભળીને ચંદ્રાનના બોલી. "એ માતાએ કહેલા શબ્દોનો પ્રતિઉત્તર તો આપો. વિનાકારણ અવહેલના કરવી રહેવા દો." ત્યારે નેમિકુમાર બોલ્યા, "હે માતા! આગ્રહ ન કરો; માનુષી સ્ત્રી ઉપર મ્હારૂં મન જ નથી. મ્હારી ઇચ્છા મુક્તિ રૂપી વધૂને વિષે ઉત્કંઠિત છે." તે સાભળી રાજિમતી કહેવા લાગી–"હે ધૂર્ત નેમિકુમાર! જો સકળ સિદ્ધ પુરૂષોને ધૂતનારી એવી મુક્તિરૂપ ગણિકાને વિષેજ તમારૂં મન હતું તો આવો પરણવા આવવાનો આરંભ કરીને મ્હારી વિડંબના શા માટે કરી?" પછી તેણીની સખીઓ તેણીને કહેવા લાગી "હે પ્રિય સખી! એ પ્રીતિ રહિત છે, તો એના ઉપર શો પ્રીતિભાવ દર્શાવે છે? આપણે ત્હારે માટે કોઇ અન્ય પ્રીતિકર વર શોધશું." પણ રાજિમતીએ સાંભળતાં કાન બંધ કરીને કહેવા લાગી, "જો આ સૂર્ય પશ્ચિમ દિશાએ ઉદય પામે તો પણ આ નેમિનાથને મૂકીને હું અન્ય સ્વામી કરનાર નથી. જો વિવાહસમયે મને મ્હારા હસ્ત ઉપર મ્હારા પ્રિયનો હસ્ત ન મળ્યો તો, હું દીક્ષાસમયે એનો હસ્ત મ્હારા મસ્તક ઉપર મૂકાવીશ."

આ વખતે વળી સમુદ્રવિજય બોલ્યા–"હે અત્યંત નિર્મળ અંતઃકરણવાળા પુત્ર! તું અમારા મનોરથ પૂર્ણ કર. ઋષભદેવ આદિ જિનેશ્વરો પણ પરણીને મુક્તિએ ગયા છે. ( નથી

ગયા એમ નથી. ) હે કુમાર! બ્રહ્મચારીને એથી ( મોક્ષથી ) એકે ઉચ્ચ સ્થાન મળતું નથી, કારણ કે એથી એકે બીજું ઉચ્ચ પદ છેજ નહીં." ત્યારે નેમિકુમારે કહ્યું-"હે પિતા! એક વખતના સ્ત્રીસંગમથી અસંખ્ય જંતુઓનો ઘાત થાય છે, તો એવા અકાર્ય જેવા વિવાહકાર્યમાં તમે શા માટે આગ્રહ કરો છો?" ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા. હે સર્વોત્તમ ભાઇ! એક વાર પ્રસન્ન થઇને માતાપિતાનો મનોરથ પૂર્ણ કર અને વિવહા કરવા દે." નેમિકુમારે એ સાંભળીને કહ્યું-"એક વાર તમારા અને માતાપિતાના આગ્રહથી તો મેં વિવાહ કરવાનું અંગીકાર કર્યું હતું, પણ અહિં તે વિવાહ કરવામાં અનેક જીવોનો સંહાર થાય છે, માટે એમાં તમારે ન બોલવું." એ ઉપરથી સમુદ્રવિજય પ્રમુખ સૌ મૌન રહ્યા અને નેમિકુમાર ઘેર પાછા ગયા.

તે સમયે સારસ્વતાદિ લોકાંતિક દેવોએ આવીને કહ્યું—"હે કંદર્પ ઉપર વિજય મેળવનાર અને અનેક જંતુઓને અભય આપનાર સ્વામિ! આપ નિત્ય ઉત્સવને અર્થે ધર્મતીર્થને પ્રવર્તાવો." એ પ્રમાણે સ્વામિ નેમિનાથ ભગવાનને પ્રણામ કરીને લોકાંતિક દેવતાઓએ વિનંતિ કરી. ત્યાર પછી શોક કરતા સમુદ્રવિજય રાજા અને શિવાદેવીને જોઇને કૃષ્ણે કહ્યું-"અહો માતપિતા! હર્ષને સ્થાને આ વિષાદ શાનો?" પછી પ્રભુએ સૂર્યના ઉદયથી પોરસી પર્યંત એક કોડને આઠ લાખ સોનૈયાનું દાન એક વર્ષ પર્યંત આપ્યું. એ પ્રમાણે દાન દઇ તેમણે દીક્ષા ગ્રહણ કરી. પછી સર્વ કર્મનો ક્ષય થયે તેમને રૈવતાચળ ઉપર કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એટલે તે વખતે ઇંદ્રોએ મળીને સમવસરણ રચ્યું. ત્યાં ઇંદ્રાદિ અનેક દેવો, કૃષ્ણ આદિ અનેક રાજાઓ, મનુષ્ય અને તીર્યંચો ધર્મ સાંભળવા આવ્યા. ત્યાં પ્રભુએ દેશના દીધી-"હે જીવો! આ સંસાર છે તે ભયાનક અટવી તુલ્ય છે; શરીર છે તે બહુ છિદ્રોએ યુક્ત એવું એક ગૃહ

છે. આ બળવાન્ કાળ એક ચોર છે; માટે મોહરૂપી અંધકારમય રાત્રીને વિષે, તમે ધ્યાનરૂપી ખડ્ગ, વિરતિ રૂપી ઢાલ અને શીલરૂપી કવચ લઈ, સાવધાન રહી ચક્ષુઓ સ્થિર રાખી જાગતા રહો, આ સંસારરૂપી સમુદ્રમાં પ્રાણીઓ કર્મરૂપી કલ્લોલમાં ભમતા ભેગા થાય છે અને જૂદા પણ થાય છે; તો તેમાં કોને કોનો બાંધવ કહેવો !"

પ્રભુનો આવો ધર્મોપદેશ શ્રવણ કરીને વરદત્ત પ્રમુખ અનેક મહિપતિઓએ દીક્ષા ગ્રહણ કરી, જેમને પ્રભુએ ગણધર પદવી આપી. તે સમયે રાજિમતીએ ઉભા થઈ પ્રભુને નમસ્કાર કરી તેમની પાસે દીક્ષા માગી એટલે તેણીને દીક્ષા આપી, તે ગ્રહણ કરી તેણીએ નાના પ્રકારની તપશ્ચર્યા કરતાં સંયમ પાળ્યું એવામાં નેમિનાથ પ્રભુના ન્હાના ભાઇ રથનેમિ પણ પિતાની આજ્ઞા લઇને ભગવાનની પાસે દીક્ષા અંગીકાર કરીને તપ કરવા લાગ્યા.

એક વાર એમ બન્યું કે, રાજિમતી સાધ્વી નેમિનાથ ભગવાનને વાંદવાને જતાં હતાં, એવામાં રસ્તે મેઘવૃષ્ટિ થવા લાગી. મેઘ અત્યંત વર્ષવાથી વસ્ત્ર બહુ ભીંજાયાં, તેથી સુકવવાને એક ગુફામાં ગયાં. ત્યાં જઈ પોતાનાં સર્વ વસ્ત્રો તેમણે છુટાં છુટાં સુકવ્યાં. એ વખતે શ્રીનેમીશ્વરનો લઘુ ભાઇ રથનેમિ સાધુ પણ અકસ્માત તેજ ગુફામાં આવ્યો. તે રાજિમતીને વસ્ત્ર રહિત જોઇને કામાતુર થયો અને ભોગની ઇચ્છાએ તેની પ્રાર્થના કરવા તેણીની પાસે ગયો. તેને પાસે આવતો જોઇ રાજિમતીએ વસ્ત્ર પહેરી લીધાં. પછી એકાંત જાણી રથનેમિએ તેણીને કહ્યું-"હે રાજિમિતી ? મારી સાથે ભોગ ભોગવ અને મારી ભોગની ઇચ્છાને પૂર્ણ કર. એકવાર ભોગ ભોગવ્યા પછી ફરી આપણે વ્રત પાળીશું." એ સાંભળી

સાધ્વીએ વિચાર્યું. " અહો ! એ મૂઢ જણાય છે' કામી પુરૂષ કામાંધ થઇ કૃત્ય અકૃત્ય જાણતો નથી કહ્યું છે કે—આ જગતને વિષે અંધ પુરૂષ હોય છે તે પોતાની આગળ રહેલી એવી દ્રશ્ય વસ્તુને જોઇ શકતો નથી. પણ જે રાગે કરીને અંધ છે તે તો પોતાની પાસે હોય તેને પરિહરે છે અને ન હોય તેને દેખે છે. કારણ કે જે અશુચિના સમૂહવાળા સ્ત્રીના અવયવોમાં દાંતને કુંદના ફુલની માફક, ચક્ષુને નીલ કમળ સમાન, મુખને પૂર્ણ ચંદ્રસમાન, સ્તનને સુવર્ણના કળશ સમાન, બાહુને લતા સમાન અને [illegible]ને પલ્લવ સમાન માનીને હર્ષ પામે છે. વળી મનુષ્ય પંડિત, કુલીન અને વિવેકી ત્યાં સુધીજ ગણાય છે કે જ્યાં સુધી દુષ્ટ કામાગ્નિ તેનામાં પ્રજવલિત થયો નથી એ કામદેવ કળામાં નિપુણ એવાઓને ક્ષણમાં વિકળ કરે છે, પવિત્ર પુરૂષોનો ઉપહાસ કરે છે અને ધૈર્યવાનની ધૈર્ય મુકાવી દે છે." આ પ્રમાણે વિચારીને રાજિમતિએ કહ્યું "અરે મહાભાગ્ય ! તમે એમ કેમ કહો છો ? તમારે રાગ કરવો ન ઘટે. કહ્યું છે કે–ચેતના રહિત વસ્તુઓમાં પણ રાગ છે તે દોષનુંજ પોષણ કરે છે; કારણ કે મજીઠ રાગ ( રંગ ) યુક્ત છે તો તેને બહુ માર સહન કરવો પડે છે અને તાપની વેદના ભોગવવી પડે છે. વળી મૃતિકા જે (લાલ) માટી તેના જેવી એકેદ્રિય વસ્તુમાં રાગ (રંગ)નો દોષ છે, તો તેને વિષે છાણ નાંખે છે અને તેને પાષાણ વડે વાટે છે. વળી તમે જે મને કહ્યું, એમ કહેવાથી તો પ્રાણીને નરકગતિ મળે છે, કહ્યું છે કે-જેણે પરસ્ત્રીના સામી ખોટી દૃષ્ટિ કરી છે, તેણે પોતાના આત્માને ધૂળ મેળવ્યો છે, સ્વજનને ખાર દીધો છે અને પગલે પગલે માથા ઢાંકણ કર્યું છે. વળી પરાક્રમથી જગતનો પરાભવ કરનાર રાવણ પણ પરસ્ત્રીની સાથે રમવાની ઇચ્છાથી કુળનો ક્ષય કરીને નરકને પામ્યો છે. વળી હે અપયશના અભિલાષી ! તને ધિક્કાર થાઓ કે, જે તું અસંયમ જીવિતવ્યને માટે નેમિનાથ ભગવાને

ત્યાગ કરેલા ભોગાદિકને ભોગવવાની ઇચ્છા કરે છે ! તેથી મર્યાદાને ઉલ્લંઘન કરનારા તને મરણ તેજ ભલું છે. અર્થાત ત્હારે મરણ સારૂં છે, પણ આવું વિપરીત કાર્ય કરવું સારૂં નથી વળી હે રથનેમિ ! હું ભોજકવૃષ્ણિ કુળના રાજા ઉગ્રસેનની પુત્રી છું અને તું અંધકવૃષ્ણિ કુળના રાજા સમુદ્રવિજયનો પુત્ર છે, તેથી ઉત્તમ કુળમાં જન્મેલા આપણે બન્ને ગંધન કુળમાં ઉત્પન્ન થએલા સર્પો જેવા એટલે વમેલું વિષ પાછું ન ચુસી લે તેવા અર્થાત્ ત્યાગ કરેલા ભોગને પાછા ફરી ન ગ્રહણ કરનારા હોઇએ, તેજ કારણ માટે તું નિશ્ચળ થઇને સર્વ પ્રકારના દુઃખને નિવારણ કરનારા સંયમનું આચરણ કર. હે રથનેમિ ? જો તું જે જે સ્ત્રીઓને દેખીશ, તે તે સ્ત્રીઓમાં “ આ સારી આ વધારે સારી અને આને હું સેવું ” એવો ભાવ કરીશ, તો વાયુથી પ્રેરાયેલા અને મૂળ બંધાયા વિનાના વૃક્ષની પેઠે અસ્થિર આત્માવાળો થઇશ. અર્થાત્ સર્વ દુઃખને ક્ષય કરનારા સંયમ ગુણમાં ત્હારૂં મૂળ બંધાયેલું થશે નહી, તેથી આ સંસાર સમુદ્રમાં પ્રમાદરૂપ પવને પ્રેરેલો તું આમ તેમ ભટકયા કરીશ ” ઇત્યાદિ રાજિમતીનાં વચનો સાંભળીને રથનેમિ તેણીને ચરણે પડીને બોલ્યો. “ હું ખરેખર અભાગ્યવાન છું, તો પણ તમે આમ મ્હારૂં મન ઠેકાણે આણ્યું, તેથી તમે મ્હારા ગુરૂને ઠેકાણે છો, માટે હવેથી તમે મ્હારા ગુરૂ છો, ” રાજિમતીએ કહ્યું “ તમને ધન્ય છે. ” આ પ્રમાણે રથનેમિને પ્રબોધ આપીને તે પોતાને ઉપાશ્રયે ગઇ, અનુક્રમે તે સર્વ કર્મનો ક્ષય કર્મને નેમિનાથના નિર્વાણ પહેલાંજ મુક્તિએ પહોંચી.

# અંજનાસુંદરી.

પોતાને પ્રાપ્ત થએલી અતિશય આપત્તિ પણ માણસોઃ અંજનાસુંદરીની પેઠે શુદ્ધ શીળના પ્રભાવથી એક ક્ષણમાત્રમાં ઉલ્લંઘી જાય છે—

આદિત્યના નામના નગરને વિષે પ્રહ્‌લાદ નામે વિદ્યાધર રાજા રાજ્ય કરતો હતો. તેને કેતુમતી નામની પત્નિની કુક્ષિએ પવનજય નામે પુત્ર થયો. તે બહુ વિદ્યા સાધતો હતો.

વળી એક બીજા માહેંદ્રપુર નગરમાં તે વખતે મહેંદ્ર રાજા રાજ્ય કરતો હતો. તેને હૃદયસુંદરી રાણીની કુક્ષિથી અંજના સુંદરી નામે પુત્રી થઇ. અનુક્રમે વૃદ્ધિ પામતી તે યોવનાવસ્થાને પામી, ત્યારે તેણીને મહોત્સવપૂર્વક પવનજય કુમાર વેરે પરણાવી; પણ પવનજયે કંઇ ગર્વના કારણથી તે મહાસતીની મનથી પણ સાર સંભાળ ન કરી, તો વચન કે કાયાના વિષયની તો વાતજ શી કરવી? આમ થવાથી અંજનાસુંદરી તો દુઃખે કાળ નિર્ગમન કરવા લાગી.

એવામાં એકાદ રાવણનો દૂત આવીને પ્રહલાદ રાજાને કહેવા લાગ્યો. “વરૂણની સામે યુદ્ધ કરવા જવું છે, માટે મ્હારો સ્વામી તમને બોલાવે છે.” તે ઉપરથી પવનજય ત્યાં જવાને ઉત્સુક થયો અને માતાને નમન કરવા ગયો. માતાને ભક્તિ સહિત વંદન કર્યું; પણ પોતાને પાયે પડેલી અર્ધાંગનાની તો તેણે અવજ્ઞાજ કરી. પછી પવનજય તો સૈન્ય સહિત આકાશ માર્ગે ચાલ્યો, તે એક સરોવરે પહોંચ્યો. ત્યાં રાત્રિને વિષે ચક્રવાકથી વિયોગ પામેલી ચક્રવાકી રૂદન કરતી હતી, તે જોઇને તેને પોતાની પત્ની સ્મરણમાં આવી. તે વખતે તેના એક મિત્રે તેનો ઉપહાસ કર્યો. તેજ વખતે પોતાની પ્રિયા પાસે આવીને કામ વિહવલ એવી તેણીનો સમાગમ કરીને તેણીને સુખી કરી

પ્રભાતે પતિ ફરી ચાલ્યો, ત્યારે પ્રિયાએ કહ્યું, " આપ અહિં આવી ગયા છો તેથી જો મ્હારો ગર્ભ વૃદ્ધિ પામશે, તો હું શો ઉત્તર આપીશ ? તે ઉપરથી તેણે તેણીને નીશાનીને અર્થે પોતાની મુદ્રિકા આપીને કહ્યું. " તું ભય રાખીશ નહી, હું વેરીને જીતીને પાછો આવું, ત્યાં સુધી સુખમાં રહેજે, " એમ કહીને તે પાછો પોતાની સેના પડી હતી ત્યાં ગયો અને ત્યાંથી આગલ પ્રયાણ વધાર્યું.

હવે અહિં પાછળ અંજનાસુંદરીનો ગર્ભ વૃદ્ધિ પામ્યો, તે જોઇ તેણીની સાસુએ તેણીને તિરસ્કાર કરીને કહ્યું " હે દુષ્ટા ! આ કુળને વિષે કલંક લાવનારા ઉદરવૃધ્ધિ સ્વરૂપ વિષે તું શું કહે છે? કારણ કે ત્હારો પતિ તો દેશાંતર ગયો છે. " તે સાંભળીને સતી અંજનાએ પતિની આપેલી મુદ્રિકા બતાવી, તેનાથીજ ગર્ભ રહ્યો છે, એ વાત કહી બતાવી. ત્યારે તો સાસુ વધારે કોપ કરીને કહેવા લાગી " આવું અકાર્ય કરીને પોતાનો મનમાન્યો ઉત્તર કેમ આપે છે! ત્હારા એ કહેવા ઉપર મને વિશ્વાસ નથી. " એવાં કર્કશ વચનો કહી, પોતાના પતિને એ વાત નિવેદન કરી, તેથી તેમણે તેણીને એક રથમાં બેસારી માહેંદ્રપુર મોકલાવી દીધી, તે તો બિચારી પિતાને ત્યાં ગઈ, પણ તેણે એવી દોષવાન્ ગણેલ પુત્રીને રાખી નહીં, પરંતુ એક વસંતતિલકા દાસી સહિત એને બહાર કાઢી મૂકી, એટલે તે અરણ્યને વિષે દુઃખમાં દિવસ કાઢવા લાગી.

ત્યાં રહેતાં તેણીએ એકદા એક તપસ્વીને જોયા. તેમને વંદન કરી ધર્મોપદેશ શ્રવણ કર્યો. પછી તેણીએ પ્રેરેલી દાસીએ પૂછયું. " હે મુનિ ! આ અંજનાસુંદરીએ એવું શું કર્મ કર્યું હશે, કે જેથી તેણીને આવું કલંક લાગ્યું ? " મુનિએ કહ્યું. " દેવલોકથી એક દેવ ચ્યવીને તેણીની કુક્ષિને વિષે અવતર્યો છે, તે જન્મ પામીને પ્રાંતે મુક્તિગામી થશે. વળી સાંભળ,

પૂર્વે કોઇક નગરને વિષે કનકરથ નામના રાજાને લક્ષ્મીવતી અને કનકોદારી નામે બે સ્ત્રીઓ હતી, લક્ષ્મીવતી પરમ અર્હંત-ની ભક્તિ હતી. એકદા તેણીએ ભગવંતની પૂજા કરીને મૂકેલી અરિહંતની પ્રતિમાને કનકોદરીએ હરી લઇને ગુપ્તસ્થાને મુકી. પ્રતિમા ગુમ થઇ જાણીને લક્ષ્મીવતી તો બહુ ખિન્ન થઇ. પણ એટલામાં કનકોદરીએ સાધ્વી પાસે પ્રતિમાહરણનું પાપ સાંભળીને પાછી તેને પૂર્વને સ્થાને મુકી દીધી, પ્રાંતે ધર્મનો બોધ થવાથી તે મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવી થઈ, ત્યાંથી ચ્યવીને એ કનકોદરી આ ત્હારી સખી અંજનાસુંદરી થઇ છે. પૂર્વભવમાં પ્રતિમા હરણ કરવાના પાપને લીધે તેણીને આવું દુઃખ ભોગવવું પડયું છે, પણ હવે તેનું કર્મ ઘણું ખરૂં ભોગવાઇ રહ્યું છે અને વળી હવે વધારે પુણ્યકાર્ય કરે." તે સાંભળીને અંજનાસુંદરી વિશેષ ધર્મકાર્ય કરવા લાગી.

આમ રહેતાં રહેતાં અનુક્રમે તેણીને ગુફાને વિષે પ્રસવ થયો, તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. આવે વખતે તે રૂદન કરવા લાગી. તે સાંભળીને પ્રતિસૂર્ય નામનો વિદ્યાધર ત્યાં આવ્યો. તે તેણીને પોતાની ભગિની સમાન ગણીને તેણીને તથા નવા પ્રસવેલા બાળકને વિમાનમાં બેસારી પોતાની સાથે લઈ ગયો. વિમાન આકાશ માર્ગે વેગ સહિત ચાલવા લાગ્યું, એવામાં માતાના ખોળામાંથી પુત્ર પડી ગયો. તે જે પર્વતના શિખર ઉપર પડયો તેજ શિખરને તેણે ચુર્ણ કરી નાંખ્યું. પછી પ્રતિસૂર્યે વેગથી બાળકને લઇ આવી, સાજું ને તાજું તેની માતાને સોંપીને કહ્યું કે, "તેણે તો પર્વતને ચુર્ણ કરી નાંખ્યો છે." પછી તે તેમને પોતાને હનુરૂહ નગરે લઈ ગયો અને તેના જન્મ પછી તુરતજ તેને ત્યાં લઈ જવામાં આવ્યો તેથી હનુરૂહ નામ ઉપરથી તેનું હનુમાન એવું નામ પાડયું; એમ તે અનુક્રમે માતાને ઘેર વૃદ્ધિ પામવા લાગ્યો.

એવામાં અહિં રાવણને સાન્નિધ્ય કરીને પવનજય પોતાને નગર પાછો આવ્યો. ત્યાં તેને પોતાની સ્ત્રીને કાઢી મુકયાની ખબર પડી, તેથી તે શ્વસુરને નગરે ગયો, ત્યાં પણ તે ન હોવાથી તે વને વન ભમવા લાગ્યો, પણ તે ન મળવાથી તે બહુ શોકાકુળ થયો તે વખતે તેના મિત્રે ઉપહાસ કર્યો, તે ઉપરથી તેણે તેને પ્રણામ પૂર્વક કહ્યું. "હે મિત્ર! જો એ સ્ત્રી મને નહીં મળે તો મ્હારૂં મૃત્યુ થશે." આ વાત તે મિત્રે પ્રહલાદ રાજાને જણાવી તે સાંભળી દુઃખી થએલો પ્રહલાદ રાજા વિદ્યાધરોની સાથે અંજનાસુંદરીની શોધમાં ગયો. ભમતાં ભમતાં તેણે પોતાના આગનમાં પ્રવેશ કરવા તૈયાર થયેલા પુત્રને જોઇને કહ્યું. "હે પુત્ર! આમ બાળક જેવો થઇ તું મરણ શરણ થા નહીં, એવું મરણ દુર્ગતિએ લઇ જાય છે, કહ્યું છે કે—"ગળાને વિષે પાશ નાંખીને, વિષ ખાઇને, જળ કે અગ્નિમાં પ્રવેશ કરીને, તૃષા કે ક્ષુધા વેઠીને અથવા પર્વત ઉપરથી ઝંપાપાત કરીને મૃત્યુ પામનારા જનો નરકગતિ પામે છે; અને શુભભાવ યુક્ત હોય છે તો વ્યંતર થાય છે." એવામાં પવનજય પ્રિયાના વિયોગથી દુઃખી થઇ અગ્નિપ્રવેશ કરે છે, એવું સાંભળવાથી પ્રતિસૂર્ય વિદ્યાધર અંજનાસુંદરી સહિત ત્યાં અકસ્માત્ આવી પહોંચ્યો. તેમને જોઇ સર્વ હર્ષ પામ્યા. પ્રતિસૂર્યના આગ્રહથી પ્રહલાદ અને પવનજય આદિ રાજાઓ હનુરૂહ નગરે ગયા. ત્યાંથી પછી સર્વ રાજાઓ પોતપોતાને નગરે ગયા. પવનજય તો પોતાના પુત્ર સહિત ત્યાંજ રહ્યો. હનુમાન પણ ત્યાંજ ઉછરવા લાગ્યો અને સૌ કોઇને હર્ષનું કારણ થઇ પડયો. કાળે કરીને તેણે બહુ વિદ્યાઓ સંપાદન કરી. એકદા વરૂણના સંગ્રામને વિષે હનુમાનનું બળ જોઇને રાવણે પણ સંતુષ્ટ થઈ તેને પ્રસાદ કર્યો. પછી પવનજય પોતાની સ્ત્રી તથા પુત્રને લઇને પોતાને નગરે આવ્યો અને માત પિતાના ચરણને વિષે નમ્યો, આ વખતે સીતાનું હરણ

થયું હતું, તેથી હનુમાન જઇને રામને મળ્યો અને તેને સીતાને લઈ આવવામાં પોતાના સર્વ બળથી સાનિધ્ય કરી; એ વાત સર્વની જાણીતી છે. તે રામને કહેવા લાગ્યો હે દેવ! હું શું કરૂં? કહો તો લંકાનેજ ઉપાડીને અહિં લઇ આવું; કહો તો જંબુદ્વીપને લઇ આવું; કહો તો જળસાગરને પી જઉં, કહો તો વિંધ્યાચળને અને કહો તો સુવર્ણ પર્વતના શિખરને ઉપાડી સમુદ્રને વિષે ફેંકી દઉં? અને (એમ કરીને) એ મહાસાગરને બાંધી લઉં. વળી કહો તો પાતાળ થકી સુધારસ લઇ આવું; કહો તો ચંદ્રને પીડા કરીને અમૃત લઇ આવું; કહો તો ઉદય પામતાં સૂર્યના કિરણોને નિવારૂં અને કહો તો કિનાશ જે યમ તેને કણે કણ (ચુર્ણ) કરી નાખું." આ પ્રમાણે હનુમાને રામને બહુ બહુ કહ્યું છે એમ જાણવું.

પછી પવનજય પોતાના પુત્ર હનુમાનને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી પ્રાંતે મુક્તિપદ વર્યા. અંજનાસુંદરી પણ ચંદ્રસૂરિ મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી, કર્મ ક્ષય થતાં મોક્ષે ગયાં અને અનુક્રમે હનુમાન પણ ચિરકાળે પૃથ્વીનું પાલન કરી પોતાના પુત્રનો રાજ્ય અભિષેક કરીને શ્રીદેવસૂરિ પાસે વ્રત લઇ, મહા તપશ્ચર્યા કરતા શત્રુંજય તીર્થે ગયા અને ત્યાં કેવળ જ્ઞાન સંપાદન કરીને મોક્ષ પામ્યા ઇતિ.

---

## શ્રીદેવી.

શ્રીપુર નગરને વિષે શ્રીધર નામે રાજા રાજ્ય કરતો હતો, તેને શ્રીદેવી નામની રાણી હતી. એકદા શ્રીધર રાજા પોતાની પ્રિયા સહિત ઉદ્યાનને વિષે ક્રીડા કરવા ગયો. ત્યાં કમળકેતુ નામનો વિદ્યાધર અકસ્માત્ શ્રીદેવીનું હરણ કરીને તેણીને પોતાને સ્થાને લઇ ગયો અને ભોગને માટે તેણીની પ્રાર્થના કરવા

લાગ્યો. કહ્યું છે કે-પોતાને આધીન સ્ત્રી છતાં જે પુરૂષ પરદારા સેવન કરે છે, તે જળથી ભરેલા પૂર્ણ તળાવને મૂકીને ઘડામાંથી જળ પીનારા કાકપક્ષી જેવો સમજવો. વળી જે પુરૂષે પરસ્ત્રી સામું જોયું; તેણે પોતાના આત્માને ધૂળ મેળવ્યો. સગાંને છાર દીધો અને પગલે પગલે માથા ઢાંકણું કર્યું સમજવું.

શ્રીદેવી પણ પોતાના કાન બંધ કરીને કહેવા લાગી કે- "હે વિદ્યાધર! એમ ન બોલ, કારણ કે પરસ્ત્રીના ગમનથી તો નરકમાં પડવું પડે છે. વળી શીળ છે તે સ્વર્ગના સુખને અર્થે થાય છે. કહ્યું છે કે જે પુરૂષ બ્રહ્મચર્ય વ્રત પાળે છે તે પુરૂષને વિમાનવાસી દેવતાઓ, જ્યોતિષી દેવતાઓ, ભવનપતિ દેવતાઓ, દેવતાના ગવૈઆ-ગાંધર્વ દેવતાઓ, વૃક્ષમાં રહેનારા યક્ષો, માંસ ખાવામાં તત્પર એવા રાક્ષસો અને વ્યંતર જાતિના કિન્નર દેવતાઓ, એ સર્વે નમસ્કાર કરે છે." ઇત્યાદિ વચનથી પ્રબોધ પમાડેલા વિદ્યાધરે ફરી તેણીને શ્રીપુર નગરને વિષે મૂકી.

એકદા કોઇ દેવતાએ આવીને શ્રીદેવીને કહ્યું. "હું ત્હારો નાથ છું. માટે ચાલ મ્હારી સાથે, કે જેથી કરીને ત્હારૂં કુશળ થાય." શ્રીદેવીએ કહ્યું "તું દેવ છે અને હું માણસ છું, તો આપણો યોગ શી રીતે થાય? વળી હું પ્રાણનો નાશ થાય તો પણ પોતાના પતિ વિના અન્ય પુરૂષની ઇચ્છા કરતી નથી." શ્રીદેવીનાં એવાં વચન સાંભળી પ્રસન્ન થએલો દેવ "તું મહાસતી છે." એમ કહી પોતાને સ્થાને ગયો શ્રીદેવી પણ મૃત્યુ પામીને પાંચમે દેવલોકે ગઇ. ત્યાંથી ચ્યવીને તેણીનો જીવ વીરપુર નગરને વિષે ભદ્રશ્રેષ્ઠીના મદન નામના પુત્રપણે ઉત્પન્ન થયો. અનુક્રમે તેણે ગુરૂપાસે ધર્મ સાંભળી દીક્ષા અંગીકાર કરી યોગ્ય રીતે પાળી અને પ્રાંતે કર્મ ક્ષય કરીને તે મુક્તિને પામ્યો છે,

---

# કલાવતી.

આ પૃથ્વીને વિષે રવિ જ્વાલાએ જ્વલિત, મેરૂરૂપી વાટ અને સમુદ્રજળરૂપી તેલથી ભૃત મંગળદિપવત્ જંબુદ્વિપ . તેને વિષે વૈતાઢય પર્વતથી બે વિભાગવાળું અને ગંગા સિંધૂના પ્રવાહથી ષટ ખંડે મંડિત ભારતક્ષેત્ર છે. એમાં દક્ષિણાર્ધ ભરતના મધ્ય ખંડને વિષે મંડનરૂપ, રમ્ય ગ્રામ-પુર અને દેશે સંયુક્ત શ્રીમંગલ નામે દેશ હતો. તેને વિષે દક્ષિણાવર્ત્ત શંખ સદૃશ મનોવાંછિત દેનારૂં, લક્ષ્મીએ પરિપૂરિત અને વિશદ વર્ણે ભૃત શંખપુર નામે નગર હતું. જે નગર પ્રસાદ ધ્વજના મિષથી નિરંતર અંગુલી ઊંચી કરી ઘંટા ઘોષે આ પ્રમાણે નાદ કરતું જે 'મારી સમાન અન્ય નગર નથી' તે નગરને વિષે શંખ સરખા ઉજ્વળ યશવાળો શંખ નામે રાજા હતો. જે શુર છતાં પણ સંતાપી ન હતો. સોમ છતાં કલંકિત નહતો. સુપાત્ર દાનને વિષે ઉદાર, ધુતાદિવ્યસનને વિષે કૃપણ, પરસ્ત્રીથી પરાઙ્મુખ અને સર્વ શત્રુઓને વિષે સન્મુખ હતો. તેને અંતઃપુર અને પ્રધાનાદિ વર્ગે સંયુક્ત રાજ્ય પાળતાં કેટલોક કાળ નિર્ગમન થયો.

અન્યદા મહેલને વિષે બેઠેલા ભૂપતિ પ્રત્યે પ્રતિહારીએ નિવેદન કર્યું કે—ગજશ્રેષ્ઠિનો પુત્ર દત્ત આવે છે. રાજાની આજ્ઞાથી પ્રવેશ કરી અદ્‌ભુત ભેટણું મુકી તે રાજાની સમીપે બેઠો. રાજાએ પૂછ્યું, 'ભો કુમાર! તું કુશળ છે? ઘણે દિવસે કયાંથી આવ્યો.'

દત્ત કહે 'દેવના ચરણકમળ વિલોકનથી મને કુશળ વર્ત્તે છે. પરંતુ ચિરાગમન કારણ સાંભળો-અમારી વ્યાપારીઓની એવી રીતિ છે કે પરદેશ ફરી તરૂણ અવસ્થામાં દ્રવ્ય ઉપાર્જન કરવું. કારણ કે કહ્યું છે કે ક્ષુધિત થયેલા મનુષ્યથી વ્યાકરણ ખવાતું નથી, તુષાતુર માણસથી કાવ્યરસનું પાન થતું નથી અને

છંદશાસ્ત્રવડે કોઇના કુળનો ઉદ્ધાર થતો નથી માટે દ્રવ્ય ઉપાર્જન કરવું; એ વિના સર્વે કળા નિષ્ફળ છે તે કારણ માટે હે દેવ! અહીંથી હુ દેવશાળપુરે ગયો હતો, ત્યાં પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કરી ઘણે કાળે હમણાં અત્રે આવ્યો છું.'

રાજા કહે 'અતિ દૂર દેવશાળ પુરે જઇ તેં તારૂં કથન સત્ય કરી બતાવ્યું છે, કહ્યું છે કે–

**कोऽतिभारः समर्थानां, किं दूरं व्यवसायिनां ।**

**को विदेशः सुविद्यानां कः परः प्रियवादिनां ॥**

સમર્થ પુરૂષને અતિ ભાર શું? વ્યવસાયી પુરુષને અતિદૂર શું? સુવિદ્યાવંતને વિદેશ કયો? અને પ્રિયવાદિને શત્રુ કોણ? અર્થાત્ સમર્થ પુરૂષને અત્યંત ભારજ નથી. વ્યવસાયી પુરૂષોને કાંઇ દૂરજ નથી, સુવિદ્યાવંતને કોઇ પરદેશજ નથી અને પ્રિય વાદિને કોઈ શત્રુજ નથી. પરંતુ હે ઉત્તમ! ત્યાં તેં જે જે આશ્ચર્ય જોયા હોય તે કહે.'

દત્ત કહે 'રાજન્! સાંભળો. એ નગરને વિષે અપ્રતિમ દેવમંદિર છે, સપરિવાર મુનીંદ્રો ત્યાં વસે છે અને શ્રાવકો બુદ્ધિમાન્ છે. સર્વત્ર આશ્ચર્યમય એ નગરને વિષે વિશેષ મેં જે જોયું તે આપ પ્રફુલ્લ નયનથી જુઓ.' એમ કહી યત્નવડે ગોપવી રાખેલી વિચિત્ર વર્ણે યુકત ચિત્રપટ્ટિકા કાઢીને નૃપતિ સમીપે મુકી. તેને વિષે અગણ્ય લાવણ્યવડે જેણે દેવાંગનાઓને હસી કાઢી છે એવી કન્યા જોઇ તેના નેત્ર, તેનું મુખ, હસ્ત, ચરણ, સ્તન વિગેરે સર્વ અવયવો શોભિતાં જોઈ–આ કોઇ દેવીની મૂર્તિ છે; એમ માની રાજાએ પુછયું. 'આ કઇ દેવીની મૂર્તિ છે? કયા ચિતારાએ ચિતરી છે?'

દત્ત કહે 'હે દેવ! આ માનુષી છે, પરંતુ તમારા સંગમથી દેવી થશે. એમાં કાંઇ ચિતારાની કૃતિ નથી; ફક્ત જોયા પ્રમાણે આળેખ્યું છે.

રાજા કહે 'આના રૂપને વિષે કાંઇ પણ ન્યૂનતા નથી. ચંદ્રમંડળ સદૃશ પૂર્ણ વદન છે, કેશપાશ શોભિતા છે. ચંચળ ભ્રકુટીવાળાં નેત્ર છે, જાણે હસતા હોય એવા દાંત છે, ચલાયમાન અંગુલીવાળા હસ્તકમળ છે અને પગ તો જાણે ચાલતા હોય એમ જણાય છે. એ સર્વ પ્રકારે સુશોભિત છે, ચિત્રસ્થિતા એ સર્વથા મારા મનનું હરણ કરે છે.'

દત્ત કહે 'હે દેવ ! તેની અંગ શોભા કોઇ જુદા પ્રકારની છે અને તેની લીલા પણ જુદાજ પ્રકારની છે, આ તો સ્મૃતિમાં આવ્યું તેટલું આળેખ્યું છે.

રાજા કહે 'હે સૌમ્ય ! એ કોણ છે ? તે કહે.'

દત્ત કહે 'એ મ્હારી બ્હેન છે.'

રાજા કહે 'ત્યારે તેં દેવશાળપુરે કેમ જોઇ ?'

દત્ત કહે 'તત્વ સાંભળો, દ્રવ્યની ઇચ્છાંથી વિવિધ દેશો જોતો હું મ્હોટા સાર્થ સંઘાતે પર્યટન કરતો હતો. એક વખત ઘણા દેશોનું ઉલ્લંઘન કરી વિવિધ પ્રકારના કૌતુક જોતો હુ નંદિદેશને વિષે આવેલા દેવશાલપુરથી કેટલેક દૂર એક ભયંકર અરણ્યમાં પહોંચ્યો. ત્યાં પ્રૌઢ તુરંગ ઉપર આરૂઢ થઇ સનદ્ધ બદ્ધ સુભટોએ પરિવૃત, ચોર ભિલ્લની શંકાથી આગળ માર્ગ શોધતો હું ચાલતો હતો, તેવામાં માર્ગને વિષે સુંદર અંગવાળો, જેની સમીપે મૃત ઘોડો પડયો છે એવા કોઇ પુરૂષને મેં જોયો. મેં તેની સમીપે જઇ, કાંઇ જીવિત છે એમ માની તત્કાળ શીતળ જળ છંટાવ્યું. કાંઇ સંજ્ઞાવાળો જણાયો એટલે થોડા શીતળ જળનું પાન કરાવ્યું, જ્યારે બરાબર શુદ્ધિમાં આવ્યો ત્યારે ક્ષુધાર્ત્ત મનુષ્યના ચિત્તને પ્રમોદ કરે એવા મોદક ખવરાવ્યા. પછી મેં પુછયું 'તમે કોણ છો ? અહીં આવા વિકટ કષ્ટમાં શી રીતે પડયા ?' તેણે કહ્યું 'અવશ્ય ભાવને વિષે ગ્રહો પણ અનવગ્રહ (પ્રતિકુળ)થાય છે. તૃષ્ણને જેમ પવનની ગતિને અનુસરવું પડે છે તેમ

છંદશાસ્ત્રવડે કોઇના કુળનો ઉદ્ધાર થતો નથી માટે દ્રવ્ય ઉપાર્જન કરવું; એ વિના સર્વે કળા નિષ્ફળ છે તે કારણ માટે હે દેવ! અહીંથી હુ દેવશાળપુરે ગયો હતો, ત્યાં પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કરી ઘણે કાળે હમણાં અત્રે આવ્યો છું.'

રાજા કહે 'અતિ દૂર દેવશાળ પુરે જઇ તેં તારૂં કથન સત્ય કરી બતાવ્યું છે, કહ્યું છે કે–

**कोऽतिभारः समर्थानां, किं दूरं व्यवसायिनां ।**

**को विदेशः सुविद्यानां कः परः प्रियवादिनां ॥**

સમર્થ પુરૂષને અતિ ભાર શું ? વ્યવસાયી પુરૂષને અતિદૂર શું ? સુવિદ્યાવંતને વિદેશ કયો ? અને પ્રિયવાદિને શત્રુ કોણ? અર્થાત્ સમર્થ પુરૂષને અત્યંત ભારજ નથી. વ્યવસાયી પુરૂષોને કાંઇ દૂરજ નથી, સુવિદ્યાવંતને કોઇ પરદેશજ નથી અને પ્રિય વાદિને કોઈ શત્રુજ નથી. પરંતુ હે ઉત્તમ! ત્યાં તેં જે જે આશ્ચર્ય જોયા હોય તે કહે.'

દત્ત કહે 'રાજન્! સાંભળો. એ નગરને વિષે અપ્રતિમ દેવમંદિર છે, સપરિવાર મુનીંદ્રો ત્યાં વસે છે અને શ્રાવકો બુદ્ધિમાન્ છે. સર્વત્ર આશ્ચર્યમય એ નગરને વિષે વિશેષ મેં જે જોયું તે આપ પ્રફુલ્લ નયનથી જુઓ.' એમ કહી યત્નવડે ગોપવી રાખેલી વિચિત્ર વર્ણે યુક્ત ચિત્રપટ્ટિકા કાઢીને નૃપતિ સમીપે મુકી. તેને વિષે અગણ્ય લાવણ્યવડે જેણે દેવાંગનાઓને હસી કાઢી છે એવી કન્યા જોઇ તેના નેત્ર, તેનું મુખ, હસ્ત, ચરણ, સ્તન વિગેરે સર્વ અવયવો શોભિતાં જોઈ–આ કોઇ દેવીની મૂર્તિ છે; એમ માની રાજાએ પુછયું. 'આ કઇ દેવીની મૂર્તિ છે ? કયા ચિતારાએ ચિતરી છે ?'

દત્ત કહે 'હે દેવ ! આ માનુષી છે, પરંતુ તમારા સંગમથી દેવી થશે. એમાં કાંઇ ચિતારાની કૃતિ નથી; ફક્ત જોયા પ્રમાણે આળેખ્યું છે.

રાજા કહે 'આના રૂપને વિષે કાંઇ પણ ન્યૂનતા નથી. ચંદ્રમંડળ સદૃશ પૂર્ણ વદન છે, કેશપાશ શોભિતા છે. ચંચળ ભ્રકુટીવાળાં નેત્ર છે, જાણે હસતા હોય એવા દાંત છે, ચલાયમાન અંગુલીવાળા હસ્તકમળ છે અને પગ તો જાણે ચાલતા હોય એમ જણાય છે. એ સર્વ પ્રકારે સુશોભિત છે, ચિત્રસ્થિતા એ સર્વથા મારા મનનું હરણ કરે છે.'

દત્ત કહે 'હે દેવ ! તેની અંગ શોભા કોઇ જુદા પ્રકારની છે અને તેની લીલા પણ જુદાજ પ્રકારની છે, આ તો સ્મૃતિમાં આવ્યું તેટલું આળેખ્યું છે.

રાજા કહે 'હે સૌમ્ય ! એ કોણ છે ? તે કહે.'

દત્ત કહે 'એ મ્હારી બ્હેન છે.'

રાજા કહે 'ત્યારે તેં દેવશાળપુરે કેમ જોઇ ?'

દત્ત કહે 'તત્વ સાંભળો, દ્રવ્યની ઇચ્છાથી વિવિધ દેશો જોતો હું મ્હોટા સાર્થ સંઘાતે પર્યટન કરતો હતો. એક વખત ઘણા દેશોનું ઉલ્લંઘન કરી વિવિધ પ્રકારના કૌતુક જોતો હુ નંદિદેશને વિષે આવેલા દેવશાલપુરથી કેટલેક દૂર એક ભયંકર અરણ્યમાં પહોંચ્યો. ત્યાં પ્રૌઢ તુરંગ ઉપર આરૂઢ થઇ સનદ્ધ બદ્ધ સુભટોએ પરિવૃત, ચોર ભિલ્લની શંકાથી આગળ માર્ગ શોધતો હું ચાલતો હતો, તેવામાં માર્ગને વિષે સુંદર અંગવાળો, જેની સમીપે મૃત ઘોડો પડયો છે એવા કોઇ પુરૂષને મેં જોયો. મેં તેની સમીપે જઇ, કાંઇ જીવિત છે એમ માની તત્કાળ શીતળ જળ છંટાવ્યું. કાંઇ સંજ્ઞાવાળો જણાયો એટલે થોડા શીતળ જળનું પાન કરાવ્યું, જ્યારે બરાબર શુદ્ધિમાં આવ્યો ત્યારે ક્ષુધાર્ત્ત મનુષ્યના ચિત્તને પ્રમોદ કરે એવા મોદક ખવરાવ્યા. પછી મેં પુછ્યું 'તમે કોણ છો ? અહીં આવા વિકટ કષ્ટમાં શી રીતે પડયા ?' તેણે કહ્યું 'અવશ્ય ભાવને વિષે ગ્રહો પણ અનવગ્રહ (પ્રતિકુળ)થાય છે. તૃણને જેમ પવનની ગતિને અનુસરવું પડે છે તેમ

મનુષ્યની કલ્પનાને વિધિની ઇચ્છાને અનુસરવું પડે છે. હું તો દેવશાળપુરથી અશ્વ અપહરણ કરેલો અત્રે આ સ્થિતિમાં આવ્યો છું, પરંતુ હે પરોપકારી! તમે ક્યાં જાઓ છો ?' મેં કહ્યું 'હું દેવશાળપૂર તરફજ જવાનો છું. માટે ચાલો, આપણો બંનેને એકજ માર્ગ છે. તમે અશ્વરહિત છો માટે મારી સાથે સુખાસનમાં બેસો.'

પછી અમે બંને સુખાસનમાં બેસી નાના પ્રકારની વાર્તા કરતા તે વિકટ અરણ્યમાં ચાલ્યા. એમ તે દિવસ તો અમે આનંદથી નિર્ગમન કર્યો. બીજે દિવસે માર્ગે ચાલતા હયના હેષારવે, ગજના ગર્જારવે અને રથના ચિત્કાર શબ્દે સંયુક્ત મોટી સેનાના સુભટોનો કોલાહલ સંભળાયો. તેથી શંકિત થઇ અમારા સુભટો સાવધ થતા હતા; તેવામાં બ્હીશો નહિ, બ્હીશો નહિ, એમ કહેતો એક સ્વાર અમારી સમીપે આવ્યો અને બોલ્યો 'કોઇ અશ્વે અપહરણ કરેલા પુરૂષને તમે જોયો ?' એમ બોલતો મારી સાથેના પુરૂષને ઓળખી અત્યંત આનંદ પામ્યા, તરતજ સર્વ સૈન્ય તથા વિજયભૂપતિ ત્યાં આવ્યા અને તે પુરૂષ કે જે તેનો પુત્ર થતો હતો તેને જોઈ હર્ષિત થયા. બંદિજનો ઉંચે સ્વરે બોલવા લાગ્યા કે 'વિજયભૂપતિનો પુત્ર જયસેન કુમાર જય પામો.' તરતજ કુમારે સુખાસનથી ઉતરી પગે ચાલી પિતાને નમસ્કાર કર્યો અને પિતાના પૂછવાથી પોતાનો વૃતાંત જણાવવા લાગ્યો–' હે તાત! કુશિક્ષિત હયે મને આ વિકટ અરણ્યમાં પ્રવેશ કરાવ્યો. પછી મેં ઉદ્વેગ પામી લગામ છોડી દીધી એટલે તરત તે અટકયો. અકાર્યકારીપણાથી જાણે લજ્જા પામતો હોય તેમ તત્કાળ તે પ્રાણ વિમુકત થયો. તે સમયે મને પણ મૂર્છા પ્રાપ્ત થઇ. ક્ષુધા અને તૃષાએ પીડિત ત્યાંજ પડયો હતો, ત્યાં આ ધર્મબંધુએ આવી મને જીવાડયો.' એમ કહી મને દેખાડયો. તે સમયે રાજાએ મને આલિંગન કરી પોતાના

જ્યેષ્ટ પુત્રવત્ માન્યો. સાર્થની રક્ષા કરવા સુભટોને મુકી મને પ્રથમ દેવશાલપુરે લઇ ગયા, જ્યાં હું ઘણા દિવસ રહ્યો. તે સમયમાં રાજપુરૂષોએ મારૂં મન એટલું હરણ કરી લીધું કે મને માતાપિતા અને સ્વદેશ યાદજ આવ્યા નહિ. કહ્યું છે કે, મહિતલને વિષે એવા વિરલ મનુષ્યો મળે છે કે જેઓ હૃદયમાં જાણે ટાંકણાથી કોતરાઇ ગયા હોય તેમ ક્ષણમાત્ર વિસ્મૃત થતાં નથી. તે રાજાને શ્રીદેવી નામે રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી જયસેન કુમારની અનુજા શુભ લક્ષણે સંયુક્ત એક પુત્રી છે. રૂપે તિલોત્તમા સદૃશ—નયન મનોહારિણી તે કન્યા કલાકલાપે સંયુકત હોવાથી નામ અને ગુણે કલાવતી છે. તેને યોગ્ય પતિ શોધ કરતાં પણ ન મળવાથી રાજા રાણી ચિંતાતુર હતાં. કહ્યું છે કે—

या मातुर्जनयन्ति दीनमुखतां प्राप्ताश्च सद्यौवनं,
चिन्ताब्धिं किल वर्द्धयन्ति विपुलं यान्त्यः परेषां गृहे;
कान्तेनापि विवर्जिता अपसुताः पित्रोर्भृशं दुःखदाः,
पुत्रीणां नयनाम्बु जन्मसमये मात्रा ततो दीयते.

પુત્રીઓ માતાને દીનમુખવાળી કરે છે, યોવનને વિષે પ્રાપ્ત થયેલી ચિંતાસમુદ્રને વધારે છે, પર ઘરે જાય છે અને પતિએ વર્જિત અથવા વંધ્યા હોય તો માતાપિતાને દુઃખદાતા થાય છે તેટલા માટેજ પુત્રીના જન્મ સમયે માતા અશ્રુ પાડે છે.

એક દિવસ તેઓએ મને કહ્યું "રે દત્ત! આ તારી બ્હેનનો વર તું શોધી આપ. કારણકે તું ઘણા દેશને વિષે પ્રવાસ કરનાર છે. અને बहुरत्ना वसुंधरा એ વાકય પ્રમાણે જગતમાં ઘણા એવા ઉત્તમ પુરૂષો હશે, માટે એ અમારૂં કાર્ય તુંજ કર." મેં તેમનું વચન અંગીકાર કર્યું અને આ પ્રતિછંદ મેંજ કરી લીધો. પછી તેમની પાસેથી રજા લઈ ત્યાંથી પ્રયાણ કરી કાલે અત્રે આવ્યો છું. મેં વિચાર કર્યો કે આ કન્યા દેવને યોગ્ય છે.

અથવા પોતાના સ્વામીને મુકી, રત્ન બીજાને કોણ અર્પણ કરે ? એમ ધારી અત્રે આવી આ પ્રતિછંદ આપની સમીપે મુકયો છે. હવે જેમ આપને યોગ્ય લાગે તેમ કરો.'

એમ કહી દત્ત અટકયો. તે સમયે રાજાને કામકિરાતના બાણથી વિહ્વલ અને ચિત્રના રૂપને વિષે રક્ત જોઈ શ્રીધન નામે મંત્રી બોલ્યો--

एषा त्यक्तकलङ्कचन्द्रवदना विस्मरे पद्मेक्षणा,
रक्ताशोकसुपल्लवारुणकरा लावण्यनीरापगा;
देवं देवकुमारसारमहसं मुक्त्वा च कस्योचिता,
हंसी हंसवरं विहाय कलयेदङ्क व काकस्य किं.

આ સ્ત્રી કલંક રહિત ચંદ્ર જેવા વદનવાળી છે, વિકસ્વર થયેલા કમળ જેવા નેત્રવાળી છે, રક્ત અશોકના પલ્લવ સમાન રાતા હસ્તવાળી છે અને લાવણ્ય જળની નદી રૂપ છે. તે દેવકુમાર સરખા તેજવંત દેવને મુકી અન્ય કોને ઉચિત હોય? શું હંસી ઉત્તમ હંસને છોડી કાગડાના અંકને શોભાવે? પછી મતિસાગર નામે મંત્રી બોલ્યો—'રે દત્ત! તું અમારાથી પણ અધિક થયો; કારણકે અમે તો અહીં રહી સ્વામીનું કાર્ય કરીએ છીએ પરંતુ તેં તો પરસ્થાને જઈ સ્વામીકાર્ય કર્યું.'

સુબુદ્ધિ નામે મંત્રી બોલ્યો—'જે અન્યાર્થનો નાશ કરી પોતાનો અર્થ સાધે તે અધમ કહેવાય, પોતાનો અને પરનો એમ બંનેનો અર્થ સાધે તે મધ્યમ કહેવાય, પરંતુ જેઓ પરાર્થ કરવાને વિષેજ તત્પર હોય તે તો ઉત્તમ પુરૂષ ગણાય છે.'

તે વારે સુમતિ મંત્રી બોલ્યો—જે પરાર્થ કરવાનો પ્રારંભ કરે છે તે ધન્ય છે, પરંતુ જેઓ પ્રારંભ કરી તેનો નિર્વાહ કરે છે તે વિશેષ પ્રકારે ધન્ય છે. કારણકે કહ્યું છે કેઃ—

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानः,
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥

નીચ પુરૂષો વિઘ્નના ભયથી કોઇ પણ કાર્યનો પ્રારંભ કરતા નથી, મધ્યમ પુરૂષો પ્રારંભ કરેલા કાર્યને વિઘ્ન આવ્યાથી છોડી દે છે; પરંતુ ઉત્તમ પુરૂષો વારંવાર વિઘ્નથી હણાયા છતાં પણ પ્રારંભ કરેલા કાર્યનો ત્યાગ કરતા નથી.

એ પ્રમાણે તે મંત્રીશ્વરોનો વાર્તાલાપ સાંભળી દત્ત હસીને બોલ્યો—

'ચોરનાં પગલાં દેખાડે તે પ્રાહુરિક' એ કહેવત તમે સત્ય કરો છો. એ પ્રમાણે સભ્ય પુરૂષોને અમૃત સમાન મિષ્ટ ગોષ્ટિ કરતા મધ્યાન્હ થયો. તે સમયે કળાનિવેદિ પુરૂષ બોલ્યો—

आक्रामत्युल्लसत्तेजाः सूरोऽयं जनमस्तके;
तिव्रतेजस्विनां लोके किमसाध्यं भवत्यहो ॥१॥
सुवर्णाढ्या च शृङ्गारो–ल्लासिनी कमलेक्षणा,
सानन्दा दयिता लक्ष्मी–र्लभ्यते देवपूजया. ॥२॥

ઉલ્લસાયમાન તેજવાળો આ સૂર્ય મનુષ્યના મસ્તક ઉપર આક્રમણ કરે છે. તીવ્ર તેજસ્વીને લોકને વિષે અસાધ્ય હોય? અર્થાત્ તેવાને કાંઇ અસાધ્ય નથી. સુવર્ણ સંયુકત, શૃંગારથી ઉલ્લસાયમાન થતી, કમલેક્ષણા–કમલના જેવાં નેત્રવાળી અને આનંદ પ્રાપ્ત કરાવનારી દયિતા–લક્ષ્મી દેવ પૂજાથી પમાય છે.

તે સાંભળી ભૂપતિ સભા વિસર્જન કરી, સ્નાન કરી, જિનપૂજાને વિષે તત્પર થયો; પછી ભોજન કરી શય્યાને વિષે આલોટતો પ્રિયાની પ્રાપ્તિનો વિચાર કરવા લાગ્યો. તે બોલ્યો 'હે વિધિ!

તને ધન્ય છે કે જેણે દેવાંગનાને પણ રૂપ ઋદ્ધિએ પરાભવ કરનારી એ સુલોચના બનાવી; પરંતુ હવે આકાશગતિને વિષે તત્પર થાઊં એવી પાંખો આપ, જેથી હમણાંજ તે ચંદ્રવદનાનું મુખાવલોકન કરૂં. એવી કઇ રાત્રી અથવા કયો દિવસ અમૃત સમાન થશે કે જેને વિષે દુર્લભ એવી તે સુલોચનાને પુણ્યાનુ-યોગથી હું પ્રાપ્ત કરીશ.' એમ ચિંતાના સંકલ્પરૂપ કલ્લોલથી વ્યાકુલ થએલા હૃદયે કેટલોએક કાળ અતિક્રમણ કરી સભા મંડપને વિષે આવ્યો. ત્યાં સેવાર્થે આવેલા અમાત્યોની વાતથી સંતાષ પામી તે દિવસ તથા રજની નિર્ગમન કરી, બીજે દિવસે પ્રભાતે અમાત્ય અને સામંતોએ પરિવૃત રાજા બેઠો છે તેવામાં કોઇ પુરૂષે દોડતા આવી વિજ્ઞપ્તિ કરી. 'સ્વામિન્, સીમસામંતોએ નમ્રતાપૂર્વક કહાવ્યું છે કે, રથ, અશ્વ, હસ્તિ અને સુભટોથી આકુળ કોઈ મહત્ સૈન્ય આપણા નગર તરફ આવે છે, જેના કોલાહલથી વનવાસી પશુઓ ત્રાસ પામી ગયા છે.'

તે સાંભળી ક્રોધથી જેના હોઠ પ્રકંપિત છે, ભ્રકૃટી જેની ભીષણ છે અને રણકેલી ( યુદ્ધ ) જેને પ્રિય છે એવો તે રાજા બોલ્યો ભો ભો સેવકો ! ડંકકા વજડાવો, સામંતો સજ્જ થાઓ અને રણને વિષે ખેલવા ચાલો. રાજાની આજ્ઞા શ્રવણ કરી સર્વે સુભટો વિવિધ પ્રકારના આયુધે સંયુક્ત થઈ ગજ, અશ્વ કે રથ તૈયાર કરવા લાગ્યા, લોકો પણ શંકિત થઇ માંહો માંહે પૂછવા લાગ્યા અને આખા નગરને વિષે કોલાહલ થઇ રહ્યો તે સમયે દત્તે રાજા સમીપે આવી વિજ્ઞપ્તિ કરી સ્વામિન્! અકાળે આ શું સમારંભ કર્યો છે ? હે નૃપરત્ન ? જે કન્યારત્ન, ચિત્રને વિષે જોવાથી આપણા હૃદયમાં નિશ્ચળ છે, તે સ્વયંવર વરવાને આવે છે. જે સકલ કલાનો પાર પામ્યો છે, પ્રકૃતિએ જે ઉદાર છે અને જેનું સ્ફાર પરાક્રમ છે એવો જયસેનકુમાર સૈન્ય સાથે તેને લઈ

અત્રે આવ્યો છે.' એ સમાચારથી રાજા અત્યંત આનંદ પામ્યો અને સુવર્ણની રસના (જીભ) તથા દેહાભરણ ભેટ આપી બોલ્યો 'હે દત્ત! આ દુર્ઘટ કાર્ય તેં જ કર્યું?'

દત્ત કહે 'સ્વામિન્! દૈવે'

તે સમયે મતિસાગર મંત્રિએ કહ્યું,–રાજન્ દત્ત પ્રૌઢ અનુભવવાન્ છે, કાર્યનિર્માણને વિષે ઉદાર અને વાકયાડંબરે કૃપણ છે. કહ્યું છે કે જે મેઘ અત્યંત વરસે છે તે મૃદુ અને મધુર ગાજે છે, પરંતુ રિક્ત ( ખાલી ) હોય તે ઘણાજ ગર્જારવ કરે છે. અસાર પદાર્થને વિષે પ્રાયઃ મહાન્ આડંબર હોય છે. કારણ કે જેવો ધ્વનિ કાંસાથી થાય છે, તેવો સુવર્ણથી થતો નથી. પોતાના સ્વામી પાસે પ્રિય આલાપ કરનાર સેવક અધમ અને પરોક્ષે રહી સ્વામિના ગુણનો ગ્રાહી હોય છે, તે ઉત્તમ સેવક ગણાય છે. દત્ત ગંભીરપણાથી કંઇ બોલતો નથી પણ મને એમ સંભવ થાય છે કે એણે આપના ગુણની સ્તુતિ કરી એ કન્યાને આપના ઉપર પ્રીતિવાળી કરી અને પછી તેના પિતાએ કુમાર સાથે મોકલેલી તેને લઇને અત્રે આવ્યો. સ્વામીને વિજ્ઞાપના કરવા માટે તે વ રિત ગતિથી પૂર્વ આવ્યો હશે.

દત્ત કહે 'મંત્રી મતિસાગર તમે યથાર્થ સાગરજ છો, કારણ કે જે પરોક્ષે પ્રવૃત્ત છે તે પ્રત્યક્ષ જોયા બરાબર કહો છો.'

રાજા કહે 'દત્ત ગંભીર મનવાળો છે અને મતિસાગર તમે બુદ્ધિમાન્ છો, હવે સમયને ઉચિત હોય તે પ્રમાણે કરો, સૈન્ય સામગ્રીનું નિવારણ કરો, હાટની શ્રેણીઓ રંગાવો, તોરણો બંધાવો અને ધિધન પ્રધાનને જયકુમાર પાસે મોકલી તેનો પ્રવેશ મહોત્સવ કરાવો, ગજ અને અશ્વોને માટે ઘાસ તૈયાર રખાવો અને ઉતારાની સોઇ કરો." રાજાની આજ્ઞા પ્રમાણે મંત્રીશ્વરોએ પોતાનું સર્વ કાર્ય બજાવી જયસેન કુમાર અને પરિવારનું એવું સન્માન કર્યું કે તેથી તેઓ અત્યંત ખુશી થયા અને

બંદિજનોએ તો ઉંચે સ્વરે શંખ નૃપતિની પ્રશંસા કરવા માંડી. સર્વે સજજ કરેલી સામગ્રીથી ચિત્તને હર્ષ ઉત્પન્ન કરે એવા પ્રાસાદને વિષે જયસેન કુમારને ઉતારો આપ્યો. ત્યાં મજજન, સ્નાન અને ભોજન કરી, ગીત નાટકાદિવડે સુખ સમાધીમાં તે દિવસ અને રાત્રી નિર્ગમન કર્યાં, બીજે દિવસે પોતાના મંત્રી અને સામંતોએ પરિવૃત્ત કુમાર રાજ્ય સભામાં ગયો, ત્યાં અમુલ્ય ભેટ મૂકીને શંખ નૃપતિના ચરણકમળને વિષે મસ્તક નમાવ્યું. રાજાએ પણ સ્નેહ પૂર્વક આલિંગન કરી ઉર્ધ્વ આસને બેસાર્યો.

પછી કુમારનો મહામતિ મંત્રી રાજાની સન્મુખ થઇ બોલ્યો. સ્વામિન્! તમારા ઉજ્જવલ ગુણોવડે અમારા ભૂપતિનું મનરંજન થયું છે. દત્ત ચિતારાએ જીભરૂપી કુચાથી બહુ વર્ણ વડે અમારા પ્રભુના ચિત્ત પટને વિષે તમારૂં સ્વરૂપ આલેખ્યું છે; તેથી તેમનો આપની ઉપર દૂર રહ્યા છતાં પણ અસ્થિમજજા સદૃશ રાગ વર્તે છે. વધારે શું કહીએ? પણ એ રાગને અનુસરી પોતાના પ્રાણ થકી પણ પ્રિય એવી આ કન્યાને આપના પ્રત્યે આપવા મોકલી છે. ઘણા રાજપુત્રોએ માગણી કર્યા છતાં તે પણ આપની ઉપર સ્નેહવતી છે, માટે સારો દીવસ જોવરાવી એનું પાણિગ્રહણ કરવું એ આપને ઉચિત છે. દાન માનાદિએ એનું એવી રીતે સન્માન કરવું આપને ઘટિત છે કે જેથી તે પોતાના માતા પિતાને ભૂલી જાય.

તે સાંભળી શંખ સરખા મધુર સ્વરવાળો શંખ ભૂપતિ બોલ્યો—દૂર રહેલો ગુણેહિન અને વયે બાળ સરખો જે હું તેને વિષે વિજય ભૂપતિ આવા પ્રકારનો સ્નેહ વરાવે છે કે તે એમની અપૂર્વ સૌજન્યતા બતાવે છઃ કહ્યું છે કેઃ—

मनसि वचसि काये पुण्यपीयुषमग्ना—
त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः;

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्त कियन्तः ॥ १ ॥

મન, વચન અને કાયાને વિષે પુણ્યામૃતથી પૂર્ણ ત્રણ ભુવનના પ્રાણીને ઉપકારની શ્રેણિથી ખુશી કરનારા અને લેશ માત્ર પરગુણને પર્વત સમાન ગણીને પોતાનું હૃદય વિકસ્વર કરનારા એવા સંત પુરૂષો કોઇકજ હોય છે.

હું પણ નિષ્કપટ સ્નેહ ધારણ કરનાર તે મહીપતિનું વચન પોતાના પિતાની પેઠે અન્યથા નહિ કરૂં. કુલીન સ્વરૂપવાન અને કલ્પવલ્લી સદૃશ ફલદાયિ કન્યાનો સ્વીકાર કરવાને કોણ ડાહ્યો પુરૂષ વિલંબ કરે.'

તે સમયે જયકુમાર સભાને વિષે આવેલ દત્ત તરફ હસીને બોલ્યો. "હે બંધુ! આજ મને તમારા વચનની વિશેષ પ્રતીતિ થઈ. અમૃત તુલ્ય વાગ્વિલાસવાળા આ નૃપતિને વિષે દાક્ષિણ્ય અને વિનયને ઉચિત સર્વ અપૂર્વ ગુણો છે, પરંતુ તે પોતાના ગુણે કરીને સંતુષ્ટ નથી, જેથી અપર મનુષ્યના ગુણ સમૂહને ગ્રહણ કરે છે. અથવા મહાનુભાવ પુરૂષો સ્વભાવે એવાજ હોય છે. એમનું અવલોકન કરવાથી આજ મારાં લોચન સફળ થયાં અને એમની વાણી શ્રવણ કરવાથી હું કૃતાર્થ થયો.

એ પ્રમાણે ગોષ્ટી કરી, લગ્ન દિવસ નિરધારી સર્વે પોતાને ઉતારે ગયા, એમ નિરંતર અમૃત સમાન ગોષ્ટી કરનાર તેઓએ કેટલાક દિવસ ત્યાંજ નિર્ગમન કર્યા એટલે લગ્ન દિવસ પણ આવ્યો, તે દિવસે ગુરૂતર સમૃદ્ધિ પૂર્વક શંખ ભૂપતિ અને કલાવતીનો પાણિગ્રહણ મહોત્સવ થયો. કરમોચન અવસરે જયકુમારે પિતાના કહ્યા કરતાં પણ અધિક હસ્તિ અશ્વ, રથ, શૃંગાર અને વસ્ત્ર આપ્યાં. શંખ રાજા પણ કલાવતીનું પાણિગ્રહણ કરી અત્યંત આનંદ પામ્યો. થોડા દિવસ પછી જયસેન કુમારે

શંખ રાજાની આજ્ઞા લઇ, કલાવતીને આશ્વાસન આપી સૈન્ય સહીત દેવશાલપુર તરફ પ્રયાણ કર્યું.

શંખ રાજા પણ કલાવતી સાથે નિરંતર ભોગ ભોગવતો તેના પ્રેમરસમાં એવો નિમગ્ન થઈ ગયો કે ક્ષણમાત્ર પણ તેનો વિયોગ સહન કરી શકે નહિ. તેના વિના આસ્થાન મંડપ ચારકસ્થાન સમાન લાગે, સાર આહાર નીરસ લાગે અને અશ્વક્રીડા મનને પીડારૂપ લાગે. બીજાં સર્વ કાર્ય દેહવડે કરતો પરંતુ મન તો તેને વિષે સ્થાપિત રહેતું. રાજાની એવી પ્રીતિથી અંતઃપુર પણ કલાવતીમય થઇ ગયું. નગરની સર્વ સ્ત્રીઓ તેણીનું સૌભાગ્ય અને સુખ જોઇ પરલોકે તેના સરખું સુખ પ્રાપ્ત કરવાને ધર્મકાર્યમાં તત્પર થઇ.

બાળપણથી સદાચારને વિષે લીન થયેલી કલાવતી પણ કોઇ દિવસ મૃષા વચન બોલતી નથી, પૈશુન્ય આદરતી નથી, કલહ મત્સર કરતી નથી અને રાજાની એવી પ્રીતિનું પાત્ર હોઇને લેશમાત્ર પણ ગર્વ ધારણ કરતી નથી. નિરંતર સર્વની સાથે મધુર મિત અને વિનયી વચનથી બોલે, પરોપકાર કરવામાં તત્પર રહે અને દિવસે દિવસે વધારે સદાચારવંત દેખાવા યત્ન કરે. બીજી અજ્ઞાન સ્ત્રીઓની પેઠે પોતાની શોકયો સાથે પણ કલહ કંકાસ ન કરતાં તેઓને સર્વ રીતે આનંદ પમાડતી.

અન્યદા સુખ શય્યાને વિષે સુતેલી કલાવતી રાત્રીના છેલ્લા પ્રહરે કુસુમમાલાએ અર્ચિત વિકસ્વર થયેલા કમલે ઢાંકેલ અને ક્ષીરોદધિ જળે ભરિત સુવર્ણ કલશ જોઇને પ્રાતઃકાળના વાજિંત્રનાદે જાગી. તરતજ અત્યંત આનંદ પૂર્વક પતિ પાસે જઇ સ્વપ્ન વૃત્તાંત નિવેદન કર્યો. રાજાએ કહ્યું 'પ્રિયે ! તારે અપૂર્વ રાજ્યશ્રીને ભોગવનાર પુત્ર થશે,' પતિનું એવું વચન સાંભળી આનંદ પામનારી રાણી સુખમાં દિવસ નિર્ગમન કરતી ગર્ભનું પાલન કરવા લાગી. અત્યંત શીત ઉષ્ણ ન જમવું, ક્ષુધા તૃષા-

ન સહન કરવી, ગર્ભ પોષક ઔષધિઓ પીવી, ગર્ભ સંરક્ષણાર્થ મલિકા બાંધવી, ગર્ભની પુષ્ટિને અર્થે શિષ્ટ દેવતાની સેવા કરવી વિગેરે ગર્ભવતીને ઉચિત કાર્યો કરવા લાગી.

આ સમાચાર દેવશાલપુર તરફ પહોંચ્યા. નવ માસ થવા આવ્યા ત્યારે આદ્ય પ્રસૂતી પિતાને ઘેર હોય, એ રીતિને ધારણ કરી પિતાએ પણ કલાવતીને તેડવા માણસો મોકલ્યા. તેઓ અનુક્રમે શંખપુરમાં આવી દત્ત શ્રેષ્ઠિને ત્યાં ઉતર્યા. કર્મ સંયોગે તેઓને પહેલી કલાવતી મળી. તેણીએ હર્ષ પૂર્વક માતા, પિતા ભાઇ અને રાજ્યના કુશળ વર્ત્તમાન પૂછયા. તેઓએ પણ સર્વ કુશળ સમાચાર નિવેદન કર્યા અને ભેટ આપવાને લાવેલી સર્વ વસ્તુઓ તેણીને આપી. પછી તેઓએ અંગદયુગલ અને વસ્ત્ર યુગલ દેખાડીને કહ્યું કે ' આ જયસેન કુમારે રાજાને આપવા કહ્યું છે. " હું તેમને આપીશ. ' એમ કહી તે પણ તેણીએ લીધું અને પછી તેઓનું સારી રીતે સન્માન કરી પોતાના મહેલ પ્રત્યે ગઇ.

પોતાના આવાસભુવનમાં આવી અંગદયુગલ પોતાને હાથે પહેરી હર્ષ પામતી કલાવતી સખી પ્રત્યે બોલી " હે સખી ! આ જોવાથી મારાં નેત્ર અમૃતથી સીંચાય છે, એ દેખવાથી હમણાં મેં જાણે મેં એમનેજ આલિંગન કર્યું ! " સખીએ કહ્યું; 'સ્વામિનિ ! જેવો તેનો તમારે વિષે સ્નેહ છે તેવો બીજા ઉપર નથી તેથી તમને એમ લાગે એમાં શું આશ્ચર્ય ?"

એ સમયે કલાવતીના આવાસ પ્રત્યે આવતો રાજા આવા પ્રકારના હાસ્ય શબ્દો સાંભળી ગવાક્ષમાં ઉભો રહ્યો, અંગદયુગલ જોઇ ઉલ્લાસ પામી કોઇના પણ નામ વગરના તેણીએ બોલેલા વચનોથી શંકિત થયો, અને જાણે ક્રોધરૂપી સર્પ ડસ્યો હોય, તેમ મનમાં વિચારવા લાગ્યો—'આના હૃદયને વિષે આનંદ પમાડનાર કોઇ અન્ય પુરૂષ વર્ત્તે છે, એણે મને કપટપાટવે કરી

વશ કર્યો છે. શું એના પ્રિયને મારૂં? અથવા એને પોતાનેજ હણું ? અહો ? હત્યાનુકારિણી કઇ દુતિએ આ કુયોગ કરાવ્યો ! એમ વિચારી ક્રોધથી આકુળ થયેલો રાજા ત્યાંથી પાછો ફરી પોતાના આવાસ પ્રત્યે ગયો. ત્યાં શેષ દિવસ નિર્ગમન કરી સૂર્ય અસ્ત થયો ત્યારે શૌકરિક સ્ત્રીને ગુપ્ત રીતે બોલાવી પોતાની મતિ-કલ્પના પ્રમાણે હુકમ કર્યો, અને તેણીના ગયા પછી ક્રોધ નિઃ-કરૂણ નામના ભટ્ટને બોલાવી પ્રત્યુષ સમયે રાણીને દૂરના કોઇ વનમાં મુકી આવવા કહ્યું.

પ્રાતઃકાળે રથને અશ્વ જોડી તે સુભટ દેવી પાસે આવી બોલ્યો–'રાજા વનને વિષે ક્રીડા કરવા જાય છે અને, ત્યા તમને તત્કાળ બોલાવે છે; માટે આપ જલદી રથમાં બેસો' તે સાંભળી પતિની આજ્ઞાને આધીન રાણી તરતજ રથ ઉપર બેઠી અને તેણે ઘોડા ચલાવ્યા. થોડે દુર રથ ચાલ્યો એટલે તેણીએ પુછયું 'પ્રાણ-પ્રિય કયાં છે ? ' તે બોલ્યો 'આગળ દૂર છે.' એમ કરતાં સૂર્યો-દયનો સમય થવા આવ્યો, દિશાઓ સર્વ પ્રસન્ન થઇ, ત્યારે પુનઃ રાણી ચારે તરફ જોઇ બોલી 'અહીં કોઇ સ્થળે સ્વામી-નાથ દેખાતા નથી, ઉદ્યાન જણાતું નથી, ચાકરોનો રવ જણાતો નથી અને વાજિંત્રના ઘોષ સંભળાતા નથી તો શું આ અરણ્ય છે ? ઇંદ્રજાળ છે ? શુ મને મતિમોહ અથવા દિગ્ભ્રમ થયો ? હે વત્સ ! મને અબળાને શા માટે ઠગે છે ? સાચું બોલ, મને કયાં લઇ જાય છે ? પ્રાણનાથ વિના હું કેમ રહી શકીશ ?'

રાણીનાં એવાં વચનથી નિઃકરૂણના હૃદયને વિષે કરૂણા થઇ અને રથથી નીચે ઉતરી ગદ્ગદ્ સ્વરે બોલ્યો ' હે દૈવ ! તને ધિક્કાર છે ! દેવી ! હું પાપી છું, મારૂં નિઃકરૂણ નામ સત્ય છે. કારણકે દૈવે મને આવા કાર્યને વિષે જોડયો છે. દેવિ ! સેવા કરી ઉપાર્જન કરેલા દ્રવ્યથી જે માણસ નિરંતર પોતાનું જીવિ-તવ્ય ચલાવે છે; તેને ધિક્કાર છે; એવા મનુષ્યો જગતને વિષે

જન્મ પામી ન જન્મ્યા બરાબર છે. કારણકે દુર્ભર ઉદર ભર વાને અર્થે પિતાની સાથે યુદ્ધ કરે છે, બાંધવને હણે છે અને દુર્ઘટ કાર્યને વિષે પ્રવર્ત્તે છે. પટુ ચાટુતા કરનાર સેવક શ્વાન તુલ્ય ગણાય છે. દેવિ! મારે પણ પરસ્વાધીનપણે આવું અકાર્ય કરવાનો વખત આવ્યો છે. તમે રથથી નીચે ઉતરો અને આ શાલ વૃક્ષની છાયા નીચે બેસો. વધારે કહેવાને હું શક્તિમાન નથી, રાજાની આજ્ઞા એવીજ વર્ત્તે છે.'

તેનાં તેવાં વચન સાંભળવાથી તત્વને જાણનારી કલાવતી રથથી નીચે ઉતરી મુર્છા પામી અને તે સુભટ પણ રૂદન કરતો રથ હાંકી નગર તરફ ગયો. થોડી વારે જેવી કલાવતી સચેતન થઇ રૂદન કરે છે તેવામાં રાજાએ મોકલેલી ક્રોધે ભયંકર દેખાતી, રાક્ષસીની પેઠે હાથમાં કુતિકા ધારણ કરેલી, ચાંડાલીએ આવી કહ્યું–રે પાપિષ્ટે! દુષ્ટચેષ્ટિત સંપદા ભોગવવાને તત્પર થઇ? તું જાણતી નથી કે તેથી રાજા પણ પ્રતિકુળ થયો માટે તે કર્મનું ફળ તું ભોગવ.' એમ કહી આભૂષણે સહિત તેના બે હસ્ત છેદી નાંખ્યા.

હા તાત! હા માત! એમ બોલતી કલાવતી તરતજ મુર્છા પામી ભૂમિ ઉપર પડી. કેટલીએક વારે શીત પવનના યોગથી સચેતન થઇ. ત્યારે અત્યંત વિલાપ કરતી બોલવા લાગી.–'હે દૈવ! તું શા માટે મારા ઉપર કોપાયમાન થયો. અરેરે મેં એવાં શા પાપ કર્યા હશે જેથી મારે આવાં ફલ ભોગવવાં પડે છે, હે આર્યપુત્ર! હે વિજ્ઞ! તમે આવું સાહસ કર્યું તે યુક્ત કર્યું હશે, કારણ કે તમારા અંતઃકરણમાં ઉત્પન્ન થયેલી શંકા શલ્યવત્ અનુતાપ કરતી હશે. અગર જો કે મેં તો કાંઇપણ અપરાધ કર્યો નથી, પરંતુ કોઇ ખલ પુરૂષે તમને શું કહ્યું હશે; તે હું જાણતી નથી, હે સ્વામીનાથ! હું મારા શીલને કલંકિત કરૂ એવી

સ્વપ્ને પણ શ્રદ્ધા ન રાખો. મારી સર્વ ઋદ્ધિનો નાશ થાઓ, મારા દેહનો અંત આવો, મારૂં સર્વસ્વ લુંટાઇ જાઓ પણ હું શીયલવ્રત ખંડિત ન કરૂં. ક્ષણરક્તા સ્ત્રીઓ વિરક્ત થાય પણ સતપુરૂષે અંગીકાર કરેલી, નિશ્ચળ હોય' એ લોકોદ્ઘોષણા તમે વિપરીત કરી, હે પ્રિય! તે પ્રેમપ્રતિપત્તિ–તે મધુરાલાપની પદ્ધતિ તમે એકદમ કેમ વિસ્મૃત થયા? હે તાત! હે માત! હે ભ્રાત! તમારા પ્રાણથી પણ વલ્લભ હું અત્રે મૃતઃપ્રાય પડી છું, તેનું કેમ રક્ષણ કરતા નથી! હું અશરણ અવસ્થામાં પડેલી વ્યથાતુરા શું કરૂં? એમ દુઃખથી વિલાપ કરતાં ઉદરને વિષે વ્યથા ઉત્પન્ન થઇ નથી. પ્રસૂતિ સમય જાણી લજ્જા પામી, નજીક આવેલી નદીના તીર ઉપર રહેલ ઝાડની ઘટાના મધ્ય ભાગમાં ગઇ. ત્યાં મહાકષ્ટે દેવકુમાર સદૃશ પુત્રને જન્મ આપ્યો.

અહો! કર્મની કેવી ગતિ છે? જેનું વચન નીકળે ત્યાં હજારો માણસો ખમા ખમા કરનાર તૈયાર હોય, જેના પ્રસવસમયે પ્રસૃતિ ક્રિયા કરવાને સેંકડો દાઇઓ હાજર હોય અને જે રાજ્ય મહેલને વિષે સુખશય્યાને વિષે શયન કરનારી તેણીને આવે સમયે વનમાં–ઝાડની ઘટામાં જમીન ઉપર એકલાં નિરાધાર અવસ્થામાં આ ક્રિયા બને એ કેવી વિચિત્રતા! કર્મ કરે તે કોઈ ન કરે! કર્મ મનુષ્યને ન હોય ત્યાં લઇ જાય છે અને ન બને તેવા કાર્યોમાં પ્રવૃત કરે છે.

પોતાને હસ્ત નથી જેથી બાળકને લઇ લે, તેથી પગ પાસે પડેલા બાળકને જોઇ, તે હર્ષ અને શોક ધારણ કરતી બોલી હે બાળ! તું ભલે જન્મ્યો! તું દીર્ઘાયુ–સુખી થજે! અભાગ્યના ઉદયથી અત્રે હું બીજી તો શું વધામણી કરૂં? એમ બોલતી રોઇ પડી. આંખમાં આંસુ ભરાઇ ગયાં–તમસ આવી મૂર્છાતુર થઇ ગઇ. અહો! જે બાળકના જન્મ સમયે અનેક પ્ર–

કારના વાજિંત્રો વાગે, હજારો વધામણીઓ થાય અને સેંકડો માણસના હૃદયમાં આનંદ વર્ત્તે; તે બાળકને વગડામાં–જંગલમાં કોઇ ભોંય ઉપરથી લઇ લેનાર પણ મળે નહીં! આવો દેખાવ જોઇ કઇ માતાનું હૃદય ફાટી ન જાય? કોણ મનુષ્ય આવા બનાવથી દિલગીર ન થાય?

થોડી વારે મુર્છા પામેલી કલાવતી શુદ્ધિમાં આવી ત્યારે તરફડતો બાળ આળોટતો નદીના તીર પાસે ગયેલો જાણી અત્યંત કષ્ટે ત્યાંથી ખસી પગવડે તેને પકડી રાખી બોલી. હે નદીમાતા! દીન થયેલી હું તારે આશ્રયે આવીને બેઠી છું. શરણાગત ઉપર કૃપાવતિ તું મારા પુત્રનું હરણ ન કર. હે દેવિ! હે જ્ઞાનલોચને! જો લેશમાત્ર પણ મારા શીયલ વ્રતને મેં કલંકિત કર્યું ન હોય તો આ મારા બાળકનું પાલન થાય એવો ઉપાય કર. એમ દીન સ્વરે રૂદન કરતી કલાવતી ઉપર શિયળના પ્રભાવથી નદીની અધિષ્ટાતા દેવી પ્રસન્ન થઇ અને તત્કાળ પ્રગટ થઇ તેની બાહુલતા ભવ્યતર કરી અદૃશ થઇ.

આ બનાવથી કલાવતી જાણે અમૃતથી સીંચાઈ હોય તેમ અપૂર્વ સુખ અનુભવવા લાગી. હસ્તવડે બાળકને ગ્રહણ કરી પોતાના ઉત્સંગમાં સ્થાપ્યો અને દેવીની સ્તુતિ કરવા લાગી.

जय देवि ! चिरं भद्रं, तुभ्यं निश्छद्मवत्सले
दुःखदीनाह्यनाथाहं, त्वया स्वामिनी जीविता. ॥ १ ॥

इदृगापन्निमग्नाया, जीवितव्येन किं मम;
किं तु बालं लसद्भालं नेशे मोक्तुं निराश्रयम्. ॥ २ ॥

હે દેવિ! તું જયવંત થા! હે નિઃછદ્મવત્સલે! તારૂં ચિરકાળ પર્યંત કલ્યાણ થાઓ! હે સ્વામિનિ દુઃખથી દીન થયેલી અને અનાથ એવી મને તમે જીવાડી. આવી આપત્તિને વિષે પડેલી હું તેને જીવિતવ્યે કરીને શું? પરંતુ તેજસ્વી ભાલવાળા નિરાશ્રય આ બાળને મુકવા હું સમર્થ નથી.

વળી બાળકની સામું જોઇ રૂદન કરતી બોલી 'પુત્રની ઉ-ત્પત્તિ રાજાના નગરને વિષે મહાનઉત્સવ કર્તા થાત, પરંતુ વિધિની વિચિત્રતાને ધિક્કાર છે. જો આમ હતું તો મને શા માટે આ સ્થિતિ સુધી પહોંચાડી? પરંતુ એમાં વિધિનો શું દોષ ગણવો? એ તો મારા કર્મનોજ દોષ છે. જો પૂર્વે હું શીયલવ્રત ધારણ કરી સાધ્વી થઇ હોત, તો ભવ સંબંધી આવો પરાભવ સહન કરવો ન પડત' એમ જુદા જુદા પ્રકારની કલ્પના કરી રૂદન કરતી તે વનપશુઓને પણ રૂદન કરાવવા લાગી. એવામાં કોઇ તાપસ એ રસ્તેથી નીકળ્યો. તે તેણીને જોઇ વિચારવા લાગ્યો કે શું આ સ્વર્ગસુરી છે? શું વિદ્યાધરી છે? શું વનદેવી છે? શું કિન્નરી છે? શું નગાંગના છે? અથવા નૃપાંગના છે? એમ વિચારી તેણીને મનુષ્ય જાણી,-દયા આણી પોતાના તપોવનમાં કુલપતિ સમીપે લઇ ગયો. કલાવતીએ કુલપતિ સમીપે જઇ નમસ્કાર કર્યો એટલે તેમણે કુશલ વર્ત્તમાન પુછયા, તેથી દુઃખનું સ્મરણ કરીને રૂદન કરવા લાગી. તેણીને એ પ્રમાણે રૂદન ક-રતી જોઈ, આ કોઇ દુઃખાર્ત્ત છે એમ વિચારી, કુલપતિએ અમૃત સદૃશ મધુર વાણીએ તેને આશ્વાસિત કરી; અને બોલ્યો—' હે વત્સે! સુખ દુઃખ એ પુણ્ય પાપ રૂપી વૃક્ષનાં ફળ છે અને તે પોતેજ ઉત્પન્ન કરેલા છે. સત્ મનુષ્યે તેને વિષે ખેદ હર્ષ ન કરવો. લક્ષણે યુક્ત તારૂં શરીર, ગંભીર વાણિ, સુંદર નેત્રો એ વિગેરેથી તારે વિષે કુલીનતાની સંભાવના થાય છે. હે પુત્રી! તારૂં કલ્યાણ થશે? માટે અહીં તાપસીઓની સાથે રહી ધૈર્ય અવલંબન કરી આ બાળકનું પાલન કર. કહ્યું છે કે ' जीवन भद्रं लभते' જીવતો મનુષ્ય કલ્યાણને પામે છે. ' એ પ્રમાણે કુલપતિના વચનથી જીવિતાશા પ્રાપ્ત થયેલી કલાવતીએ તેનું વચન માન્ય કર્યું એટલે ગુરૂએ તેણીને તાપસીઓને સોંપી.

અહીં ચંડાલણીએ અંગદ યુગલે સહીત હસ્ત રાજાને દેખા-

ડયા; તેની ઉપર જયસેન કુમારનું નામ જોઈ ખેદ સાથે શંકિત થયો. નિશ્ચય કરવાને ચટપટી થઈ. તરતજ દત્ત શ્રેષ્ઠિને બોલાવીને પૂછ્યું કે 'દેવશાલપુરથી હમણાં કોઇ આવ્યું છે ?" તેણે કહ્યું હાજી. દેવીને તેડવા માટે રાજપુરૂષો આવેલા છે અને તેઓ મારે ઘેર ઉતર્યા છે, પ્રસ્તાવના અભાવથી તેઓ આપનું દર્શન નથી કરી શકયા.'

એથી વળી વધારે ચિંતા થઇ. તત્કાળ તેઓને બોલાવ્યા અને પુછ્યું કે 'સુંદર આકારવાળા અને અમૂલ્ય મણિવડે નિર્મિત અંગદ યુગલ તમે લાવ્યા છો !' તેઓએ કહ્યું 'જયસેન કુમારે પ્રેમ પૂર્વક દેવને અર્પણ કરવાને માટે અમને આપ્યા હતા પરંતુ દેવની પાસે અમે આવી શકયા નહિ, તેથી તે દેવીને અમે આપ્યા છે.' તેઓના એમ બોલવા સાથેજ રાજા મૂર્છા પામી આસન ઉપરથી નીચે પડયો.

રાજાને અકાળ મૂર્છા પ્રાપ્ત થવાથી મંત્રી વિગેરે હાહાકાર પામ્યા અને શીત વસ્તુના ઉપચારથી સચેતન કરવા લાગ્યા. જ્યારે મૂર્છાથી વિમુક્ત થયો, ત્યારે રાજા ચિત્તને વિષે વિચારવા લાગ્યો. 'અહો જુઓ મારૂં અવિવિક્ષત્વ ! જુઓ મારૂં અજ્ઞાન જાંભિત્વ ! જુઓ ઉત્સુક્કારિતા ! જુઓ નિર્ભાગ્યમૌલિતા ! જુઓ નિર્દયચિત્તત્વ ! જુઓ કુટબુદ્ધિ ! જુઓ કૃતઘ્નકારિત્વ ! જુઓ કર્મચંડાલતા ! સ્થિર પ્રીતિવાળા મિત્ર અને ભાર્યાદિ સંપત્તિને હું અયોગ્ય છું, એમ વિચારી પુનઃમૂર્છા પામ્યો, તેથી તેવીજ રીતે મંત્રીશ્વરો તેને સજજ કરી પુછવા લાગ્યા 'હે સ્વામિન્ ! અકાળે આપને આટલી વ્યાકુળતા થવાનું શું કારણ છે ? રાજાએ કહ્યું 'હે અમાત્યો ! પૂર્વે હું નામે શંખ હતો. હવે અર્થથી પણ શંખ થયો. બ્હાર વિશદ અને મૃદુ વાણીવાળો પણ અંતઃકરણમાં કુટિલ ઠર્યો. વિજય ભૂપતિના હિતને, જયસેન કુમારની વયસ્યતાને, કલાવતીના પ્રેમસ્થૈર્યને અને કુળની નિર્મ-

લતાને મેં મલીન કરી કાદવમાં નાંખી ! પોતાનીજ સંતતિનો મેં છેદ કર્યો ! હાહા નજીક પ્રસવકાળવાળી રાણીને મૃત્યુ પમાડી હે પ્રધાનો ! પાપના સંતાપથી ગુપ્ત થયેલો હું આત્મા ધારણ કરવાને શક્તિમાન નથી. માટે તત્કાળ ઇંધનવડે અગ્નિ તૈયાર કરાવો જેથી હું તેનું શરણ કરૂં.

રાજાની એવી વિષમ વાચા શ્રવણ કરી, સર્વે પરિકર વર્ગ એક બીજાના મુખ સામું જોવા લાગ્યા અને વ્યાકુળ થઇ વિલાપ કરવા લાગ્યા. અંતઃપુરની સ્ત્રીઓએ વૃત્તાંત જાણી અમારા શૃંગારરૂપ દેવી કયાં ગઇ ! હે આર્યપુત્ર તમે નિર્દય થયા ! શા માટે આવું અસમંજસ કાર્ય કર્યું ? એમ બોલતી રૂદન કરવા લાગી. નગરમાં ચોતરફ એ સમાચાર પ્રસરી ગયા. હે વિધિ ! આ શું વિષમ કાર્ય કર્યું ? એમ બોલતા નરનારીના સમૂહ સ્થળે સ્થળે રૂદન કરવા લાગ્યા; શોકાક્રાંત થયેલા નગર જનોએ થોડું ઘણું ભોજન કરેલું વમન કર્યું, ખાવું પીવું ત્યાગ કર્યું, તે દિવસે બાળકોએ પણ સ્તનપાન કર્યું નહિ; એમ સર્વ નગર શોકમય થઇ ગયું.

અખિલ નગરને શોકાકુળ જાણી દ્વિગુણ દુઃખને પામતો રાજા બોલ્યો-' ભો પ્રધાનો ! અત્યંત વેદનાથી વ્યાકુળ થયેલ મને શા માટે હવે વિલંબ કરાવો છો ?' તે સમયે મંત્રી, સામંત અને નગરના શિષ્ટજનો રાજા સમીપે આવી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા ' હે ક્ષિતીશ્વર ? ક્ષત ઉપર ક્ષારનું ક્ષેપન ન કરો ! હે રાજન્ ! તમારો એક મોટો દોષ થયો. હવે બીજો જે દોષ કરવા આપ તત્પર થયા છો, તે દાઝયા ઉપર ડામ જેવું છે. બીકણ જનો ભયભીત થઇ ધીર પુરૂષોને શરણે જાય છે પરંતુ ધીર પુરૂષોજ જ્યારે ધીરજનો ત્યાગ કરે ત્યારે તેવા જનોને કોનું શરણ ? હે સ્વામિન્ ! રાજ્યનો ત્યાગ કરી, કુળનો છેદ કરી, મરણવાંછા કોણ કરે ? એવો કોણ મુર્ખ હોય કે ઘર બાળીને ઉદ્યોત કરે.' એમ અનેક પ્રકારે

સમજાવ્યા છતાં તેઓની શીખામણની અવગણના કરી રાજા હયારૂઢ થયો અને મંત્રીઓએ વાર્યા છતાં આગળ ચાલ્યો. સેવક જનોને દુઃખ પ્રાપ્ત કરાવતો ધર્મી પુરૂષોને વૈરાગ્ય પ્રાપ્ત કરાવતો, શોકાશ્રુવડે ધોવાએલા નેત્રવાળી નારીઓથી જોવાતો અને છત્ર ચામર તથા વાજિંત્રોએ વર્જિત રાજા નગરની બહાર નંદનવનમાં ગયો.

એ સમયે બીજા ઉપાયનો અભાવ થવાથી વિલંબ કરાવવા માટે ગજશ્રેષ્ઠિએ આગળ આવી વિજ્ઞપ્તિ કરી 'હે સ્વામિન્! જગત્પ્રભુ દેવાધિદેવનો અત્રે પ્રાસાદ છે, તેમની પ્રથમ પુષ્પ ચંદનાદિ વડે પૂજા કરો અને પછી તેજ સ્થળે અમિતતેજ નામે ગુરૂ છે તેમને વંદન કરો. જેથી આ લોક અને પરલોકને વિષે મંગલ થાય.

શ્રેષ્ઠિનું અલંધ્ય વચન અને એ સર્વ ક્રિયાઓ પરભવને વિષે સંબલરૂપ થશે એમ ધારી, રાજા જિનપ્રાસાદમાં ગયો. ત્યાં ભકિતપૂર્વક વંદન—નમસ્કાર પૂજા કરી બહાર નીકળી ગુરૂ મહારાજને વંદન કર્યું. તે સમયે ગુરૂ મહારાજે દેશના આપવી શરૂ કરી--હે રાજન્! જન્મ જરા મૃત્યુરૂપ નીરે પૂર્ણ, આધિ વ્યાધિરૂપ વડવાનળે યુક્ત અને રાગદ્વેષ થતા અજ્ઞાનરૂપ મહા મત્સ્યોએ વ્યાપ્ત આ ભવસમુદ્ર દુસ્તર છે. તેને વિષે મનુષ્ય, તિર્યંચ, નરક અને સ્વર્ગરૂપ ચાર ગતિ છે, જેને વિષે પડીને સર્વ જીવોએ અનંતવાર દુઃખો ભોગવ્યા છે. વળી તેમાં ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચાર સર્પ છે, જે સર્વ પ્રાણિને ડસીને ત્રાસ પમાડે છે. કહ્યું છે કે—

**कोहो पियं पणासेइ, माणो विणयनासणो;**

**माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥ १ ॥**

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે; માયા મિત્રાઇનો નાશ કરે છે અને લોભ સર્વ વિનાશક છે.

હે રાજન્ ! ક્રોધાતુર માણસ કાર્ય અકાર્ય, હિત અહિત, યુક્ત અયુક્ત, સારાસાર, ગુણ અવગુણ–કાંઇ પણ જાણતો નથી. ક્રોધને વશ થઈ મનુષ્ય એવાં કાર્ય કરે છે કે જે આ ભવ અને પરભવને વિષે દુઃખ કર્તા થાય. ક્રોધાતુર અવસ્થામાં કરેલાં સાહસ કાર્યો પૂર્વે થએલા પદ્મ રાજાની પેઠે શલ્યવત્ અનર્થ કરનારા થાય છે.”

તે સાંભળી રાજાએ કહ્યું ‘ભગવાન ! જગત્‌ને વિષે હું મહા પાપવાન છું, તે માટે એ પદ્મ રાજા કોણ અને એનો વૃત્તાંત કેવી રીતે છે તે કહો ’

ગુરૂએ કહ્યું “ આ અપાર સંસારને વિષે ભારેકર્મી પ્રાણિઓને એવાં વૃત્તાંત અનંતવાર બને છે. તથાપિ પ્રસ્તુત કથા સાંભળ ! પૂર્વે પદ્મપુરને વિષે પદ્મનામે રાજા રાજ્ય કરતો હતો. તે એક દિવસ રયવાડી જતો હતો, તેવામાં તેણે માર્ગને વિષે ભુવન ઉપર બેઠેલી, સદ્રૂપ સંપત્તિએ શોભિત સાક્ષાત્ કમળા સદૃશ વરૂણ શ્રેષ્ઠિની કમલા નામની કન્યાને સખીઓ સાથે ક્રીડા કરતી જોઇ. પોતાના અંતઃપુરમાં ઘણી સ્ત્રીઓ છતાં તેની ઉપર લુબ્ધ થયો કહ્યું છે કે—

लुब्धः स्वैः कामुकः स्त्रीभिः पृथिव्या पार्थिवोऽपि च;
विद्वान् सुभाषितैः कोऽपि, तृप्तिं प्राप्ती जगत्यपि. ॥ १ ॥

જગત્‌માં કોઇ લોભી પુરૂષ દ્રવ્યથી, કામી પુરૂષ સ્ત્રીથી, રાજા પૃથ્વિથી અને વિદ્વાન સુભાષિતથી સંતોષ પામ્યા છે ? અર્થાત્ તે તે પુરૂષો તેતે વસ્તુથી સંતોષ પામતા નથી.

તરતજ તે કન્યાની તેના પિતા પાસે માગણી કરી, શુભ મુહુર્ત જોવરાવી આડંબરથી લગ્ન કર્યું પણ બહુ વ્યગ્રતાને લીધે તેણી હૃદયથી પણ વિસ્મૃત થઈ અને પિતાને ઘેર રહી. કેટલેક

કાળે રસ્તે જતાં પ્રૌઢ અવસ્થાને પ્રાપ્ત થયેલી તેણીને જોઈ સાથેના મિત્રને પૂછ્યું ' આ કોણ છે ? ' તેણે કહ્યું ' હે પ્રભો ! પૂર્વે તમે જે શ્રેષ્ઠિની કન્યા સાથે લગ્ન કર્યું હતું તે તમારી ભાર્યા છે.' એ સાંભળી તે સંબંધી સ્મૃતિ થઇ અને વિચારવા લાગ્યો કે અહો મેં એની સાથે લગ્ન કરી એને કદર્થના પમાડી; પુનઃ મિત્રને પુછ્યું ' એ પ્રોષિત કાંતાની જેમ કુત્સિત વસ્ત્રવાળી અતિ દુર્બલ અને મંગલસૂચક વલયનેજ ધારણ કરનારી કેમ દેખાય છે ? તેણે કહ્યું ' રાજન્ ! શીલાભરણે ભૂષિત કુલસ્ત્રીઓનો એ ધર્મ છે કે પતિના વિરહે શૃંગારાદિ ધારણ ન કરે,' કહ્યું છે કે—

पादवा इव शुष्यन्ति, स्मराग्निज्वालिता अपि;
शीलं मानं न मुञ्चन्ति सदाचाराः कुलाङ्गनाः

સ્મરાગ્નિએ દહન કર્યાં છતાં વૃક્ષની જેમ સુકાય છે પરંતુ સદાચારવાળી કુલાંગનાઓ શીલનો ત્યાગ કરતી નથી.

પછી રાજાએ તેણીને તેડવા માટે માણસ મોકલ્યાં. તેમની સાથે તેના પિતાએ પ્રીતિપૂર્વક પોતાની પુત્રીને મોકલી. તે પણ રાજ્ય ભુવનમાં આવી શૃંગાર સજી સખીઓ સાથે વાસભુવનમાં બેઠી. તેના સંગમને વિષે ઊત્સુકતાને ધારણ કરનાર રાજા પણ સભા વિસર્જિ હર્ષ સહીત ત્યાં ગયો. સમીપ આવતા ભર્તારને જોઇ ઉભા થઇ રાણીએ વિનય પૂર્વક આદરસત્કાર આપ્યો. રાજાએ કહ્યું ' હે ભદ્રે ! આગ્રહપૂર્વક મેં લગ્ન કરી તને વિસરી મૂકી એ મારી ભૂલ માટે તારે ક્ષમા કરવી; ' એમ કહી રાજાએ તેને અત્યંત ખુશી કરી.

તેણીએ કહ્યું ' પ્રાણેશ ! સર્વ વિષયમાં સાવધાનતા ધારણ કરનાર તમને તો પ્રિયાથી વિસ્મૃતિ ન થાય, પરંતુ નિઃપુણ્ય સ્ત્રીઓને પોતાના સ્વામીનું દર્શન દુર્લભ હોય છે તેમ મારા અભાગ્યને લીધે આપને વિસ્મૃત થઈ. સ્વામીનાથ સ્નેહ પૂર્વક

આપને ચિત્તને વિષે ધારણ કર્યાં છે, દ્રષ્ટિએ અનેકવાર જોયા છે તોપણ વિરહાગ્નિવડે આ શરીર દગ્ધ થઇ ગયું ' એમ કહી રતિવિલાસમાં ચતુર તે સ્ત્રીએ લજ્જાનો ત્યાગ કરી તે રાત્રિને વિષે રાજાને અત્યંત રંજન કર્યો; પરંતુ નૃપતિ તેની કામકલાને વિષે ચાતુરી જોઇને શંકિત થયો. ગુણો કેટલીએક વખત દોષને અર્થે થાય છે. તેવી રીતે આને વિષે રહેલી ચતુરાઇએ રાજાને સંશય પમાડયો. રાત્રીના છેલ્લા પ્રહરમાં રાજા વિચાર કરવા લાગ્યો કે, આ સ્ત્રી મહીલા નથી પરંતુ પ્રૌઢ રમણિક છે; એનું ચરિત્ર અને વિજ્ઞાન વિચિત્ર છે. કુલવતી નારીઓને પતિના પ્રથમ સંગમે આવી ચતુરાઇ અને ધૈર્ય કયાંથી હોય ? માટે નિશ્ચયે એ દુઃશિલા છે. હું એનો વધ કરૂં કે શું કરૂં ! એમ કોપાક્રાંત થઈ ગયો. વળી વિચાર્યું કે સત્પુરુષોને સ્ત્રી અવધ્ય છે, માટે બીજો ઉપાય કરૂં. એમ ધારી ક્રોધાતુર થયેલો ત્યાંથી નીકળ્યો. તરતજ મંત્રીને બોલાવી હુકમ કર્યો કે ' આ દુષ્ટાત્મા સ્ત્રીનો નાશ કરો. '

મંત્રીએ તેણીને સાથે લઇ એકાંત સ્થાનમાં રાખી. વિચારવા લાગ્યો કે ' આ સંસારમાં મનુષ્યોના વિચિત્ર ચરિત્રો હોય છે, તેઓને રાગદ્વેષ નચાવે તેમ નાચે છે. રાગાંધ મનુષ્ય છતાં દોષને દેખતો નથી અને અછતા ગુણને દેખે છે. દ્વેષાંધ તેથી વિપરીત રીતે પ્રવર્તે છે. કોપ પરિતાપના ઘાતથી જર્જરિત અંગવાળા ભુપતિને મારે મતિસંજીવિની દઇને સજજ કરવો, એ મારી ફરજ છે ' એમ ધારી રૂદન કરતી તેણીને આશ્વાસન આપી, બુદ્ધિ વડે નૃપતિને બોધ કરવા રાજસભામાં ગયો.

સભામંડપને વિષે આવેલા કુસ્થાનગત ગુણસમુહવત્ પ્રભાત સમયના દિપવત્ ઉદ્યોતે અદીપ્યમાન, વિસ્મય અને ક્રોધે મિશ્ર, આ શું ? આ શું ! એમ વિચારમાં બેઠેલા રા-

જાને જોઇ નમસ્કાર કરી બેસનારા સભાજનો વિવિધ પ્રકારની વાર્ત્તા કરવા લાગ્યા. તે સમયે વિશ્ણુવંઠ નામનો વાચાલ બ્રાહ્મણ પ્રથમ બોલ્યો 'ભો ભો.! સભાજનો અધુના એક વિચિત્ર વૃત્તાંત થયો છે.' તે સાંભળી સભાજનોએ તે જાણવા આકાંક્ષા બતાવી એટલે તે બોલ્યો "આ નગરને વિષે ગુણે શ્રેષ્ટ ધન્ય નામે શેઠ હતો, સર્વ વ્યવહારીને વિષે એ મુખ્ય હતો, તેને શ્રી નામા ભાર્યા હતી. તેઓના ધન, ધનદ, ધર્મ અને સોમ નામે ચાર વિચક્ષણ પુત્રો છે. યૌવનવયે તે ચારેને પરણાવ્યા છે. એક દિવસ ધન્ય શેઠને ઘણોજ મંદવાડ થઇ ગયો. વૈદ્યોએ અસાધ્ય વ્યાધ જણાવવાથી સર્વે સ્વજન વર્ગ ત્યાં એકઠાં થયા, તેઓએ શેઠની ભક્તિપૂર્વક પૂજા કરી અને પ્રત્યેકે ક્ષમાવ્યા. પછી તેઓ બોલ્યા 'શ્રેષ્ઠિન્! તમે નામ અને અર્થથી ધન્ય છો, તમે જાતે અગણિત દ્રવ્ય ઉપાર્જન કર્યું, સ્વજન વર્ગનું પોષણ કર્યું, અને સાત ક્ષેત્રને વિષે પ્રચુર દ્રવ્ય વાપરી કીર્તિ ઝલ્લરી વગાડી; પરંતુ પિતાના મરણ પછી સંપત્તિ વહેંચવાનો વિધિ પિતાએ ન બતાવ્યો હોય તો પુત્રો પરસ્પર વાદવિવાદ કરે છે. માટે અમારી સાક્ષિપૂર્વક તમે પુત્રોને સમ ભાગે દ્રવ્ય અર્પણ કરો, જેથી એઓને અંદર અંદર કલેશ ન થાય ને તમારો યશ પ્રવર્તે.' તે સાંભળી શેઠે પુત્રોને પોતાની પાસે બોલાવી બોલ્યા, પુત્રો! તમારે એક બીજાની સાથે સંપીને રહેવું ચક્ષુ વડે વદન શોભે છે અને વદન વડે ચક્ષુ શોભે છે, પલ્લવથી વૃક્ષ શોભે છે અને વૃક્ષ વડે પલ્લવ શોભે છે, તેમ તમે પણ એક બીજાથી અધિક શોભા પામશો. કોઈ વખત તમારે અંદર અંદર કલહ ન કરવો અને પ્રીતિથી રહેવું; કદાપિ પ્રીતિનો નિર્વાહ ન થાય તો ઓરડાની ચાર દિશામાં ચાર કળશ દાટેલા છે, તે અનુક્રમે તમારે ગ્રહણ કરવા, એમ કહી પંચત્વ પામ્યા. અને પુત્રોએ લૌકિક ક્રિયા કરી.

પછી તે પુત્રોએ કેટલોએક વખત તો સુખ અને સંપમાં નિર્ગમન કર્યો, પણ પાછળથી સ્ત્રીઓને લીધે તેઓ પૃથક્ હૃદય વાળા થયા; એટલે ચારેએ એકત્ર થઈ પિતાએ કહેલા કળશ કાઢયા તેમાં પહેલાને વિષે ધૂળ, બીજાને વિષે અસ્થિ, ત્રીજા- ને વિષે ચોપડા, અને ચોથમાં સોના મ્હોર, એમ નીકળ્યું; તે જોઇ ત્રણ તો દીનમુખવાળા થયા, અને ચોથો ખુશી થયો.

પેલા ધનના લોભથી નિરાશ થયેલા ત્રણે ભાઇઓ જાણે તરવારથી હણાયા હોય તેમ પૃથ્વી ઉપર પડયા, અને માથું કુ- ટતા બોલ્યા 'શત્રુરૂપ પિતાએ અમને વિશ્વાસ પમાડીને ઠગ્યા. સર્વ સાર વસ્તુ સોમને આપી. અમને કાંઈ પણ ન આપ્યું.' ત્યારે સજ્જન પુરૂષોએ કહ્યું 'સઘળું ચાર ભાગે વહેંચી લ્યો.'

સોમ કહે 'મને મારીને લ્યો અન્યથા તેમાંથી કિંચિત્ માત્ર દ્રવ્ય હું નહિ આપું. કર્મદોષથી તમારૂં દ્રવ્ય ધૂળરૂપ થઇ ગયું તેમાં મારો શું દોષ ? જેથી મારામાંથી ગ્રહણ કરવાની ઈચ્છા રાખો છો.

પેલા ત્રણ ભાઇઓ બોલ્યા 'હે મુગ્ધ ! તું સઘળા ધનને વિષે લુબ્ધ થયો છે પણ તેમ નહિ બને. વ્યવહારે સમજ અથવા સ્વજન કુટુંબીઓ કહે તે પ્રમાણે કર, તેઓ તને આપે તેટલું દ્રવ્ય તું ખુશીથી ભોગવ; એ શિવાય બીજો માર્ગ નથી.'

એમ ઘણો વિવાદ થયો પણ કોઇ સમજ્યું નહિ તે સમયે હિતરવી લોકોએ કહ્યું તમે કલહ ન કરો, વ્યાપાર કરો અને તમારો ન્યાય કરવાને પ્રધાનાદિ રાજ્ય વર્ગ પાસે જાઓ ? તેઓ- એ તે પ્રમાણે અંગીકાર કરી છ માસ પર્યંત ધર્માધિકારી પાસે આંટા ખાધા પણ કોઇએ તેનો નિવેડો ન કરી આપ્યો. આ વાત રાજાજીએ ધારણ કરવા જેવી છે."

રાજા કહે 'પછી તેનો સંવાદ કોઇએ પતાવ્યો કે નહિ. ?'

તેણે કહ્યું "સ્વામિન્ તેઓનો કલેશ કોઇએ પતાવ્યો નહિ

તેથી મુંઝાઇને પરદેશ તરફ ચાલ્યા. કોઈ ગામના પાદરમાં સભા કરીને બેઠેલ વૃદ્ધ પશુપાળને જોઈ નમસ્કાર કરી ત્યાં ઉભા રહ્યા. તે જોઇ તેણે પૂછ્યું કે તમે કોણ છો અને કયાં જાઓ છો? ઉત્તરમાં ચારે ભાઇઓએ પોતાનો વૃત્તાંત કહી બતાવ્યો. તે સાંભળી ને પશુપાળ બોલ્યો–' તમારો પિતા પંડિત અને હિત–કર્તા હતો એમ જણાય છે.' તેઓ બોલ્યા 'તાત! અમારા વાદનું તમે નિવારણ કરો.'

પશુપાળ કહે ' તમારો પિતા વિચક્ષણ હતો, તેણે જેને જે યોગ્ય હતું તે પ્રમાણે આપ્યું છે. પ્રથમ કળશમાં ધૂળ નીકળી તે ઉપરથી સૌથી મોટા પુત્રને સમસ્ત કૃષિ કર્મ આપેલું છે, બીજામાં અસ્થિ નીકળ્યા તે ઉપરથી બીજાને સર્વે ચતુષ્પદોનું અધિકારીપણું સોંપ્યું છે, ત્રીજામાં ચોપડા નીકળ્યા તે ઉપરથી ત્રીજાને વ્યાપાર, ઉઘરાણી વગેરે સોંપ્યું છે અને ચોથાને સર્વ રોકડ દ્રવ્ય આપેલું છે. તમે વિચાર કરીને તપાસ કરશો તો આ સર્વ વસ્તુઓ સરખી થશે. તેણે પોતાના નિરંતરના અભ્યાસથી વિચારીને વહેંચણ કરેલી છે. ભાઇઓ! દ્રવ્ય છે તે વીજળીના ચમકારા અને અર્કતુલની જેમ અસાર છે. કોઇને દ્રવ્ય આપેલું રહેતુંજ નથી, પિતાના દ્રવ્યને માટે જેઓ કલેશ કરે છે, તેને મૂર્ખ સમજવા. તેમજ પિતાના દ્રવ્યમાંથી જેઓ પોતાના ભાઇઓને ઓછું આપવા યત્ન કરે છે તેને અધિક મૂર્ખ સમજવા. માટે દ્રવ્ય ઉપર મૂર્છાવંત થઇ, તેને અર્થે કલેશ ન કરતાં, પિતાની વાણી સ્નેહવડે અવધારણ કરો. તમારી અજ્ઞાનતાને લીધે તમે પિતાને દોષ ન દો. જેણે અતિ સ્નેહથી તમારૂં લાલન પાલન કરી આ સ્થિતિએ તમને પહોંચાડયા, તે તમારી બાબતમાં અન્યાય કરે એ તમારો વિચાર કેટલી મૂર્ખતાવાળો છે. તો વિચારીને પુનઃ આ પ્રમાણે ભૂલ ન કરતાં પોતાની ભૂલ વિચારવા ઉત્સુક થાઓ.

એ પ્રમાણે વૃદ્ધ પશુપાળનાં વચન સાંભળી-હર્ષ પામી લઘુ બંધવને આલિંગન દઇ-અશ્રુ વરસાવતા ત્રણે ભાઇઓ બોલ્યા 'વત્સ? લોભાકુળ થઇ અમે તને જે ખેદ પમાડયો તેને માટે ક્ષમા કર.' તે સમયે લઘુ બંધવ પણ ત્રણે ભાઇ-ઓને ચરણકમળમાં પડી બોલ્યો 'હે બંધુઓ! તમે મારે તાત તુલ્ય છો, મૂઢ બુદ્ધિથી મેં તમને જે કર્કશ વચન કહ્યાં તેને માટે મને ક્ષમા કરો એમ અરસપરસ ક્ષમા યાચના કરી ચારે ભાઇઓ પશુ પાળ પ્રત્યે બોલ્યા-'અમારા પિતા મરી ગયા છે તથાપિ તમે કૃપાળુએ અમને અજ્ઞાતોને તત્ત્વ પ્રગટ કરી સમજાવ્યા અને અમારા કલેશનો નાશ કરાવ્યો તેથી તમે અ-મારા પિતાથી પણ અધિક છો, એમ કહી નમસ્કાર કરી કદા-ગ્રહ મુક્ત થયેલા તેઓ ઘરે આવ્યા. આનંદમાં રહેતા તેઓ અરસપરસના પ્રેમમાં વૃદ્ધિ કરવા લાગ્યા."

તે સાંભળી સર્વે સભાજનોએ પોતાના મસ્તક ધૂણાવ્યા અને આશ્ચર્ય પામી બોલ્યા કે એ આશ્ચર્યકારી વાત છે. અ-જ્ઞાત ગ્રામ્ય મનુષ્ય એ વાદનો શી રીતે નિકાલ કરી શકયો-કારણ કે જે વાદનો ન્યાયાધિકારીઓ અને પ્રધાન પુરૂષો નિવેડો કરી શકયા નહિ તેનો એક ગામડીઆ પશુપાળે નિવેડો કર્યો, તે આશ્ચર્યજનક કહેવાય.

એ સર્વ વ્યતિકર શ્રવણ કરી નૃપતિ મનમાં વિચારવા લા-ગ્યો કે પૂર્વે નહિ જોયેલા પશુપાળે દૂરથી તે મર્મ જાણ્યો તો શાસ્ત્રજ્ઞ અને કુશળ પ્રિયાનું કામકળાને વિષે કૌશલ્ય હોય તેમાં શું નવાઇ! માટે નિશ્ચયે મેં ભૂલ કરી છે. મેં અવિચારી કામ કરી અનાર્યપણું કર્યું છે, હું નિર્લજ છું, હું નિર્ભાગ્ય છું; કારણ કે મેં એવા સ્ત્રીરત્નનો વિનાશ કર્યો, એમ લાંબો વખત અંતકરણમાં શૌચ કરી દીન વદનવાળો નૃપતિ મંત્રી પ્રત્યે બોલ્યો. 'મેં નિઃપુણ્યે મહા પાપ કર્યું છે. પિતાના ગૃહ-

માં સુખે રહેલી તેણીની ઉપર મેં મહા અનર્થ કર્યો છે. હવે હું પ્રાણ ધારણ કરવાને શક્તિમાન નથી માટે આગ્નમાં પડીને મૃત્યુ પામીશ.'

રાજાનાં એવાં અત્યંત દુઃખભરિત વચનો શ્રવણ કરી મંત્રી બોલ્યો " સ્વામિન્! સત્સેવક હોય તે પોતાના સ્વામીનું હિતાહિત જાણે છે, વિચારે છે. સુપરીક્ષિત કાર્ય ફળદાતા થાય છે પરંતુ સહસાકૃત કાર્ય ફળદાતા થતું નથી, કારણ કે સહસા કરવામાં કાર્યાકાર્યનો વિવેક રહેતો નથી અને વિવેક રહિત કાર્ય ઉત્કૃષ્ટ આપત્તિનો વિસ્તાર કરે છે; વગર વિચાર્યું કરનાર મનુષ્ય પોતાના ગુણ અને સંપત્તિનો લોપ કરે છે તેથી હું આપની આજ્ઞા અંગીકાર કરી તેણીને લઇ ગયો, પરંતુ મેં વિચાર કર્યો કે ક્રોધના આવેશ સમયે જેવી બુદ્ધિ હોય તેવી કોઇ વખત હોતી નથી અને તેવા વખતમાં જો કાંઇ કાર્ય થાય તો તેનું સારૂં પરિણામ ન આવે, માટે હાલ તેણીનો વધ ન કરતાં ગુપ્ત સ્થાને રાખવી. મારી એ ધારણા પ્રમાણે હજુ સુધી મેં તેણીને જીવતી ગુપ્તસ્થાનમાં રાખી છે."

મંત્રીની વાત સાંભળી આનંદ પ્રાપ્ત થયેલો રાજા બોલ્યો વયસ્ય, તેનું રક્ષણ કરવાથી તેં મારા જીવિતવ્યનું રક્ષણ કર્યું છે' પછી તેણીને પોતાનાં મ્હેલમાં તેડાવી અને તેને વારંવાર ખમાવી. તે દિવસથી તે દંપતીનો ગાઢ પ્રેમ થયો."

એ પ્રમાણે વાત કરી મુનિ બોલ્યા 'રાજન્! જેમ પદ્મરાજાએ સહસા કરવાથી પોતાના આત્માને વ્યાકુળ કર્યો તેમ તું પણ કરે છે. ધર્મજ્ઞ મનુષ્યોએ પરઘાતવત્ આત્મઘાત પણ ન કરવો. કારણ કે આત્મઘાત કરવો એ પણ મહા પાપ છે. જે મનુષ્યો દુઃખનો ઘાત કરવા માટે દુષ્કર આત્મઘાત કરે છે તેઓ સુગમ અને સર્વ દુઃખહર્ત્તા ધર્મ શા માટે ન કરે ? કારણ કે ધર્મ છે તે દુષ્કર્મનો નાશ કરે છે, સત્કર્મની પ્રાપ્તિ કરાવે છે અને

અનેક પ્રકારના સુખ આપે છે એટલુંજ નહિ પણ આ અશરણ સંસારમાં મનુષ્ય માત્રને ધર્મ એજ શરણભૂત છે.

રાજા કહે 'પૂજ્ય ! દુઃખ દાવાગ્નિમાં દગ્ધ થયેલા મનુષ્યને એ ધર્મની વાત પણ કયાંથી હોય ! માટે મને તો આ પ્રારંભ કરેલા કાર્ય માટે યોગ્ય ધર્મસંબલઆપો.'

મુનિ કહે 'રાજન્ ! તું દુઃખાર્ત થઇને મૃત્યુ ઇચ્છે છે પરંતુ તેથી તો વિશેષ દુઃખને પામીશ. કારણ કે દુઃખ પાપથી ઉત્પન્ન થાય છે, પાપ પ્રાણિઘાતથી ઉત્પન્ન થાય છે અને પરપ્રાણઘાતથી પણ આત્મઘાત વિશેષ પાપકારી છે. આત્મઘાતને દુઃખની પરંપરા જાણી—ધર્મથી પાપનો ક્ષય થાય છે એમ વિચારી, નિશ્ચિત થઇ જિનોદિત ધર્મ કરતો તું એક દિવસ વિરમ (ઢીલકર,) જેથી સુત સહિત કલાવતી તને પ્રાપ્ત થશે. તેની સાથે તું ચિરકાળ પર્યંત ભોગ ભોગવીશ અને પછી રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરી દંપતી દીક્ષા અંગીકાર કરશો.

ગુરૂગિરાથી સ્વસ્થ થએલા રાજાએ તે રાત્રી ત્યાં ઉપવનમાંજ નિર્ગમન કરી. રાત્રીને પ્રાંતે નિદ્રામાં એવું સ્વપ્ન જોયું કે, કોઇ કલ્પવૃક્ષને લાગેલી લતા ફળવતી થઇ, તેવામાં કોઇએ તેનો છેદ કર્યો અને તે ભૂમિ ઉપર પડી, પુનઃ તેજ લતા કલ્પવૃક્ષને લાગી અને ફળવતી થઈ. તરતજ ઉઠી ગુરૂ પાસે જઇ નમસ્કાર કરી વિનય સહીત સ્વપ્નનો અર્થ પુછયો. ગુરૂએ કહ્યું 'તેં દેવીનો ત્યાગ કર્યો ને કલ્પલતાનો છેદ કર્યો. તે દેવી આજે ફળે સહીત—પુત્રે સહીત તને પ્રાપ્ત થશે.'

એ સાંભળી રાજા અત્યંત આનંદ પામ્યો અને કહેવા લાગ્યો હે પ્રભો ! આપની કૃપાથી મારૂં સર્વે શુભ થશે પછી પોતાના સ્થાન પ્રત્યે જઇ દત્તને બોલાવી લજ્જાથી નમ્ર થયેલો રાજા બોલ્યો. 'મિત્ર ! દુષ્ટ બુદ્ધિથી મેં મહત્ પાપાચરણ કર્યું, નિર્મળ કુળને લાંછિત કર્યું પરંતુ ગુરૂ મહારાજની

અમૃત સરખી વાણીથી આશ્વાસન પામ્યો, આશાલુબ્ધ થયેલો હું અહીંજ આખો દિવસ નિર્ગમન કરીશ, સાયંકાળ સુધી જો કલાવતીને જીવતી નહિ જોઉં તો નિશ્ચયે મરીશ, માટે તું તુરંગારૂઢ થઇ ત્વરિત ગતિએ જઇ તેણીને શોધી લાવ.'

તે સમયે 'જેવી દેવની આજ્ઞા, એમ કહી દત્ત નીકળ્યો, સાંભળેલી હકીકતને અનુસારે ચાલ્યો, તેવામાં દૈવયોગે એક તાપસને તેણે જોયો. તેને પ્રણામ કરીને પુછ્યું ' ભો મુનિ! તમે અથવા બીજા કોઇએ નજીક પ્રસવકાળવાળી અથવા પ્રસૂતા કોઇ સુંદરીને જોઇ ? તેણે કહ્યું ' તું કોણ છે અને ક્યાંથી આવ્યો.'

દત્ત કહે ' હું શંખપુરથી આવ્યો છું, મને ત્યાંના રાજાએ મોકલ્યો છે.'

તાપસ કહે ' શું હજી પણ તે બિચારી ઉપરથી રાજાએ વૈરનો ત્યાગ નથી કર્યો? લોકોક્તિ પણ એવી ચાલે છે કે–કીડી ઉપર કટક ન હોય.'

દત્ત કહે હવે વૈર નથી પરંતુ તેણીને દુઃખ દીધું એથી પશ્ચાતાપ છે. હમણાં વધારે વાત કરવાનો સમય નથી કારણ કે જોવાને ઉત્સુક થએલો રાજા સાંજ સુધીમાં તેણીને નહિ જોવે તો અગ્નિમાં પડી બળી મળશે.

એમ સાંભળી તે દયાળુ તાપસ તેને પોતાના આશ્રમ પ્રત્યે લઈ ગયો. ત્યાં કુળપતિને નમસ્કાર કરી ટુંકામાં સર્વ વૃત્તાંત જણાવી દત્તે કહ્યું, ' વિભો! રાજાને અભય આપો.'

તરતજ કુળપતિએ કલાવતીને બોલાવી. ત્યાં તેમની પાસે દત્તને બેઠેલો જોઇ તેણીની આંખમાં અશ્રુ ભરાઇ આવ્યાં, એક પણ વચન બોલી શકી નહિ અને જાણે સઘળા દુઃખનો ઉભરો તે સમયે ભરાઇ ગયો હોય તેમ અત્યંત રૂદન કર્યું કહ્યું છે કે હૃદયને વિષે ભરાઇ રહેલું દુઃખ સ્વજનને દેખવાથી

કોટિવા થાય છે, તેણીને એ પ્રમાણે રૂદન કરતી જોઇ, આશ્વાસન આપી દત્ત બોલ્યો 'બેન તું ખેદ ન કર' એ સઘળા કર્મના પરિણામ છે. પોતાનાં કરેલાં કર્મજ પોતાને ભોગવવા પડે છે, અન્યજનો તો નિમિત્ત માત્ર છે. આ સંસારને વિષે પ્રાણિઓને દુઃખ સુખની જે લાગણી મનમાં થાય છે તે સર્વે શુભાશુભ કર્મથીજ થાય છે. જગતમાં પિતા, માતા, પતિ, ભ્રાતા, પુત્ર, પુત્રી વિગેરે સ્વજનો દુષ્કર્મના ઉદયથી શત્રુરૂપ થાય છે. અને તેઓજ પુણ્યોદયના યોગથી સુખકર્તા થાય છે. માટે આપત્તિ આવી પડે ત્યારે ધૈર્ય ધારણ કરવું. બેન તું સમજણ શક્તિવાળી અને ડાહી છે, તને કાંઇ વધારે કહેવું પડે તેમ નથી પરંતુ તેં જે દારૂણ દુઃખ ભોગવ્યું તે કરતાં અધિક તારા વિયોગથી નૃપતિ ભોગવે છે. તે પશ્ચાતાપથી સાંપ્રતકાળે પાવક મધ્યે પ્રવેશ કરવાને ઇચ્છે છે. સાંજ સુધી જો તને જીવતી નહિ દેખે તો જરૂર તે અગ્નિને શરણ થશે, માટે તું જલદી રથમાં આરૂઢ થા !'

એ પ્રમાણેનો વૃત્તાંત સાંભળી તે પતિપાસે જવાને ઉત્સુક થઇ, કારણ કે કુલાંગનાઓનો ધર્મ છે કે અહિતકારી પતિનું પણ હિત ચહાવું. પછી કુલપતિને નમસ્કાર કરી, બીજા તાપસોને મિષ્ટ વચને બોલાવી, સર્વેની રજા લઈ પુત્રની સાથે રથમાં બેઠી. સંધ્યા સમયે નૃપાશ્રિત વનને વિષે પહોંચ્યા, ત્યાં પૂર્ણાંગી કલાવતીને સાક્ષાત્ જોઇને ઉત્કર્ષ સહીત હર્ષવંત છે, તો પણ લજ્જાથી નમી ગયેલા વદનવાળો રાજા તેણીના સન્મુખ જોવાને શકિતમાન થયો નહિ. હર્ષ સંવૃદ્ધિ—વર્ધાપના સઘળે પહોંચી, રાત્રી પૂર્ણ થતા સુધી વાજીંત્રો અને નગારાના નાદ પૂર્વક ઉત્સવ થયો.

તે સમયે હર્ષ પામેલા અમાત્ય અને સામંતોની સાથે આસ્થાન મંડપમાં ક્ષણવાર બેસી નૃપતિ પ્રિયા પાસે ગયો.

બંનેના નેત્રો એક બીજાની સન્મુખ જોઇ હર્ષાશ્રુથી ભરાઇ આવ્યાં, કલાવતીએ નીચું મુખ કરી વંદન કર્યું, તે વારે પોતાના હસ્ત-કમલથી તેણીનું વદન ઉંચું કરી રમ્ય વાચાએ નૃપતિ બોલ્યો 'અહો મારા જીવિતવ્યની રક્ષા કરનારી.,

એમ બોલતા રાજાને અટકાવી કલાવતી બોલી 'મારી નિર્ભાગ્યવતીની–વરાકીની સ્તુતિ શી ?'

રાજા કહે 'પ્રિયે ! હું નિર્ગુણ, કૃતઘ્ની અને અકૃત્ય કર-નાર છું કારણ કે મેં સતીશ્રેષ્ટ–સુશીલા–ગુણવતીને અત્યંત ખેદ પમાડયો.'

તે સાંભળી સતીમતતલ્લિકા કલાવતી બોલી 'તમે ગુણી છો. એમાં તમારો દોષ નથી, તેમ સદાકાળ તમારે વિષે રક્ત અંતઃકરણવાળી અને તમનેજ જીવિતવ્ય માનનારી જે હું તેનો પણ દોષ ન હતો, પરંતુ દોષ મારા કર્મનોજ સમજવો; કારણ કે કર્મના યોગે સર્વે કાર્ય બને છે, તોપણ સ્વામિન્ મને શંકા થાય છે કે આપે મારા કયા અપરાધનો એ દંડ કર્યો ? કારણ કે દોષિત મનુષ્યોને શિક્ષા કરવી એ રાજાઓનોધર્મ છે.'

રાજા કહે 'જેમ વટોંબરને પુષ્પ નહિ અને વંજુલવૃક્ષને ફળ નહિ તેમ તારે વિષે દોષનો સંભવ નથી; તો પણ અજ્ઞાન-તાથી જે દુર્વિકલ્પ થયા તે કહેવાને હું શક્તિમાન નથી પરંતુ તારા આગ્રહથી કહું છું.' એમ કહી કોપનું કારણ કહી બતાવ્યું. પછી કલાવતીએ પોતાનો વૃત્તાંત નૃપતિએ પૂછવાથી નિવેદન કર્યો. તે સાંભળી પ્રમુદિત થયેલો રાજા બોલ્યો 'પ્રિયે ! સૂર્ય ચંદ્રની સ્થિતિ પર્યંત મારા અપયશનો પટહ વાગશે અને તારી ઉજ્વળ શીલપતાકા લોકમાં લહલહાયમાન થશે. તારો દુઃખાનુતાપ સ્મરણ કરી મૃત્યુવાછનારો હું. ગુરૂ મહારાજની ઉકિત અનુસારે થયેલી તારા સંગમની આશારૂપ સંજીવનીના પ્રભાવથી જીવતો રહ્યો છું.'

કલાવતી કહે 'સ્વામીનાથ! મારે માટે આપને સંતાપ ભોગવવો પડયો, મને દુઃખ ઉત્પન્ન થયાનું જાણી આપને દુઃખ થયું, એ મારા ઉપરની આપની કૃપાનો પ્રભાવ છે. સ્વામિન્! આપણે દુઃખને વિષે પડયા છતાં પણ સુખમાં સ્થિત થયા એ સર્વે પુત્રના પુન્યનો પ્રભાવ સમજવો. ધન્ય છે તે ગુરૂ મહારાજને કે જેણે આપને સદ્‌બુદ્ધિ આપી, મને તેમનાં દર્શન કરાવો!'

રાજા કહે 'આપણે પ્રાતઃકાળે વંદન કરવા જઇશું.'

એ પ્રમાણે સ્નેહાલાપ કરતા ક્ષણદા ક્ષણરૂપ જણાઇ. પ્રભાતે દંપતિ સર્વ સમૃદ્ધિ સાથે સૂરિ મહારાજને વંદન કરવા ચાલ્યા. ત્યાં જઈ ગુરૂપાદને પરમ ભક્તિ પૂર્વક વંદન કરી અનુક્રમે યથોચિત સ્થાને સર્વે બેઠા. તે સમયે ગુરૂશ્રેષ્ટે શીલ મહાત્મ્યદર્શિની દેશના આપવી શરૂ કરી.

शीलं प्राणभृतां कुलोदयकरं शीलं वपुर्भूषणं,
शीलं शौचकरं विपद्भयहरं दौर्गत्यदुःखापहं;
शीलं दुर्भगतादिकन्ददहनं चिन्तामणिः प्रार्थितो,
व्याघ्रव्यालजलानलादिशमनं स्वर्गापवर्गपदम् ॥ १ ॥

પ્રાણીઓને શીલ, કુળનો ઉદય કરનારૂં, શરીરને ભૂષણરૂપ પવિત્રતા કરનારૂં, વિપત્તિ અને ભયને હરનારૂં, દુર્ગતિ અને દુઃખનો નાશ કરનારૂં, દુર્ભાગ્યાદિ કંદનો દહન કરનારૂં. પ્રાર્થના કરેલ ચિંતામણી સરખું. વ્યાઘ્ર, સર્પ, જળ અને અનલના ઉપસર્ગને શમન કરનારૂં અને સ્વર્ગ મોક્ષ આપનારૂં છે.

दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्र मषीकूर्चक-
श्चारित्रस्य जलाञ्जलिर्गुणगणारामस्य दावानलः;

ત્રોનો નાદ આકાશને વિષે પ્રસર્યો અને પ્રગટપણે જાણે મહા-સતિના મહાત્મ્યની ઉદ્‌ઘોષણા કરતા હોય તેમ પ્રતિદ્વારે તોરણો બંધાયાં તથા ધ્વજાઓ ફરકી. સર્વે સ્ત્રી પુરૂષો રાજા રાણીના દર્શન કરવાને માર્ગમાં એકત્ર થયા. કેટલીએક સ્ત્રીઓ તો જાણે તેના અપયશ રૂપી મલનું ક્ષાલન કરતી હોય તેમ કલાવતીને કુસુમાંજલી, કરવા લાગી. કેટલીક સ્ત્રીઓ સ્તુતિ પૂર્વક ' હે સતી ! તારો જય થાઓ, તારો પુત્ર દિર્ઘાયુષી થાઓ ! ' એવાં આશીશવચન બોલવા લાગી. રાજાએ દીન જનોને દાન વિગેરે ઘણાં સત્કાર્યો કર્યાં. રાજા મૃત્યુથી નિવર્ત્તન થયો. દેવી અક્ષતાંગી પ્રાપ્ત થઇ અને પુત્રની ઉત્પત્તિ થઈ વિગેરે હર્ષ ઉપર હર્ષની વધામણી સાંભળી નગરને વિષે મ્હોટો ઉત્સવ થઇ રહ્યો; ગીત, નૃત્ય અને વાજિંત્રોએ કરીને સ્થાને સ્થાને તે નગર રમણીક થઇ પડયું.

એમ આનંદમાં અગીયાર દિવસ વીત્યા પછી બારમે દિવસે સ્વજન વર્ગને એકત્ર કરી રાજાએ, કુમાર ગર્ભમાં આવ્યો તે સમયે કલાવતીએ પૂર્ણ કલશ સ્વપ્નમાં જોયો હતો' તે ઉપરથી પૂર્ણકલશ એવું કુમારનું નામ પાડયું અને તે દિવસે સર્વેને ઉત્તમ પ્રકારના ભોજનથી તૃપ્ત કર્યા. એ પ્રમાણે સુખમાં કેટલોએક કાળ નિર્ગમન કર્યા પછી સદ્‌ગુરૂની સંગતિથી શાસ્ત્ર શ્રવણને વિષે આસકત, વિષયાશયથી મુકત, સંતોષામૃતથી તૃપ્ત અને ધર્મ કર્મમાં દૃષ્ટ તે દંપતીએ યાવજજીવ પર્યંત સર્વ બ્રહ્મવ્રત અંગીકાર કર્યું. ગુરૂગિરારૂપ અમૃતે સિંચાયેલી તેના મનરૂપી ભૂમિને વિષે વિવેક બીજથી ઉત્પન્ન થયેલું સમ્યકત્વ વૃક્ષ પ્રૌઢતર થયું. જે વૃક્ષ શમદમાદિ ગુણરૂપ શાખા અને પૂજા—સત્કાર રૂપ પલ્લવે સંયુકત તથા કુશ્રૂતિરૂપ દુર્વાતથી અસ્પૃષ્ટ હોઇને કુસુમોદયવાળું થયું.

પછી નિરંતર ધર્મકાર્યને વિષે રકત આશયવાળા શંખ રાજા

એ જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કર્યો, કેટલાએક નવીન ચૈત્યો બંધાવી તેમાં જિનબિંબની પ્રતિષ્ઠા કરી અને જિનેશ્વર ભગવંતની મ્હોટા આડંબરથી પૂજા કરી; મુનિ મહારાજાને નમન સ્તવન અને વંદન પૂર્વક અશન, પાન, શય્યા, વસ્ત્ર, પાત્ર અને ધર્મોપકરણથી સદા- કાળ પ્રતિલાભવા લાગ્યો; દુઃખી સ્વધર્મીઓનો ઉદ્ધાર કર્યો, શ્રા- વકોને કર મુકત કર્યા અને જિનમતના પ્રત્યનિકોનુ નિવારણ કર્યું, એમ ચિરકાળ પર્યંત ધર્મનું પાલન કર્યું.

એક દિવસ ધર્મ જાગરણ જાગતા પોતાના સુતને રાજ્ય ધુ- રંધર જાણી રાત્રીને વિષે રાજા આ પ્રમાણે વિચારવા લાગ્યો. 'અહો ! શરીર અને મન સંબંધિ અનેક પ્રકારના દુઃખરૂપ જ- ળથી વ્યાકુલ એવો આ સંસાર સમુદ્ર દુસ્તર છે, આશ્રવને રૂંધન કરનાર, ગુણે પુર્ણ અને સચ્ચારિત્રે સંભૃત અર્હત્ધર્મરૂપ પોત (વહાણ) વિના તેનો પાર કેમ પમાય? ધર્મ સંબંધી સંપૂર્ણ સામગ્રી નરભવ વિના પ્રાપ્ત થતી નથી. સિદ્ધાંતને વિષે મનુષ્ય ભવ દશ દ્રષ્ટાંતે દુર્લભ કહ્યો છે. કદાચ્ કોઈ શુભ કર્મના યોગે તે પ્રાપ્ત થાય તો ધર્મશ્રવણ એ દુર્લભ છે અને ધર્મ સાંભળ- વાનો યોગ બને તો પણ તે પ્રમાણે આચરણ કરવાની ચાતુરી ન હોય, એ સર્વ સામગ્રી પ્રાપ્ત થાય ત્યારેજ મનુષ્ય જન્મ સા- ર્થક થાય; આવો મનુષ્ય જન્મ અને આવી સામગ્રી પ્રાપ્ત થયા છતાં હું કાંઇ કરી શકયો નહિ. માતા, પિતા પુત્ર અને સ્વજન એ સર્વે સંસારમાં પાશરૂપ છે, તારૂણ્ય અને ધન ધાન્યની આશા સ્વપ્નની પેઠે વિનશ્વર છે' દારા નરકરૂપી કારાગૃહ પ્રત્યે લઇ જ- નાર છે અને રાજ્ય દુર્ગતિનું કારણ છે. વિષયો વિષતુલ્ય છે, શિવ લક્ષ્મીનો સંગમ કરવાને તો સંયમ એજ શ્રેષ્ઠ છે માટે સર્વ સંગનો ત્યાગ કરી સંયમ અંગીકાર કરવું.' એ પ્રમાણે વિચારી કલાવતીને પૂછયું. તે દક્ષા બોલી ' મહારાજ ! ચિરકાળ પર્યંત ભોગ ભોગવ્યા, રાજ્ય પણ કર્યું અને ધુરંધર પુત્ર થયો, સાંપ્ર-

તકાળે આપણે ચારિત્ર ગ્રહણ કરવું એજ શ્રેષ્ઠ છે. આ જન્મને નિઃસાર જાણી સારભૂત સંયમ અંગીકાર કરી–આપણે નિરતિચાર વ્રત પાળવું એજ યુક્ત છે.

રાણીએ પોતાનો મત અંગીકાર કર્યો એટલે ઉત્સાહવંત નૃપતિએ મંત્રીવર્ગને બોલાવી પૂર્ણકલશ કુમારને રાજ્યાભિષેક કર્યો, જિન મંદિરોને વિષે ઉત્સવ મંડાવ્યો, યતિશ્રેષ્ટ અને ધાર્મિકની બહુ પ્રકારે યથોચિત પૂજા કરી. બંધીવાનને છોડી દીધા અને યાચક વર્ગને સંતોષ પમાડયો. એમ આઠ દિવસ પર્યંત ઉત્સવ કરવા સાથે જનસમૂહનો નાના પ્રકારના ભોજ્યાદિ પદાર્થોવડે સત્કાર કર્યો. તે સમયે ઉદ્યાનપાલકે આવીને ભૂપતિ પ્રત્યે વિજ્ઞપ્તિ કરી 'સ્વામિન્! ઘણા મુનિજને પરિવૃત આમિતતેજ નામના ગુરૂ મહારાજા ઉદ્યાનને વિષે આવ્યા છે, તે સાંભળી પ્રમુદિત થયેલ રાજાએ તેને વધામણીમાં ઘણું દ્રવ્ય આપ્યું. પછી સર્વ ઋદ્ધિ અને પરિવારે યુક્ત રાજા કલાવતીને સાથે લઇ સૂરિવર સમીપે ગયો. ત્યાં પંચાભિગમ સાચવવા પૂર્વક ગુરૂશ્રેષ્ટને વંદન કરી ધર્મ દેશના સાંભળી. પછી અવસર પામીને રાજાએ સુરિપ્રત્યે વિજ્ઞપ્તિ કરિ 'ભગવન્! દેવી કલાવતીએ પૂર્વે શું દુઃષ્કૃત્ય કર્યું હતું જેથી મેં નિરપરાધે તેણીના હસ્ત છેદાવ્યા'

ગુરૂ બોલ્યા રાજન્! તેનો પૂર્વભવ સાંભળ મહાવિદેહ ક્ષેત્રને વિષે મહેંદ્રપુર નામે નગર છે. તે નગરનો ત્રિવિક્રમ તુલ્ય પરાક્રમવંત નરવિક્રમ નામે રાજા હતો, તેને સત્ શીલાચરણવાળી લીલાવતી નામે પટ્ટરાણી હતી. તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલી એક સુલોચના નામે પુત્રી હતી. તે અનુક્રમે મન્મથના કેલિવનરૂપ યોવનને પામી. તેણીનું મુખ પુર્ણિમાના ચંદ્રસમાન હતું, અધરને વિષે અમૃત હતું, દંતપંકિત મણિશ્રેણિ સમાન લાગતી, કાંતિ લક્ષ્મી સમાન જણાતી, ગમન હસ્તિ સમાન હતું, પરિમલ

પારિજાતક સદૃશ હતો, વાણી કામદુધા સમાન હતી, કટાક્ષ બાણ કાલકૂટ વિષ સમાન હતા, તેથી જાણે દેવતાઓએ તેને માટેજ ક્ષીરસમુદ્રનું મથન કર્યું હોય તેવો ભાસ થતો હતો.

स्वभावतो बहुकुतुहलकेलिलीलाः
सद्धर्मकर्मनिरताः सुरताः सुशीलाः ।
प्रोद्यन्मदातिविशदाऽन्यकृतावहीलाः,
प्रायो भविन्त सकलेषु कुलेषु बालाः ॥ १ ॥

પ્રાયે સ્વભાવથી બહુ કુતુહળે યુક્ત ક્રીડાની લીલા વાળી, સદ્ધર્મકર્મને વિષે તત્પર પ્રીતિવાળી સત્શીળવતી અને ઉત્પન્ન થતા મદના ઉજ્વળપણાએ બીજાની અવહેલના કરનારી બાળાઓ સર્વ સુકુળને વિષે થાય છે.

અન્યદા નૃપતિના ઉત્સંગને વિષે તે કુમારી બેઠી હતી તે સમયે કોઇ પુરુષે આવી રાજાને સુંદર આકારવાળો વિચિત્ર ભાષા બોલવામાં ચતુર એક પોપટ ભેટ કર્યો. રાજાએ તેને પોતાના હસ્ત ઉપર સ્થાપન કરી બોલાવ્યો. જન્મથી દક્ષ એવો તે પોપટ પણ દક્ષિણ ચરણ ઉપાડી હર્ષપૂર્વક બોલ્યો—

त्वद्दारितारितरुणीश्वसितानिलेन,
समूर्छितेषु च महोदधिषु क्षितीश;
अन्तर्लुठत् गिरिपरस्परशृङ्गपातोद्-
घातारवैस्तव रिपोरपयाति निद्रा. ॥ २ ॥

હે ક્ષિતીશ! તેં વિદારણ કરેલા શત્રુઓની સ્ત્રીઓના શ્વાસોશ્વાસના પવન વડે મહોદધિ ઉછળતે છતે તેમાં રહેલા પર્વતો અથડાયાથી પડેલા શિખરવડે ઉત્પન્ન થયેલા શબ્દથી તારા શત્રુઓ નિદ્રારહિત થાય છે.

પોપટના એ પ્રમાણે બોલવાથી રંજિત થઈ રાજાએ પોપટ લાવનારને ઘણું દ્રવ્ય અને શરિરના આભુષણો આપી વિદાય કર્યો. પછી તે પોપટ રાજાએ કુંવરીને આપ્યો. તેણીએ હર્ષિત થઇ પોતાના વાસભુવન પ્રત્યે જઈ સુવર્ણ પિંજરને વિષે તેને રાખ્યો. નિરંતર દાડમ, દ્રાક્ષ, ચારોળી, અંજીર વિગેરે નાના પ્રકારના ફળફળાદિ ખવરાવતી અને સાકરમિશ્રિત જળનું પાન કરાવતી કોઇ દિવસ તેને પાંજરાને વિષે રાખે, કોઈ દિવસ પોતાના ખોળામાં બેસારે અને કોઇ દિવસ વિવિધ પ્રકારની વાણી બોલતાં શીખવે. પોતાને આસને તેને બેસારે, પોતાની પથારીએ તેને સુવાડે, પોતાની સાથે જમાડે અને પોતે જ્યાં ત્યાં ક્રીડા કરવા જાય ત્યાં સાથે લઈ જાય; પોતાના આત્માની પેઠે તે પોપટને ક્ષણ માત્ર પણ અળગો ન રાખે. એક દિવસ ઘણી સખીઓએ પરિવૃત્ત રાજપુત્રી પંજરસ્થ પોપટને સાથે લઇ નગરની સમીપે કુસુમાકર નામના ઉદ્યાનને વિષે ગઈ. ત્યાં નરકાદિપાતવારણ, સિદ્ધિવધુસંગમકારણ અને લોચનને સુધારસના પારણ સમાન એક જિનાલય જોયું. તે જિનપ્રસાદમાં પ્રવેશ કરી શ્રી સીમંધર સ્વામીને જોઇ સુલોચના અત્યંત હર્ષ પામી અને વારંવાર વંદન કરવા પૂર્વક સ્તુતિ કરવા માંડી.

जगज्जन्तुनिस्तारणे यानपात्रं, शमारामविश्रामसंलीनचित्तम्
नतानेकनाकीन्द्रपादारविन्दं, स्तुवे स्वामिसीमन्धरं देवदेवम्

જગતના પ્રાણિઓનું નિસ્તારણ કરવાને યાનપાત્ર સમાન, શમરૂપી આરામને વિષે વિશ્રામ લેવામાં લીન ચિત્તવાળા અને જેના ચરણ કમળ પ્રત્યે અનેક ઇંદ્રોએ નમસ્કાર કર્યો છે, એવા સીમંધર પ્રભુની હું સ્તવના કરૂં છું. પોપટ પણ જિનેશ્વર ભગવંતની મૂર્તિ જોઇ ચિત્તમાં ચિંતવવા લાગ્યો, 'અહો! આજ મારો જન્મ સફળ થયો! આજ મારૂં પુન્ય જાગૃત થયું ? જેથી મને જિનેશ્વર ભગવંતનાં દર્શન થયાં—આવું સ્વરૂપ મેં પૂર્વે કોઇ

વખત જોયું છે.' એમ ઈહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવ જોયો અને જાણ્યું કે 'પૂર્વે હું સાધુ હતો. અનેક શાસ્ત્ર પઠન પાઠનને વિષે સાવધાન અને પુસ્તક ઉપધિ સંગ્રહણમાં તત્પર હતો પરંતુ સંયમ ક્રિયાને વિષે શિથિલ આદરવાળો થઇ મેં વ્રત વિરાધિત કર્યું અને પ્રાંતે માયા કરવાથી કાળ કરી અહીં કીર થયો. પૂર્વ ભવના અભ્યાસથી તિર્યંચના ભવને વિષે પણ મને જ્ઞાન થયું. મને ધિક્કાર છે કે જ્ઞાન દીપ હસ્તને વિષે છતાં પણ અજ્ઞાનરૂપ અંધકારથી અંધ થઇ-ચારિત્રરૂપ ચરણથી સ્ખલિત થઇ-ભવરૂપી ખાડાને વિષે પડયો. પરંતુ તિર્યંચ ભવને વિષે પણ પુન્યના પ્રભાવથી આજ મને જગત્‌સ્વામી જિનેશ્વરનાં દર્શન થયાં, હવે આજથી જિનેશ્વરનાં દર્શન કર્યા શિવાય હું ચારો નહિ લઉં' એમ પોતાના મનમાં નિશ્ચય કર્યો, તે સમયે સુલોચના પણ જિનેશ્વરને વંદન-નમસ્કાર કરી બહાર નીકળી અને શુકવિભૂષિત પંજર લઇ પોતાના આવાસ પ્રત્યે ગઇ.

બીજે દિવસે નૃપ પુત્રી શુકને પંજરથી બહાર કાઢી ભોજન કરવા બેઠી એટલે પોપટ 'नमो अरिहंताणं' એમ બોલી જિનેશ્વરના દર્શન કરવાને બહારના ઉદ્યાન તરફ ઉડી ગયો. ત્યાં ભગવંતને પરમ ભક્તિ પૂર્વક નમસ્કાર કરી ફળાહાર કરતો ઉદ્યાનમાં સ્વેચ્છાએ ફરવા લાગ્યો. અહીં સુલોચના તેના વિયોગથી દુ:ખિત થઇ અત્યંત રૂદન કરવા લાગી. તેથી ઘણા લોકો પોપટને શોધવા નીકળ્યા, તેઓમાંના કોઇએ કુસુમાકર ઉદ્યાનમાં ગુપ્તપણે રહી પોપટને પાશજાલે પકડી રાજપુત્રી સમીપે આણ્યો કુંવરી પણ તેને ગ્રહણ કરી ક્રોધથી રક્તલોચન વાળી થઇ બોલી, 'રે ધુર્ત! મને ઠગી સ્વેચ્છાએ ઉડીને તું વનમાં ગયો! યાદ કર હવેથી તને બહાર જવાજ નહિ દઉં.' એમ કહી તેની ગતિનો ભંગ કરવાને માટે તેની પાંખો છેદી નાંખી

અને પછી કારાગારની પેઠે પાંજરામાં નાંખ્યો. પોપટ પણ મનમાં વિચારવા લાગ્યો કે 'અહો ધિક્કાર છે આ પરાધીનતાને કહ્યું છે કે:—

हठान्नीचतरं कार्यं, कार्यते मार्यतेऽपि च ।
नरकावासदेशीयां, तत् प्राहुः पारवश्यतां ॥

હઠથી અતિ નીચ કાર્ય કરવું પડે છે, માર ખાવો પડે છે તેથી પરાધીનતા નરકાવાસ સરખી કહી છે.

પૂર્વ ભવે મુનિપણાને વિષે સ્વાધિનપણે પ્રમાદથી ક્રિયા-અનુષ્ટાન ન કર્યાં તેનું આ ફળ છે. અથવા આ તો શું દુ:ખ છે પરંતુ ભવાંતરને વિષે અનેક પ્રકારની વિટંબના સહુન કરવી પડશે. આ ભવને વિષે વીતરાગના વદન કમળનું અવલોકન કરવા નહિ પામું.' એમ ચિંતા કરતો અત્યંત દુ:ખિત થયો. પુનઃ પોતાના મન સાથે વિચારવા લાગ્યો 'હે આત્મા! હવે શોકને છોડી દે, કારણ કે શોકથી નિવિડ કર્મનો બંધ થાય છે. વળી મારે જિન દર્શન વિના ભોજન કરવાનો નિયમ છે; માટે હવે અનશન કરૂં.' એમ વિચારી અનશન કરી પંચપરમેષ્ટીનું સ્મરણ કરવા લાગ્યો. એ પ્રમાણે કરતો પાંચમે દિવસે મૃત્યુ પામી સૌધર્મ દેવલોકે મહાન્ ઋદ્ધિવાળો દેવ થયો. સુલોચના પણ તેના દુ:ખથી દુ:ખિત થઇ–અનશન કરી–સમાધિમાં મૃત્યુ પામી તેજ દેવની દેવાંગના થઇ. ત્યાં વૈષયિક સુખ ભોગવિ અનુક્રમે ચવી પોપટનો જીવ તું શંખરાજા થયો અને સુલોચના તારી અગ્રમહિષી કલાવતી થઇ. માટે હે રાજા! પરમાર્થથી તો પ્રાણિ સ્વકૃત શુભાશુભ કર્મના ફળ ભોગવે છે. કોઇ કોઇને સુખ દુ:ખનો કર્ત્તા નથી. પૂર્વ ભવે સુલોચનાએ પોપટની પાંખો છેદી તે વૈરથી આ ભવમાં તેં કલાવતીના હસ્ત છેદાવ્યા. કહ્યું છે કે—

कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥ १ ॥

સેંકડો અને કોટિ કલ્પે પણ કરેલા કર્મનો ક્ષય થતો નથી કારણ કે કરેલા શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાં પડે છે. ”

એ પ્રમાણે ગુરૂના મુખથી પૂર્વભવ સ્વરૂપ શ્રવણ કરી સંસારને અસાર જાણી, વૈરાગ્યવાસિત અંતઃકરણવાળા તે દંપતી હસ્ત કમળ જોડી આચાર્ય પ્રત્યે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા. ‘ હે પ્રભો ! સંસાર સમુદ્રમાં પડેલા જે અમે તેમને સત્ફલક અને સિતપટ વાળી દીક્ષા આપો. ’

ગુરૂ કહે ‘ તત્ત્વજ્ઞાનને સમજનાર તમારા જેવાએ તેમ કરવું એજ યુક્ત છે; કારણ કે ઘરમાં અગ્નિ લાગ્યા છતાં કોણ પોતાની વ્હાલામાં વ્હાલી વસ્તુનો ઉદ્ધાર ન કરે ? હે રાજન્ ! શૂર પુરૂષોમાં તુંજ શુરવીર છે જેથી આ પ્રમાણે પ્રવ્રજ્યા લેવાને ઉત્સુક થયો છે.

એમ કહી આચાર્યે કલાવતી સહિત શંખરાજાને દીક્ષા આપી અને ગ્રહણ આસેવન પ્રમુખ શિક્ષાનો બોધ આપ્યો. શંખરાજર્ષિ શ્રુતાભ્યાસ કરતા ગુરૂની સાથે પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. શમામૃત કુંડને વિષે નિમગ્ન થઈ અનેક પ્રકારના ઉપસર્ગથી પણ ઉદ્વેગ નહિ પામતાં પોતાના આત્માને રાજરાજેશ્વર કરતાં અધિક માનવા લાગ્યા. ચારિત્રનું આરાધન કરવામાં પોતાનું સર્વ સામર્થ્ય વાપરવા લાગ્યા. યતનાએ બેસવું, યતનાએ ચાલવું, યતનાએ બોલવું, યતનાએ સૂવું વિગેરે સર્વ કાર્ય યતના પૂર્વક કરવા લાગ્યા. એમ બહુ કાળ પર્યંત શુદ્ધ ચારિત્ર પાળી પ્રાંતે અનશન કરી સમાધિમાં મૃત્યુ પામી સૌધર્મ દેવલોકે પાંચ પલ્યોપમના આયુષ્યે દેવપણે ઉત્પન્ન થયા. કલાવતી સાધ્વી પણ તેજ પ્રમાણે ચારિત્ર પાળી મૃત્યુ પામી તે દેવની દેવીપણે ઉત્પન્ન થઇ.

વાંચનાર ! કલવતીના ચમત્કારી ચરિત્ર ઉપરથી બોધ લેવાનો છે કે–શીલ એ મનુષ્યનું પરમ ભૂષણ છે, શીલથી સર્વ પ્રકારના ઉપસર્ગનો નાશ થાય છે અને શીલથી વાંછિતાર્થની

સિદ્ધિ થાય છે—માટે જેમ બને તેમ શીલશાળી થવાને ઉદ્યુક્ત થવું; શંખરાજાનું અને પદ્મરાજાનું દ્રષ્ટાંત લઇ એકદમ ક્રોધને તાબે થઇ સાહસ કરતાં ડરવું—બીજા જે જે શિક્ષા વચનો અને શિક્ષા દ્રષ્ટાંતો છે તે વાંચી સાર ગ્રહણ કરવો અને શંખરાજા તથા કલાવતી રાણી સર્વ ઋદ્ધિનો ત્યાગ કરી શુદ્ધ ચારિત્ર ગ્રહણ કરવાને ઉદ્યમવંત થયાં એટલુંજ નહિ પણ ગ્રહણ કરી પુર્ણ ભાવે પાળી દેવગતિને પામ્યા, એમ વિચારી ચારિત્ર ગ્રહણ કરવાને ઉદ્યક્ત થવું જેથી ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય.

## વિજયશેઠ અને વિજયારાણી.

આ સંસારમાં પ્રાણીને સર્વ કાર્ય કરતાં શિયળ પાળવું ઘણું દુષ્કર છે. અનેક મનુષ્યો મનુષ્યવૃત્તિ તજી દઇ પશુ, વૃત્તિને આધિન થઇને પરસ્ત્રી લંપટ થાય છે, તે તો અત્યંત ધિક્કારનેજ પાત્ર છે. તે સિવાય સ્વસ્ત્રીમાં સંતોષ માનનારાઓમાં પણ પર્વ તથા તિથિઓને દિવસોએ શિયળ પાળવાની અશકિત કેટલાક વિશેષ મોહિતવૃત્તિવાળા બતાવે છે, પરંતુ જેમની વિષયવૃત્તિ મર્યાદામાં હોય છે તેવાઓ તો બાર તિથિ અને પર્યુષણાદિક પર્વોએ સ્વસ્ત્રીના સંબંધમાં પણ શિયળ પાળે છે. તે કરતાં પણ અધિકતર શ્રેષ્ટ કાર્ય વિજયશેઠ અને વિજયારાણીએ કરેલું છે તેમનું ચમત્કારિક ચરિત્ર સંક્ષેપમાં આ નીચે પ્રદર્શિત કરેલું છે—

ભરતક્ષેત્રમાં વચ્છ દેશની અંદર દક્ષિણ સમુદ્રના કિનારા ઉપર એક સુશોભિત નગરમાં વિજયનામે એક શ્રેષ્ઠીપુત્ર વસે છે. તેમને સદ્દગુરૂનો સમાગમ થવાથી ગુરૂ મહારાજે દાન, શિલ, તપ ને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ કર્યો, તેમાં શિલ ધર્મ સંબંધી ઉપદેશ કરતાં કહ્યું કે—

सिलं कुलआहरणं, सिलं रुवं च उत्तमं होइ ॥
सिलं चिय पांडित्तं, सिलं चिय निरुवमं धम्मं ॥ १ ॥

"શિલ કુળનું આભરણ છે, ઉત્તમ એવું રૂપ તે શિલ છે, શિલ પાળવું તેજ પાંડિત્યતા છે અને નિરૂપમ-જેને બીજી ઉપમા પણ આપી ન શકાય એવો ધર્મ તે શિલ ધર્મજ છે."

આ પ્રકારનો ઉપદેશ સાંભળીને વિજય નામના શ્રેષ્ઠીપુત્રનું હૃદય આર્દ્ર થયું અને પાણી ગ્રહણ કર્યા પછી કૃષ્ણપક્ષમાં નિરંતર શિયળ પાળવું એવો અભિગ્રહ ગુરૂ મહારાજની સમિપે ગ્રહણ કર્યો. આ વખત તેની નાનીવય હતી.

હવે તેજ નગરીમાં શ્રેષ્ઠિની વિજયાનામે સુશીળ, ડાહી અને સ્વરૂપવાન પુત્રી હતી. તેને પણ બાળવયમાં ગુરૂનો સમાગમ થયો. ગુરૂ મહારાજે સ્ત્રીવર્ગને વાસ્તવિક શોભા આપનાર શિયળરૂપી શૃંગારનું વર્ણન કર્યું. " શિયળરૂપી આભૂષણ વિના બીજા ગમે તેટલા આભૂષણો પહેર્યા હોય તોપણ તે ભારભુત છે માટે ઉત્તમ કુળવાન સ્ત્રીએ પરપુરૂષ સામી દ્રષ્ટિ પણ કરવી નહી અને પોતાના ભર્ત્તાર સાથે પણ વિષય સુખના સંબંધમાં સંતોષવૃત્તિ ધારણ કરવી."આવા ઉત્તમ ઉપદેશથી તે વિજયાનું મન ધર્મરંગવડે રંગિત થયું અને 'પાણીગ્રહણ કર્યા પછી શુકલપક્ષમાં નિરંતર શિયળ પાળવુ" એવો અભિગ્રહ ગુરૂ સમિપે ગ્રહણ કર્યો.

અનુક્રમે બંને યુવાવસ્થાને પામ્યા અને દૈવયોગે તે બંનેનોજ વિવાહ થયો. પાણિગ્રહણમહોત્સવ સમાપ્ત થયો એટલે પ્રથમ દિવસે વિજયા અનેક પ્રકારના શૃંગાર ધારણ કરી ઉત્કંઠા સહિત પોતાના ભર્ત્તાર સમિપે પોતાના આવાસ ભુવનમાં આવી; વિજયકુમાર પણ તેને જોઇને બહુ હર્ષિત થયો. પરંતુ તરતજ પૂર્વે લીધેલો નિયમ સાંભળી આવ્યો, એટલે બે ઘડી આનંદ કારક વાતો કરીને પછી વિજયાને કહ્યું કે " હે પ્રાણપ્રિયા મારે કૃષ્ણપક્ષમાં શિયળ પાળવાનો નિયમ છે અને તેના દિવસ ત્રણજ બા-

કી રહેલા છે માટે હાલતો વિષયભોગની ઈચ્છા શમાવી દેવી. ત્રણ દિવસ પછી શુકલપક્ષમાં આપણે સાંસારિક સુખ ભોગવીશું."

વિજયા પોતાના સ્વામીના ઉપર પ્રમાણેના વચનો સાંભળ્યાં કે તરતજ ચિત્રવત્ સ્તબ્ધ થઇ ગઇ. એ પ્રમાણેની વિલક્ષણતા તેની આકૃતિ ઉપર જોઇને વિજયશેઠે પૂછ્યું કે "હે પ્રિયા: આમ સ્તબ્ધ કેમ થઇ ગઇ? શું ત્રણ દિવસ તારે મન બહુ થઇ પડે છે અથવા કાંઇ બીજી ચિંતા ઉત્પન્ન થઇ છે?" વીજયા તરતજ પોતાની મનોવૃત્તિને શાંત કરી બોલી કે–"પ્રાણનાથ જેમ આપે બાલ્યાવસ્થામાં કૃષ્ણપક્ષનો નિયમ ગ્રહણ કર્યો છે, તેજ પ્રમાણે મેં પણ બાલ્યાવસ્થામાં શુકલ પક્ષમાં શિયલ પાળવાનો નિયમ લીધેલો છે માટે હવે જે બન્યું તે ઠીકજ બન્યું છે; તેમાં કાંઇ પરિતાપ કરવા જેવું નથી. આજથી હુંતો બંને પક્ષમાં શિયળ પાળીશ, તમે ખુશીથી બીજી સ્ત્રીનું પાણિગ્રહણ કરો અને કૃષ્ણપક્ષે શિયળ પાળી શુકલપક્ષે સાંસારિક સુખ ભોગવો. મારા તરફનો કાંઇ પણ આપે અસંતોષ રાખવો નહીં. મારી મનોવૃત્તિ અત્યારથીજ શાંત થઇ ગયેલી છે. આપ બીજી સ્ત્રી સાથે પણિગ્રહણ કરો. તેને હું બહેન તુલ્ય ગણીશ અને તેનું સુખ જોઈ હું અંતઃકરણમાં રાજી રહીશ. કિંચિત્ પણ તેના પ્રત્યે શોકયપણું ગણીશ નહીં. કેમકે તમને જે પ્રકારે સુખ થાય તે પ્રકારેજ વર્ત્તવાને હું તનમનથી બંધાયેલી છું."

વિજયાનો આવો ઉત્તર સાંભળીને વિજયશેઠનું મન પણ વિષયવૃત્તિ રહિત શાંત થઇ ગયું અને આનંદ યુકત આકૃતિએ બોલ્યા કે "હે સુંદરી! તારો આવો વિવેક ભરેલો ઉત્તર સાંભળી હું ખુશી થયો છું. તારી ધાર્મિક લાગણીને માટે હું તારી જેટલી પ્રશંસા કરૂં તેટલી ઓછી છે. પ્રાયે સ્ત્રી જાતિની વિષય વૃત્તિ પુરૂષ કરતાં વિશેષ હોય છે છતાં જયારે તારી વિષયવૃત્તિ શાંત પામી જાય છે ત્યારે પછી કાળકૂટ વિષ જેવા વિષયસુખના

ઉપભોગથી મારે પણ શું પ્રયોજન છે? પૂર્વના ભાગ્યોદય વડે અસ્કમાત્ શિયળ પાળવાની અનુકૂળતા પ્રાપ્ત થઇ ગઇ છે, તો એવા પરભવમાં દુ:ખને આપનારા અને દુર્ગતિમાં લઈ જનારા વિષય સુખના સેવનથી સર્યું. તારી પેઠે હું પણ બંને પક્ષમાં શિયળ પાળીશ અને વ્રતને દૂષણ લાગવા નહિ દઉં તેં બીજી સ્ત્રી પરણવાની મને સલાહ આપી પણ એમ કરવા મારી ઇચ્છા નથી. માટે માત પિતાથી ગુપ્ત રીતે શિયળ પાળીને ભાવથી યતિપણે સંસારમાંજ રહીશું. એમ કરતાં કોઇ પ્રકારે પણ માતાપતા જાણી જશે તો પછી સંસાર છોડી દઇને ચારિત્ર અંગીકાર કરશું.

આ પ્રમાણેનો નિર્ણય કરીને બંને એક શય્યામાં શયન કરવા છતાં પણ ત્રિકરણ શુદ્ધે ખડ્ગધારા તુલ્ય શિયળ પાળવા લાગ્યા; કોઇ પ્રકારનું દૂષણ લાગવા દેતાં નહીં અને દિનપરદિન વિશેષ ઉજ્વળ પરિણામવાળા થતા હતા. 'પુણ્યવાન્ મનુષ્યની બલિહારી છે; જેની મનોવૃત્તિમાંથી વિષય વાસના ઉઠી જાય છે તેને શિયળનું પરિપાલન મુશ્કેલ નથી. પરંતુ આવી રીતનો નિરંતરનો સહવાસ છતાં દિનપરદિન શુદ્ધ મનોવૃત્તિ રહેવી અને તેપણ વધતી જવી તે આશ્ચર્યકારક છે.'

એવા અવસરમાં વીમળ નામના કેવળી ચંપાનગરીના ઉદ્યાનમાં સમોસર્યા. દેવતાએ કમળની રચના કરી. નગરમાંથી જિનદાસ વગેરે શ્રાવકો વાંદવા માટે આવ્યા. કેવળી ભગવંતે ઉપશમસાર શિળ પ્રધાન દેશના આપી; શ્રાવક ધર્મ અને સાધુધર્મ એમ બે પ્રકારનો ધર્મ ઉપદેશ્યો; જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયીનું સ્વરૂપ કહ્યું તથા જીવના અનાદિ કાળના મૂળ સ્વભાવ તરીકે તેને ઓળખાવ્યા, તેને લાગેલા આવરણો દૂર કરવા રસ્તા બતાવ્યા; દાન, શિળ, તપ ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનું સમગ્ર સ્વરૂપ પ્રદર્શિત કર્યું અને તેમાં દાન ધર્મનું સ્વરૂપ પ્રકા-

શિત કરતાં સુપાત્ર દાનને મોક્ષસુખનું પ્રબળ કારણભૂત બતાવ્યું; સુપાત્ર તરિકે તીર્થંકર, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય અને પાંચ મહાવ્રતને પાળવામાં અહોનિશ તત્પર એવા મુનિ મહારાજને મુખ્ય જણાવ્યા. આ પ્રમાણેના ઉપદેશને અંતે જિનદાસ શ્રાવકે ઉભા થઇ વિનંતિ કરી કે " હે ભગવંત ? આપના ઉપદેશથી મને સુપાત્ર દાન દેવાની અત્યત ઉત્કંઠા થઇ છે માટે ચોરાશી હજાર મુનિઓ મારા ઘરનો આહાર ગ્રહણ કરે તો મારો મનોરથ સફળ થાય, માટે તેવો માર્ગ બતાવવા કૃપા કરો.' કેવળી બોલ્યા " હે જિનદાસ! તું કહે છે એ વાત બનવી તદન અસંભવિત છે કારણ કે એટલા બધા મુનીનો એકત્ર યોગ કયાંથી થાય ? અને કદી એમ બને તો એટલા બધા મુનિરાજને નિર્દોષ શુદ્ધમાન-તેમને અર્થે નિપજાવેલો નહોય તેવો આધાકર્મી વિગેરે દોષ રહીત આહાર કયાંથી મળે ? માટે તારો મનોરથ એ રીતે સફળ થાય તેમ નથી. પણ ૮૪૦૦૦ મુનીરાજને આહારપાણી વહોરાવતાં જેટલા ફળની પ્રાપ્તિ થાય તેટલા ફળને પ્રાપ્ત કરવાનો બીજો રસ્તો છે, " જિનદાસ બોલ્યા કે-" ભગવાન્ ? કૃપા કરીને તે માર્ગ બતાવો, " કેવળી બોલ્યા કે-વચ્છ દેશમાં વિજય શેઠ અને વિજયા નામે તેમની સ્ત્રી છે તે બંને અખંડ શિયળના પાળનારા ભવયતિ થઇને સંસારમાં રહેલાં છે તેમને જમાડવાથી તને તેટલા ફળની પ્રાપ્તિ થશે.' એક શ્રાવક શ્રાવિકાને જમાડવાથી ૮૪૦૦૦ મુનિરાજને ભાતપાણી આપવા જેટલા ફળની આશ્ચર્યકારક વાત કેવળીના મુખે સાંભળીને શંકા રહીતપણે ,' તેનું કારણ શું ? " એમ કેવળી પ્રત્યે વિનય પૂર્વક તેણે પૃચ્છા કરી. કેવળી બોલ્યા કે-તેઓમાંના એકેકને જુદા જુદા પક્ષમાં શિયળ પાળવાનો નિયમ હતો, પાણિગ્રહણ થયા પછી તે વાતની પરસ્પર ખબર પડતાં બંને જણાએ બંને પક્ષમાં નિરંતર શિયળ પાળવાનો નિર્ણય કર્યો અને તેઓ એવું

ઉત્કૃષ્ટ શિયળ પાળે છે, તેમજ એમના અધ્યવસાય એવા ઉજ્વળ છે કે તેને જમાડવાથી ૮૪૦૦૦ મુનિરાજને દાન દીધા જેટલા ફળની પ્રાપ્તિ થાય તેમ છે. જિનદાસે તે વાત સ્વીકારી. કેવળી અન્યત્ર વિહાર કરી ગયા. જિનદાસ શ્રાવક તરતજ વચ્છ દેશે આવ્યા અને વિજયશેઠના માતા પિતાને મળી વિજયશેઠને સ્ત્રી સહિત પોતાને ત્યાં જમવા આવવાનું આગ્રહ પૂર્વક આમંત્રણ કર્યું, માતાપિતાને આવા અજાણ્યા માણસથી એ વાતનો અતિ આગ્રહ થતો જોઇ આશ્ચર્ય થયું, તેથી તેનું કારણ પૂછયું, જિનદાસે કેવળી ભગવંતે કહેલો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. માતાપિતા આશ્ચર્ય પામ્યા અને જમવાનું સ્વીકાર્યું. જિનદાસ હર્ષિત થયો અને અનેક પ્રકારની રસવતીવડે બંનેને અત્યંત ભક્તિપૂર્વક જમાડી ઉત્કૃષ્ટ સુપાત્રદાનનું ફળ મેળવ્યું.

વિજયશેઠ અને વિજયારાણીને જિનદાસને આવવાના કારણની અને પોતાના શિયળ સંબંધી પોતાના માતપિતાને જાણ થયાની ખબર પડી એટલે આગ્રહપૂર્વક માતપિતાની આજ્ઞા લેઇને બન્ને જણાએ કેવળી ભગવંતની પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

ઉજ્વળ ભાવે નિરતિચાર ચારિત્ર પાળી આઠે કર્મોને ખપાવ્યાં. પ્રથમ ચાર ઘાતિકર્મને ખપાવી કેવળજ્ઞાન પામી, અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી મોક્ષ માર્ગના પંથી કર્યા અને આયુષ્યને અંતે બાકીના ચાર અઘાતિ કર્મોને ખપાવી મોક્ષસુખ પામ્યાં.

આ પ્રમાણેનો શિયળનો મહા મહિમા જાણી દરેક ભવ્ય જીવોએ શિળધર્મ પાળવામાં ઉદ્યમી થવું. પાંચે ઇંદ્રિઓના વિષયોને ખરેખરા વિષ તુલ્ય સમજીને તેનાથી દૂર રહેવું. શિળ પાળવાથી આ ભવમાં પણ અનેક કષ્ટો નાશ પામે છે, દેવ સાનિધ્ય કરે છે, સ્થાને સ્થાને કીર્તિ વિસ્તરે છે અને મનોવૃત્તિ ઉજ્વળ થતી જાય છે. પરભવે દેવભુવનનાં સુખ અને યાવત્ મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.

## જંબૂકુમાર.

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરે છે ત્યાં ઋષભદત્ત નામે શેઠ વસે છે. તેની ધારિણી નામની સ્ત્રીએ સ્વપ્નમાં જંબૂવૃક્ષવડે સૂચિત પુત્રને જન્મ આપ્યો. તેથી તેનું નામ માતપિતાએ જંબૂકુમાર પાડયું. અનુક્રમે તે યૌવનાવસ્થા પામ્યો, તે વખતે તે નગરીમાં રહેલા આઠ શ્રેષ્ઠીની આઠ પુત્રી તેના ઉપર અનુરાગવાળી થઈ. એવામાં સુધર્માસ્વામી બહારના ઉદ્યાનમાં આવી સમોસર્યા, સર્વ માણસો ધર્મોપદેશ સાંભળવા ગયા, તેમાં જંબૂકુમાર પણ ગયો, ગણધર મહારાજાએ ભવભયને હરણ કરનારી દેશના આપી કે " આયુષ્ય મેઘ ધનુષ્યની પેઠે અસ્થિર છે, લક્ષ્મી વિજળીની પેઠે ચપળ છે, યૌવન તથા ભોગાદિક અલ્પ, કાળ રહેવાવાળા છે, એવું જાણી ગૃહસ્થ રત્નત્રયીનું આરાધન કરી થોડા સમયમાં શાશ્વત્ પદને પ્રાપ્ત કરે છે અને સાધુ રત્નત્રયીનું આરાધન કરી શીઘ્ર શાશ્વત્ પદને પ્રાપ્ત કરે છે. પરંતુ જેઓ મોહના બંધનમાં લુબ્ધ થઇ પ્રમાદને વશ પડયા રહે છે તેઓ આ ભવ અટવીને વિષે નિત્ય ભ્રમણ કર્યા કરે છે. એ પ્રકારે ધર્મોપદેશ સાંભળીને જંબૂકુમાર દીક્ષા લેવાને ઉત્સુક થયો. ગુરૂએ માતાપિતાની અનુજ્ઞા વિના દીક્ષા આપવાની ના કહી તો પણ શીલવ્રત લેવાને આતુર મનવાળો પોતાને ઘેર આવતો હતો તેવામાં વૈરીઓએ રાજગૃહીને ઘેરી લીધું છે, કીલ્લા પર બેઠેલા રાજપુરૂષો યંત્રવડે પત્થરને ફેંકે છે, એવું જોઇ પોતાને વ્રત લેવામાં વિઘ્ન થશે એમ જાણી તે પાછો ગુરૂ પાસે ગયો. ત્યાં જઇ શીલ વ્રતને ગ્રહણ કરી પાછો પોતાના ઘરે આવ્યો અને માતપિતાને કહ્યું કે મારે દીક્ષા લેવી છે માટે મને રજા આપો તે સાંભળીને માતપિતાએ કહ્યું કે તું અમારે એકનો એક પુત્ર છે, તારા વિના નિરાધાર એવા અમારૂં શું થાય? તને તારા ઉપર રાગવાળી આઠ કન્યાને પરણવવાનો અમારો અભિલાષ છે તેને

પૂર્ણ કર ! જંબુકુમાર બોલ્યો હું તમારા આગ્રહથી કન્યાઓનું પાણીગ્રહણ કરીશ પણ જો હું તેમને પ્રતિબોધ પમાડી દીક્ષા ન લેવરાવી શકું તો હું ગૃહસ્થાવાસે રહીશ. તે ઉપરથી તેના પિતાએ કન્યાઓને તથા કન્યાઓના માતાપિતાઓને તે વૃત્તાંત કહ્યું. સર્વે કન્યાઓ જંબુ પાસે આવીને કહેવા લાગી કે અમે તો તમનેજ વરી ચુકી છીએ. પછી શુભ મુહૂર્તે મહોત્સવ પૂર્વક આઠે કન્યાઓનું પાણી ગ્રહણ કર્યું. પછી સસરાઓએ હસ્ત વિમોચનમાં આપેલું નવાણુંક્રોડ સુવર્ણ લઇને પોતાને ઘેર આવ્યો. બીજે દિવસે પોતાની આઠે સ્ત્રીઓને પ્રતિબોધ પમાડવા માટે તેઓ સાથે સંધ્યા સમયે પોતાના ઘરની સાતમી ભૂમિકાએ ગયો.

એવામાં પાંચશેં ચોરો સાથે પ્રભવ ચોર ચોરી કરવા માટે ઋષભદત્ત શેઠના ઘરમાં પેઠો. તેની પાસે અવસ્વાપિની અને તાલોદ્ઘાટીની એવી બે વિદ્યાઓ હતી તેથી તાલોદ્ઘાટીની, વિદ્યાના બળથી તાળાં ઉઘાડયાં અને અવસ્વાપિની વિદ્યા વડે કરીને ઘરના સર્વ માણસોને નિદ્રાવશ કરી દીધા. પછી પાંચશેં ચોરોની સહાયથી ઘરનું સઘળું દ્રવ્ય લૂંટીને જ્યાં જંબૂકુમાર પોતાની સ્ત્રીઓને પ્રતિબોધે છે, ત્યાં જઇને તેણે અવસ્વાપિની નિદ્રા મુકી; જંબૂકુમાર વિના સર્વ સ્ત્રીઓ નિદ્રાવશ થઇ તેથી તે સ્ત્રીઓના આભૂષણ લેવા લાગ્યો.

એવામાં જંબૂકુમારે તે સઘળાને વિદ્યાબળે ચિતરેલા પુરૂષની પેઠે સ્તંભિત કરી નાખ્યા. એટલે ખેદ પામી પ્રભવ જંબૂને કહેવા લાગ્યો કે તું તારિ સ્તંભિની વિદ્યા મને શીખવ? હું પણ મારી આ તાલોદ્ઘાટીની અને અસ્વાપિની વિદ્યા તને શીખવું. જંબૂકુમારે કહ્યું હું એ તારી વિદ્યાને શું કરૂં? હું આઠે સ્ત્રીઓને પ્રતિબોધ પમાડી પ્રભાતે આ સર્વ લક્ષ્મી તજીને દીક્ષા ગ્રહણ કરવાનો છું. પ્રભવ તો તે સાંભળી ચક્તિ થઈ કહેવા લાગ્યો અહો આ સર્વ નાના પ્રકારના ભોગનો શા માટે ત્યાગ

કરે છે. જંબૂએ કહ્યું-પ્રભવ? આ ભોગ સુખ થોડા કાળ રહેવા વાળા અને પરિણામે કિંપાકવૃક્ષના ફલની પેઠે અનિષ્ટ કરવાવાળા છે. જ્યાં સુધી હૃદયમાં મૂઢતા રહેલી છે, ત્યાં સુધીજ આ વિષયો પ્રાણીને સુખ આપે છે, પણ તત્ત્વવિદ્ પુરૂષો તો તેને દુઃખ રૂપેજ માને છે. તે સાંભળી પ્રભવે કહ્યું. પુત્ર વિનાના એવા તને શુભગતિ ક્યાંથી પ્રાપ્ત થશે? કહ્યું છે કે—

अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गे नैव च नैव च।
तस्मात् पुत्रमुखं दृष्ट्वा, स्वर्गं गच्छन्ति मानवाः ॥

અર્થ—અપુત્રીયાને સારી ગતિ થતી નથી, તે સ્વર્ગ ગતિતો નહિંજ તે માટે મનુષ્યો પુત્રના સુખ જોઇને સ્વર્ગે જાય છે.

ત્યારે જંબૂકુમારે કહ્યું કે હજારો બ્રહ્મચારી કુમારો પુત્ર વિનાના છતાં સ્વર્ગે ગયા છે અને પુત્ર છતાં પણ ઘણા માણસો દુર્ગતિ જાય છે. એ પ્રકારે ઉપદેશ વડે કરીને પ્રતિબોધ પામી પ્રભવ પાંચશે ચોરોએ કરી સહિત વૈરાગ્યવાસિત ચિત્તવાળો થયો. ત્યાર પછી જંબૂકુમારની સ્ત્રી સમુદ્રશ્રી બોલી, હે સ્વામી! તમે બક નામના ખેડુતની પેંઠ પ્રાપ્ત ભોગને તજી પશ્ચાતાપના ભાગી થશો.

સુસીમ નામના ગામમાં એક બક નામે ખેડુત રહેતો હતો તેણે ચોમાસાની ઋતુ આવી ત્યારે પોતાના ક્ષેત્રમાં ચોળા મગ બંટી પ્રમુખ ધાન્ય વાવ્યું. પછી પોતાની પુત્રીને મળવા માટે માલવાદેશ ગયો ત્યાં તેની પુત્રીએ તેને ઘઉંને ગોળના પુલા કરી જમાડયો. પછી તેણે પોતાની પુત્રીને પુછયું કે ઘઉંને ગોળ કેમ થાય છે? પુત્રીએ કહ્યું કે ખેતરમાં ઘઉંને શેરડી વાવવાથી થાય છે. પછી પોતાને ઘેર આવી તેણે મગ, ચોળા પ્રમુખ જે ધાન્ય વાવ્યું હતું તે સર્વ ખેતરમાંથી ઉખેડી નાંખી ગોધમ ને શેરડી વાવી; પણ પાણી નહિં મળવાથી કાંઇ ઉગ્યું નહિ અને ચોળા

મગથી પણ તે ભ્રષ્ટ થયો. માટે હે પ્રિય, બક ખેડુત જેમ દુઃખી થયો તેમ તમે પણ સ્ત્રી વિલાસાદિ ભોગ ત્યજી દુઃખી થશો. તે સાંભળી જંબૂકુમારે કહ્યું હું કાંઇ માંસના લોભી કાગડા જેવો નથી કે દુઃખી થાઉં

વિંધ્ય પર્વત ઉપર એક મદોન્મત્ત હસ્તી રહેતો હતો. તે એકદા ગ્રીષ્મ ઋતુમાં તૃષાથી પીડાતો રેવા નદી ઉપર પાણી પીવા ગયો પણ પગ ખસી જવાથી નદીમાં પડયો અને મૃત્યુ પામ્યો. તેને મૃત્યુ પામેલો જોઈ માંસના લોભી જાનવરોએ તેના ગુદા દ્વારમાં એક મોટું બાકું પાડયું. ત્યાંથી કાગડા વિગેરે પક્ષીઓ માંસ ખાવા લાગ્યા. એકદા માંસનો અત્યંત લોભી કાગડો માંસ ખાતો ખાતો તે હસ્તીના કલેવરમાંજ પડી રહ્યો અને ગ્રીષ્મ ઋતુમાં સખત ભડકા જેવા તાપને લીધે પેલું બાકું સંકોચાઈ ગયું તેથી કાગડો તો તેમાંજ રહી ગયો અને મૃત્યુ પામ્યો. જેમ આ કાગડો માંસ ઉપર આશક્ત રહેવાથી મૃત્યુ પામ્યો, તેમ જો હું તમારા ઉપર આસક્ત રહું તો આ કાગની પેઠે દુઃખી થઉં.

પછી બીજી પદ્મશ્રી નામની સ્ત્રીએ કહ્યું કે અમને તજવાથી તમે વાનરની પેઠે ઉભય ભ્રષ્ટ થશો. નંદનવનમાં પદ્મદ્રહને વિશે પરસ્પર પ્રીતિવાળું એક વાનરનું જોડલું રહેતું હતું. એક દિવસ ગ્રીષ્મ ઋતુમાં અત્યંત તાપથી પીડાતાં તેણે જળાશયમાં ઝંપાપાત કર્યો. તેથી જળના તથા કાળના પ્રભાવ વિશેષથી બન્ને સ્ત્રી પુરૂષરૂપે થઈ ગયા. ત્યારે પુરૂષ રૂપે થયેલા વાનરે કહ્યું કે મનુષ્યમાં આજીવિકા માટે અનેક પ્રકારનું કષ્ટ સહન કરવું પડે છે, માટે આપણે આ જળાશયમાં ફરીથી પડીએ તો દેવદેવી થઇએ અને ઇચ્છિત ભોગ ભોગવીએ. સ્ત્રીએ કહ્યું કે આપણે મનુષ્યપણું પામ્યા છીએ તેજ બહુ છે માટે તેમાં સંતોષ માની અધિક લોભ ન કરો, છતાં વાનરે તેણીનું કહ્યું ન માન્યું અને ફરીથી જળાશયમાં પડયો કે તરતજ વાનર થઇ ગયો. માટે હે

સ્વામી ! આ વાનર મનુષ્યપણાથી અને દેવપણાથી બન્ને પ્રકારે ભ્રષ્ટ થયો, તેમ તમે પણ થશો માટે અમારો ત્યાગ કરવો તમને ઉચિત નથી.

તે સાંભળીને જંબૂકુમારે કહ્યું કે હું અંગારક જેવો અતૃપ્ત નથી કે ઘણા ભોગ ભોગવ્યા છતાં તૃપ્ત ન થાઉં.

કોઇ એક અંગારક કોયલા બનાવવા માટે અટવીમાં ગયો, પાણી ખુટવાથી તૃષાએ અત્યંત પીડાતો છતો સૂતો. તૃષા અત્યંત લાગવાથી સ્વપ્નમાં ઘણા જળાશયના પાણી પી ગયો પણ તેની તૃષા શાંત થઇ નહિ. છેવટે મરૂ દેશમાં એક કુવા પાસે આવ્યો ત્યાં દોરડા વતી ઘાસના પૂળાને કુવામાં બોળી તે ઉપર ચોટી રહેલું પાણી ચાટવા લાગ્યો, પણ તૃપ્ત ન થયો. તેવી રીતે સર્વ પ્રાણીઓ શ્રી આદિક ભોગ ભોગવતાં છતાં તૃપ્ત થતા નથી તે-ઓની પેઠે હું આશક્ત નથી.

પછી પદ્મસેના નામની સ્ત્રીએ કહ્યું કે, હે સ્વામી ! મોક્ષ કરતાં આ લોકમાં પ્રાપ્ત થયેલી લક્ષ્મીને છોડી દેવાથી શિયાળની પેઠે ઉભય ભ્રષ્ટ થશો.

એકદા વનમાં અત્યંત ક્ષુધાતુર થયેલો એક શિયાળ માંસનો કડકો લઇ નદીના કીનારા ઉપર જતો હતો. નદીમાં માછલાને દેખી તેને લેવાના લોભે માંસનો કડકો કાંઠા ઉપર મુકી નદીમાં પડયો પણ તેને માંછલુ હાથ ન આવ્યું. અને તીર ઉપર મુકેલા માંસના કડકાને કોઇ એક સમડી આવી ઉપાડી ગઇ તેથી તે શિયાળ ઉભય ભ્રષ્ટ થયો તેમ તમે પણ થશો.

તે સાંભળી જંબૂકુમાર બોલ્યો કે હે સ્ત્રીઓ હું વિદ્યુન્માલી વિદ્યાધરની પેઠે આસક્ત થઉં તેમ નથી.

વૈતાઢય પર્વતની ઉતર શ્રેણીનાં ગગનવલ્લભ નામના ન-ગરમાં મેઘરથને વિદ્યુન્માલી નામના બે વિદ્યાધર ભાઇઓ રહેતા હતા. તેઓ માતંગી વિદ્યાને સાધવાના કારણથી વસંતપુર નગ-

રમાં માતંગનો વેશ લઇ રહ્યા, કારણકે માતંગી વિદ્યાને સાધવામાં માતંગીનું પાણીગ્રહણ કરવું પડે છે. પછી ત્યાંના ચંડાળોએ પૂછયું કે તમે કોણ છો અને કયાંથી આવો છો. તેઓએ કહ્યું કે અમારા પિતાજી સાંકેતપુરના મ્લેચ્છ રાજા તેણે અમને કાઢી મૂકયા છે, તેથી ચંડાળોએ હર્ષથી ત્યાં રાખ્યા અને પોતાની પુત્રીઓ પરણાવી. મોટો ભાઇ મેઘરથ તો બ્રહ્મચર્ય પાળી પોતાની સ્ત્રીની સહાયથી એક વર્ષમાં વિદ્યા સાધી રહ્યો; પણ ન્હાનો ભાઇ વિદ્યુન્માલી તો ચંડાળણીમાં આસક્ત થઈ વિદ્યા સાધી શકયો નહિ. મેઘરથે આવી પોતાના ભાઇને પૂછયું કે તું વિદ્યા સાધી રહ્યો કે નહિ? તેથી તેણે પોતાની સર્વ હકીકત ભાઇને કહી મેઘરથે કહ્યું કે અરે મૂર્ખ! મ્લેચ્છ સ્ત્રીના સંગથી તારા આત્માને કેમ દુષિત કર્યો! વિદ્યુન્માલીએ કહ્યું કે હે ભાઇ! મારો અપરાધ ક્ષમા કરી એક વરસ પછી મને તેડવા આવજે, હું કામને વશ કરી વિદ્યા સાધીશ. પરંતુ વિદ્યુન્માલી ફરીથી કામને વશ રહેવાથી વિદ્યા સાધી શકયો નહિ. એક વરસ પછીથી મેઘરથે આવી પૂછયું કે તેં વિદ્યા સાધી? ત્યારે તેણે પોતાની હકીકત સર્વ કહી. મેઘરથે જાણ્યું આ ચંડાલણી ઉપર અત્યંત અનુરક્ત છે માટે તે ઘેર નહિ આવે એમ ધારી તે પોતાને સ્થાનકે ગયો. વિદ્યુન્માલી ચંડાલણીમાં આસક્ત રહ્યા છતો ચંડાલ સંબંધી નીચ કાર્યો કરવા લાગ્યો અને તેનો દાસ થઇ રહ્યો, ત્યાં મૃત્યુ પામી નરકે ગયો.

માટે હે પ્રિયા! તે વિદ્યુન્માલીની પેઠે હું સંસારમાં આસકત નહિ રહું.

જંબૂકુમારના આ વચનો સાંભળી કનકસેના નામની સ્ત્રીએ કહ્યું હે પ્રિયતમ! તમે શંખ ધમનાર કણબીની જેમ લોભી ન થાઓ?

શાળી નામના ગ્રામને વીશે કણકુટ નામનો એક કણબી

રહેતો હતો તે એક બીજા કણબીનું ખેતર સાચવવા રહ્યો તે હમેશાં શંખ વગાડવાથી અનાજ ખાઇ જનાર પક્ષીઓને દુર નસાડી મૂકતો. એક વખત કેટલાક ચોરો નગરમાંથી ગાયો ચોરી લઇ જતા હતા, તેઓ તે કણબીના શંખના શબ્દને સાંભળી આપણી પાછળ પકડવાને માટે માણસો આવે છે એમ સમજી ભય પામી ગાયો મૂકી નાશી ગયા. ચોર મૂકીને નાશી ગયા છે એમ જાણી કણબી ગાયોને પોતાને ઘેર લઇ ગયો. તે કણબી પોતાના નિયમ પ્રમાણે હમેશાં શંખ ફુંકયા કરતો, એવામાં એક વખતે ગાયો લઇ જનારા પેલા ચોરો ત્યાં થઇને નીકળ્યા, તેઓએ હમેશાં શંખ વગાડનાર આ કણબી છે એમ જાણી ઘણો માર મારી તેની પાસેનું સઘળું ધન લુંટી લીધું, માટે હે સ્વામી! આપ અધિક લક્ષ્મીની ઇચ્છા કરવા જતાં સ્ત્રી આદિક સુખથી ભ્રષ્ટ થઇ કણબીની પેઠે દુઃખી થશો.

જંબૂકુમારે કહ્યું કે હું પેલા વાનરના જેવો મૂર્ખ નથી કે દુઃખી થાઉં.

વિંધ્ય પર્વતને વિષે એક વાનર પોતાની પ્રિયાઓ સાથે સુખ ભોગવતો રહેતો હતો, એક દિવસ ત્યાં એક બીજો બલિષ્ટ વાનર આવ્યો અને પેલા વાનરની પ્રિયાઓ સાથે ક્રિડા કરવા લાગ્યો, વાનરની પ્રિયાઓએ પણ પોતાના પતિને વૃદ્ધ થયેલો જોઇ તેનો ત્યાગ કર્યો અને આ નવીન આવેલા વાનરનો સ્વીકાર કર્યો આ જોઇ વૃદ્ધ વાનર લડવા લાગ્યો પણ પોતે વૃદ્ધ થયેલો હોવાથી અને પોતાની પ્રિયાઓ પણ પેલા નવીન આવેલા વાનર તરફ થઇ ગઈ તેથી તેને વન છોડી નાશી જવું પડયું. નાસતાં નાસતાં તૃષાતુર થયો. પાણીની શોધમાં ફરતાં શીલારસને પાણી જાણી તેમાં મુખ નાંખ્યું, મુખ ચોંટી ગયું. મુખ કાઢવાને માટે પગ નાંખ્યા તે પણ ચોટી રહ્યા. અને મૃત્યુ પામ્યો.

માટે હે સ્ત્રીઓ તમારી વાંછાથી હું સંસારરૂપી શીલારસમાં કદાપિ બુડીશ નહિ.

ત્યાર પછી નભઃસેના નામની સ્ત્રી બોલી હે પ્રિય પતિ ! આપ અધિક લોભથી બુદ્ધિ નામની સ્ત્રીની પેઠે હાસ્યતા અને મોટા અનર્થને પામશો,

નંદી નામના ગ્રામમાં સિદ્ધિ અને બુદ્ધિ નામની બે વૃદ્ધ સ્ત્રીઓ રહે છે તે ગ્રામમાં ઇષ્ટ ફળ આપનાર ભોમીલ નામનો યક્ષ છે; સિદ્ધિ નામની વૃદ્ધ સ્ત્રી તે યક્ષની પુષ્પ ફલાદિવડે હમેશાં પુજા કરતી તેથી યક્ષ સંતુષ્ટ થયો અને તેને હમેશાં બબ્બે સોના મહોરો આપવા લાગ્યો. બુદ્ધિએ સિદ્ધિને પૂછ્યું કે આપણે ઘણા કાળથી દરિદ્ર છીએ છતાં આ લક્ષ્મી તને કયાંથી પ્રાપ્ત થઇ. આથી સિદ્ધિએ યથાસ્થિત વાત કહી. તેથી યક્ષ તેને ચાર સોના મોહોરો આપવા લાગ્યો, સિદ્ધિને આ વાતની ખબર પડવાથી યક્ષનું આરાધન કરી બુદ્ધિ ઉપર ઇર્ષ્યાથી બમણું માગવા લાગી; ત્યારે બુદ્ધિએ ફરી આરાધન કરી તેણીથી બમણું માગ્યું, આથી સિદ્ધિએ વિચાર્યું કે એને કાંઇક નુકસાન પહોંચાડું એમ ધારી તેણીએ યક્ષને આરાધીને કહ્યું કે મારી એક આંખ લઇ લે. પછીથી બુદ્ધિ પણ યક્ષનું આરાધન કરી યક્ષ પાસે માગવા લાગી કે સિદ્ધિ કરતાં મને બમણું ફળ આપ ! આથી યક્ષે તેની બન્ને આંખો કાઢી લીધી એટલે તે આંધળી થઈ અને મહા દુઃખ પામી.

માટે હે સ્વામી ! અધિક ઇચ્છા કરવાથી બુદ્ધિને મહા કષ્ઠ પ્રાપ્ત થયું તેવીજ રીતે આપ પણ અનર્થમાં પડશો.

ત્યારે જંબુકુમારે કહ્યું કે હું જાતિવંત અશ્વ જેવો છું અન્ય માર્ગે જઉં તેવો નથી.

વસંતપુર નગરમાં જિતશત્રુ નામે રાજા હતો. એકાદા સભા વચ્ચે તેણે કહ્યું કે મારા રાજ્યમાં એવો કોઇ પુરૂષ છે કે જે

અશ્વની પરીક્ષા સારી રીતે જાણતો હોય, તેથી અશ્વવિદ્યામાં ચતુર પુરૂષોએ તેના કેટલાએક અશ્વોમાંથી એક જાતિવંત સારા લક્ષણવાળો અશ્વ પારખી કાઢી કહ્યું કે આ અશ્વ જેના રાજ્યમાં હોય તેનું રાજ્ય દિવસે દિવસે સારી રીતે વૃદ્ધિ પામે તથા તેને કોઈ પણ જીતી શકે નહિ. આથી રાજાએ તે અશ્વનું સંપૂર્ણ રીતે રક્ષણ થાય તે માટે તે ગામમાં જિનદાસ નામનો નિર્લોભી અને દયાવાન શ્રાવક રહેતો હતો તેને સોંપ્યો. જિનદાસ તેનું સારી રીતે લાલન પાલન કરી તે અશ્વને ઉછેરવા લાગ્યો. રાજ્ય પણ અશ્વના પ્રભાવથી સારી રીતે આબાદિપણાને પામ્યું. જિનદાસ શ્રેષ્ટી તે અશ્વ ઉપર બેસી હમેશાં તળાવે પાણી પાવા લઇ જતો, ત્યાંથી પાછા આવતાં શ્રી ઋષભદેવને મંદિરે ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કરી પછી ઘેર લઇ આવતો, તે અશ્વ જિનદાસનું ઘર, તળાવ અને જિનમંદિર શિવાય બીજો કોઈ પણ માર્ગ જાણતો નહિ

એકદા જીતશત્રુ રાજાની સંપદા સહન નહિ થવાથી તેના દુશ્મન રાજાએ પોતાની સભામાં કહ્યું કે જે કોઇ તે જાતિવંત અશ્વ લાવે તેને પાંચ ગામ બક્ષીસ આપું. આ સાંભળી એક જણે બીડું ઝડપ્યું અને કપટી શ્રાવક થઇને વસંતપુર ગયો ત્યાં ચૈત્યવંદન કરી ગુરૂવંદન કરવા ગયો, જિનદાસે ઉત્તમ શ્રાવક જાણી પોતાને ત્યાં ભોજન કરાવ્યું, પોતાની સાથે ધર્મ ગોષ્ટી કરવા કહ્યું તથા સદાને માટે પોતાને ત્યાં રહેવા માટે કહ્યું.

એક દિવસે શ્રેષ્ઠિ કંઇ કાર્યને માટે બીજે ગામ ગયા, પાછળથી કપટી શ્રાવકે અશ્વને પાણી પાવાના મિષથી તેના ઉપર બેસી પોતાના નગર ભણી ચાલવા માંડ્યું, અશ્વે કોઇ પણ માર્ગ જોયેલો નહિ હોવાથી તળાવે પાણી પીને જિન મંદિરે આવ્યો, ત્યાં ત્રણ પ્રદક્ષિણા દઇ પાછો પોતાને સ્થાનકે આવ્યો. પેલા કપટી શ્રાવકે અશ્વને ફરીથી ચલાવ્યો તોપણ તે તો પાછો જો-

ચેલા માર્ગે ગયો અને પાછા આવ્યો; તેથી પેલો કપટી શ્રાવક ખેદ પામી તે અશ્વને છોડી દઇ જતો રહ્યો. આ સર્વ વૃત્તાંતની રાજાને ખબર પડી, સેવકોએ પણ અશ્વને પાછા આવેલો જાણી સર્વ વૃત્તાંત શ્રેષ્ઠી આવ્યા ત્યારે તેમને કહ્યું. રાજાએ શ્રેષ્ઠીનું ઘણું સન્માન કર્યું.

માટે હે સ્ત્રીઓ, જેમ અશ્વ ત્રણ માર્ગ જાણતો હતો તેમ હું પણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ માર્ગ જાણું છું. માટે હું વિમાર્ગે જઉં તેમ નથી.

તે સાંભળી કનકશ્રી નામની સ્ત્રી બોલી હે પ્રાણેશ! અતિશય લોભવૃત્તિથી નાનાભાઇની પેઠે દુઃખી થશો.

હેમપુર નામના નગરથી બે ભાઇઓ દેશાંતર જતા હતા. રસ્તે ચાલતાં માર્ગમાં પાંચ રાફડા જોયા. નાનો રાફડા હતો તે ફોડી જોયો તેમાંથી પાણી નીકળ્યું તેથી સંતુષ્ટ. થયાથી નાના ભાઇએ કહ્યું હે ભાઈ! હવે બીજો પણ ફોડીને જોઇએ; એમ કહી બીજો ફોડયો, તેમાંથી દ્રવ્ય નીકળ્યું. ત્રીજામાંથી રૂપું અને ચોથામાંથી સુવર્ણ નીકળ્યું. મોટા ભાઇએ કહ્યું કે હવે પાંચમો એક રાફડા રહેવા દે. કારણ કે અત્યંત લોભ વિષવૃક્ષનું મૂળ છે. છતાં નાનાભાઇએ પાંચમો રાફડા ફોડયો, તો તેમાંથી દૃષ્ટિવિષ સર્પ નીકળ્યો, તેથી તે બળીને ભસ્મ થયો. માટે હે પતિ, તેની પેઠે આપ અતિ લોભ કરી દુઃખને શામાટે આમંત્રણ કરો છો.

તે સાંભળીને જંબૂકુમારે કહ્યું કે હે પ્રિયા! હું કાચબાની પેઠે પ્રાપ્ત અવસર ગુમાવી પશ્ચાત્તાપનો પ્રસંગ નહિ લાવું.

કોઇએક સરોવરને વિષે એક કાચબો પોતાના કુટુંબ સાથે રહેતો હતો. એકદા તેણે વાયુના યોગે સરોવરપરની લીલ ખસી જવાથી પહેલાં કોઈ દિવસ નહિ દેખેલ પૂર્ણિમાનો ચંદ્રમા જોયો, તેથી ઘણો હર્ષ પામ્યો. પછીથી તે ચંદ્રમા પોતાના કુટુંબને દેખાડવા સરોવરને તળીયે જઇ બધાને બોલાવી લાવ્યો, એટલામાં

શેવાળ મળી ગઇ. આમ તેમ ફરતો ઘણું જોવા લાગ્યો પરંતુ ચંદ્રમાને કયાંઇ દીઠો નહિ અને ઘણોજ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તે માટે હે સ્ત્રીઓ! જૈનધર્મ સંયમનું સ્વરૂપ તથા સારા ગુરૂનો જોગ એ અવસર પામી હું કાચબાની પેઠે વ્યર્થ નહિ ગુમાવું.

ત્યાર પછી જયશ્રી બોલી આપ કથાઓ કહી નાગશ્રીની પેઠે શામાટે છેતરોછો.

પદ્મપુર નગરમાં કેલિપ્રિય નામનો રાજા રહે છે. તે લોકો પાસેથી હમેશાં દરેકનો વારો કાઢી નવીનવી વાતો સાંભળતો હતો એક દિવસ એક મૂર્ખ બ્રાહ્મણનો વારો આવ્યો ત્યારે તે વિચારવા લાગ્યો કે હું રાજા પાસે શું વાર્ત્તા કહીશ. હું જો નવી વાર્ત્તા નહિ કહું તો રાજા કારાગ્રહમાં નાંખશે. તેની પુત્રીએ તે બ્રાહ્મણની ચિંતાનું કારણ જાણીને કહ્યું કે હે પિતા ! તમે ચિંતા નહિ કરો, રાજા પાસે હું વાર્તા કહીશ, એમ કહી તે રાજા પાસે ગઇ. કહ્યું કે હે ભૂપાળ ! મારા પિતાના સ્થાને હું આજ વાર્ત્તા કહીશ. રાજાએ કહ્યું કે હમણાંજ કહે ત્યારે તે કહેવા લાગી કે

આપના નગરમાં નાગશર્મા નામનો બ્રાહ્મણ રહે છે તેને નાગશ્રી નામની પુત્રી છે, તે એક વૃદ્ધ બ્રાહ્મણને આપી હતી. તેઓ પુત્રીના વિવાહની સામગ્રી લેવા માટે બહાર ગયો. પછવાડેથી વૃદ્ધ જમાઈ આવી ચડયો. નાગશ્રીએ પોતાના ભવિષ્યનો ભર્તા જાણી તેને ભાવ સહિત ભોજન કરાવ્યું અને સુકોમળ શય્યા વાળા પલંગ ઉપર સુવાનું કહ્યું. પોતે વિચાર્યું કે પાણિગ્રહણ કર્યા પહેલાં પતિના હસ્તનો સ્પર્શ કરવો પણ ઊચિત નથી તેથી તેના પલંગ નીચે નીર્વિકાર ચિત્તે સૂતી. તેવામાં ઉંઘી ગયેલો પતિ પલંગ નીચે ગબડી પડી નાગશ્રીના ઉપર પડયો અને લાજમાં તેના પ્રાણ નીકળી ગયા. તે જોઇ પેલી કન્યાએ વિચાર્યું કે હું પાપિણી ઠરી. આને માર્યો એમ લોકો જાણશે તો શું કરીશ, એમ વિચારી તેના ખંડ કરી તે શબને ત્યાં ખાડો ખોદી

દાટી દીધું, ઉપર માટી પુરી દીધી અને છાણવડે લીંપી પુષ્પાદિકવડે ઉપરથી જમીનનો ભાગ સુગંધી કરી દીધો, એટલામાં તેના માબાપ વિવાહની સામગ્રી લઇને આવ્યા. આટલું કહી તે કન્યા ચુપ રહી એટલે રાજાએ પૂછયું કે પેલી કન્યાનું શું થયું? એટલે નાગશ્રી બોલી કે હવે વખત થયો છે, એટલે હું જઇશ. રાજાએ પૂછયું કે કન્યાને હું કેવી રીતે જોઇશ. તેણે કહ્યું તેજ હું છું. રાજાએ પૂછયું કે તેં કહી તે સર્વ વાત સાચી છે! કન્યાએ કહ્યું હે રાજા! તેં આજ સુધી બધી વાર્તા સાંભળી તે જો સાચી હોય તો આ વાત પણ સાચી સમજવી.

એટલું કહી તે બ્રાહ્મણની પુત્રી નાગશ્રી ચાલી ગઇ.

હે સ્વામી! નાગશ્રી જેમ કથા કહી રાજાને છેતરી ગઇ તેમ તમે અમને છેતરી જાઓ છો.

ત્યારે જંબૂકુમારે કહ્યું કે હું લલિતાંગ કુમારની પેઠે ભોગમાં આસક્ત નથી કે જેથી મારે કષ્ટ વેઠવું પડે.

કંદર્પકોશ નામના નગરમાં શતાયુધ રાજા રાજ્ય કરતો હતો, તેને લીલાવતી નામે રાણી હતી. તે એક દિવસ સર્વાંગે ભૂષણ પહેરી ગોખમાં બેઠી હતી. તે વખતે તેણીએ અશ્વ ઉપર આરૂઢ થયેલા અત્યંત રૂપવંત સમુદ્રપ્રિય શ્રેષ્ઠીના પુત્ર લલિતાંગ કુમારને જોયો. દેખતાં તેના ઉપર અત્યંત મોહિત થઇ ગઈ ને કામની પીડાથી દુઃખી થવા લાગી. તેના મનનો અભિપ્રાય જાણી દાસીએ કહ્યું કે હું તે વણિક પુત્રનો સંબંધ કરાવી આપીશ. અહિયાં લલિતાંગ કુમાર પણ લીલાવતીને દેખતા તેના સમાન સ્થિતિમાં આવી પડયો. એકદા દાસી રાજાને થોડો કાળ બહાર ગયેલો જાણી લલિતાંગ કુમારને ઘેર ગઇ. ને તેને કહ્યું કે રાણી તારા ઉપર આસક્ત થઇ છે, તારી પાસે ભોગની પ્રાર્થના કરે છે. કુમારે કહ્યું કે મારી પણ તેજ ઇચ્છા છે. એમ કહી સારા વસ્ત્ર વિગેરે પહેરી રાણીના મહેલમાં ગયો. એટલે તરતજ રાજા

આવ્યો, તેની ભીતિથી છાના રહેવા માટે બીજું કોઇ સ્થાન નહોતું, તેથી તેને ખાળકુવામાં નાંખ્યો અને કહ્યું કે એક શબ્દ પણ બોલીશ નહિ, જો બોલીશ અને રાજા જાણશે તો તારો જરૂર પ્રાણ લેશે. લલિતાંગ કુમાર પણ ખાળકુવાની દુર્ગંધનો અનુભવ કરતો મહાદુ:ખી થયો. રાણી તેના ઉપર દયા લાવી થોડું ઘણું ખાવાનું ખાળકુવામા નાંખતી, તે ખાતો. હવે વર્ષાઋતુમાં વરસાદ ઘણો પડયો, તેથી તે અશુચી પદાર્થ સાથે ખાળકુવામાંથી તણાતો નગરની બહાર નીકળ્યો અને ખાળકુવાની દુર્ગંધની વેદનાને લીધે મૂર્છા પામ્યો. ત્યાં તેની ધાવમાતાએ જોયો અને નવરાવી તેને ઘેર આણ્યો. બે ચાર માસ ખાટલે રહ્યો એટલે સાજો થયો.

જ્યારે બહાર નીકળ્યો ત્યારે રાણીએ ફરીથી બોલાવ્યો પણ તે ત્યાં ગયો નહિ.

હે સ્ત્રી ! જો એ કુમાર વિષય સુખમાં મગ્ન થયો તો ખાળ-કુવાનું અત્યંત દુર્ગંધને અનુભવવારૂપ દુ:ખ ખમવું પડયું, માટે દારૂણ દુ:ખ આપવાવાળા વિષયાદિકને હું ઇચ્છતો નથી.

જંબુકુમારના આવા વૈરાગ્યરૂપી અમૃત સમાન વચનો સાંભળીને આઠે કન્યાઓના અને પ્રભવ સહિત પાંચશે ચોરોના મન વૈરાગ્યમય થઇ ગયાં, પછી આઠે સ્ત્રીઓ કહેવા લાગી. હે સ્વામી આરંભમાં સુખ દેનાર અને અંતે દુ:ખ આપનાર એવા વિષયોથી અમે આટલા સમય સુધી છેતરાણી હતી વળી ઇં-દ્રિયો ઉપર અસંયમ એ અપત્તિનો માર્ગ છે ને તેમનાપર વિજય મેળવવો એ સંપત્તિનો માર્ગ છે, માટે તમને જે માર્ગ ગમે તે માર્ગે જાઓ ! જેને હાથ પગ અને જીવ્હા એ સર્વ વશ છે અને પાંચે ઇંદ્રિયો ગુપ્ત છે, તેના ઉપર રાજા રૂષ્ટ થઇને પણ શું કરે ! માટે હે સ્વામી ! 'તમે અમારો મોહ રૂપી ગાઢ અંધકારથી ઉદ્ધાર કર્યો છે. ઉત્તમ પુરૂષોની સંગતિ હંમેશાં કલ્યાણકારી હોય છે. જે પંથ આપે સ્વીકાર્યો છે તેજ અમારો પંથ છે. આપ અમારા નેતા છો તો અમને શિવપુર પ્રતિ લઇ જાઓ.'

પ્રબળ અજ્ઞાનરૂપી અંધકારમાં ડુબેલી એવી સ્ત્રીઓના વૈરાગ્યમય વચનો સાંભળીને પ્રભવ પણ વિચારવા લાગ્યો કે અહો આપણને ધિક્કાર છે કે આપણે પારકું ધન હરણ કરી લેવાનાં ઉદ્યમમાં પડયા છીએ મેં તો દ્યુત ચોરી આદિથી ઘણું પાપ ઉપાર્જન કર્યું છે તો કોણ જાણે મારી શી ગતિ થશે? ચોરીરૂપી પાપ વૃક્ષના આ લોકમાં વધ બંધનાદિ અને પરલોકમાં નરક વેદનારૂપ ફળ થાય છે અહો આ જંબૂકુમાર કેવા છે, સુકોમળ છતાં આવી સંપત્તિ અને આવી કન્યાઓનો પણ ત્યાગ કરે છે, માટે જે માર્ગ તેણે લીધો તેજ મારો માર્ગ; એવું ચિંતવન કરીને તે જંબૂકુમારને કહેવા લાગ્યો. કે હે મહાસત્ત્વ! તારા ગુણોથી આકર્ષાઇને અમે તારી પાછળ આવીશું. પ્રભવ આટલું બોલ્યો એટલે શાસનદેવીએ તેમને શીઘ્ર બંધનથી મુક્ત કર્યા, ત્યાર પછી પ્રભવ ફરી બોલ્યો હે જંબુ, અમે અમારા કુટુંબીઓની રજા લઇને પ્રભાતે દીક્ષા ગ્રહણ કરવાને આપની સાથેજ ચાલીશું. જંબૂકુમારે તેને કહ્યું હે પ્રભવ! માણસોનાં અંતઃકરણ બહુ ચપળ હોય છે. ક્ષણમાં સમર્થ, ક્ષણમાં અશક્ત, ક્ષણમાં ક્રોધી, ક્ષણમાં ક્ષમાવાન, એમ અસ્થિર સ્વભાવવાળાં હોય છે માટે પ્રમાદ નહિ કરવો. આપનું વચન પ્રમાણ છે એમ કહીને પ્રભવ પોતાને ઘેર ગયો. જંબૂકુમાર પોતાની સર્વ સ્ત્રીયો સહિત દીક્ષા લેવાનો છે એમ સાંભળી તેના માતાપિતા તથા સર્વ સાસુ સસરા વ્રત લેવાને તૈયાર થયા.

જંબૂકુમાર પણ પ્રભાતે વિધી સહિત જિન પૂજન કરીને સાત ક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય કરી અશ્વ ઉપર આરૂઢ થઇને પોતાની સ્ત્રીઓ સહિત તથા પોતાના માતપિતા સાસુ સસરાઓ સહિત સુધર્મા સ્વામી પાસે ગયો. પ્રભવ પણ પાંચશે ચોર સહિત પોતાના કુટુંબની રજા લઇને દીક્ષા લેવાને ત્યાં આવ્યો. હવે જંબૂકુમાર સુધર્મા સ્વામીને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદન કરી

કહેવા લાગ્યો કે સંસાર સમુદ્ર તારવામાં નાવ સમાન એવા હે મુનીશ્વર! ચારિત્રરૂપ વહાણ વડે મને કુટુંબ સહિત તારો. એટલે સુધર્મા સ્વામીએ જંબૂકુમાર સહિત પાંચશેં સત્તાવિશ જણને દીક્ષા આપી અને અંતે દેશના દીધી કે કેટલાએક જીવો દીક્ષા લેતી વખતે સિંહ જેવા હોય છે પણ પાળવામાં શિયાળ જેવા નરમ થઇ જાય છે, કેટલાએક દીક્ષા લેતી વખતે શિયાળ જેવા દીન ને પાળવામાં પણ તેવાજ અશક્ત હોય છે' વળી કેટલાએક એવા હોય જે કે દીક્ષા લેતી વખતે શિયાળ જેવા દીન છતાં પાળવામાં તો સિંહ સમાન શૂરા હોય છે, ત્યારે કેટલાએક સિંહના જેવી શૂરી વૃત્તિથી દીક્ષા ગ્રહણ કરે છે અને તેવીજ વૃત્તિથી પાળે છે, માટે તમારે છેલ્લા ગણાવેલા ચોથા વર્ગના જીવોની પેઠે નિરતિચારપણે સંયમ પાળવો કે જેથી મુક્તિ અલ્પ પ્રયાસે મળી શકે.

બીજા મુનિયો પણ જંબૂમુનિની વિશેષ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા કે જેણે નવાણું ક્રોડ સોનૈયા તથા આઠ સ્ત્રીયો છોડી દીક્ષા લીધી એવા શ્રેષ્ઠ મુનીશ્વર તથા છેલ્લા કેવળી જંબૂસ્વામી પહેલા વાંદવા યોગ્ય છે.

ત્યારપછી સુધર્મા સ્વામી શિષ્યો સહિત વિહાર કરતા ચંપાપુરી આવ્યા તેમને વાંદવાને માટે ઘણા માણસોને આવતા જોઈ શ્રેણિક પુત્ર કોણિકરાજા વાંદવા માટે આવ્યો. ગુરૂને વાંદી સૌ યોગ્યસ્થાને બેઠા એટલે ગુરૂ મહારાજે દેશના આપી કે મનુષ્યનો જન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, શ્રેષ્ઠ રૂપ, લાંબુ આયુષ્ય, તીવ્ર બુદ્ધિ, શાસ્ત્ર શ્રવણ અને સંયમ ગ્રહણ, એ પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે, દેશનાને અંતે કોણિકે શુદ્ધ શ્રાવકધર્મ અંગિકાર કર્યો. પછી તે જંબૂમુનિને જોઇ પૂછવા લાગ્યો કે સર્વ શિષ્યોમાં આ શિષ્ય અત્યંત તેજસ્વી છે તેનું શું કારણ? ત્યારે સુધર્મા સ્વામીએ કહ્યું કે તેણે પૂર્વ ભવમાં અત્યંત તપસ્યા

કરી હતી, તેના પ્રભાવથી તે અત્યંત તેજસ્વી છે. તેનો પૂર્વભવ કહું છું તે સાંભળ—

મગધ દેશમાં અતિ રમ્ય સુરગ્રામ નામે નગર હતું, તેમાં રાષ્ટ્રકુટ નામનો કણબી રહેતો હતો, તેને રેવતી નામે સ્ત્રી હતી. તેણે અનુક્રમે ભવદત્ત અને ભવદેવ નામના બે પુત્રને જન્મ આપ્યો. તે પુત્રો મ્હોટા થયા અને ધર્માદિક કાર્યમાં અતિ કુશળ બુદ્ધિવાળા થયા.

એકદા મ્હોટા પુત્ર ભવદત્ત જગતમાં રહેલા સર્વ પદાર્થો ક્ષણિક વિનશ્વર છે, આયુષ્ય લક્ષ્મી વિગેરે ચપળ છે, એવું વિચારી વૈરાગ્ય આવવાથી સુસ્થિત આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી અને સમગ્ર શાસ્ત્ર શીખી તે ગીતાર્થ થયો. એક વખત તેણે ગુરૂને કહ્યું. હે પ્રભુ ? સંસારના સગા સંબંધીને વંદાવવા જવા માટે મારી ઇચ્છા છે. ગુરૂએ આજ્ઞા આપી એટલે તે સુરગ્રામ ગયો. ત્યાં પોતાના ભાઈ ભવદેવના નાગીલા નામની કન્યા સાથે લગ્ન થતાં હોવાથી સાધુ આવ્યા કોઇએ જાણ્યા નહિ. એટલે ભવદત્તમુનિ ગુરૂ પાસે પાછા આવ્યા તેથી બીજા સાધુઓએ તેની મશ્કરી કરી. તેથી ભવદત્તમુનિ પોતાના ભાઇને પ્રતિબોધ પમાડવા માટે ફરી સુરગ્રામ ગયા. તે વખતે નાગીલાને આભૂષણ પહેરાવવાનો ઉત્સવ થઇ રહ્યો હતો, તેવામાં ભવદેવને પોતાના પૂર્વ અવસ્થાના ભાઇ ભવદત્તમુનિના આગમનની ખબર પડવાથી આવીને નમ્યો અને શ્રદ્ધાથી શુદ્ધ અન્નપાનાદિક વહોરાવ્યું. ભવદત્તે જતી વખતે પોતાના ભાઇ ભવદેવને કેટલેક સુધી સાથે લીધો અને કોમળ વાણીથી તેને પ્રીતિ ઉપજાવીને તેના હાથમાં પોતાનું ઘી ભરેલું પાત્ર આપ્યું. ભવદેવ ભવદત્તની સાથે બાલ્યક્રિડા વાર્તાદિક કરતો ગુરૂ પાસે આવ્યો, ભવદત્તે ગુરૂને નમીને કહ્યું કે હે ભગવન્! મેં મારા ભાઇને આપની પાસે આણ્યો છે, એને દીક્ષા લેવાની મરજી છે. ગુરૂએ તેને દીક્ષા આપી, ભવદેવે પોતાના ભાઇની દાક્ષિણ્યતાથી દીક્ષા અંગીકાર કરી. પછી ભવદત્તે એક

મુનિ તથા પોતાના ભાઇને સાથે લઇ ગુરૂને નમી બીજે સ્થાને વિહાર કર્યો. ભવદેવ ભાઈના વચનને લીધે સંયમ પાળવા લાગ્યો પરંતુ મનમાંથી પોતાની સ્ત્રી નાગીલા ખસતી નહોતી. ભવદત્ત તો તીવ્ર તપશ્ચર્યા કરી કાળધર્મ પામી સ્વર્ગે ગયો. પાછળથી ભવદેવ તો બીજા સાધુઓને સૂતા મુકી, દીક્ષા છોડી, અર્ધ રાત્રીએ નાશી ગયો અને સુરગ્રામ આવ્યો ત્યા આવેલા એક જિનમંદિરમાં રહ્યો હતો. એવામાં ત્યાં એક ઉત્તમ વૃદ્ધ શ્રાવિકા તથા તેમની સાથે એક બીજી સ્ત્રી આવી તે નાગીલા હતી, તેથી તેણે ભવદેવને ઓળખી કાઢયો, પણ ભવદેવ ઓળખી શકયો નહિ. તેથી તેને નાગીલા શું કરે છે, ઇત્યાદિક પૂછયું. ત્યારે તેણે કહ્યું કે અહો તમે નાગીલાના પતિ છો. ત્યારે ભવદેવે હા કહી અને કહ્યું કે મારા ભાઈ ભવદત્તે ગુરૂ પાસે લઇ જઈ પરાણે દીક્ષા અપાવી પણ મેં તો નાગીલાના સ્મરણમાંજ બાર વર્ષ સંયમ પાળ્યું છે.

ભવદેવ આ પ્રકારે કહે છે, તેવામાં તે વૃદ્ધ સ્ત્રીનો પુત્ર ત્યાં આવ્યો અને તે શીખવી રાખ્યા પ્રમાણે ભવદેવ સાંભળતા કહેવા લાગ્યો, હે માત ! મને આજે ગામમાં જમવાનું નોતરૂં મળ્યું છે ને ત્યાં દક્ષિણા પણ મળવાની છે, માટે ઘેર ચાલ મારે પહેલા પીધેલું દુધ વમન કરી નાંખવું છે. પછી ત્યાં જમી દક્ષિણા લઇ આવી પછી વમન કરેલુ દૂધ પી જઇશ.

તે સાંભળી ભવદેવ હસીને બોલ્યો કે આ બાળક એવું વમન કરેલું પાછું કેમ ખાશે ! તે સાંભળી નાગીલા બોલી કે હું તમારી સ્ત્રી છું, તમે મને વમેલીને ફરીથી ભોગવવાને કેમ ઇચ્છો છો ? કોણ મૂર્ખ હોય કે જે સ્ત્રીને ત્યાગ કરીને વમન કરેલા આહારની પેઠે ઇચ્છે. સ્ત્રી અનંત દુઃખની કારણભૂત છે, હું અવસ્થાએ—જીર્ણ થઇ ગઇ છું. આ શરીર મળમૂત્ર શ્લેષ્મ આદિ અતિ મલિન પદાર્થથી ભરેલી શીવેલી કોથળી સમાન છે. તેમાં તો ભુંડ જેવા પ્રાણીઓ વિષ્ટાદિક ચુંથવા સમાન સ્ત્રી

આદિકના ભોગની વાંચ્છા કરે છે. વળી મેં જીવિત સુધી ગુરૂ પાસે શીયળવ્રત અંગીકાર કર્યું છે માટે હે નાથ મ્હારૂં કહ્યું માની ગુરૂ પાસે જાઓ અને આલોચના લઇ શુદ્ધ ચરિત્ર પાળી યાવત મોક્ષને પ્રાપ્ત કરો. સ્ત્રીના વચનથી પ્રતિબોધ પામેલા ભવદેવે ગુરૂ પાસે જઈ પોતાનો અપરાધ ખમાવી ચારિત્ર ગ્રહણ કર્યું અને ચિરકાળ સુધી શુદ્ધ ચારિત્ર પાળી, કાળ કરી સૌધર્મ દેવ લોકે દેવતા થયો.

હવે મ્હોટા ભાઇ ભવદત્તનો જીવ સ્વર્ગ થકી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયે પુંડરિગિણીને વિષે વજ્રદત્ત ચક્રવર્તીની યશોધરા નામની સ્ત્રીના ઉદરે પુત્રપણે ઉત્પન્ન થયો, તેનું નામ સાગરદત્ત પાડયું. અનુક્રમે યૌવનાસ્થા પામ્યો. પિતાએ તેને હજાર કન્યા પરણાવી, તેની સાથે ભોગ ભોગવતાં જતા કાળને જાણતો નહોતો એક દિવસે તે પ્રસાદની સાતમી ભુમિકાએ બેઠો હતો, તેવામાં આકાશમાં વાદળાં ચડયાં, પણ ઘણોજ સખ્ત પવન વાવાથી તે સર્વ વિખરાઇ ગયા; તે જોઇને સાગરદત્તને વૈરાગ્ય થયો. સર્વ વસ્તુ ક્ષણભંગુર માનીને ગુરૂ પાસે જઇ ચારિત્ર ગ્રહણ કર્યું,

હવે આજ વિજયમાં વીતશોકા નામની નગરીમાં પદ્મરથ રાજાની પટ્ટરાણી વનમાલાની કુક્ષિએ ભવદેવનો જીવ સ્વર્ગથકી ચવીને પુત્રપણે ઉત્પન્ન થયો, તેનું શિવકુમાર નામ પાડયું. તે યુવાવસ્થા પામ્યો ત્યારે પિતાએ તેને ઘણી કન્યાઓ સાથે પરણાવ્યો.

એક વખત કામસમૃતદ્ધ નામે સાર્થવાહને ત્યાં સાગરદત્ત મુનિ વહોરતા હતા તે વખતે દેવતાએ તે મુનિના ઉપર પુષ્પની વૃષ્ટિ કરી, તે જોઇ શિવકુમાર ઘણોજ આનંદ પામ્યો.

મુનિ ત્યાંથી પોતાને સ્થાનકે ગયા એટલે આ રાજકુમાર તેમની પાસે ધર્મ સાંભળવા ગયો. ત્યાં મુનિએ ઉપદેશની સાથે તેના પૂર્વભવની, કથા સંભળાવી, તેથી તેનું મન વૈરાગ્ય વાળું થયું, ગુરૂને નમી તે ઘેર આવ્યો ને માતપિતા પાસે દીક્ષા લેવાની આજ્ઞા માગી, માતપિતાએ કહ્યું કે જો તું દીક્ષા લઇશ તો અમારૂં

જરૂર મૃત્યુ થશે તેથી તે માતાપિતાના મરણના ભયથી દિક્ષા ન લેતા છઠ્ઠ છઠ્ઠને પારણે આયંબિલ કરવા લાગ્યો. એ પ્રમાણે દઢ શ્રાવક ધર્મ પાળી બાર વર્ષ સુધી ઘરમાં રહ્યો. ત્યારપછી અનશન ગ્રહણ કરી આયુષ્યના ક્ષયે ભાવચારિત્રવાન્ શિવકુમાર બ્રહ્મદેવ-લોકને વિષે દેવતા થયો, ત્યાંથી ચ્યવી ઋષભદત્ત શ્રેષ્ઠીનો પુત્ર આ જંબૂકુમાર થયેલ છે.

એ પ્રકારે જંબૂસ્વામીનો પૂર્વભવ સાંભળી રાજા ઘણો હર્ષ પામ્યો ને ગુરૂને નમી પોતાને સ્થાનકે ગયો, અન્ય લોકો પણ ગુરૂને નમી પોતાના ઘેર ગયા. જંબૂમુનિ અનુક્રમે અભ્યાસ કરતા અગ્યાર અંગ અને ચાદ પૂર્વ ભણ્યા. પછી સુધર્મા સ્વામીએ જં-બૂમુનિને આચાર્યપદ આપ્યું અને ગચ્છનો સર્વ ભાર સોંપ્યો અને પોતે મુકિત ગયા.

અનુક્રમે જંબૂમુનિ વિશેષ પ્રકારે તપશ્ચર્યા કરતાં ઘાતિ કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા. તેઓ ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી, પ્રભવમુનિને સૂરીપદ સહિત ગચ્છનો ભાર સોંપી, શ્રીવીર ભગવાનના નિર્વાણ પછી ચોસઠમેં વર્ષે સકળકર્મનો ક્ષય કરીને મોક્ષે ગયા.

તેમના પછી ૧ મનઃપર્યવ જ્ઞાન, ૨ પરમ અવધિ જ્ઞાન, ૩ ક્ષપક શ્રેણી, ૪ ઉપશમશ્રેણી, ૫ પુલાકલબ્ધિ, ૬ આહારક શરીર, ૭ મોક્ષ, ૮ જિનકલ્પીપણું, ૯ પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, અને યથાખ્યાત. એ ત્રણ ચારિત્ર અને ૧૦ કેવળજ્ઞાન એ સર્વે વિચ્છેદ પામ્યા.

જંબૂસ્વામી કે જેને આઠ સ્ત્રીઓએ સંસારમાં પાડવા માટે વિવિધ કથાઓ કહીને લલચાવ્યા પરંતુ જેઓ લેશ માત્ર પણ ડગ્યા નહિ. એટલુંજ નહિ પણ જેમણે તે સ્ત્રીઓ તથા માતપિતા આદિને પ્રતિબોધ કરી બુઝવ્યા. તેવા ગુણશાળી ઉત્તમ પુરૂષનું અનુકરણ કરી જે ભવ્યો શીલવ્રત દઢપણે પાળશે તે થોડા કાળમાં મોક્ષપદને પામી શકશે. ઇતિશમ્

બીજો ખંડ સમાપ્ત.

# ખંડ ૩ જો.

## મંગળ–દોહા.

ચોથું વ્રત હવે વર્ણવું, દિપક સમ જસ જ્યોત;
કેવળદીપક કારણે, દીપકનો ઉદ્યોત.

## ઢાળ.

વૃંદાવનના વાસીરે વિઠલા તેં મુજને વિસારી––એ દેશી.
એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત જગમાં દીવો

॥ એ ટેક. ॥ પરમાતમ પૂજીને વિધિશું, ગુરૂ આગળ વ્રત લીજે, અતિચાર પંચ દૂર કરિને, પરદારા દૂર કીજે ॥ મેરે પ્યારે૦ ॥ નિજ નારી સંતોષી શ્રાવક, અણુ વ્રત ચોથું પાળે; દેવ તિરી નર નારી નજરે, રૂપ રંગ નવી ધારે ॥ મેરે પ્યારે૦ ॥ ૧ ॥ વ્રતની પીડાકામની ક્રીડા, દુર્ગંધા જે બાલી; નાસાવિણ નારી પણ રાગે, પંચાશકમાં ટાળી ॥ મેરે પ્યારે૦ ॥ વિધવા નારી બાળકુમારી વેશ્યા પણ પરજાતી; રંગે રાતી દુર્બલ છાતી, નરમારણ એ કાતી ॥ મેરે પ્યારે૦ ॥ ૨ ॥ પરનારી હેતે શ્રાવકને, નવ વાડયો નિર્ધારી; નારાયણ ચેડા મહારાજે, કન્યાદાન નિવારી ॥ મેરે પ્યારે૦ ॥ ભરતરાયને રાજ ભળાવી, રામ રહ્યા વનવાસે; ખરદૂષણ નારી સવિકારી, દેખી ન પડયા પાસે ॥ મેરે પ્યારે૦ ॥ ૩ ॥ દશ શિર રાવણ રણમાં રોળ્યો, સિતા સતીમાં મહોટી; સર્વ થકી બ્રહ્મવ્રત પાળે, નાવે દાન હેમકોટી ॥ મેરે પ્યારે૦ ॥ વૈતરણીની વેદના માંહે, વ્રત ભાંગે તે પેસે; વિરતિને પ્રણામ કરીને, ઇંદ્ર સભામાં બેસે ॥ મેરે પ્યારે૦ ॥ ૪ ॥ મદિરા માંસથી વેદ પુરાણે, પાપ ઘણું પરદારા; વિષ કન્યા રંડાપણું અંધા, વ્રત ભંજક અવતારા ॥ મેરે પ્યારે૦ ॥ વ્રત સંભાળે પાપ પખાળે,

સુરતસ વંછિત સાધે, કલ્પતરૂ ફળદાયક એ વ્રત, જગ જસ કીર્તિ વાધે ॥ મેરે પ્યારે૦ ॥ ૫ ॥ દશમે અંગે બત્રીશ ઓપમ, શીલવતી વ્રત પાલી; નાથ નિહાલી ચરણે આયો, નેહ નજર તુમ ભાળી ॥ મેરે૦ પ્યારે૦ ॥ હાથી મુખસે દાણા નિકસે, કીડી કુટુંબ સહુ ખાવે; શ્રી શુભવીર જિનેશ્વર સાહિબ, શોભા અમ શિરપાવે ॥ મેરે પ્યારે૦ ॥ ૬ ॥ ઇતિ.

---

## બ્રહ્મચર્યની નવ વાડોનો ટુંક સારાંશ.

( બ્રહ્મવ્રતધારી ભાઇબ્હેનોના હિત માટે પૂર્વ મહા પુરૂષોનાં )
વચનાનુસાર. )

૧ બ્રહ્મચર્ય વ્રતના રક્ષણાર્થે નીચે જણાવ્યા મુજબ નિર્દેશસ્થાનમાં નિવાસ કરવો અને બીજા પણ બતાવેલા નિયમો કાળજીથી પાળવા.

### " વાડ પહેલી. "

જ્યાં સ્ત્રી, પશું, પંડગ ( નપુંસક ) નો નિવાસ હોય ત્યાં શીલવ્રતધારી પુરૂષોએ રહેવું જોઇએ નહિ. કેમકે તેથી સહેજે વ્રત વિરાધનાનો પ્રસંગ આવી બને છે. માટેજ જ્યાં વસતાં કામવિકાર ઉત્પન્ન થવા પામે નહિ એવાંજ સ્થાન બ્રહ્મચર્ય ધારી સ્ત્રી પુરૂષોએ રહેવા પસંદ કરવા જોઇએ. અને એવાં નિર્દોષ સ્થાનમાં પણ બ્રહ્મવ્રતની રક્ષા માટે સાવધાનજ રહેવું જોઇએ.

હેતુ—જેમ વૃક્ષની ડાળ ઉપર વસતો વાનર એવો સંભાળથી રહે છે કે તેને ભુમિ ઉપર પડી જવાનો પ્રસંગ ન બને. જેમ પાંજરામાં રહેતો પોપટ એવી સંભાળ રાખ્યા કરે છે કે પોતે મંજારના સપાટામાં આવી ન જાય, વળી જેમ સુંદરી ( સ્ત્રી ) જળનું ભરેલું બેડું શિર ઉપર છતાં તેને એવી યુક્તિથી સાચવી રાખે છે કે પડી ન જાય, તેમ બ્રહ્મવ્રત

ધારી પણ પોતાનું બ્રહ્મવ્રત લુંટાઇ ન જાય એ પવિત્ર હેતુથી મનને ગોપવી રાખે છે, પણ અન્ય સ્ત્રી પુરૂષાદિકને દેખી ચિત્તને ચળાવતા નથી જ્યાં મંજારનો વાસો હોય ત્યાં મૂષક ( ઉંદર ) ની જાતને જોખમ લાગે છે તે રીતે સ્ત્રી પ્રમુખના સંગથી બ્રહ્મચર્યનો નાશ થવાનો સંભવ રહે છે. માટેજ જ્ઞાની પુરૂષોએ બ્રહ્મચર્યના રક્ષણ અને પોષણ માટે નિર્દોષ સ્થાનમાંજ નિવાસ કરવો કહ્યો છે, એમ છતાં જે અજ્ઞ જનો આપમતિથી ઉક્ત આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે, એ પ્રથમ વાડનો ભંગ કરે છે, એથી અનુક્રમે વિષય વાસના ( કામભોગની ઇચ્છા ) જાગે છે. અનેક પ્રકારની અનર્થકારી શંકા કંખા ઉપજે છે. કામવાસના પ્રબળ થવાથી ધાતુવિકાર થાય છે, જેથી અનેક પ્રકારના રોગ શરીરમાં પ્રગટે છે, મન વિષય–તૃષ્ણાવાળું બન્યું રહે છે અને તેમાંથી પાછું નિવર્તી શકતું નથી. જેથી પરિણામે પ્રાણી મરણાન્ત કષ્ટને પામે છે. પવિત્ર બ્રહ્મવ્રતની રક્ષા માટે જ્ઞાની પુરૂષોએ ઉપદેશેલી આ ઉત્તમ વાડનો આપમતિથી ભંગ કરતાં આવાં માઠાં પરિણામ આવે છે, એમ સમજી સુજ્ઞ સ્ત્રી પુરૂષોએ નિજ બ્રહ્મવ્રતની રક્ષા માટે ઉક્ત વાડનું યથાવિધ પાલન કરવા પૂરતી કાળજી રાખવી જરૂરની છે. બેદરકારીથી તેની વિરાધના તો કરવીજ નહિ.

“ વાડ બીજી. ”

૨, બ્રહ્મવ્રતની રક્ષા માટે મીઠે વચને કામકથા સ્ત્રી આદિક સમીપે કરવી નહિ. મીઠે વચને સ્ત્રી આદિક સન્મુખ કામ–કથા કરતાં સહેજે બ્રહ્મવ્રતની વિરાધના થાય છે.

હેતુ–જેમ જોસબંધ ચાલતા પવનથી મોટાં વૃક્ષ પણ પડી જાય છે, તેમ ચિત્તની સમાધિને મટાડી અસમાધિ પેદા કરનારી કામ–કથા કરતાંજ કામ જાગે છે; તે માટે તેવી કામકથા કરવી ઉચિત નથી જેમ લિંબુને દેખી દૂરથીજ ખટાશે કરી ડાહ્યા

ગળે છે અને મેઘનો ગર્જારવ સાંભળીને જેમ હડકવા ઉછળે છે. તેમ સ્ત્રી પ્રમુખનાં વચન સાંભળતાં બ્રહ્મચારીનાં ચિત્ત બગડે છે; તે માટે તેવી કથા કરવા જ્ઞાનીએ નિષેધ કરેલો છે.

## " વાડ ત્રીજી. "

૩. બ્રહ્મચારી પુરૂષે જે શયન, આસન કે પાટ, પાટલા ઉપર સ્ત્રી બેઠી હોય તે ઉપર બે ઘડી લગી અને પુરૂષસેવિત શયનાદિક ઉપર બ્રહ્મવ્રતધારી સ્ત્રીએ ત્રણ પહોર લગી બેસવું નહિ,

હેતુ–જેમ કોહળા સંબંધી ગંધસંયોગથી કણક ( ઘઉંના લોટ ) ની વાક વિણશી જાય છે. તેમ અબળાદિકનું આસન આપમતિથી સેવતાં બ્રહ્મવ્રતધારી પુરૂષાદિક પોતાનું શીલવ્રત ગુમાવી બેસે છે. એથીજ જ્ઞાની પુરૂષોએ, આ ત્રીજી વાડ પાળવા ફરમાવેલ છે.

## " વાડ ચોથી. "

૪. બ્રહ્મવ્રતધારી જનોએ સરાગ દૃષ્ટિથી સ્ત્રી આદિકનાં અંગોપાંગાદિ નિરખીને જોવાં નહિં. કદાચ તેના ઉપર દૃષ્ટિપાત થયો હોય તો તત્કાળ દૃષ્ટિને ત્યાંથી પાછી ખેંચી લેવી, પણ ત્યાં થોડો વખત કે વધારે વખત ચોટાડી રાખવી નહિ.

હેતુ—જો નયન વિકાશીને સ્ત્રી આદિકનાં અંગોપાંગાદિક નિરખવામાં આવે છે તો તેમાં રઢ લાગે છે અને એથી કામવિકાર જાગે છે, આ રીતે વર્તતાં જીવ તેનો ભોગ–ઉપભોગ કરવા લલચાય છે અને એથી બ્રહ્મવ્રતનો ભંગ થાય છે. જેમ સૂર્ય સામે વધારે વખત નજરને ઠેરવી રાખતાં પોતાને હાનિ થાય છે–નયનનું તેજ ઘટે છે, એમ જાણી નજરને પાછી ખેંચી લે છે; તેમ સ્ત્રી આદિકનાં અવયવોને પણ સરાગ દૃષ્ટિથી નિરખતાં પોતાનું બ્રહ્મતેજ હીણું થાય છે. એમ સમજી ચિન્તામણિ રત્ન જેવા અમૂલ્ય બ્રહ્મવ્રતની રક્ષા નિમિત્તે સામાના લલચાવનારા હાવભાવ

જોઇ તેમાં લલચાઇ જવું નહિ. નહિં તો તંદુલીયા મચ્છની પેરે પરિણામે મહા અનર્થ ઉપજે છે. વિષયસુખ સેવ્યા વગર પણ તેની પેઠે માઠા અધ્યવસાયવડે જીવ નરકાદિક દુર્ગતિને પામે છે.

" વાટ પાંચમી. "

૫. જ્યાં ભીંત કે પડદાદિકને ઓથે સ્ત્રી પુરૂષ કામક્રીડા કરતા હોય ત્યાં બ્રહ્મવ્રતધારી સુજ્ઞ ભાઇ બ્હેનોએ વસવું, ઉભા રહેવું કે બેસવું નહિ.

હેતુ—તેવે સ્થળે રહેતાં સ્ત્રી આદિકનો કરૂણાજનક સ્વર, રૂદનાદિક, તેમજ કંકણાદિકનો અવાજ સાંભળવામાં આવે છે અને તેથી કામ જાગે છે. જેમ અગ્નિ પાસે લાખ અને મીણ એક ભાજનમાં ભરી રાખ્યાં હોય તો તે તરતજ ઓગળી જાય છે, તેમ તેવે સ્થળે રહેતાં સ્ત્રી આદિકના હાવભાવ દેખતાં તેમજ હાંસી અને રૂદનાદિકના સ્વર સાંભળતાં કામવિકાર મનમાં જાગે છે, જેથી શીલવ્રતની હાનિ થવા પામે છે. એ હેતુથી ઉક્ત વાડ ખાસ ઉપયોગી છે.

" વાડ છઠ્ઠી "

૬. પૂર્વે અજ્ઞાનપણે સેવેલી વિષયક્રીડા બ્રહ્મવ્રતધારીએ સંભાળવી નહિ.

હેતુ—પ્રથમ અવ્રતીપણે જે કંઇ કામક્રીડા કરી હોય તેને સંભારતાં ફરી વિષયવાસના જાગવાનો ભય રહે છે. જેમ રાખમાં ભરેલા અગ્નિ ઉપર ઘાસનો પૂળો મૂકતાં તેમાંથી જ્વાળા નીકળે છે, તેમજ વળી જેમ પ્રથમ કરડેલા વિષધરનું વિષ છેક વરસ દહાડે સંભારતાં શંકાથી ફરીને સંક્રમે છે, તેમ પ્રથમ વિલસેલાં વિષય સુખને સંભાળવાથી શીલવંતને વ્યાકુળતાથી શીલની વિરાધના થાય છે અને પછી ઘણોજ ઓરતો થાય છે. એથીજ ઉપકારી મહાત્માઓએ આ છઠ્ઠી વાડ સાચવવા ખાસ ભલામણ કરી છે.

"વાડ સાતમી"

૭. બ્રહ્મવ્રતધારીએ સ્નિગ્ધ–રસકસવાળો–માદક આહાર કરવો નહિ.

હેતુ–સરસ ( રસકસ ભર્યો ) આહાર તથા પ્રકારના મજબૂત કારણ વગર આરોગતાં ઇંદ્રિયો માતી થાય છે. જેમ સન્નિપાતમાં દૂધ. ઘી વિગેરે સ્નિગ્ધ પદાર્થો વાપરવાથી વ્યાધિ અધિક ઉછાળા મારે છે તેમ પાંચે ઇંદ્રિયોને સરસ આહારથી પોષતાં વ્રતની વિરાધના થવા પામે છે. એવો આ સાતમી વાડનો હેતુ સમજી જેમ બને તેમ સાદા ખોરાકથીજ નિર્વાહ કરવો.

"વાડ આઠમી."

૮. ક્ષુધા શાન્ત થાય એથી અધિક આહાર ( લુખ્ખો હોય તો પણ, બ્રહ્મવ્રત ધારીએ લેવો નહિ.

હેતુ–અતિમાત્રાએ એટલે જરૂર કરતાં વધારે આહાર આરોગવાથી બહુજ ઉંઘ આવે છે, આળસ વધે છે અને શરીર ભારે થઇ જાય છે; જેથી સંયમધર્મની આરાધના થઇ શક્તિ નથી; એટલુંજ નહિ પણ સ્વપ્નમાં શીલની વિરાધના પણ થઇ જાય છે, તેથી સંયમની યા શીલની રક્ષા કરવા ઇચ્છતા ભાઇ બ્હેનોએ આ વાડ પાળવાની બહુ જરૂર છે જેમ એક શેરના ભાજનમાં દોઢ શેર ખીચડી ઓરીને ઉપર ઢાંકણું દેવામાં આવે તો એ ભાજન ભાંગે ( તુટે–ફુટે ) અને અંદરની ખીચડી પણ વેરાઇ જાય. એ રીતે અતિમાત્રાએ એટલે પ્રમાણ ઉપરાંત જમવાથી વ્રતમાં ઘણો બિગાડ થાય છે, એથીજ નિર્વાહ પૂરતું પરિમિત ભોજન કરવું કહ્યું છે.

"વાડ નવમી."

૯. બ્રહ્મવ્રતધારીએ શરીરની વિભૂષા ( શૃંગારવડે શોભા કરવી નહિં.

હેતુ—સ્નાન, વિલેપન, સુગંધ, વાસ–ચૂર્ણ, ઘણાંજ ઉત્તમ ( ભારે કિંમતી) વસ્ત્ર, તેલ, તંબોળ તથા ઉદ્ભટ–અણછાજતો વેષ એ સર્વ કામોદ્દીપક પદાર્થો સેવવાથો પોતાનાં અમૂલ્ય શીલ રત્નનો ઘાત થાય છે, જેમ કોઈ અણજાણ માણસ પોતાની બેદરકારીથી, પ્રાપ્ત થયેલા ચિન્તામણિ રત્નને ખોઇ બેસે છે તેમ પવિત્ર શીલ રત્નની રક્ષા કરવા જ્ઞાની પુરૂષોએ કહેલી હિતશિક્ષાને અવગણી સ્વચ્છંદપણે ચાલતાં એ અમૂલ્ય રત્નનો વિનાશ થઇ જાય છે. તેથી બ્રહ્મવ્રતધારીને એકાન્ત હિતકારી ઉક્ત વાડની રક્ષા કરવા પૂરતું લક્ષ રાખવાની જરૂર છે, તે સાથે નીચેની હકીકત પણ ધ્યાનમાં રાખી લેવી જોઇએ.

૧. બ્રહ્મવ્રતધારી ભાઇ બ્હેને એકલી નારી કે એકલા પુરૂષ સાથે માર્ગે જતાં વાર્તાલાપ કરવાનો પ્રસંગ છેડવો નહિ.

૨. એકજ પથારીએ શીળવંત બે પુરૂષોએ પણ સાથે સુઇ રહેવું નહિ; તેમજ ગાળભેળદેવાની આદત પણ રાખવી નહિ.

૩. શીલવંતી સ્ત્રીએ સાત વર્ષ ઉપરાંતના પુત્રને સાથે ( એક પથારીમ ) સુવાડવો નહિ.

૪. શીલવંત પુરૂષે સાડા છ વર્ષની પુત્રીને પણ પોતાની પથારીમાં સાથે સુવાડવી નહિ. તો પછી વધારે વયવાળાં બાળબકોને સાથે સુવાડવાનું તો કહેવુંજ શું !

૫. સ્ત્રી સંગે વિષયભોગ કરતાં ઉત્કૃષ્ટ નવ લાખ ગર્ભજ પંચેંદ્રિય જીવોના ગર્ભમાંજ ઘાત થાય છે; એ ઉપરાંત અસંખ્યાતા સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્યનો પણ ઘાત થાય છે. એમ સમજી શીલવંત ભાઈ બ્હેનોએ સાવધાનતાથી સ્વશીલરત્નનું રક્ષણ કરવું. તેમજ બીજા પણ ધર્મના અર્થી ભાઈ બ્હેનોએ અબ્રહ્મ–મૈથુન સેવનમાં જતાં મનને જ્ઞાન અંકુશથી અટકાવવું ઉચિત છે. ઉપલી હકીકતથી અબ્રહ્મ

સેવામાં મોકળી વૃત્તિવાળા કેટલા બધા દોષના ભાગી થાય છે તે સ્પષ્ટ સમજાય તેવું છે. સર્વ વાતનું રહસ્ય એ છે કે ચિંતામણિ રત્ન જેવું બ્રહ્મવ્રત સાચવવા સર્વ રીતે પ્રયત્ન કરવો.

શુદ્ધ સ્ફટિક રત્ન સમાન નિજ આત્મ સ્વરૂપને સાક્ષાત્-કાર કરવા પોતાનાં મન વચન કાયાને પવિત્રપણે પ્રવર્તાવવાં, મનમાં કોઈ પણ દુર્વિચાર પ્રવેશવા ન પામે, કોઇ પણ વિકારવાળું વચન ન વદાય અને કાયાથી કોઇ પણ પ્રકારની કુચેષ્ટા થવા ન પામે એ પ્રકારે જાગૃતી રખાય અર્થાત્ જેમ બને તેમ શુદ્ધ-સાત્વિક વિચારોનું જ સદંતર સેવન કરાય, તેવાજ અવિકારી અમૃત જેવાં શીતળ સુખદાયી વચનો વદાય અને અવિકારી જ ક્રિયા કરાય એવી પરિણતિ ધારી શ્રી વીતરાગ પરમાત્માએ બતાવેલા વિહિત માર્ગેજ ચલાય, નવવિધ વાડોની રક્ષા કરાય, અને સકળ કષાય મળને ખાળવા સમર્થ શાન્ત રસનો આસ્વાદ કરાય; જેટલે જેટલે અંશે કુત્સિત રાગદ્વેષ અને મોહાદિક વિકારો ઉપશાન્ત થવા પામે અને સમતા રસની અભિવૃદ્ધિ થવા પામે એટલે એટલે અંશે આત્મા બ્રહ્મચર્યનું ફળ આસ્વાદી શકતો લેખાય. જે ભવ્યાત્મા આવી સમજ રાખી ઉક્ત બ્રહ્મચર્ય સેવવા પ્રયત્નવાન્ થાય, તે પોતાના પુરૂષાર્થના પ્રમાણમાં તેમાં સફળતા મેળવવા ભાગ્યવાન્ બને; એ સ્પષ્ટ સમજી શકાય એવું છે.

---

## પતિવ્રતા નારીએ સ્વશીલ રક્ષાર્થે પતિના વિરહે પાળવા યોગ્ય નીયમો.

૧ પોતાના પ્રાણપ્રિય પતિનો મેળાપ થાય ત્યાં સુધી ભૂમિ શયન કરવું પણ પલંગ- માંચા કે ઢોલીયા ઉપર સૂઇ

રહેવું નહિ, હિંડોળાખાટ ઉપર પણ બેસવું કે શયનાદિ કરવું નહિ.

૨ ખાસ તથાપ્રકારના કારણ વગર સર્વાંગે સ્નાન, વિલેપન કે મર્દનાદિ કરવા-કરાવવા નહિ.

૩ હર્ષ-આનંદનાં ચિન્હ રૂપ લેખાતાં લાલ વસ્ત્ર પહેરવાં નહિ.

૪. પુષ્પ-માલ્યાદિવડે શરીર શુશ્રુષા કરવી-કરાવવી નહિ.

૫. શૃંગારના અંગ રૂપ લેખાતા હોઠ તંબોલ વડે લાલ કરવા નહિ.

૬ લવંગ, એલચી અને જાયફળ પ્રમુખ કામોદ્દીપક પદાર્થ ખાવા નહિ.

૭ શરીર શોભાવવા માટે જ શરીરનો મેલ ઉતારવો નહિ.

૮ સર્વ જાતનાં લીલાં શાક તૈયાર કરી-કરાવી ખાવાં નહિ.

૯ દહીં, દૂધ, પકવાન્ન ગોળ, ખાંડ, સાકર, અને દૂધપાક વિગેરે મદ ઉપજાવે એવા સર્વ સરસ આહાર કરવા નહિ.

૧૦ તથા પ્રકારના રસ કસ વગરનો નીરસ આહાર કરવો.

૧૧ સદાય એક જ વખત શરીરને ભાડું દેવા માટે જ ખાવું.

૧૨ ખાસ જરૂરી કામ વગર ઘરની બહાર નીકળવું નહિ.

૧૩ બારી બારણા કે ગોખમાં બેસી લોકચેષ્ટા જોવી નહિ.

૧૪ લોકોનાં વિવાહાદિ કાર્યો પણ નીરખી જોવાં નહિ.

૧૫ સખીઓની સંઘાતે પણ ઠઠ્ઠા મશ્કરી, પુરૂષ સ્ત્રીનાં શણગાર, હાસ્ય વિલાસ અને વસ્ત્રાદિ સંબંધી વિકથા કરવી નહિ.

૧૬ વૈરાગ્ય, શમતા-શાન્તિ ઉપજાવે એવી ધર્મકથા જ ભણવી-ગણવી.

૧૭ નોકર-ચાકર સાથે પણ આલાપ સંલાપાદિ ન કરવા તો પછી અન્ય જનોની સંગાતે કરવાનું તો કહેવું જ શું? અર્થાત્ ન જ કરવા.

૧૮ ચિત્રમાં આળેખેલા પણ પર પુરૂષ જોવા નહિ તો પછી સાક્ષાત્ પર પુરૂષોનું તો કહેવું જ શું !

એ રીતે પોતાના પવિત્ર શીલની રક્ષા માટે પતિવ્રતા નારીએ પતિના વિયોગે ઉક્ત નિયમો પાળવા લક્ષ રાખવું ઉચિત છે.

---

## સ્ત્રીઓનાં શીલ રક્ષણનાં સાધન.

' શીલજ ખરો શણગાર છે. શીલજ ખરો પ્રાણ છે અને શીલજ ખરો આધાર છે એમજ સમજનારી કુલીન સ્ત્રીઓ સ્વશીલની રક્ષા કેમ ન કરે ?

" લજ્જા દયા દમો ધૈર્ય, પુરૂષાલાપ-વર્જનમ;
એકાકિત્વ-પરિત્યાગો, નારીણાં શીલરક્ષણમ "

૧ લાજ-મર્યાદા સાચવવી ( મલાજો રાખવો ), ૨ દયાર્દ્ર દીલ રાખવું, ૩ ઇંદ્રિયોનું દમન કરવું ૪ દ્રઢમન રાખવું-એક ટેકી રહેવું :૫ પર પુરૂષ સંગાથે આલાપ સંલાપ ન કરવો અને ૬ એકાકી કયાંય ન જવું-એકાન્ત ન સેવવી એટલાં વાનાં સાચવવાથી સ્ત્રીઓમાં શીલની રક્ષા થવી સુલભ થાય છે એ વગર તેમના શીલની રક્ષા થવી કઠણ છે.

૨ લાજ કાઢવાનો યા પોતાનું મુખ કોઇ બીજાને નહિં બતાવવાનો કુલીન સ્ત્રીઓનો ગર્ભિત આશય સ્વશીલ રક્ષાનો હોવો જોઇએ પણ ઝીણા વસ્ત્રથી મુખ ઢાંકી અંદરથી અથવા છુપી રીતે અન્યને જોવાની ઈચ્છા રાખનારને તો એ ઢોંગ રૂપ લાગે છે. કુલીન સ્ત્રીઓ તો સ્વપતિ શિવાય કોઇ પુરૂષને સરાગ દ્દષ્ટિથી જોવાને ઇચ્છે પણ નહિ તો પછી તેને તાકી તાકીને તો જુએ જ કેમ ?

૨ જેનું અંતઃકરણ કોમળ-દયાર્દ્ર હોય તે કુલીન સ્ત્રી તો સહુને આત્મ સમાન લેખે છે, તે કદાપિ તુચ્છ વિષય સુખની

ખાતર પોતાના પ્રાણપ્રિય પતિને છેતરી પરપુરૂષગમન કરેજ કેમ ?

૩ નવવિધ બ્રહ્મચર્યની વાડો સાચવવાના પવિત્ર હેતુથી જે કુલીન સ્ત્રીઓ નિજ ઇન્દ્રિય દમન કરે છે તેને પર પુરૂષ ભોગવવાની ઇચ્છા-વાંચ્છના પણ થાય જ કેમ ?

૪ રાજીમતી, નાગિલા અને પૂર્વ પતિવ્રતા સતી સ્ત્રીઓની પેરે જ્યારે ખરી કસોટીનો વખત આવે છે ત્યારે તેઓ અડગ ધૈર્ય ધારીને હરેક રીતે યુક્તિ-પ્રયુક્તિ વાપરી પોતાના પવિત્ર શીલની રક્ષા કરે છે.

૫ પર પુરૂષ સાથે વાત કરતાં વિકાર જાગે એવા હેતુથી તેમની સન્મુખ નિરખીને કુલીન સ્ત્રીઓ આલાપ સંલાપ પણ કરતી નથી.

૬ એકાન્ત બુરી છે એમ સમજીને કુલીન સ્ત્રીઓ પોતાનાં સંબંધી જનો સંગાતે પણ મર્યાદા સાચવી વર્તે છે તો પછી અન્યજનો સંબંધી તો કહેવું જ શું ?

---

## શીલગુણ ધારવા અને પરસ્ત્રી પુરૂષનો સંગ નિવારવા સહુને હિતોપદેશ.

આઠ પ્રકારનું મૈથુન, જે આગળ વર્ણવવામાં આવ્યું છે તેનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય કહેવાય છે, તે આઠ પ્રકારનું મૈથુન નીચે મુજબ—

૧ શ્રવણ-સ્ત્રી સંબંધી રૂપ સૌંદર્યાદિક ગુણોનું કે કામોન્માદ ઉપજાવે એવી સ્ત્રી-કથા ( હાવભાવ વિલાસાદિ સ્ત્રી ) ચેષ્ટાઓનું શ્રવણ કરવું.

૨ સ્મરણ-અનુભવેલા ( ભોગવેલા ) ભોગ-વિષય-આસન પ્રમુખ યાદ કરવા.

૩ કીર્તન-પ્રીતિ-રસપૂર્વક તે તે વિષય ભોગ સંબંધી કથન કરવું.

૪ ચિન્તવન-ઇષ્ટ વિષય ભોગ સંબંધી ગમે તે પ્રસંગે ચિન્તવન કરવું.

૫ એકાન્ત વાત-ઇષ્ટ સ્ત્રી સંગાતે એકાન્તે ( ગુપ્ત સ્થળે ) વાતચિત કરવી.

૬ દ્રઢ સંકલ્પ-તે ઇષ્ટ સ્ત્રી સાથે ભોગ વિલાસ કરવા દ્રઢ નિશ્ચય કરવો.

૭ પ્રયત્ન-ગમે તે રીતે તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન સેવવો-પ્રપંચ કરવો.

૮ તત્ પ્રાપ્તિ-તેની સંગાતે શરીર યોગે સંભોગ કરવો.

એ આઠ પ્રકારે મૈથુન સેવન કર્યું કહેવાય છે અને તે પ્રસંગે થયેલા કે થતા રાગાદિ સંકલ્પ ( પરિણામ ) પ્રમાણે જીવ દોષિત થાય છે. આ વાત પુરૂષની પેઠે સ્ત્રીઓને પણ એક સરખી લાગુ પડે છે, પરસ્ત્રી ગમન કરનારની તો રાવણની પેરે પાયમાલી અને અંતે દુર્ગતિ થાય છે, તથા વિષયાન્ધ-કામી સ્ત્રી પુરૂષોની કેવી દુર્દશા અહીંજ થવા પામે છે તે તેમની થતી દશ દશાની વાત અત્ર સંક્ષેપથી વર્ણવવામાં આવે છે.—

૧ ચિન્તા-પ્રથમ ઇષ્ટ સંગાતે વિષય ભોગ સંબંધી ચિન્તા ઉપજે છે.

૨ દર્શન ઇચ્છા-તે ઇષ્ટને નજરે જોવાની-મળવાની ઇચ્છા થાય છે,

૩ દીર્ઘનિશ્વાસ-વિરહાગ્નિ સહન થઇ નહિ શકવાથી લાંબા નીસાસા મૂકે છે.

૪ કામજવર-વિષય ચિન્તાવડે આખું અંગ તપી જાય છે.

૫ શરીરદાહ-આખું શરીર બળું બળું થઇ રહે છે.

૬ અન્નઅરૂચિ-ખાવું પીવું કશું ભાવતું નથી.

૭ શરીરકંપ-ટાઢીયા તાવની જેમ શરીરમાં કંપારી આવવા માંડે છે.

૮ ઉન્માદ-દારૂ પીધેલાની જેવી તેની બેભાન સ્થિતિ થઇ જાય છે.

૯ પ્રાણસંદેહ-પ્રાણ ( જીવિત ) ટકશે કે નહિ એવી મૂર્છા આવી જાય છે.

૧૦ પ્રાણત્યાગ-કામાગ્નિ વડે દગ્ધ છતો પ્રાય-જીવિત તજી દે છે. કામાન્ધ સ્ત્રી પુરૂષોની આવી દુર્દશા થતી જાણી, જીવિત સુખના આર્થી જનોએ જરૂર સંતોષવૃત્તિ ધારવી ઉચિત છે.

---

## ચતુર્થ પાપસ્થાનક મૈથુન ( અબ્રહ્મ ) નિવારણ ઉપદેશ

# ચતુર્થ અબ્રહ્મ પાપસ્થાનક સજઝાય

તુમે બહુ મૈત્રીરે સાહિબા—એ દેશી,

પાપસ્થાનક ચોથું વર્જિએ, દુર્ગતિ મૂલ અબંભ;
જગ સવિ મૂંઝયો છે એહમાં, છાંડે તેહ અચંભ. પાપ—
એ આંકણી. ૧.

રૂડું લાગેરે એ ધુરે, પરિણામે અતિ ક્રૂર;
ફલ કિંપાકને સારિખા, વરજે સજ્જન દૂર. પાપ. ૨.

અંધર વિદ્રુમ સ્મિત ફુલડાં, કુચફલ કઠીન વિશાલ;
રામા દેખી ન રાચિયે, એ વિષવેલી રસાલ. પાપ. ૩.

પ્રબલ જવલિત અયઃ પૂતલી, આલિંગન ભલું તંત;
નરક દુવાર નિતંબિની, જઘન સેવન એ દુરંત. પાપ. ૪.

દાવાનળ ગુણવન તણો, કુલમશીકુર્ચક એહ;
રાજધાની મોહ રાયની, પાતક કાનન મેહ પાપ. ૫.

પ્રભુતાએ હરિ સારિખો, રૂપે મયણ અવતાર;
સીતાયે રે રાવણ યથા, છંડો તુમે નરનાર. પાપ. ૬.
દશ શિશ રજ માંહે રોલિયા, રાવણ વિવશ અબંભ;
રામે ન્યાયેરે આપણો, રોપ્યો જગ જય થંભ. પાપ. ૭.
પાપ બંધાએરે અતિ ઘણાં, સુકૃત સકલ ક્ષય જાય;
અ બ્રહ્મચારીનું ચિંતવ્યું, કહિય સફલ નવિ થાય. પાપ. ૮
મંત્ર ફલે જગ જસ વધે, દેવ કરે સાન્નિધ;
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવ નિદ્ધ. પાપ. ૯.
શેઠ સુદર્શનને ટળી, શૂળી સિંહાસન હોય;
ગુણ ગાયે ગગનેરે દેવતા, મહિમા શીલનું જોય. પાપ. ૧૦
મૂલ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન;
શીલ સલિલ ધરે જિકે,તસ હુયે સુજસ વખાણ. પાપ. ૧૧.

હે ભવ્ય જનો ! દુર્ગતિના નિદાનરૂપ અબ્રહ્મ સેવન તમે તજી દ્યો; બધા જગજંતુઓ એમાંજ મુંઝાયેલાં છે-વિષય રાગથી અંધ બનેલા છે. એ અનાદિ વિષય રાગ તજવો દુષ્કર છે. તે તજે તેને જ ધન્યવાદ ઘટે છે. ૧

એ વિષય સુખ ભોગવતાં તો સારૂં લાગે છે, પરંતુ કિંપાકના ફળની પેરે પરિણામે અતિ ઘોર દુઃખને દેવાવાળું છે, એમ સમજીનેજ શાણા સજજનો તેનો પરિહાર કરે છે; મનથી પણ તેવા ક્ષણિક સુખની ઇચ્છા કરતા નથી. ક્ષણ માત્ર સુખ બુદ્ધિ બતાવી પરિણામે બહુ પરિતાપ ઉપજાવનારાં અને જોત જોતામાં છેહ દઇ જનારાં વિષયસુખમાં દિર્ઘદર્શી જ્ઞાનીપુરૂષો મુંઝાઇ જતા નથી પણ તેઓ તેથી ન્યારાજ રહે છે. ૨

જૂઓ ! સ્ત્રી એ એક ફૂજતી વિખવેલી છે. તેના પરવાળા જેવા રાતા હોઠ વિખવેલીનાં નવાં કુંપલીયાં જેવા છે. તેનું મંદમંદ રાગવાળું હાસ્ય વિખવેલીનાં ફુલ જેવું છે અને તેણીનાં કઠણ અને વિશાળ સ્તન વિખવેલીનાં સાક્ષાત્ ફળ જેવાં છે. એવી સમજ દીલમાં રાખી સુંદર સ્ત્રીઓને તેમજ તેમના લલિત–હાવભાવ નિરખીને મનમાં લગારે રાચવું કે ફુલાઈ જવું નહિ; પરંતુ જેમ શાણા માણસો વિષવૃક્ષથી–તેની છાયા, પત્ર, પુષ્પ અને ફળ વિગેરેથી સદાય સાવચેત રહે છે તેમ તેવા પ્રસંગે જરૂર સાવચેત રહેવું. તેમાં બનતાં સુધી લગારે ગફલત કરવી નહિ.૩

અત્યંત ધગધગતા અગ્નિવડે તપાવીને લાલચોળ કરેલી લોઢાની પૂતળીને અંગોઅંગે ભેટી પડવું સારૂં, પરંતુ નરકના અઘોર દુઃખ પામવામાં પ્રબળ નિમિત્તરૂપ થતી નારી સાથે વિષયાંધ બની રમવું એ બુરૂં છે. કેમકે અગ્નિમય પૂતળીને આલિંગન કરવાથી એકજ વાર તત્કાળ મૃત્યુ થાય છે અને વિષય ક્રીડામાં રચી પચી રહેનારી અને બીજાને ફસાવવા અનેક પ્રકારના હાવભાવ બતાવનારી સ્ત્રીસાથે મર્યાદા મૂકીને પશુવત્ રમણ કરવાથી તો પરિણામે અનેકવાર નરકાદિકનાં અઘોર દુઃખ સહવાં પડે છે. ૪

વળી વિષય રસથી અંધ બનેલી સ્ત્રીઓ સદ્ગુણ રૂપી બગીચાને દગ્ધ કરી નાંખવા દાવાનળ–અગ્નિ સમાન છે પોતાના પવિત્ર કુળની કીર્તિને તે કલંકિત કરી નાંખે છે, મોહ માયાનો વિસ્તાર કરી અનેક અબુઝ જીવોને લલચાવી પોતાને વશ વર્તાવે છે અને પોતાના તથા પરના અનેક આત્માઓને પાપથી મલીન કરે છે, તેથી તે દૂરથીજ પરિહરવા યોગ્ય છે. ગ્રંથકારના કહેવા મુજબ કુશીલ સ્ત્રીઓ પોતાના કુળની કીર્તિને કાળી કરવા મશીના કૂચા જેવું વર્તન કરે છે. મોહ રાજાના નિવાસ માટે પા-

ચતખ્ત નગર ( રાજધાની ) સમાન છે અને પાપરૂપી વનને નવ-પલ્લવ કરવા મેઘ વૃષ્ટિ સમાન છે. એમ સમજી શાણા માણસોએ તેમનાથી સદાય ચેતતાં રહેવું યુક્ત છે. કુશીલ સ્ત્રીની સંગતિથી કુશીલને પુષ્ટિ મળે છે. ૫

કુશીલ જનની સોબત તજવી યુક્ત છે. કેમકે તેમ કરવાથી સ્વશીલની રક્ષા થાય છે. માટે ગમે તેવા વિષય સંયોગમાં પણ ગમે તેવા ઐશ્વર્યવાળા અને રૂપ સંપત્તિવાળા પર સ્ત્રી પુરૂષોની સાથે વિષય સુખ વિલસવા ઇચ્છા સરખી પણ કરવી નહિં. જુઓ! વાસુદેવ જેવી સાહેબીવાળા અને કામદેવના અવતાર જેવા રાવણનો પણ સીતાદેવીએ લગારે આદર ન કર્યો, પરંતુ તેને ઉલટો નિભ્રંછી નાખ્યો; તેમ પોતાના પવિત્ર શીલની સદાય રક્ષા ઇચ્છતા ભાઇ બ્હેનોએ પર સ્ત્રી અને પર પુરૂષનો કૂડો પરિચય તજવો જ ઘટે છે. ૬

સતી શિરોમણિ સીતા દેવીની આટલી બધી પવિત્રતા છતાં રાવણે કુબુદ્ધિથી તેણીની સાથે વિષય સુખ વિલસવા હઠ આદર્યો, તો પરિણામે રાવણની પોતાની તથા તેના રાજ્યની વળધાણી થઇ અને ન્યાય નીતિમાં અગ્રેસર એવા રામચંદ્રજીનો સર્વત્ર જશવાદ પસર્યો. અદ્યાપિ પર્યંત તે દૃષ્ટાંતરૂપ ગણાય છે. ૭

જે અજ્ઞાની જનો કુળમર્યાદાને પણ લોપી અત્યાચાર કરે છે, એટલે અસંતોષવૃત્તિથી પરસ્ત્રી કે પર પુરૂષનું પરાણે સેવન કરે છે, તેમનો આત્મા પાપ-મળથી અત્યંત મલીન થાય છે, તેમનાં સઘળા સુકૃત-પુન્ય કાર્યો લોપાઇ જાય છે અને તેવાં અનાર્ય કાર્ય કરનાર સ્ત્રી પુરૂષોનું મન-ચિંતવ્યું કદાપિ પણ સફળ થઇ શકતું નથી. પરંતુ તેમના પ્રબળ પાપના યોગે વિપરીત પરિણામજ આવતું દેખાય છે. એમ સમજી અત્યાચાર તેમજ અનાચાર તજી જેમ સ્વપરના શીલની રક્ષા થાય તેમ સંતોષવૃત્તિ

ધારવી એજ હિતકર છે. અસંતોષવૃત્તિથી ઉલટું અહિત અને અસુખજ થાય છે. તેથી વિચારશીલ ભાઈ બ્હેનોએ જરૂર સંતોષવૃત્તિનું સેવન કરી પવિત્ર ન્યાય નીતિનુંજ અવલંબન લેવું ઘટે છે. ૮

જે શાણા ભાઇ બ્હેનો અન્યાયાચરણનો ત્યાગ કરી સંતોષ વૃત્તિને ધારી પાવત્ર શીલનું સંરક્ષણ કરે છે તેમને અનેક પ્રકારના લાભ સંપજે છે. જેમકે તેમને મંત્ર તત્કાળ સિદ્ધ થાય છે, જગત્માં જશવાદ વિસ્તરે છે, દેવતાઓ સહાયભૂત થાય છે અને જે જોઈએ તે સહેજે આવી મળે છે. એ સઘળો પ્રભાવ પવિત્ર શીલવ્રતનોજ સમજવો. ૯

જુઓ ! સુદર્શન શેઠને પવિત્ર શીલવ્રતના પ્રભાવથી શૂલિ ભાંગીને સિંહાસન થયું. જે રાજાએ શુલિની સજા કરી હતી તેણે જ આવી તે પવિત્ર શીલવ્રતને પાળનાર સુદર્શન શેઠનો ભારે સત્કાર કર્યો અને તેને હાથીના હોદ્દા ઉપર બેસાડી બડા આડંબર સાથે નગર પ્રવેશ કરાવ્યો. તેના પવિત્ર શીલના પ્રભાવથી આકાશમાં દેવતાઓ પણ તેના ગુણ ગાન કરવા લાગ્યા. એવો અદ્ભુત મહિમા શીલ રત્નનો સમજી સહુ શાણા ભાઇ બ્હેનોએ સર્વથા સુશીલ થાવું એટલે મનથી પણ કુશીલતા કરવી નહિ. ૧૦

સુશીલપણું એ ચારિત્ર—સદ્વર્તનવંતને ખાસ જરૂરનું છે. તે સુશ્રદ્ધાને મજબૂત કરનાર છે. યાવત્ અનેક સદ્ગુણોને મેળવી આપનાર છે; એમ સમજી જે ભવ્યજનો પવિત્ર શિલરત્નને સારી રીતે સાચવશે તેઓ ઉત્તમ યશ કીર્તિ સહિત અક્ષય સુખ સંપદા પામશે.

———

## ॥ અથ શ્રી ઉદયરત્નજી કૃત નવ વાડની સજ્ઝાયો ॥

## ॥ ઢાલ ૧ લી ॥

॥ દુહો શ્રીગુરૂને ચરણે નમી, સમરી[1] સારદ માય; નવ વિધ શીલની વાડનો, ઉત્તમ કહું ઉપાય ॥ ૧ ॥ પહિલીને પાસો હોજી, એ દેશી ॥ ૨ ॥ પહેલીને વાડ હો જી વીર જિનવરે કહી, સેવો હો સેવો વસતિ વિચારીને જી; સ્ત્રી પશુ પંડગ[2] હો જી વાસે વસે જીહાં, તિહાં ન રહેવું શીલવ્રતધારીને જી ॥ ૨ ॥ જીમ તરૂ ડાળે હોજી વસતો વાનરો, મનમાં બીહે રખે ભુંડ પડું જી; માંજાર દેખી હો જી પંજર માંહેથી, પોપટ ચિંતે રખે ટોડ[3] ચંડુ જી ॥ ૩ ॥ જિમ સિંહલંકી હોજી સુંદરી શિર ધરી, જલનું બેડું જુગતિસ્યું જાલવે જી; તિમ મુનિ મનને હો જી રાખે ગોપવી, નારીને નિરખી ચિત્ત નવિ ચાળવે જી ॥ ૪ ॥ જીહાં હોવે વાસો હો જી સહેજે માંજરનો, જોખમ લાગે તિહાં મુષકની જાતિને જી, તિમ બ્રહ્મચારી હોજી; નારીની સંગતે, હારે હો હારે શીયલ સુધાંતને જી ॥ ॥ ૫ ॥ કળશ ॥ વાડ વિઘટે વિષય પ્રગટે, શંકા કંખા નીપજે; તીવ્ર કામે ધાતુ બીગડે, રોગ બહુવિધ ઉપજે, મનમાંહિ વિષય વ્યાપે, મન વિષયશું રહે મીલી ઉદય રત્ન કહે તે કારણે, નવ વાડ રાખો નિરમળી ॥ ૧ ॥

## ॥ ઢાળ ૨ ॥ વૈદરભ દેશ કુંડનપુર નગરી સુરપતિ એ દેશી ॥

સુરપતિ સેવિત ત્રિભુવન ધણી, અજ્ઞાન તિમિરહર દિનમણી; શીલ રત્ન [4]યતનાને તંતે, ભાષી વાડ બીજી ભગવંતે ॥ ૧ ॥ ભગવંત ભાષી સંઘ સાખી, શીયલ સુરતરૂ રાખવા; મુકિત મહાફળ હેતુ અદ્ભુત, ચારિત્રનો રસ ચાખવા ॥ ૨ ॥ મીઠે વચને

---

૧ સરસ્વતી માતા–વિદ્યા દેવી ૨ નપુંસક. ૩ ઝપાટે ૪ સાચવવા માટે.

[1]માનિનીસ્યું, કથા ન કરે કામની; વાડ વિધસ્યું જેહ પાળે, બ-લિહારી તસ નામની ॥ ૩ ॥ વાત[2] વ્રતને ઘાતકારી, પવન જીમ તરૂપાતને; વાત કરતાં વિષય જાગે, તે માટે તજો તમે વાતને ॥૪॥ લીંબુ દેખી દૂરથી જીમ, ખટાશે ડાઢો ગળે; ગગન ગરજારવ સુ-ણીને, હડકવા જીમ ઉછળે ॥ ૫ ॥ તિમ બ્રહ્મચારીનાં ચિત્ત વિણ-સે, વયણ સુંદરીનાં સુણી; કથા તજો તિણ કારણે, ઇમ પ્રકાશે ત્રિભુવન ધણી. ॥ ૬ ॥

## ॥ ઢાલ ૩ ॥ ત્રટ યમુનાનોરે અતિ રળીયામણો રે એ દેશી ॥

ત્રીજીને વાડે રે ત્રિભુવન રાજિઓરે, ઇણી પરે દીયે ઉપદેશ; આસન છંડોરે સાધુજી નારીનો રે, મુહુરત લગે સુવિશેષ. ॥ ૧ ॥ હું બલિહારી રે જાઉં તેહને રે, ધન્ય ધન્ય તેહની હો માત; શીયલ સુરંગીરે રંગાણી રાગસ્યુંરે, જેહની સાતે હો ધાત ॥ હું૦ ॥ ૨ ॥ શયનાસને રે પાટ ને પાટલે રે, જિહાં જિહાં બેસે હો નાર;[3] બે ઘડી લગેરે તિહાં બેસે નહીં રે, શીલવ્રત રાખણહાર ॥ હું૦ ૩ ॥ કોહુળાં કેરી રે ગંધ સંયોગથી રે, જીમ જાયે કણ-કની વાક;-તીમ અબળાનું રે આસન સેવતાં રે, વિણસે શિયલ સુપાક ॥ હું૦ ૪ ॥

## ॥ ઢાળ ૪ ॥ હું વારી રંગ ઢોલણાં એ દેશી ॥

ચોથીને વાડે તમે ચેતજો હો રાજ, એણી પરે ભાષે શ્રી-જિનભૂપરે સંવેગી સૂધા સાધુજી; નયન કમલ વિકાસિને હો રાજ, રખે નિરખો રમણીનું રૂપરે ॥ સં૦ ॥૧॥ રૂપ જોતાં રઢ લાગશે હો રાજ, હેલા[4] ઉલસશે અનંગ[5]રે; ॥ સં૦ મનમાંહિ જાગશે મો-હની હો રાજ, ત્યારે હોશ્યે વ્રતનો ભંગરે ॥ સં૦ ૨ ॥ દિનકર[6] સાહમું દેખતાં હો રાજ, જગમાં નયણે ઘટે જીમ તેજરે; સં૦

---

૧ સ્ત્રી સંગાતે. ૨ વિષય કથા. ૩ સ્ત્રી. ૪ જલ્દી. ૫ કામદેવ વિષયેન્દ્રિય. ૬ સૂર્ય.

૧૨

તિમ તરૂણીતન [1] પેખતાં હો રાજ, હિણું થાયે સિયલ સુહેજ રે. ॥ સં૦ ૩ ॥

॥ ઢાળ ૫ ॥ થાંપર વારી માહરા સાહિબા એ દેશી. ॥

પાંચમી વાડ પરમેશ્વરે, વખાણી જી વારૂ; સાંભળજો શ્રાતા તુમે, ધરમી વ્રતધારૂ ॥ ૧ ॥ કુટયંતર [2] વર કામિની, રમે જિહાં રાગે; સ્વર કંકણાદિકનો સુણિ, જીહાં મનમથ [3] જાગે ॥ ૨ ॥ તિહાં વસવું બ્રહ્મચારીને, ન કહ્યું વિતરાગે; વાડ ભાંગે શીલરત્નની, જીહાં લંછન લાગે ॥ ૩ ॥ અગની પાસે જિમ ઓગળે, ભાજન માંહિ ધરીયાં; લાખ ને મીણ જાયે ગલી, નવિ રહે રસ ભરિયાં. ॥ ૪ ॥ તિમ હાવ ભાવ નારી તણાં, વળી હાંસુ ને રૂદન; સાંભળતાં શિયળ વિઘટે [4] મન વેધે મદન. ॥ ૫ ॥

॥ ઢાળ ૬ ॥ સહિયાં મ્હારાં નયણા સમારો એ દેશી. ॥

છઠ્ઠીને વાડે છેલ છબીલો, ગુણરત્ને ગાઢો ભર્યોજી; સિદ્ધારથ કુલે નગીનો, વીર જિણંદ ઇમ ઉચ્ચરે જી ॥ ૧ ॥ અવ્રતીપણે તેં જે આગે, કામ ક્રીડા બહુ વિધ કરીજી; વ્રત લઇને વિલસિત પહિલાં, રખે સંભારો દિલ ધરીજી ॥ ૨ ॥ અગ્નિ ભાર્યાં ઉપર પૂળો, મેલ્હે જીમ જવાલા વધે જી; વરસ દિવસે જિમ વિષધરનું શંકાયે વિષ સંક્રમે જી ॥ ૩ ॥ વિષયસુખ વિલસિત પહિલાં તીમ શીલવંત સંભારતો જી; વ્યાકુળ થઇને શીલ વિરાધે, પછી થાયે ( મન ) ઓરતોજી [5] ॥ ૪ ॥

॥ ઢાળ ૭ ॥ ગઢ બુંદીરા વાલ્હા એ દેશી. ॥

સાતમી વાડે વીર પયંપે, [6] સુણો સંયમના રાગી હો, શીયલ રથના હો ધોરી, સુધા સાધુ વૈરાગી, મુઝ આણાકારી ને

---

૧ સ્ત્રીનું રૂપ–શરીર. ૨ ભીંત યા કનાતને આંતરે, ૩ કામ–વિષયાભિલાષ, ૪ વિણસે ૫ પશ્ચાત્તાપ. ૬ પ્રકાશે.

બ્રહ્મચારી, વિષયરસના ત્યાગી હો, શી૦ ॥ ૧ ॥ સરસ આહાર તજજો સહી હેજે, વિગય થોડી વાવરજયો હો. શી૦ માદક[1] આહારે મનમથ કોપે, તેજાનો[2] પરિહરજયો હો. શી૦ ॥ ૨ ॥ સન્નિપાતે જીમ ઘૃત જોગે. અધિક કરે ઉહ્માળા હો; શી૦ પાંચે ઇંદ્રિય તિમ રસ પોષ્યાં. ચારિત્રમાં કરે ચાળા હો. શી૦ ॥ ૩ ॥

## ॥ ઢાળ ૮ દેશી મારૂની ॥

ત્રિશલા સુત હો ત્રીગડે બેસી એમ, આઠમી વાડ વખાણી શીલની જી; અતિ માત્રા હો આહાર; તજો અણગાર. લાલચ રાખો જો સંયમ શીલની ॥ ૧ ॥ અતિ આહારે હો; આવે ઉંઘ અપાર, સુપનંમાંહિ થાયે શીલ વિરાધનાજી; વળી તિણે થાયે હો મદવંતી દેહ, સંયમની નવિ થાવે આરાધનારે. ॥ ૨ ॥ જિમ શેરના માપ માંહિ હો દોઢ શેર, ઓરીને ઉપર દિજે ઢાંકણુંજી; ભાંજે તોલડી હો ખિચડી એરૂ થાયે, તિમ અતિમાત્રાએ વ્રત બિગડે ઘણુંજી ॥ ૩ ॥

## ॥ ઢાળ ૯ ॥ કાયત કેશવા રે એ દેશી ॥

નવમી વાડ નિવારજયો રે, સાધુજી શિણગાર; શરીર શોભાવ્યું શોભે નહિ રે, અવની[3] તલે અણગાર ॥ ૧ ॥ ઇમ ઉપદેશે વીરજી રે, મુનિવર ધરજયો મન; શિખામણ માહરી રે. કરજયો શીલ જતન ॥૨॥ સ્નાન વિલેપન વાસના રે. ઉત્તમ વસ્ત્ર અપાર; તેલ તંબોલ આદે તજો રે, ઉદ્દ્ભટ વેષ સફાર[4] ॥ ૩ ॥ ધોઇને ધરણી ધર્યો રે, જિમ રત્ન હાર્યો કુંભાર; તિમ શીલરત્નને હારશ્યો રે, જો કરશ્યો શણગાર ॥ ૪ ॥

## ॥ ઢાળ ૧૦ દેશી ભટીયાણીની ॥

એકલી નારી સાથે મારગે જાતાં હો, વળી વાત ન કીજીયે,

---

૧ મદ ઉપજાવે એવો. ૨ ઉત્તેજક દ્રવ્યો ( લવિંગ, એલાયચી પ્રમુખ. ) Spices. ૩ પૃથ્વી. ૪ દેદીપ્યમાન.

એક સહેજે નર શીલવંતે ન સુવું હો, વળી સહેજે ગાલ ના દિજીયે ॥૧॥ ન સૂવારે નિજ પાસ, સાઢા છ વરસની હો, કાંઇ પુત્રીને પણ હેજશોં, સાત વરસ ઉપરાંત, સૂતને પણ ન સૂવારે હો, શીલવંતી તિણ સહેજમાં ॥ ૨ ॥ સ્ત્રીસંગે નવ લાખ પ્રાણી હણાયે હો, ભગવંતે ભાષ્યું ઇસ્યું; અસંખ્યાતા પણ જીવ, સમૂર્છિમ પંચેંદ્રી હો હણાયેં ઘણું કહિયે કિસ્યું ॥ ૩ ॥ ઇમ જાણી નરનારી શીલની સદ્દહણા હો, શુદ્ધી મનમાં ધરજ્યો. લહિ દુર્ગતિનું મૂળ અબ્રહ્મ સેવામાં હો, જાતાં મનને ધારજ્યો. ॥ ૪ ॥ તપગચ્છ ગયણ[1] દિણંદ[2] વંછિત ફળ દાતા હો, શ્રી હીર રત્ન સૂરીશ્વરૂ, પામી તાસ પસાય, વાડ વખાણી હો. શીલની એહ મનોહરૂ ॥ ૫ ॥ ખંભાતે ચોમાસ, સત્તરસેં ત્રેસઠ હો, શ્રાવણ વદી બીજ બુદ્ધે ભણી, ઉદયરત્ન કહે કર જોડ, શીયલ જે પાળે હો, તેહને જાઉં ભામણે ॥ ૬ ॥ ઇતિ નવ વાડ સજઝાય ॥

---

## ॥ અથ શિયલની સજઝાય ॥

( ધન્ય ધન્ય તે દિન માહરો એ દેશી )

શીયલ સમું વ્રત કો નહી; શ્રી જિનવર ભાખે રે ॥ સુખ આપે જે શાશ્વતાં, દુર્ગતિ પડતાં રાખે રે ॥ શી૦ ॥ ૧ ॥ વ્રત પચખ્ખાણ વિના જુઓ. નવ નારદ જેહ રે ॥ એકજ શિયલતણે બળે, ગયા મુકતે તેહ રે ॥ શી૦ ॥ ૨ ॥ સાધુ અને શ્રાવક તણાં વ્રત છે સુખદાયીરે ॥ શિયલ વિના વ્રત જાણજો, કુશકા સમ ભાઇ રે ॥ શી૦ ॥ ૩ ॥ તરૂવર મૂલ વિના જિસ્યો. ગુણ વિણ લાલ કમાન રે ॥ શિયલ વિના વ્રત એહવું, કહે વીર ભગવાન રે ॥ શી૦ ॥ ૪ ॥ નવ વાડે કરી નિર્મળું, પહેલું શીલજ ધરજો રે ॥ ઉદય રત્ન કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે ॥ શી૦ ॥ ૫ ॥

---

૧ ગગન. ૨ સૂર્ય.

## અથ શિયલ વિષે પુરૂષને શીખામણની સજ્ઝાય

॥ ચાલ ॥ સુણ સુણ કંતારે, શીખ સોહામણી ॥ પ્રીત ન કીજે રે, પરનારી તણી ॥ ઉથલો ॥ પરનારી સાથે પ્રીત પિઉડા, કહો કિણ પરે કીજીએ ॥ એક ઉંઘ વેચી આપણી, ઉજાગરો કિમ લીજીયે ॥ કાછડી છુટો કહે લંપટ, લોક માંહે લાજીયે ॥ કુલ વિષે ખંપણ[1] રખે લાગે, સગામાં કેમ ગાજીએ ? ॥ ૧ ॥ ચાલ ॥ પ્રીતિ કરતાંરે, પહેલાં બીહીજીએ ॥ રખે કોઇ જાણે રે, મનશું ધ્રુજીયે ॥ ઉ૦ ॥ ધ્રુજીયે મનશું ઝૂરીએ પણ, જોગ મળવો છે નહીં ॥ રાત દિન વિલપતાં જાયે, અટવાઈ મરવું સહી ॥ નિજ નારીથી સંતોષ ન વલ્યો, પરનારીથી કહો શું હુશે ?॥ જો ભરે ભાણે તૃપ્તિ ન વળી, તો એંઠ ચાટે શું થશે ? ॥ ૨ ॥ ચાલ ॥ [2]મૃગતૃષ્ણાથીરે, તૃષ્ણા[3] નવી ટળે; વેળુ પીલ્યારે, તેલ નહિ નીસરે ॥ ઉ૦ ॥ ન નીસરે પાણી વલોવતાં, લવ લેશ માંખણનો વલી ॥ બૂડતાં બાચક ભર્યાં જેણે, તે તર્યા વાત ન સાંભળી ॥ તેમ નાર રમતાં પરતણી, સંતોષ ન વલ્યો એક ઘડી ॥ ચિત્ત ચટપટી ઉચ્ચાટ લાગે, નયણે નાવે નિંદ્રડી ॥ ૩ ॥ ચાલ ॥ જેવો ખોટો રે, રંગ પતંગનો ॥ તેવો ચટકો રે, પર સ્ત્રી સંગનો ॥ ઉ૦ ॥ પર ત્રીયા, [4] કેરો પ્રેમ પિઉડા, રખે તું જાણે ખરો ॥ દિન ચાર રંગ સુરંગ રૂડો, પછી નહી રહે નિર્ધરો ॥ જે ઘણા સાથે નેહ માંડે, છાંડ તેહ શું પ્રીતડી ॥ એમ જાણી ॥ મમ કર નાહુલા, [5] પરનારી સાથે પ્રીતડી ॥ ૪ ॥ ચાલ ॥ જે પતિ વાહલો રે. વંચે પાપિણી ॥ પરશું પ્રેમે રે, રાચે સાપિણી ॥ ઉ૦ ॥ સાપિણી સરખી વેણ નિરખી,શીયલ થકી વળી તે ચલે ॥આંખને મટકે અંગ લટકે, દેવ દાનવનેછલે ॥ એ માંહે [6] કાલી અતિ રસાલી, વાણી મીઠી શેલડી ॥ સાંભળી ભોળા રખે લો, જાણજો વિષ વેલડી ॥૫॥

---

૧ કલંક. ૨ ઝાંઝવાના જળ. ૩ તૃષા. ૪ સ્ત્રી.. ૫ નાથ. ૬ અંતર-હૃદયમાં.

ચાલ–સંગ નિવારોરે, પર રામા[1] તણો ॥ શોક ન કીજે રે, મન મળવા તણો ॥ ૭૦ ॥ શોક શાને કરો ફોગટ, દેખવું પણ દોહલું ॥ ક્ષિણ મેડિયે ક્ષિણ શેરીએ, ભમતાં ન લાગે સોહિલું ॥ ઉચ્છવાસને નિઃશ્વાસ આવે, અંગ ભાજે મન ભમે ॥ વળી કામિની દેખી દેહ દાઝે, અન્નદીઠું નવિ ગમે ॥ ૬ ॥ ચાલ ॥ જાયે કલામી રે, મનશું કલમલે ॥ ઉન્મત્ત થઇને રે, અલલ પલ-લ[2] લપે ॥ ૭૦ ॥ લવે અલલપલલ જાણે, મોહ ઘેલો મન રડે ॥ મહા મદન વેદન કઠિણ જાણી, મરણ વારૂ ત્રેવડે ॥ એ દશ અવસ્થા કામ કેરી, કંત કાયાને દહે ॥ એમ ચિત્ત જાણી તજે પ્રાણી, પારકી તે સુખ વહે ॥ ૭ ॥ ચાલ ॥ પરનારીના રે, પરાભવ સાંભળો ॥ કંત કીજે રે, ભાવ તે નિર્મલો ॥૭૦॥ નિર્મલ ભાવેનાહ સમજો, પરવધૂ રસ પરિહરો ॥ ચાંપીઓ કીચક ભીમસેને, શિલા હેઠલ સાંભલો ॥ રણ પડયાં રાવણ દશે મસ્તક, રડવડતાં ગ્રંથે કહ્યાં ॥ તિમ મુંજપતિ દુઃખ પુંજ પામ્યો, અપજશ જગ માંહે લહ્યો ॥ ૮ ॥ ચાલ ॥ શીયલ સલૂણા રે, માણસ સોહિયે ॥ વિણ આભરણે રે, જગ મન મોહિયે ॥ ૭૦ ॥ મોહિયે સુર નર કરે સેવા, વિષ અમિય થઇ સંચરે ॥ કેસરી સિંહ શીયાલ થાએ, અનલ[3] તિમ શીતલ જળે ॥ સાપ થાએ ફુલમાલા, લચ્છી[4] ઘર પાણી ભરે ॥ પરનારિ પરિહરી, શીયલ મન ધરી. મુક્તિ વધૂ[5] હેલા[6] વરે ॥ ૯ ॥ ચાલ ॥ તે માટે હું રે, વાલમ વીનવું ॥ પાએ લાગીનેરે, મધુર વયણે ચવું ॥ ૭૦ ॥ વયણ માહારૂં માનીયે, પરનારીથી રહો વેગલા ॥ અપવાદ માથે ચઢે મોટા, નરકે થઇએ દોહિલા ॥ ધન્ય ધન્ય તે નરનારી, જે દ્રઢ શીયલ પાળે કુલતિલોઃ તે પામશે યશ જગતમાંહિ, કુમુદચંદ સમ ઉજ-લો ॥ ૧૦ ॥ ઇતિ ॥

---

૧. સ્ત્રી. ૨. આડું અવળું. ૩. અગ્નિ. ૪ લક્ષ્મી. ૫ મોક્ષલક્ષ્મી. ૬. જલ્દી પામે.

## અથ શિયલ વિષે નારીને શીખામણુની સજ્ઝાય.

॥ ચાલ ॥ એક અનોપમ રે, શિખામણ ખરી ॥ સમજી લેજો રે, સઘલી સુંદરી ॥ ઉ૦ ॥ સુંદરી સેહેજે હૃદય હેજે, પર સેજે નવિ બેસીયે ॥ ચિત્ત થકી ચૂકી, લાજ મૂકી, પર મંદિર નવિ પેસીયે ॥ બહુ ઘેર હીંડી નાર નિર્લજ, શાસ્ત્રે પણ તજવી કહી ॥ જેમ પ્રેત દ્રષ્ટે પડયું ભોજન. જમવું તે જુગતું નહીં ॥ ૧ ॥ ચાલ ॥ પરશું પ્રેમેરે, હસીય ન હાલીયે ॥ દાંત દેખાડીરે, ગુહ્ય ન બોલીએ ॥ ઉ૦ ગુહ્ય ઘરનું પરની આગે, કહોને કેમ પ્રકાશીયે ? ॥ વલી વાત જે વિપરીત ભાસે, તેહથી દુરે નાશીયો ॥ અસુર સવારા અને અગોચર, એકલાં નવિ જાઇએ ॥ સહસાત્કારે કામ કરતાં. સહેજે શીલ ગમાવીરે ॥ચાલ॥ નટવિટ નરશુંરે, નયણ ન જોડિયે; મારગ જાત રે, આધું ઓઢીયે ॥ ઉ૦ ॥ આધું તે ઓઢી વાત કરતાં, ઘણાંજ રૂડાં શોભીયે ॥ સાસુ અને માના જણ્યા[1] વિણ, પાલક પાસ ન થોભીયે ॥ સુખ દુઃખ સરજ્યું પામીયે પણ, કુલાચાર ન મૂકીયે ॥ પરવશ વસતાં પ્રાણ તજતાં, શીયલથી નવિ ચૂકીએ ॥ ૩ ॥ ચાલ ॥ વ્યસની સાથેરે, વાત ન કીજીયે ॥ હાથો હાથેરે, તાલી ન લીજીયે ॥ ઉ૦ ॥ તાલી ન લીજે નજર ન દીજે, ચંચલ ચાલ ન ચાલીયે; એક વષય બુદ્ધે વસ્તુ કેહની, હાથે પણ નવિ ઝાળીયે ॥ કોટી કંદર્પ રૂપ સુંદર, પુરૂષ પેખી ન મોહીયે ॥ તુણખલાં તોલે ગણી તેહને, ફરિય સામું ન જોઇએ ॥ ૪ ॥ ચાલ ॥ પુરૂષ પીયારો રે, વળી ન વખાણીએ ॥ વૃદ્ધ તે પિતારે, સરખો જાણીયે ॥ ઉ૦ ॥ જાણી પીયુ વિણ પુરૂષ સઘલા, સહોદર સમોવડ[2]; પતિવ્રતાનો ધર્મ જોતાં, નાવે કોઇ તડોવડ[3] ॥ કુરૂપ કુષ્ટી કૂબડો ને, દુષ્ટ દુર્બળ નિર્ગુણો ॥ ભરતાર પામી ભામિની[4] તે, ઈંદ્રથી અધિકો

---

૧. સહોદર—ભાઈ, ૨ સરખા, તુલ્ય ૪ સ્ત્રી.

ગણે ॥ ૫ ॥ ચાલ ॥ અમર કુમાર રે, તજી સુર સુંદરી ॥ પવનંજય રે, અંજના પરહરી ॥ ઉ૦ ॥ પરિહરી સીતા રામે વનમાં, નલે દમયંતી વલી ॥ મહાસતી માથે કષ્ટ પડયાં પણ, શીયલથી તે નવિ ચલી ॥ કસોટીની પરૈ કસીઅ જોતાં, કંતશું વિહુડે નહીં ॥ તન મન વચને શીયલ રાખે, સતી તે જાણો સહી ॥ ૬ ॥ ચાલ ॥ રૂપ દેખાડી રે, પુરૂષ ન પાડીએ ॥ વ્યાકુલ થઇને રે, મન ન બગાડીયે ॥ ઉ૦ ॥ મન બગાડીયે પણ પુરૂષ પરનો, જોગ જોતાં નવિ મલે ॥ કલંક માથે ચઢે કૂડાં, સગાં સહુ દૂરે ટલે ॥ અણસરજયો[1] ઉચાટ થાયે, પ્રાણ તિહાં લાગી રહે ॥ લોક પામે આપદા, પર લોક પીડા બહુ સહે ॥૭॥ ચાલ ॥ રામને રૂપે રે સુર્પનખા મોહી ॥ કાજ ન સીધૂં રે, અને ઇજત ખોઈ ॥ ઉ૦ ॥ ઇજત ખોઇ દેખ અભયા, શેઠ સુદર્શન નવિ ચલ્યો ॥ ભરતાર આગળ પડી ભોંઠી, અપવાદ સઘલે ઉચ્છલ્યો ॥ કામની બુદ્ધ કામિનીયે, વંકચૂલે વાહ્યો[2] ઘણું ॥ પણ શીયલથી ચકયો નહીં, દૃષ્ટાંત એમ કેતાં ભણું ॥૮॥ ચાલ॥ શીયલ પ્રભાવે રે, જુઓ સોલે સતી ॥ ત્રિભુવન માંહે રે, જેહ થઇ છતી ॥ ઉ૦ ॥ સતી થઇને શીયલ રાખ્યું, કલ્પના કીધી નહીં ॥ નામ તેહનાં જગત જાણે, વિશ્વમાં ઉગી રહી ॥ વિવિધ રત્ને જડિત ભૂષણ, રૂપસુંદરી કિન્નરી ॥ એક શીયલ વિણ શોભે નહીં તે સત્ય ગણજો સુંદરી ॥ ૯ ॥ ચાલ ॥ શીયલ પ્રભાવે રે, સહુ સેવા કરે ॥ નવે વાડોરે, જેહ નિર્મલ ધરે ॥ ઉ૦ ॥ ધરે નિર્મલ શીયલ ઉજ્વલ, તાસ કીરતિ ઝલહલે ॥ મન કામના સવિ સિદ્ધ પામે. અષ્ટ ભય દુરે ટલે ॥ ધન્ય ધન્ય તે જાણો નરા, જે શીયલ ચોખું આદરે; આનંદના તે ઓઘ પામે, ઉદય મહા જશ વિસ્તરે ॥ ૧૦ ॥

---

૧. ઓચિંતો; ૨ ચળાવવા—ડગાવવા પ્રયત્ન કર્યો, ૩ કેટલાંક.

# અથ શ્રી સ્થૂલિભદ્રની સજ્ઝાય.

શ્રી સ્થૂલભદ્ર મુનિગણમાં શિરદાર જો, ચોમાસુ આવ્યા કોશ્યા આગાર[1] જો ॥ ચિત્રામણ શાળાયે જપ તપ આદર્યાં જો ॥૧॥

આદરિયાં વ્રત આવ્યાં છો અમ ગેહ જો, સુંદરિ સુંદર ચંપક વરણી દેહ જો ॥ અમ તુમ સરિખો મેળો આ સંસારમાં જો ॥ ૨ ॥

સંસારે મેં જોયું સકળ સરૂપ જો, દર્પણની છાયામાં જેવું રૂપ જો ॥ સુપનાની સુખડલી ભુખ ભાંગે નહીં જો ॥ ૩ ॥

ના કહેશો તો નાટક કરશું આજ જો, બાર વરસની માયા છે મુનિરાજ જો ॥ તે છોડી કેમ જાઉં હું આશા ભરી જો ॥૪॥

આશા ભરિયો ચેતન કાળ અનાદિ જો, ભમ્યો ધરમ ને હીણ થયો પરમાદી જો ॥ ન જાણી મેં સુખની કરણી જોગની જો ॥ ૫ ॥

જોગી તો જંગલમાં વાસો વસિયાં જો, વેશ્યાને મંદિરિયે ભોજન રસિયાં જો ॥ તુમને દીઠા એવા સંયમ સાધતા જો ॥૬॥

સાધશું સંયમ ઇચ્છારોધ વિચારી જો, કુર્માપુત્ર થયા નાણી ઘરબારી જો ॥ પાણી માંહે પંકજ કોરૂં જાણિયે જો ॥ ૭ ॥

જાણીએ તો સઘળી તુમારી વાત જો, મેવા મીઠા રસવંતા બહુ જાત જો ॥ અમર ભુષણ નવ નવલી ભાતે લાવતા જો ॥૮॥

લાવતા તો તું દેતી આદરમાન જો, કાયા જાણે સંઝા રંગ સમાન જો ॥ ઠાલીને શી કરવી એવી પ્રીતડી જો ॥ ૯ ॥

પ્રીતલડી કરતા તે રંગભર સેજ જો, રમતા ને દેખાડતા ઘણું હેજ જો ॥ રીસાણી મનાવી મુજને સાંભરે જો ॥ ૧૦ ॥

સાંભરે તો મુનિવર મનડું વાળે જો, ઢાંકયો અગ્નિ ઉઘાડયો પરજાળે જો ॥ સંયમમાંહી એ છે દૂષણ મોટકું જો ॥ ૧૧ ॥

---

૧ ઘર.

મોટકું આવ્યું તું નંદનું તેડું જો, જાતાં ન વહે કાંઈ તુમારૂં મનડું જો ॥ મેં તુમને તિહાં કોલ કરીને મોકલ્યા જો ॥ ૧૨ ॥

મોકલ્યા તો મારગ માંહી મળિયા જો, સંભૂતિ આચારજ જ્ઞાને બળિયા જો ॥ સંયમ દીધું સમકિત તેણે શીખવ્યું જો॥૧૩॥

શીખવ્યું તો કહિ દેખાડો અમને જો, ધર્મ કરંતા પુણ્ય વડેરૂં તમને જો ॥ સમતાને ઘેર આવી કોશ્યા એમ કહે જો ॥૧૪॥

વંદે મુનિશ્વર શંકાને પરિહાર જો, સમકિત મૂળે શ્રાવકનાં વ્રત બાર જો ॥ પ્રાણાતિપાતાદિક સ્થુલથી ઉચ્ચરે જો ॥ ૧૫ ॥

ઉચ્ચરે તો વીત્યું છે ચોમાસું જો, આણા લેઇને આવ્યા ગુરુની પાસે જો ॥ શ્રુતનાણી કહેવાણા ચૌદ પૂરવી જો ॥ ૧૬ ॥

પૂરવી થઈને તાર્યા પ્રાણી થોક જો, ઉજ્વળ ધ્યાને તેહ ગયા દેવલોક જો ॥ ઋષભ કહે નિત્ય તેહને કરીએ વંદના જો ॥૧૭॥

---

## પવિત્ર શીલ–સદાચારની રક્ષા અને પુષ્ટિ માટે મન અને ઇન્દ્રિયોને દમવાની અનિવાર્ય જરૂર.

ઉદ્ધત ઘોડા જેવા અણકેળવાયેલાં મન અને ઇન્દ્રિયોને મોકળા મૂકી ન દેવાં પણ તેમને લગામમાં રાખવા સંપૂર્ણ ચીવટ રાખવી એટલા માટે જરૂરની છે કે જો તેમને કેળવ્યા વગર સાવ મોકળાં મૂકી દેવામાં આવે તો તે ભારે અનર્થ ઉપજાવે છે અને જો પાપનો કે પરભવનો ડર રાખી તેમને યોગ્ય નિયમમાં રાખી કેળવવામાં આવે તો તે આત્માને ભારે સહાય રૂપ થઇ શકે છે. તેથી તેમને કેળવી સારા ઉપયોગી કરવા ખાસ જરૂરનાં છે. મન અને ઇન્દ્રિઓને જો પ્રશસ્ત ( રૂડા ) વિષયો વડે પોષવામાં આવે છે તો તે અપ્રશસ્ત ( ભુંડા ) વિષયોથી પાછા નિવર્તે છે અને એમ થવાથી આત્મા પાપથી મલીન થતો

અટકે છે. જેમ મજબૂત કાંટાવડે કમજોર-સડેલો-નબળો કાંટો કાઢી શકાય છે તેમ પ્રશસ્ત વિષય સેવનવડે અપ્રશસ્ત વિષય અને તેનું પાપ દૂર કરી શકાય છે, તેથી ભૂંડા વિષયોને દૂર કરવા સારા-રૂડા વિષયોનું સેવન કરવું જરૂરનું છે.

ઇન્દ્રિયો પાંચ છે અને તે કાન, આંખ, જીભ, નાક અને ત્વચા-ચામડીના શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ અનુક્રમે વિષયો લેખાય છે. તે દરેક વિષય બે પ્રકારના છે. જે વિષય આત્માને હિત રૂપ હોય તે પ્રશસ્ત અને અહિત રૂપ હોય તે અપ્રશસ્ત ગણાય છે. હિતાહિત સમજ વગર સુખની ભ્રાન્તિથી જીવ માઠા વિષયોનું સેવન કરી કેવળ દુઃખીજ થાય છે. હરણીયાં, પતંગીયાં, માછલાં, ભમરા અને હાથીઓ તેમાં પ્રગટ દૃષ્ટાંત રૂપ છે. તે બાપડા કેવળ સુખ બુદ્ધિથીજ પરિણામે દુઃખ દાયક એવા શબ્દાદિક વિષયોમાં એવા તો તલ્લીન થઈ જાય છે કે ફક્ત એક એક ઇન્દ્રિયનાવિષય-પાશમાં ફસાઇને તેમનાં પ્રાણ ખોવે છે તો પછી પાંચે ઇન્દ્રિયો અને મન ઉપર લગારે કાબુ રાખ્યા વગર તેમને સાવ મોકળાંજ મૂકે તેમના કેવા ભૂંડા હાલ થવા પામે? તે સમજવું સુલભ છે. મનુષ્યોને અન્ય પ્રાણી કરતાં જે વિશેષ બુદ્ધિ બળ પ્રાપ્ત થયેલું હોય છે તે વડે સ્વહિતાહિતનો સારી રીતે વિચાર કરી, પરિણામે અહિત કરનારા વિષયોથી વિરમીને પ્રગટ હિત રૂપ થનારા પ્રશસ્ત વિષયોમાંજ પ્રવૃત્તિ કરવી જોઇએ. રાગ, દ્વેષ અને મોહાદિ મહા વિકારોને પેદા કરનારા અને વધારનારા ભુંડા વિષયોથી વિરમવું અને એજ વિકારોને શાન્ત કરે એવા રૂડા વિષયોનું સેવન કરવું સુજ્ઞ જનોને ઊચિત લેખાય. કામોન્માદને પેદા કરે અથવા વધારે એવા શબ્દાદિ વિષયોથી અળગા રહેવું અને તેનેજ શમાવે એવા પ્રશસ્ત વિષયોનું સેવન કરવું જરૂરનું છે. પ્રસંગોપાત એવા વિષયોનો કંઇક વિવેક કરવો જોઇએ.

અમૃતની જેમ આત્માને શીતલતા ઉપજાવે એવી સુશાસ્ત્ર વાણી સાંભળવાથી, પરમ શાન્ત રસથી ભરેલી જિનેશ્વર દેવની અથવા સંત જનોની મુખ મુદ્રાનાં દર્શન કરવાથી, તેમના પવિત્ર ગુણો ગાવાથી, સુગંધી દ્રવ્યોવડે તેમની સેવાભક્તિ કરવાથી અને તેમના ઉત્તમ અંગનો પૂજ્ય ભાવે સ્પર્શ કરવાથી રાગ દ્વેષાદિ મલીન વિકારો જલ્દી દૂર થવા પામે છે. પરંતુ જો એથી વિરૂદ્ધ વર્તન કરવામાં આવે છે તો તેથી એજ રાગાદિ મલીન વિકારો પુષ્ઠ થવા પામે છે. આત્માને દૈવયોગે પ્રાપ્ત થયેલા આ દેહ રૂપ મહેલમાં રહેતાં ઇન્દ્રિયાદિક દ્વાર રૂપ છે; તેનો સદુપયોગ કરવો એ આત્માનું ખાસ કર્તવ્ય છે. ઇન્દ્રિયોરૂપી દાસીઓને વશ નહિ થતાં અવ્યભિચારી વૃત્તિવડે તેમનેજ વશ કરી લેવી જરૂરની છે. તેમને વશ કરી—લગામમાં રાખી સ્વહિત કાર્યમાં યોજી દેવી જોઇએ, જેથી તે ઉન્માર્ગગામી થવા પામે નહિ, પણ સન્માર્ગગામી બની આત્માનું કલ્યાણ સાધી આપવામાં તે ભારે સહાયભુત બને અને આત્મા જલ્દી સ્વહિત સાધી શકે. આવા પવિત્ર હેતુથી પૂર્વ મહા પુરૂષ પ્રણીત ઇન્દ્રિય પરાજય શતક નામના ઉમદા ગ્રન્થનો કંઇક સારાંશ અત્ર આપવામાં આવશે તેનો ભાવાર્થ ભવ્યાત્માઓએ નિજ હૃદયોમાં અવધારી ઇન્દ્રિયોને પરાધીન થઈ રહેવાની પડેલી ટેવને સુધારી, એમને ઉપર જણાવેલી યુક્તિવડે સ્વવશ કરી, નિજ હિત કાર્યમાં યોજી, નિજ માનવ ભવની સાફલ્યતા કરી લેવી જોઇએ.

## ઇન્દ્રિયપરાજય શતક સારાંશ.

૧ ઇન્દ્રિયો રૂપી ચોરો વડે જેનું ચારિત્ર–ધન લુંટાયુ નથી તેજ શૂરવીર છે, પંડિત છે અને અમે તેનીજ પ્રશંસા કરીએ છીએ.

૨ ચક્ષુ આદિક ઇન્દ્રિય રૂપ ચપળ ઘોડાઓને જો બરાબર

દમીને નિયમમાં રાખ્યા ન હોય તો તે જીવને દુર્ગતિના વિષમ માર્ગમાં ખેંચી જાય છે અને તેને બહુ દુઃખદાયક સ્થિતિમાં આણી મૂકે છે. આવી કફોડી સ્થિતિ ઘણે ભાગે સઘળા સંસારી જીવોની થતી જણાય છે. ફકત જેમણે કોઇ જ્ઞાની-મહાત્માની કૃપાથી આ સંસારભ્રમણનું સ્વરૂપ સારી રીતે જાણ્યું હોય તેઓ જ એ ઇન્દ્રિયો રૂપ ઉદ્ધત ઘોડાઓને શાસ્ત્રોકત યુક્તિ પ્રયુકિતઓવડે કેવળ-દમીને, ઠીક નિયમમાં રાખવા પ્રયત્ન કરે છે.

૩ ઇન્દ્રિયો રૂપ ઠગારાઓને લગારે પણ પગ પેસારો કરવા દેશો નહિ. કેમ કે તેઓ ઉંદરની જેમ ફુંકી ફુંકીને ફોલી ખાય એવા ધૂર્ત છે. તેથી તેમનો જરા પણ વિશ્વાસ કરશો નહિ. જો તેમને ક્ષણ એક માર્ગ આપશો તો પરિણામ એ આવશે કે તમારે ક્રોડો વર્ષો સુધી તે બદલ કષ્ટ સહન કરવું પડશે.

૪ ઇન્દ્રિયોને આધિન થઇ રહેનારનું ચારિત્ર કેવળ અસાર થઇ જાય છે. જેમ ઘુણ કાષ્ટને પોલુંભમ કરી નાંખે છે તેમ વિષયાસકિત પણ સંયમને સાર રહિત કરી નાંખે છે. એમ સમજી ધર્માર્થી જનોએ ઇન્દ્રિયોનો જય કરવા દ્રઢ પ્રયત્ન કરવો ઉચિત છે. પ્રયત્નશીલ હોય તે ઇન્દ્રિયોનો જય કરી સ્વાત્મ હિત કરી શકે છે.

૫ જેમ કોઇ એક મુગ્ધ માણસ કાગિણીના લોભ માટે ક્રોડ રત્નો હારી જાય તેમ ઇન્દ્રિયોના તુચ્છ વિષયોમાં ગૃધ્ધ બનેલા જીવો મોક્ષ સુખને હારી જાય છે. વિષયાસકિત તજનારજ મોક્ષ સુખ મેળવી શકે છે.

૬ તલ માત્ર વિષય સુખ મેળવવા જતાં મેરૂપર્વતના શિખર કરતાં પણ વધારે મ્હોટું દુઃખ સહન કરવું પડે છે અને ક્રોડો ભવ ભમતાં પણ તેનો પાર આવતો નથી. હવે તેમાંથી ત્હને પસંદ પડે તે સ્વીકારી લે.

૭ વિષય ભોગ ભોગવતાં મીઠાં લાગે છે પરંતુ પરિણામે

કિંપાકના ફળની પેરે કડવા વિપાકને આપે છે ખસને ખણવાની પેરે દુઃખદાયક છતા સુખની બુદ્ધિ કરાવે છે, અને મધ્યાહ્ન વખતે ઝાંઝવાનાં જળની પેરે ખોટી ભ્રાન્તિ કરાવે છે. એ વિષય ભોગ ભોગવ્યા છતાં ગહન જીવાયોનિમાં માઠા જન્મ મરણ કરવા પડે છે. એમ સમજીને મહા કટ્ટા દુશ્મન જેવા વિષયભોગથી વિરમવું ઉચિત છે.

૮ ઊઠેલો અગ્નિ જળવડે શાન્ત કરી શકાય છે પણ વિષય અગ્નિ તો સકળ સમુદ્રનાં જળવડે પણ શાન્ત કરી શકાતો નથી.

૯ વિષની જેમ પહેલાં મીઠાં પણ પછી પરિણામે અત્યંત ભયંકર વિષયો અનંતો કાળ ભોગવ્યા છતાં હજુ પણ મૂકવા યુક્ત નથી શું ?

૧૦ વિષયરસરૂપ મદિરાથી મત્ત થયેલો જીવ યુક્તાયુક્ત, હિતાહિત, કૃત્યાકૃત્યને જાણતો નથી અને પછી અઘોર નર્કમાં ગયો છતો બહુ ઝુરે છે.

૧૩ જેમ લીંબડામાં ઉત્પન્ન થયેલો કીડો કડવાને પણ મીઠો માને છે તેમ મોક્ષ સુખથી વિમુખ રહેનારા જીવો સાંસારિક દુઃખને સુખ લેખે છે.

૧૨ અસ્થિર, જોતજોતામાં અદ્રશ્ય થઇ જનારાં, ક્ષણ માત્ર સુખ દેનારાં, મલિનતા કરનારા અને દુર્ગતિના હેતુરૂપ એવા એ વિષયભોગથી ભાઇ ! તું વિરમ ! પરિણામે સુખદાયક એવા કાર્યમાંજ સુજ્ઞ જને યોજાવું જોઈએ.

૧૩ પૂર્વે સુર. અસુર તેમજ મનુષ્ય ભવોમાં ત્હને વિવિધ કામભોગ પ્રાપ્ત થયેલા છે તેમ છતાં જેમ અગ્નિને કાષ્ટ સમૂહથી તૃપ્તિ વળતી નથી તેમ ત્હને પણ અદ્યાપિ તેથી તૃપ્તિ વળી નથી. તેથીજ તું તેને અપૂર્વવત્ લેખીને ભેટે છે.

૧૪ જેમ કિંપાકનાં ફળ ખાતાં રસ અને વર્ણ વડે મનોહર લાગે છે પરંતુ તે પચ્યા પછી મૃત્યુ ઉપજાવે છે, તેમ વિષય

વિપાકને પણ એજ ઉપમા ઘટે છે.

૧૫ વૈરાગ્યરસમાં નિમગ્ન રહેનારને સઘળાં ગીત વિલાપ જેવાં લાગે છે, નાટક કાયકલેશ જેવાં લાગે છે. સઘળાં આભરણ ભારભુત લાગે છે અને સઘળા વિષયભોગ રોગ જેવા દુઃખઃ-દાયક લાગે છે.

૧૬ દેવેન્દ્ર અને ચક્રવર્તીતણાં રાજ્ય અને ઉત્તમ ભોગો અનંતી વખત પામ્યા છતાં આ જીવ તેવડે તૃપ્તિ પામ્યો નથી.

૧૭ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતાં સઘળાં પુદ્ગલો આ જીવે આહુર્યાં અને પરિણમાવ્યા તેમ છતાં તેથી તૃપ્ત થયો નથી.

૧૮ ભોગી માણસ ભોગથી ખરડાય છે પણ અભોગી ખરડાતો નથી. ભોગી સંસારચક્રમાં ભ્રમણ કરે છે અને અભોગી તેનાથી મુકત થાય છે.

૧૯ લીલો અને સુક્કા એવા બે માટીના ગોળાને ફેંકી સામી ભીંતે અફાળ્યા હોય તો જે લીલો હશે તે સામી ભીંતે ચોટી જશે.

૨૦ એ રીતે જે મૂર્ખ, કામ લાલસુ માણસ હોય તે લેપાય છે અને જે કામ ભોગથી વિરકત હોય તે સુક્કા ગોળાની પેરે લેપાતા નથી.

૨૧ જેમ તૃણ કાષ્ટવડે અગ્નિ તૃપ્ત થતો નથી અને હજારો નદીઓવડે સમુદ્ર તૃપ્ત થતો નથી. તેમ જીવ ગમે તેટલા કામ, ભોગવડે તૃપ્ત થતો નથી.

૨૨ સુર, નર અને વિદ્યાધરના ભવોમાં વિવિધ જાતના વિષય ભોગ ભોગવ્યાં છતાં ફરી પણ વિષય લાલસા રાખવામાં આવે છે તેથી નરક ગતિમાં ભારે કળકળતા તપ્ત તાંબાના રસ પીવા પડશે.

૨૩ લોભવડે કોના ખૂરા હાલ થયા નથી? સ્ત્રીઓએ કોનું હૃદય ભોળવ્યું નથી? મોતના ઝપાટામાં કોણ આવ્યું નથી? અને વિષય સુખમાં કોણ ગૃદ્ધ-આસકત બન્યું નથી?

૨૪ ક્ષણમાત્ર સુખદાયી દેખાતાં છતાં બહુ કાળ સુધી દુઃખદાયી બનતા; કામાન્ધ જનોને ભારે દુઃખ દેનારા અને સ્પૃહા રહિત ને સુખરૂપ થનારા અને સંસારિકસુખમાં પણ વિરોધ ઉપજાવનારા એવા ઈન્દ્રિઓના વિષયભોગ અનર્થની ખાણરૂપ સમજવા.

૨૫ સર્વ ગ્રહનો સ્વામી—મહા ગ્રહ, સર્વ પાપ-દોષને પ્રગટ કરનાર એવો મહા પાપી કામગ્રહ છે, જેણે આખા જગતનો પરાભવ કર્યો છે.

૨૬ જેમ કોઇ ખસાળો ખસને ખણતો છતો દુઃખને પણ સુખ માને છે તેમ મોહાતુર મનુષ્યો કામભોગજનિત દુઃખને સુખ માને છે.

૨૭ વિષયભોગની ઈચ્છા શલ્યરૂપ, વિષરૂપ અને આશી; વિષ જેવી દુઃખદાયી છે, વિષયભોગની ઇચ્છા કરતા લોકો ઉક્ત વિષયોને ભોગવ્યા વગર પણ દુર્ગતિમાં જઇ પડે છે.

૨૮ વિષયભોગની તૃષ્ણા રાખનારા મોહમૂઢ માનવીઓ ભયંકર ભવસાગરમાં પડી ડુબે છે એવા તુચ્છ વિષયભોગની દરકાર નહિ કરનારા સંસારનો સહેજે પાર પામે છે.

૨૯ વિષયભોગની સ્પૃહા રાખનારાં માણસો મોહ પિશાચ-વડે છળાય છે અને તુચ્છ વિષય ભોગની સ્પૃહા નહિ રાખતાં નિસ્પહપણે નિજ કર્તવ્ય કરનાર સહેજે શાશ્વત સુખ પામે છે, તેથીજ આગમમાં કહ્યું છે કે નિસ્પૃહતામાંજ ખરૂં સુખ રહેલું છે.

૩૦ વિષયસુખની વાંછા-અભિલાષા કરનાર ભવસમુદ્રમાં ડુબી મરે છે અને વિષય વાંછા તજી દેનાર દુસ્તર ભવ સમુદ્રને તરી જાય છે. જેમ રત્ના દેવીના પાશમાં પડેલા બે ભાઇઓમાંથી જેણે યક્ષના વચનાનુસારે ભોગ તૃષ્ણા તજી તે ભાઇને યક્ષે પાર ઉતારી દીધો અને જેને એ રત્નાદેવીએ પાછળથી આવી ભોગ પ્રાર્થના કરી લલચાવ્યો તેની દુર્દશા થવા પામી. યક્ષ સમાન

સદ્ગુરૂનાં હિતવચનને હૈયે ધરી જે વિષયસુખમાં લલચાતા નથી તે ભવ્યાત્માઓ સુખે નિજ હિત કરી શકે છે અને તેમના હિતવચનની અવગણના કરે છે તે ખરેખર દુ:ખી થાય છે.

૩૧ દુનિયામાં જે અતિ તીક્ષ્ણ દુ:ખ દેખાય છે તે વિષય સુખની તૃષ્ણાને લહીને જ અને જે ઉત્તમ સુખ અનુભવાય છે તે તુચ્છ વિષયસુખની સ્પૃહા તજવાથીજ, એમ ચોકસ સમજવું કેમ કે એ પરસ્પૃહા મહા દુ:ખરૂપ અને નિસ્પૃહતા મહા સુખ રૂપજ છે.

૩૨ ઇંદ્રિયોના વિષયોમાં ગૃદ્ધ-આસક્ત બનેલા જીવો જેમ પાંખ રહિત થઇ ગયેલાં પંખીઓ નીચે ગબડી જાય છે તેમ ભયંકર ભવસાગરમાં ડુબી મરે છે, વિષયાસક્તિ જ ભયંકર છે.

૩૩—૩૪ જેમ શ્વાન મ્હોટા હાડકાને ખાવા જતાં તેને ભાંગી શકતો નથી અને ખાઇ શકતો નથી પણ ઘણી મહેનત કરતાં પોતાના તાળવાની મોઢાની રસીનેજ અથવા દાંત ભાંગવાથી નીકળેલા લોહીનેજ ચાટતો સુખ માને છે તેમ સ્ત્રીઓની કાયા યોગે વિષયભોગને સેવનારો બાપડો પોતે કરેલા પરિશ્રમને અને થયેલી વીર્યહાનિને સુખ માને છે.

૩૫ ગમે તેટલી તપાસ કરી જોતાં જેમ કેળના ગર્ભમાં કશો સાર દેખાતો નથી તેમ ઇન્દ્રિયોના વિષયોમાં પણ બારીકીથી જોતાં કશો સાર દેખાતો નથી.

૩૬ વિવિધ શણગાર રૂપ તરંગવાળી, હાવભાવ વિલાસરૂપ વેલાવાળી અને યૌવન વયરૂપ જળવાળી નારી રૂપ નદી વિષે જગતમાં કોણ કોણ પુરૂષો ડૂબ્યા નથી ? પ્રાય: સહુ કોઇ ડૂબ્યા જણાય છે.

૩૭ શોકની નદી, પાપની ગુફા, કપટની કોટડી, વૈરરૂપ અગ્નિને પ્રકટ કરનારી, દુ:ખની ખાણ અને સુખની વેરણ

એવી સ્ત્રીને કલેશકારી-કલેશ ઉપજાવનારી સમજી સુજ્ઞજને ચેતતા રહેવું જોઇએ.

૩૮ સ્ત્રીઓનાં નેત્રકટાક્ષ રૂપ કામનાં બાણ છૂટયે છતે જેણે મનને નિશ્ચય કર્યું નથી એવો કોણ તેનાથી નાશી છૂટી શકે તેમ છે ?

૩૯ તેથી દ્રષ્ટિવિષ સર્પની દ્રષ્ટિ જેવી સ્ત્રીની દ્રષ્ટિનો પરિહાર કરવો જોઇએ. કેમકે સ્ત્રીનાં કટાક્ષ બાણો ચારિત્રપ્રાણનો નાશ કરે છે.

૪૦ શાસ્ત્રરૂપ સમુદ્રનો પાર પામ્યા છતાં, જિતેન્દ્રિય છતાં, શુર વીર અને દ્રઢચિત્ત છતાં, પુરૂષો સ્ત્રીરૂપ ક્ષુદ્ર પિશાચણીઓ વડે ખરેખર છળાઈ જાય છે, તત્સંગે તેઓ કેવળ ગ્રહિલ બની જાય છે.

૪૧ જેમ અગ્નિના સંગે મીણ અને માંખણ ઓગળી જાય છે તેમ સ્ત્રીઓનાં સંગે-પરિચય કરવા વડે મુનિજનોનું મન પણ પીગળી જાય છે તોપછી અન્ય કાયર જનોનું તો કહેવું જ શું ? એમ સમજી એવા પરિચયથી દૂરજ રહેવું ઉચિત છે.

૪૨ નદીઓની પેરે નીચ ગામી-નીચે ઢળનારી સુંદરપયોધર ( સ્તન ) વાળી અને મંદગતિ વાળી ( મંદ ગતિથી વહેતી ) એવી નારીઓ મોટા પર્વતજેવા દુર્ભેદ્ય પુરૂષોને પણ ભેદી નાંખે છે.

૪૩ વિષયરૂપ જળથી ભરેલ મોહરૂપ કલણ અને વિવિધ વિલાસ રૂપ તરંગ તથા મગરાદિ જલચરાકીર્ણ યૌવનરૂપ મહાસાગરને તો ખરેખરા ધીર વીર જિતેન્દ્રિય જનોજ તરી પાર પામે છે.

૪૪ નિઃસંગ-નિસ્પૃહ-કોઇની દરકાર નહિ કરનાર અને તપથી શરીરને ગાળી નાખનાર એવો પણ પુરૂષ સ્ત્રીનાસંસર્ગ -પરિચયથી શ્રી સ્થૂલિભદ્ર મુનિની પ્રતિષ્ઠાને સહન નહિ કરી શકનાર અને કોશાને ત્યાં જનાર સિંહગુફાવાસી મુનિની પેરે બે હાલ થાય છે-ચારિત્રભ્રષ્ટ થઈ જાય છે.

૪૫ બાહ્ય અને અભ્યંતર સર્વ પરિગ્રહ ( મૂર્છા ) થી મુક્ત થયેલ, શીતળ સ્વભાવી અને પ્રશાન્ત ચિત્તવાળા મુનિજનો જે શાશ્વત શિવ સુખ પામે છે તેવું સુખ ચક્રવર્તી પણ પામતો નથી –પામી શકતો નથી. કેમકે તે બાપડો કામાગ્નિથી પરિતપ્ત જ રહે છે.

૪૬ જેમ ખેળમાં ખૂંચેલી માંખી તેમાંથી છૂટી થઇ શકતી નથી તેમ વિષય ભોગરૂપ મળમાં ખૂંચેલા કામાન્ધ જનો છૂટા થઇ શકતા નથી.

૪૭ વીતરાગ દશાવંતને જે સુખ અનુભવગત થાય છે તેવું સુખ બીજા કોઇને અનુભવમાં આવતું નથી. વિષ્ટાની ખાડમાં રાચનાર ભુંડને દેવલોકના સુખનો ગંધ પણ કયાંથી આવી શકે ?

૪૮ દુઃખદાયી વિષયોમાં જીવોને જે અદ્યાપિ પર્યંત આગ્રહ વર્તે છે તેથી સમજાય છે કે મ્હોટાને પણ મહામોહ તજવો મુશ્કેલ છે.

૪૯ જે કામાન્ધ જીવો હોય છે તેઓ વિષય સુખમાં નિઃશંકપણે માણે છે પરંતુ જે ભવભીરૂ જનો જિનવચનમાં રક્ત રહે છે તેઓ તો એ વિષયભોગને વિષ સમાન સમજીને તજી દે છે.

૫૦ અશુચિ મળમૂત્રથી ભરેલું, વાત પિત્ત વસા અને મજ્જાનું બનેલું, ચરબી માંસ અને અનેક હાડકાંથી ભરેલું અને માત્ર ચામડાથી મઢેલું (ઢંકાયેલું) સ્ત્રીનું શરીર છે એમ સમજ.

૫૧ માંસ મૂત્ર અને વિષ્ટાથી વ્યાપ્ત, નાકની લીંટ અને મુખની ખેળ જેમાંથી વહેતી રહે છે તેમ જ વળી કૃમિયાને રહેવાનું ઘર એવું આ ક્ષણમાં હતું નહતું થઈ જનારૂં સ્ત્રીનું શરીર મતિહીન ( મોહમૂઢ ) જનોને પાશરૂપ જ છે.

૫૨ પાશલા અને પાંજરાવડે ચોપગાં જનાવર અને પંખીઓને પકડી રખાય છે. પરંતુ આ સ્ત્રીરૂપ પાંજરામાં પૂરાયલા પુરૂષો કલેશ પામે છે. તે બાપડા પોતાની સ્વતંત્રતા ગુમાવીને એક દીન–રંકની પેરે સ્ત્રીઓનું દાસત્વ ( સેવા–ચાકરી ) ઉઠાવે છે.

૫૩ અહોહો ! મોહ મહા મલ્લનો કેટલો બધો પ્રભાવ વર્તે છે કે જેના પરાભવથી અમારી જેવા પણ, જડ વસ્તુઓની અનિત્યતા (ક્ષણિકતા) ને જાણતા છતા; તેથી ક્ષણ વાર પણ વિરમતા–વિરમી શકતા નથી. એનો કોની પાસે જઇ પોકાર કરવો.

૫૪ ક્ષુદ્ર સ્વભાવવાળી સ્ત્રીઓ સંગાતે પરિચય રાખનાર સઘળાં દુ:ખને વોરી લે છે. કેમકે પુષ્ટ બિલાડા સંગાતે પરિચય રાખવો ઉંદરને કદાપિ સુખદાયક થાય જ નહિ.

૫૫ અરે ! હરિ, હર, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિક સ્વામી પ્રમુખ દેવો પણ સ્ત્રીઓને વશ થઇ પડી તેમની સેવા–ચાકરી કરે છે. અહાહા ! આવી વિષયતૃષ્ણાને ખરેખર ધિક્કાર છે.

૫૬ સ્ત્રીઓમાં આસક્ત થયેલા અવિવેકી જનો ટાઢ અને તડકાને સહે છે, વળી ઇલાચી પુત્રની પેરે નિજ જાતિને (માતપિતાદિ પરિવારને) પણ તજી દે છે અને લંકાધિપતિ રાવણની પેરે પોતાના પ્રિય પ્રાણનો પણ વિનાશ કરે છે.

૫૭ સ્ત્રીઓના વિષયસુખમાં લુબ્ધ બની અજ્ઞાન–પ્રામર જીવો જે જે કુકર્મ કરે છે તે બધાંય જ્ઞાની ગુરૂની પાસે પણ પ્રગટ રીતે પ્રકાશી શકતાં નથી જેમ અત્યંત વિષય આસક્તિવાળી સ્ત્રીના સંબંધમાં તેના યાર–ચોરે આવીને ભગવાનને છૂપી રીતે પ્રશ્ન પૂછયો કે હે ભગવન્ ! 'તે એજ' ત્યારે ભગવાને પ્રત્યુત્તર આપ્યો કે 'તે તેજ' પછી તેણે દીક્ષા લીધી. તેવા મુમુક્ષુને અમારો નમસ્કાર હો.

૫૮ ડાભ ( તૃણ ) ના અગ્ર ભાગે રહેલા જળબિંદુની જેવું જીવિત ચપળ છે, લક્ષ્મી અસ્થિર છે, દેહ ક્ષણભંગુર છે

અને લાખો ગમે દુઃખના, હેતુરૂપ કામભોગ તુચ્છ છે; એમ સમજીને તું ચેત.

૬૯ જેમ કાદવમાં ખૂંચેલો હાથી સામે કાંઠે સ્થળ દેખે પણ તે સામે કાંઠે જઇ ન શકે તેમ કામભોગમાં ગૃદ્ધ બની ગયેલા બાપડા જીવો ભલા ધર્મના માર્ગમાં રક્ત થઇ શકતા નથી.

૬૦ જેમ વિષ્ઠાના ઢગલામાં ખૂંચેલો કૃમિયો તેમાં સદાકાળ સુખ જ માને છે તેમ વિષય રૂપ અશુચિમાં રક્ત થઇ ગયેલો જીવ પણ મોહવશ કામરાગથી અંધ બની તે વિષયભોગમાં સુખ માને છે.

૬૧ જેમ ગમે તેટલાં જળથી જલધિ પૂરાતો નથી-તૃપ્ત થતો નથી તેમ વિષયરસમાં ગૃદ્ધ બનેલો જીવ કદાપિ તૃપ્ત થતો નથી.

૬૨ વિષય વિકારથી ભરેલા જીવો જાત જાતના ઉદ્ભટ વેષાદિક ધારતા કરતા મહા દુર્લભ માનવજન્મને ગુમાવી બેસે છે તે સમજતાએ નથી. વિષયકામના તજવી કાયર જનોને અતિ દુષ્કર છે. તે તજે તેમને ધન્યવાદ ઘટે છે.

૬૩ વિષયવિકારોને વશ પડેલા પામર પ્રાણીઓ, નિઃશંક પણે લાજ શરમને પણ મૂકીને, કમોતે મરે એવાં કામ કરે છે.

૬૪ વિષયવિકારને વશ થયેલા જીવો, પવિત્ર જિન ધર્મને હારી જઈ, ચિત્ર મુનીએ સંબોધિત બ્રહ્મદત્ત ચક્રવર્તીની પેરે, નરક ગતિમાં જાય છે એ બહુ ખેદની બીના છે.

૬૫ જેઓ પરમ શાન્તિદાયક જિનવચનામૃતને પણ મૂકીને ચાર ગતિમાં ભારે વિડંબના ઉપજાવનાર અતિ ઘોરવિષયરસનું સેવન કરે છે તેવા લોકોને વારંવાર ધિક્કાર છે.

૬૬ મરણાન્તે પણ જે માની મનુષ્યો દીન વચન બોલતા નથી તે પણ સ્નેહઘેલા થયા છતા, સ્ત્રીઓ પાસે નાચ કરે છે. કામીની-સ્ત્રીઓ મ્હોટા માંધાતાઓનું પણ માન ગાળી નાખેછે તો પછી પાકા પાંદડા જેવા નિઃસત્ત્વ જીવોનું તો કહેવું જ શું ?

૬૭ ઇન્દ્ર પણ જેનું માન ખંડી ન શકે-પરભવ કરી ન શકે તેવા નરોને પણ નારીઓ પોતાના દાસરૂપ બનાવી દે છે,

૬૮ યદુનંદન, મહાત્મા, જિનભ્રાતા, વ્રતધર, અને ચરમ શરીરી એવા રહનેમિજી રાજીમતિ ઉપર લોભાયા-રાગી બન્યા-કામાતુર થયા એ ઓછી વાત છે? એ વિષય વિકારને ખરેખર ધિક્કાર છે કે જેનાવડે આવા પુરૂષ પણ ચારિત્રથી ચૂકે છે.

૬૯ જ્યારે કામના વેગવડે મેરૂપર્વત જેવા નિશ્ચળ પુરૂષો પણ ચલાયમાન થઇ ગયા પછી બીજા કાયરોનું તો કહેવુંજ શું?

૭૦ સિંહ, હાથી અને સર્પાદિક મહાક્રૂર જનાવરો પણ સુખે જીતાય છે પણ શિવસુખમાં અંતરાય કરનાર કેવળ કામ-ઉન્માદજ જીતી શકાતો નથી. કામ વિકાર બહુ દુર્જય છે.

૭૧ અનાદિ ભવભાવનાથી જીવને વિષયતૃષ્ણા અત્યંત આકરી લાગેલી છે. તેથી ઇન્દ્રિયોને કબજે કરવી અતિ કઠણ લાગે છે તેમજ ચિત્ત પણ અતિ ચંચળ-અસ્થિર વર્તે છે,

૭૨ વિષયકામનાથી પરિતપ્ત જીવોને વિરહ વિગેરે પ્રસંગે કલેશ, અરતિ અસુખ-વ્યાધિ અને દાહાદિક વિવિધ દુઃખો અને મરણ સુધાં નીપજે છે.

૭૩ પાંચે ઇન્દ્રિયોના વિષયોનો તું પારચય રાખે છે, મન વચન અને કાયાને વશ રાખતો નથી અને આઠે કર્મનો ક્ષય કરતો નથી તેથી. તું પોતાનાજ ગળે કાતી વાહે છે, આપઘાત કરે છે.

૭૪ શું તું અંધ છે કે તેં ધંતુરો પીધો છે કે તને સંનિપાત થયો છે? કે જેથી તું અમૃત સમાન ધર્મને વિષવત્ અનાદરે છે અને વિષ જેવાં વિષમ વિષયોને અમૃત સમાન લેખે છે. અને એવાં દુર્ગતિદાયક વિષયોને આદરપૂર્વક સેવે છે.

૭૫ તારૂં જ્ઞાન વિજ્ઞાન અને ગુણ-આડંબર શઇને જ્વલિત અગ્નિની ઝાળમાં પડો ? કેમકે સ્વાભાવિક વિષમ એવા

વિષયભોગમાં તું રક્ત થાય છે, જેથી વારંવાર ત્હારે નરક સંબંધી અતિ આકરા દુઃખ દાવાનળમાં પચાવું પડશે.

૭૬ જે કોઇ તુચ્છ વિષયસુખને માટે મનુષ્ય જન્મ હારી જાય છે તે મૂઢ જનો ભસ્મની ખાતર બાવના ચંદનને બાળી નાંખે છે, બકરાને ખરીદ કરી લેવાને માટે ઐરાવણ હાથીને વેચી નાંખે છે અને ઘરને આંગણે ઊગેલા કલ્પવૃક્ષને ઉખેડીને એરંડા વાવે છે.

૭૭ જીવિત અસ્થિર જાણી અને આયુષ અલ્પ સમજી, મોક્ષમાર્ગનો નિર્ધાર કરી લઈ, વિવિધ કામભોગથી પાછા નિવર્તવું જોઈએ.

૭૮ મોક્ષમાર્ગે ચાલનાર જીવોને પાંચ ઇન્દ્રિયો જીતવી જેવી કઠણ છે તેવું બીજું કંઇ પણ સકળ જગતમાં જીતવું કઠણ નથી.

૭૯ ઉદ્ભટ રૂપ વેષવાળી સ્ત્રીને જોતાં મનમાં ક્ષોભ થાય તેથી આત્મહિતની દરકાર કરનારા તેનો દૂરથી ત્યાગ કરે છે.

૮૦ વિષયવિકાર યોગે સાધુ જનોના પણ સત્ય, જ્ઞાન, શીલ, વિજ્ઞાન, તપ અને વૈરાગ્ય ક્ષણવારમાં વિકરાળ થઇ જાય છે.

૮૧ રે મૂઢ જીવ ! તું સ્વકપોલકલ્પિત, ક્ષણિક સુખનો લાલસુ બની, અનુપમ સુખને અને ચંદ્રમા જેવા નિર્મળ યશને કેમ હારે છે !

૮૨ પ્રજ્વલિત થયેલો વિષય-અગ્નિ સમસ્ત ચારિત્ર સત્તાને બાળી નાંખે છે અને સમકિતને પણ વિરાધી અનંત સંસારી કરે છે,

૮૩ ભયંકર ભવ-અટવીમાં ભટકતા જીવોને બહુ આકરી વિષયતૃષ્ણા નડે છે, જેથી ચૌદ પૂર્વધર સાધુ પણ નિશ્ચે નિગોદમાં જઇ રૂળે છે.

૮૪ હા હા ઇતિ ખેદ ! કેવા વિષમ વિષયો ? જેથી જકડાયેલા જીવો અનંત દુઃખોને અનુભવતા ભવ સમુદ્રમાં ડૂબી મરે છે.

૮૫ વીજળીની જેમ જોત જોતામાં નષ્ઠ ભ્રષ્ટ થઇ જનારા અને ઇન્દ્રજાળની જેવા અસ્થિર વિષયોમાં શો વિશ્વાસ કરવો ?

૮૬ શત્રુ, વિષ, પિશાચ, વેતાળ અને પ્રજવલિત અગ્નિ એવું નુકશાન કરી શકતા નથી કે જેવું નુકશાન રાગાદિક વિકારો કરી શકે છે.

૮૭ જે જનો રાગાદિક વિકારોને વશ પડયા છે એઓ સમસ્ત દુઃખોને વશ પડેલા સમજવા અને એજ રાગાદિક વિકારોને જેમણે વશ કરેલા છે તેમને સકળસુખ સંપદા સહેજે આવી મળે છે.

૮૮ કેવળ દુઃખમય સંસાર સાગરમાં પડેલો જીવ જે કલેશનો અનુભવ કરે છે તે સઘળો ત્હેને કર્મબંધ હેતુ રૂપ થાય છે.

૮૯ ભારે ખેદની વાત છે કે સંસારમાં વિધિ ( વિધાતા ) એ સ્ત્રી રૂપે જાળ રચી છે, જેમાં મૂઢ એવા મનુષ્ય, તિર્યંચ, દેવ અને દાનવો ફસાયી પડે છે. એ ગહનજાળમાંથી કોણ બચવા પામે ?

૯૦ વિષયપ નાગ એવા વિષમ છે કે જેવડે ડંસાયેલા જીવો ભવઅટવી મધ્યે ચોરાશી લાખ જીવયોનિમાં દુઃખાગ્નિથી કલેશ પામે છે.

૯૧ સંસારભ્રમણરૂપ તાપમાં વિષયરૂપ કુધાયરાવડે લુટાયેલા જીવો હિતાહિતને નહિ સમજતા અનંત દુઃખોને અનુભવ્યા કરે છે,

૯૨ હા હા ! ! ઇતિ ખેદે, અવળી ચાલવાળા અને અત્યંત દુષ્ટ એવા ઇન્દ્રિયો રૂપ ઘોડા, જગતમાં મુગ્ધ—અજ્ઞાન જનોને આ ભયંકર ભવ-અટવીમાં પાડે છે–ત્રાસ ઉપજાવે છે.

૯૩ વિષયતૃષ્ણાથી પીડિત છતાં સ્ત્રીરૂપી ગંદા સરોવરમાં રક્ત બની' અનેક દુઃખો પામતા, દીન અને ક્ષીણ થયેલા જીવો બાપડા ભવ-અટવીમાં રઝળે છે અને વિવિધ વિડંબનાઓ ભોગવે છે.

૯૪ લગામવડે સારી રીતે દમેલા ઘોડાની પેરે જો પોતાની ઇન્દ્રિયોને સંયમવડે ભલી રીતે દમવામાં આવશે તો તે તમને અભીષ્ટ-મોક્ષ સ્થાને બહુ ઉપયોગી થઇ શકશે.

૯૫ મન, વચન અને કાયાને જો સારી રીતે કબજે રાખ્યાં હોય તો તે ગુણકારી થાય છે, પણ જો તેમને સાવ મોકળા મૂકી દીધાં હોય તો તે મદોન્મત્ત હાથીની પેરે શીલવનનો વિનાશ કરે છે. દુષ્ટ વિચાર, દુષ્ટ વચન અને દુષ્ટ કાયા ગમે તેવાના સદાચારને લોપ કરે છે.

૯૬ જેમ જેમ રાગાદિક દોષો દૂર થાય અને જેમ જેમ વિષયોથી મન વિરક્ત થાય ( નિવર્તે ) તેમ તેમ જીવને મોક્ષ પદ નજદીક સમજવું.

૯૭ સંયમરૂપ કિલ્લાને વળગી જે સમર્થ યુવાનોએ ઇન્દ્રિઓનું સૈન્ય ભાંગ્યું છે-ઇન્દ્રિયોને કબજે કરી છે, તે ખરેખર દુષ્કરકારક છે.

૯૮ કટાક્ષ મારી જોનારી સ્ત્રીઓ-જેમનાં હૃદયમાં ખટકતી નથી, જેમના મન ઉપર કંઇ પણ અસર કરી શકતી નથી; તે પુરૂષ ધન્ય-કૃતપુન્ય છે. તે સંયમવંતોનો હું દાસ છું. તેમને મ્હારા નમસ્કાર હો.

૯૯ વધારે શું કહેવું ? હે ભવ્યાત્મન્ ! જો તું રોગ-શોક રહિત શાશ્વત મોક્ષ સુખને વાંછતો હોય તો વિષય સુખને પુંઠ દઇ સંવેગ-વૈરાગ્ય રસાયણનું પ્રેમપૂર્વક પાન કર-સેવન કર.

# પૂર્વકાળનાં ચરિત્રોનું મહત્ત્વ.

૧ હવે બાહ્ય નિમિત્ત લઈ પોતાના મન-તનને બગાડનારા બાળ જીવોને પૂર્વકાળની સતીઓના અને સીતાઓના સુચરિત્રો બહુ લાભપ્રદ છે. પરંતુ પૂર્વકાળના ચરિત્રો ઉપર કહ્યું તેમ માત્ર દૂરના ઉદાહરણ રૂપ હોવાથી અનુમોદનાનો જ વિષય ઘણા ખરાને થાય છે પરંતુ તે હાલ ક્રિયામાં મૂકનાર તેવા કોઈ મળે તો હાલના ઉદાહરણો પાસે હોવાથી આચરણનો વિષય પણ થઇ પડે.

૨ મધ્ય કોટીના માનવ રત્નોને બ્રહ્મચર્યનો ગુણ બહુજ સહજ લાગશે. કારણ કે સૌ કરતાં વહાલામાં વહાલો રસ સંપૂર્ણ પોતેજ આત્મા હોવાથી જો કોઇ કાળે બાહ્ય દ્રષ્ટી થઇ તો “ માતૃવત્ પરદારેષુ ” એમ વિચારતાં પરસ્ત્રી માતા રૂપ માલમ પડશે.

૩ હવે ઉત્તમ કોટીમાં રહેલા વિરલ બ્રહ્મચારી જનોને ઉપર જણાવેલા સતી અને સતાના ચરિત્ર જોઇ બહુજ આનંદ થશે. અને પોતાને બ્રહ્મચર્ય પાળતા જોઇ પોતાને થતા અનુભવોની પૂર્વકાળના સતા અને સતીઓના દ્રષ્ટાંતમાંથી સાક્ષી શોધશે અને પોતામાં દિવસાનુદિવસ વિશ્વાસ બેસતો જશે. જેમ જેમ પોતામાં વિશ્વાસ આવતો જશે બ્રહ્મનિષ્ટતા કે આત્મ નિષ્ઠતા થતી જશે, તેમ તેમ પોતાના સમાગમમાં આવતાં અબ્રહ્મચર્યવાળા બ્હેન-ભાઇ-માતા-પિતા-પુત્રી અને પુત્રોને પોતાના જેવા કરવા મથશે, જેમ નવવાડના ધારક શ્રી સ્થુલીભદ્રે અબ્રહ્મવાળી વેશ્યાને સુશ્રાવિકા બનાવી, વળી જેમ વિજય શેઠ અને વિજયાશેઠાણીએ બ્રહ્મચર્યવ્રત પાળ્યું, તેમ આવા પૂર્વના ઉદાહરણોથી વર્તમાનકાળમાં, બ્રહ્મચર્ય સાધકના ઉદાહરણો ઉત્તમ કોટીવાળા વ્રતધારીને પણ હીમત આપનાર

થશે. કોઈ એમ કહેતું હોય કે એ મહાપુરૂષોના ચરિત્રના ઉદાહરણ લેવા નહિં. તો લાલન કહે છે. કે શાસ્ત્રમાં લખ્યા છે શા માટે? જોતે અનુમોદનીય, કે અનુકરણીય-(આચરણીય) નથી તો પછી ઉત્તમ કોટીના જનો માટે તે નકામાજ થઇ પડે, ઉત્તમ કોટીવાળા પણ એમ જાણે કે અમારાથી એ ન થાય તો પૂર્વના ઉદાહરણ જોઇ વીર્યવાન થવાને બદલે ઉત્તમો પણ હતવિર્ય થઇ, મધ્યકોટીમાં ઉતરી પડશે અને પછી બાળકોટીમાં ગબડી પડશે. માટે લાલનનું તો એમ કહેવું છે કે બ્રહ્મ એટલે આત્મા-જ્ઞાન રસ એજ છે તો પરના ચુંથણામાં શો રાગ કરવો. જેમ કસ્તુરી મૃગની ડુંટીમાંજ કસ્તુરી છે તેમ પોતામાં રસ કે આનંદ છે તો સ્ત્રી પુરૂષોના દેહમાં શા માટે શોધવો ? કોઇ કહેશે કે વર્તમાનકાળમાં આવા બ્રહ્મચર્યના ઉત્સાહક કેટલા? તો લાલન એમ કહે છે કે ભુતકાળમાં પણ અનંત માણસો હતા; તેમાંથી બ્રહ્મચર્યવાન કેટલા! એતો લોકોને ભુતકાળના ખં-ડેરમાં જોવાની ટેવ પડી ગઇ છે. પરંતુ વર્તમાનમાં જોવા માંડે તો વીરલજનો પણ મળે ખરા. પરંતુ તે દ્રષ્ટિજ કરી ગુણ જોવાની આંખો ઉઘાડો કે વર્તમાનકાળ પણ ગુણરૂપ દેખાશે. અને દોષો હોશે ત્યાં દયા પણ આવશેજ આવશે.

માટે અંતે કહેવું પડે છે કે બ્રહ્મચર્યના ઉદાહરણ લેવામાં જોઇયે તો પૂર્વના કે પશ્ચિમના હોય પણ તેનું અનુકરણ કરવામાં વિલંબ કરવો નહિ અને તેમ કરી ઉત્તમકોટીના વીરલ જનોએ ઉત્તમ ચારિત્રનું સેવન કરી દ્રષ્ટાંતથી સ્વપર હિત કરવા સદા ઉદ્યુક્ત રહેવું.

ખંડ ત્રીજો સમાપ્ત.

સમાપ્તોઽયં ગ્રંથઃ

# પુસ્તક વાંચનાર પ્રેમીને ધ્યાનમાં રાખવા લાયક અગત્યની સૂચના.

૧ પુસ્તકને થૂંક લગાડવું નહિ.

૨ પુસ્તકને અશુદ્ધ વાંચવું નહિ.

૩ પુસ્તકને પટકવું નહિ.

૪ પુસ્તકને પગ લગાડવો નહિ.

૫ પુસ્તકને પાસે રાખી વાછૂટ કરવી નહિ.

૬ પુસ્તકને પાસે રાખી ભોજન કરવું નહિ.

૭ પુસ્તકને પાસે રાખી પેશાબ કરવો નહિ.

૮ પુસ્તકને પાસે રાખી ઝાડો કરવો નહિ.

૯ પુસ્તક ઉપર બેસવું કે સૂવું નહિ.

૧૦ પુસ્તકનો અક્ષર થૂંકથી ભૂંસવો નહિ.

૧૧ પુસ્તકનો અગ્નિથી નાશ કરવો નહિ.

૧૨ પુસ્તકનો પાણીથી નાશ કરવો નહિ.

૧૩ પુસ્તકનો ફાડીને કે બીજા કોઈ પણ પ્રકારે નાશ કરવો નહિ.

# કેવી રીતે વાંચવું?

૧ આંખો ખેંચવી પડે એવા થોડા અજવાળામાં કદી વાંચવું નહિ.

૨ વાંચતી વખતે તમારૂં માથું હંમેશાં સીધું રાખવું.

૩ આ વાત કદી ભૂલતા નહિ કે, તમારી આંખની કિંમત કોઇ પણ ચોપડી કરતાં વધારે છે અને તમારી આંખ-પરજ તમારા રક્ષણ તથા ફત્તેહનો મુખ્ય આધાર છે.

૪ વાંચતી વખતે તમારી ચોપડી આંખોથી શુમારે ચૌદ ઇંચ દૂર રાખવી.

૫ વાંચતી વખતે કદી પણ પ્રકાશ તરફ મ્હોં રાખવું નહિ પરંતુ અજવાળું તમારી પાછલી બાજુથી અથવા તો તમારા ડાબા ખભા તરફ થઇને પુસ્તકપર આવે એવી રીતે વાંચવાનું રાખવું.

૬ થોડી થોડી વારને અંતરે ચોપડીની બહાર જરા વાર જોતા રહીને અથવા આંખો બિલકુલ બંધ કરતા રહીને તેને આરામ આપવો.

૭ ચોપડી ઉપર સૂર્યનાં કિરણ પડતાં હોય એવી રીતે કદી પણ વાંચવું નહિ.

૮ સ્વચ્છ પાણીથી સવારે અને સાંજે તમારી આંખો સાફ કરવી અને ઠંડું પાણી ખોબાવડે તેના પર ખૂબ છાંટવું.